ISSN-0971-8397

# યોજના

જૂન-૨૦૧૭ | વિકાસને સમર્પિત માસિક | ₹ ૨૨

## યુવા સશક્તિકરણ

**ભારતની યુવાપેઢી : નવી ઊર્જા, નવો જુસ્સો**
ડો. એ કે દુબે

**ભારતમાં રોજગારીના સર્જનનો પડકાર**
અલખ એન શર્મા, બલવંતસિંહ મહેતા

**રોજગારપાત્રતા : સશક્તિકરણનું સાધન**
સુનિતા સાંઘી

**ખાસ લેખ**
**સ્ટાર્ટઅપ્સ - પડકારો અને ભવિષ્યનો માર્ગ**
સૌરભ સાન્યાલ, રણજીત મહેતા



**ફોક્સ લેખ**
**યોગ કેવી રીતે યુવાનો માટે સ્વસ્થ, સંતુલિત અને તણાવ મુક્ત જીવન માટે લાભદાયક બની શકે છે ?**
ડો. ઈશ્વર એન. આચાર્ય, ડો. રાજીવ રસ્તોગી

# ઉડાન- પ્રાદેશિક જોડાણને ભારે ગતિ પૂરી પાડશે



નાગરિક ઉડ્ડયનની પ્રાદેશિક કનેક્ટીવિટી (જોડાણ) માટેની યોજના ઉડાનનો પ્રારંભ પ્રધાનમંત્રી દ્વારા તા.૧૭ એપ્રિલ, ૨૦૧૭ના રોજ સિમલા- દિલ્હી સેક્ટરમાં સિમલા એરપોર્ટ પરથી પ્રથમ ઉડાન ફ્લાઈટને લીલી ઝંડી આપીને કરવામાં આવ્યો હતો. આ યોજના હેઠળ સિમલા, નાંદેડ અને કડાપા એરપોર્ટસ ઉપરથી ફ્લાઈટસ શરૂ કરવામાં આવી છે. પ્રધાનમંત્રીએ સમાંતરપણે કડાપા- હૈદ્રાબાદ અને નાંદેડ- હૈદ્રાબાદ સેક્ટરની ઉડાન ફ્લાઈટસનો પ્રારંભ કર્યો હતો.

ઉડાન (ઉડે દેશકા આમ નાગરિક) એ નાગરિક ઉડ્ડયન મંત્રાલયની નાગરિકોને વર્ગ-૨ અને વર્ગ-૩નાં શહેરો સુધીની સુવિધા ઓફર કરવાની યોજના છે. ઉડાન યોજના એ તા.૧૫ જૂન, ૨૦૧૬ના રોજ નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલી રાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન નીતિ (એનસીએપી) નું મહત્વનું ઘટક છે. આ યોજનાથી વિવિધ પ્રદેશોના આર્થિક વિકાસને ગતિ મળશે તથા સંપન્ન એર સર્વિસીસની ઈજારાશાહીનો અંત આવશે તથા યુવાન વ્યવસાયીઓ, નાના વેપારીઓ અને નાના નગરો કે શહેરોમાં વસતા મધ્યમ વર્ગના મોટા સમુદાયના વિદ્યાર્થીઓ માટે હવાઈ પ્રવાસ પોસાય તેવો બનશે તેવી અપેક્ષા છે.

વિવિધ મુદ્દાઓને વ્યાપકપણે ધ્યાનમાં લઈને તથા સહયોગીઓ સાથે પરામર્શ કરીને ઉડાન યોજના વિકસાવવામાં આવી છે. આ યોજના બજાર આધારિત તંત્ર વ્યવસ્થાનો ઉપયોગ કરીને પ્રાદેશિક કનેક્ટિવિટીને ઉત્તેજન આપવાની એક અનોખી યોજના તરીકે દુનિયાભરમાં ઓળખ ધરાવે છે.

ધ એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એએઆઈ), આ યોજનાની અમલીકરણ એજન્સી તરીકે કામ કરે છે અને તેણે આરસીએસ- ઉડાન યોજના હેઠળ ૨૭ દરખાસ્તોને ઈરાદાપત્રો આપ્યા છે. આ યોજનાની દરખાસ્તનાં મહત્વના પાસાઓ નીચે મુજબ છે:

- હાલમાં જ્યાંથી સેવાઓ ઉપલબ્ધ છે તેવા ૨૭ એરપોર્ટસ, હાલમાં જેનો ઉપયોગ થઈ શકતો નથી તેવા ૧૨ એરપોર્ટસ અને હાલમાં ઉપયોગમાં નહીં લેવાતા ૩૧ એરપોર્ટસ (કુલ ૭૦ એરપોર્ટસ) ને આ ૨૭ દરખાસ્તો હેઠળ જોડવામાં આવ્યા છે.
- આ દરખાસ્તોમાં વ્યાપક ભૌગોલિક વિસ્તારને આવરી લેવાયો છે. પશ્ચિમના ૨૪ એરપોર્ટસ, ઉત્તર વિભાગના ૧૭ અને દક્ષિણ વિભાગના ૧૧ એરપોર્ટસ તેમજ પૂર્વના ૧૨ એરપોર્ટસ તથા ઉત્તર-પૂર્વ વિસ્તારોના ૬ એરપોર્ટસને જોડવાની દરખાસ્ત છે.
- સિંગલ રૂટસ (બે શહેરોને જોડતા) માટે ૧૬ દરખાસ્તો કરવામાં આવી છે, જ્યારે નેટવર્કસ (૩ કે તેથી વધુ શહેરોને જોડતી) ની ૧૧ દરખાસ્તો છે. ઝીરો વાયેબિલીટી ગેપ ફંડીગ (વીજીએફ) માટેની ૬ દરખાસ્તો કરવામાં આવી છે, તે હકિકત આ યોજનાની અંતર્ગત ક્ષમતા દર્શાવે છે.
- ૨૭ દરખાસ્તોમાં રૂ.૨૦૦ કરોડના વીજીએફની જરૂરિયાત દર્શાવાઈ છે અને તે દ્વારા ૬.૫ લાખ આરસીએસ બેઠકો પૂરી પાડવામાં આવશે.

ફીક્સ્ડ વીગ વિમાનના એક કલાકના અંદાજે ૫૦૦ કિ.મી.ના વિમાન પ્રવાસનું ભાડુ અથવા તો હેલિકોપ્ટરમાં ૩૦ મિનિટનું ભાડુ રૂ.૨૫૦૦ સુધીનું રાખવાની મર્યાદા નક્કી કરવામાં આવી છે. વિવિધ રૂટસના તબક્કા અને ફ્લાઈટના સમયાનુસાર પ્રમાણસર ભાડુ નક્કી કરાશે. પસંદ કરાયેલા એર લાઈન ઓપરેટરે ૫૦ ટકા જેટલી ફ્લાઈટની ક્ષમતા (ઓછામાં ઓછી ૯ અને વધુમાં વધુ ૪૦) આરસીએસ બેઠકો ફિક્સ વીગ વિમાન અને ઓછામાં ઓછી ૫ અને વધુમાં વધુ ૧૩ આરસીએસ બેઠકો હેલિકોપ્ટર મારફતે આરસીએસ ફ્લાઈટના સંચાલન માટે રાખવાની રહેશે. તેમને સંચાલન માટે ૩ વર્ષની એક્સક્લુઝિવિટી આપવામાં આવશે. આવા રૂટ ઉપર એરલાઈનના સંચાલનનો ખર્ચ ઘટાડવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા રાહતો, રસ ધરાવતી એરલાઈન્સને એરપોર્ટ ઓપરેટર્સ અને વાયેબિલીટી ગેપ ફંડીગ દ્વારા નાણાકીય પ્રોત્સાહન આવા એરપોર્ટસ પરથી કામગીરી શરૂ કરવા માટે પૂરી પાડવામાં આવશે કે જેથી પેસેન્જર ભાડાં પોસાય તેવા રાખી શકાય. રાજ્ય સરકારે વીજીએફ (ઉત્તર-પૂર્વના રાજ્યો સિવાયના રાજ્યો માટે ૨૦ ટકા, જેમાં વીજીએફ દ્વારા ૧૦ ટકા ગુણોત્તર નક્કી કરવામાં આવ્ય છે) માં ચોક્કસ હિસ્સો પૂરો પાડશે.

જૂન-૨૦૧૭

આયોજન અને વિકાસને સમર્પિત

વર્ષ : ૪૫ અંક : ૦૩ સળંગ અંક : ૭૯૮

# યોજના

મુખ્ય તંત્રી
દીપિકા કચ્છલ
આસિસ્ટન્ટ ડાયરેક્ટર
અજય ઈન્દ્રેકર
તંત્રી
જાન્હવી પટેલ

**યોજના કાર્યાલય**
લૉંગ લાઈફ હૉસ્પિટલ બિલ્ડિંગ, યુ.કો. બૅંક ઉપર,
પાલડી ચાર રસ્તા પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૭
ફોન : ૨૬૫૮ ૮૬૬૯, ૨૬૫૮ ૧૪૫૦
E-mail Address : yojanagujarati@gmail.com
Website : www.yojana.gov.in

## વિષયસૂચિ

**ભારતની યુવાપેઢી : નવી ઊર્જા, નવો જુસ્સો**
**ડૉ. એ. કે. દુબે ..... ૫**

**ભારતમાં રોજગારીના સર્જનનો પડકાર**
**અલખ એન શર્મા, બલવંતસિંહ મહેતા ..... ૯**

**રોજગારપાત્રતા : સશક્તિકરણનું સાધન**
**સુનિતા સાંઘી ..... ૧૩**

**સ્ટાર્ટઅપ્સ – પડકારો અને ભવિષ્યનો માર્ગ**
**સૌરભ સાન્યાલ, રણજીત મહેતા ..... ૧૯**

**યોગ કેવી રીતે યુવાનો માટે સ્વસ્થ, સંતુલિત અને તણાવ મુક્ત જીવન માટે લાભદાયક બની શકે છે ?**
**ડૉ. ઈશ્વર એન. આચાર્ય, ડૉ. રાજીવ રસ્તોગી ..... ૨૪**

**અર્થતંત્રની પરિસ્થિતિ પલટનાર પરિબળઃ જીએસટી**
**ડી.એસ. મલિક ..... ૨૮**

**ભારતીય યુવાવર્ગની વૈશ્વિક હાજરી**
**ડૉ. શીતલ શર્મા ..... ૩૨**

**ગુજરાતમાં યુવા સશક્તિકરણ**
**ડૉ. સંજય કચોટ ..... ૩૭**

**કૃષિ વિકાસમાં આંતરિક ચીજવસ્તુઓનું મહત્ત્વપૂર્ણ પ્રદાન**
**વસંત પી. ગાંધી ..... ૪૧**

**વેપાર વાણિજ્યની સરળતા**
**દાનિશ એ. હાશિમ અને ઐશ્વર્યા નાહટા ..... ૪૯**

### ટાઈટલ


- આવરણ ડિઝાઈન : – ૧
- ઉડાન - પ્રાદેશિક જોડાણને ભારે ગતિ પૂરી પાડશે : – ૨
- પ્રકાશન વિભાગ દ્વારા પ્રસિદ્ધ કરાયેલા રાષ્ટ્રપતિ ભવન સિરિઝના પુસ્તકો : – ૩
- પ્રકાશન વિભાગનાં પુસ્તકો : – ૪

છૂટક નકલ : રૂ. ૨૨-૦૦, વાર્ષિક લવાજમ : રૂ. ૨૩૦-૦૦, બે વર્ષ : રૂ. ૪૩૦-૦૦, ત્રણ વર્ષ : રૂ. ૬૧૦-૦૦
**લવાજમની રકમ "S.B.I. A/c. No. ૫૧૫-૦૮-૧૦, Yojana (Guj.)"ના નામે મનીઑર્ડર/ચૅક/બૅંક ડ્રાફ્ટથી મોકલી શકાશે.**
**યોજના તથા કુરુક્ષેત્રનું લવાજમ હવે ઑનલાઇન ભરી શકાશે. www.yojana.gov.in**

આયોજન અને વિકાસને વાચા આપતું આ માસિક ગુજરાતી, અંગ્રેજી, મરાઠી, આસામી, તામિલ, તેલુગુ, બંગાળી, મલયાલમ, ઉર્દૂ, હિંદી, કન્નડ, પંજાબી અને ઉડિયા ભાષામાં પ્રકાશિત થાય છે.
યોજનામાં પ્રગટ થતા લેખોમાંના મંતવ્યો લેખકોના પોતાનાં છે. તેની સાથે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.

# તંત્રીલેખ

## યુવા પેઢીઃ ભવિષ્યની આશા




કોઈ પણ દેશનું યુવાધન જ તેના વિકાસની ચાવી છે, તેનો સાચો ખજાનો છે, ભાવિ પેઢીનો આધાર છે.

જ્યારે મોટાભાગના વિકસિત દેશોમાં વયોવૃદ્ધ લોકોની વસતિમાં વધારો થાય છે, ત્યારે ભારત વર્ષ ૨૦૨૦ સુધીમાં દુનિયામાં સૌથી યુવા રાષ્ટ્ર બની જશે. ભારતની કુલ વસતિમાં આશરે ૪૦ ટકા હિસ્સો ધરાવતી આ યુવા પેઢી સૌથી વધુ વાઈબ્રન્ટ અને ઊર્જાવંત છે તથા દેશનું સૌથી કિંમતી માનવ સંસાધન છે. સમગ્ર દુનિયાના અર્થશાસ્ત્રીઓ અને નીતિનિર્માતાઓ ભારતની વસતિનાં લાભ વિશે ચર્ચા કરી રહ્યા છે. દેશનાં ભવિષ્ય તરીકે યુવા પેઢી રાષ્ટ્રના નિર્માણમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમની સર્જનાત્મક શક્તિનો સમન્વય ઉત્સાહ, ઊર્જા અને વિવિધતા સાથે થયો છે, જે કોઈ પણ દેશને ચમત્કારિક પરિણામ આપી શકે છે.

એન્જિનિયર, ડૉક્ટર્સ, વકીલો, બૅંકર્સ, ઉદ્યોગસાહસિકો, રમતવીરોની જેમ યુવા પેઢીમાં તમામ ક્ષેત્રોમાં દેશને અગ્રેસર કરવાની ક્ષમતા છે. જરૂર છે તેમને યોગ્ય માર્ગદર્શન આપીને સક્ષમ બનાવીને તેમને યોગ્ય સંસાધનો પૂરાં પાડવામાં આવે, તો તેઓ વિકાસમાં પ્રદાન કરવાની અપાર ક્ષમતા ધરાવે છે. આ માટે બાળકની સ્વસ્થ વૃદ્ધિ થાય અને તેમને સારું શિક્ષણ મળે એ આ દિશામાં પ્રથમ પગલું છે. આ માટે શિક્ષણના અધિકારનો કાયદો, ૨૦૦૯ અતિ ઉપયોગી છે. તમામ સ્તરે ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરવા સરકારે સર્વશિક્ષા અભિયાન, ઈ-પાઠશાળા, ઉડાન જેવા મુખ્ય કાર્યક્રમો શરૂ કર્યા છે. દેશના પર્વતીય, અંતરિયાળ અને દૂરના વિસ્તારોમાં સારા શિક્ષણની સુલભતાનો પ્રશ્ન છે. આ વિસ્તારોમાં ડિસ્ટન્સ એજ્યુકેશન મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આપણા યુવા લોકોને શિક્ષણ સુલભ કરવા ડિસ્ટન્સ એજ્યુકેશનનું મૂલ્ય હવે સ્થાપિત થયું છે. જીઆઈએએન, સ્વયં અને નૅશનલ ડિજિટલ લાઈબ્રેરી જેવા કેટલાક કાર્યક્રમો મારફતે શિક્ષણની સુવિધા સુલભ કરવા ટૅક્નોલૉજીનો ઉપયોગ થાય છે.

જોકે આ શિક્ષિત યુવા પેઢીને ચોક્કસ રોજગારી માટે જરૂરી કૌશલ્ય સાથે સજ્જ કરવાની જરૂર છે. અત્યારે શાળા કે કૉલેજનું નિયમિત શિક્ષણ યુવાન લોકો માટે રોજગારી આપી શકે તેવી સ્થિતિમાં નથી, ખાસ કરીને હાલની સ્પર્ધાત્મક અને અતિ ટૅક્નોલૉજીકલ દુનિયામાં, એટલે યોગ્ય અને પર્યાપ્ત કૌશલ્ય વિકાસની જરૂર છે, જે આ કાર્યદળને ટૅક્નિકલ રીતે કુશળ માનવઊર્જાનાં સૌથી મોટા સ્ત્રોતમાં પરિવર્તિત કરી શકે છે. સરકારે લૉંચ કરેલ સ્કિલ ઇન્ડિયા મિશન એક એવી પહેલ છે, જે લાંબાગાળે રોજગારી બજારની માગ મુજબ તેમના કૌશલ્યને વધારવા યુવા પેઢીને મદદ કરશે. અભિયાનનો ઉદ્દેશ વર્ષ ૨૦૨૨ સુધીમાં ૪૦ કરોડથી વધારે લોકોને આવરી લેવાનો છે અને તેમની પસંદગીના કૌશલ્યમાં તાલીમ આપી તેમની રોજગારદક્ષતા વધારવાનો છે. વળી ડિસ્ટન્સ એજ્યુકેશન અભ્યાસક્રમો પણ છે, જે પ્રોગ્રામ હેઠળ કૌશલ્ય વિકાસ શીખવે છે.

છેવટે સશક્ત અને સક્ષમ યુવા પેઢી માટે લાભદાયક રોજગારી જ દેશને વિકાસ તરફ દોરી જાય છે. રોજગારી વિનાના યુવા રાષ્ટ્રનું અર્થતંત્ર નબળું પડી શકે છે અને સમાજ માટે જોખમરૂપ છે. એટલે સરકાર તાજેતરમાં સ્ટાર્ટઅપ ઇન્ડિયા અને સ્ટૅન્ડઅપ ઇન્ડિયા પ્રોગ્રામ મારફતે સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપે છે. મુદ્રા, સેતુ, એઆઈએમ (અટલ ઇનોવેશન મિશન) કેટલાક કાર્યક્રમો છે, જે નવીનતા અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપશે.

યુવાનો રાષ્ટ્રનું નિર્માણ કરવા માટે પાયારૂપ છે. દેશની નિયતિ બદલવાની તાકાત તેમના હાથમાં છે. પોતાની નિયતિ બદલવા આતુર કોઈ પણ દેશે યુવાશક્તિની ઊર્જા અને આકાંક્ષાનો હકારાત્મક ઉપયોગ કરવા યોગ્ય માર્ગો અને માધ્યમો વિકસાવવાં જોઈએ. એક વખત ફ્રૅન્કલિન રુઝવેલ્ટે કહ્યું હતું કે, ''આપણે આપણા યુવાનો માટે હંમેશાં ભવિષ્યનું નિર્માણ ન કરી શકીએ, પણ આપણે ભવિષ્ય માટે આપણી યુવા પેઢીનું નિર્માણ કરી શકીએ.''

# ભારતની યુવા પેઢી : નવી ઊર્જા, નવો જુસ્સો

**ડૉ. એ. કે. દુબે**




*યુવા બાબતો અને રમતગમત (યુવા બાબતોનાં વિભાગ) મંત્રાલયનાં વર્ષે ૨૦૧૬-૧૭ના વાર્ષિક અહેવાલ મુજબ, યુવા પેઢી કોઈ પણ સંસ્થાના સંચાલન માટે સૌથી વધુ ઉત્સાહજનક સેગ્મેન્ટ છે. તેમનાં વાઈબ્રન્ટ અને ગતિશીલ અભિગમને કારણે ભારત યુવા રાષ્ટ્ર બન્યું છે, જ્યાં ૩૫ વર્ષથી ઓછી વય ધરાવતા યુવાનોની વસતિ કુલ વસતિમાં આશરે ૬૫ ટકા છે. મંત્રાલયના વાર્ષિક રિપોર્ટ ૨૦૧૬-૧૭ મુજબ, વર્ષ ૨૦૨૦ સુધીમાં ભારતના લોકોની સરેરાશ વય ૨૮ વર્ષ હશે, જ્યારે દક્ષિણ એશિયાના દેશો અને ચીનના લોકોની સરેરાશ વય ૩૮ વર્ષ હશે, તેવો અંદાજ છે. ૧૫ વર્ષથી ૨૯ વર્ષ વચ્ચેની વયજૂથ ધરાવતા ભારતીય લોકો કુલ વસતિમાં ૨૭.૫ ટકા છે, જે ભારત માટે સૌથી મોટો લાભ છે.*

*આ વસતિનો અર્થપૂર્ણ રીતે લાભ લેવા યુવા પેઢી લાભદાયક પરિણામ આપે અને રચનાત્મક કામગીરી કરે એ આવશ્યક છે. ભારતને વૈશ્વિક સ્તરે નવી ઊંચાઈએ પહોંચાડવામાં મદદરૂપ થવાની તાકાત ધરાવતી યુવા પેઢી માટે સ્પષ્ટ અને અસરકારક નીતિ અને માર્ગદર્શનની જરૂર પડશે. યુવા પેઢી ઉત્પાદનો અને આડપેદાશો અજમાવવા માટેની પ્રયોગશાળા નથી, પણ સમકાલીન પ્રસ્તુત કૌશલ્યોને આધારે નવી તકો ઊભી કરવા ઉપયોગ કરી શકાય તેવાં વેરિયબલ્સ છે.*

યુનેસ્કોએ યુવાન વયની વ્યાખ્યા આ રીતે કરી છે – વ્યક્તિની યુવાન વય એ તબક્કો છે, જેમાં તે બાળપણની સ્વતંત્રતામાંથી પુખ્તાવસ્થાની સ્વતંત્રતામાં પ્રવેશ કરે છે અને સાથે-સાથે સમુદાયના સભ્ય તરીકેની જવાબદારીનો અહેસાસ કરે છે. નિશ્ચિત વયજૂથની સરખામણીમાં યુવાવસ્થા વધારે છૂટછાટ ધરાવતી કેટેગરી છે.

યુવા બાબતો અને રમતગમત (યુવા બાબતોનાં વિભાગ) મંત્રાલયનાં વર્ષે ૨૦૧૬-૧૭ના વાર્ષિક અહેવાલ મુજબ, યુવા પેઢી કોઈ પણ સંસ્થાના સંચાલન માટે સૌથી વધુ ઉત્સાહજનક સેગ્મેન્ટ છે. તેમનાં વાઈબ્રન્ટ અને ગતિશીલ અભિગમને કારણે ભારત યુવા રાષ્ટ્ર બન્યું છે, જ્યાં ૩૫ વર્ષથી ઓછી વય ધરાવતા યુવાનોની વસતિ કુલ વસતિમાં આશરે ૬૫ ટકા છે. મંત્રાલયના વાર્ષિક રિપોર્ટ ૨૦૧૬-૧૭ મુજબ, વર્ષ ૨૦૨૦ સુધીમાં ભારતના લોકોની સરેરાશ વય ૨૮ વર્ષ હશે, જ્યારે દક્ષિણ એશિયાના દેશો અને ચીનના લોકોની સરેરાશ વય ૩૮ વર્ષ હશે, તેવો અંદાજ છે. ૧૫ વર્ષથી ૨૯ વર્ષ વચ્ચેની વયજૂથ ધરાવતા ભારતીય લોકો કુલ વસતિમાં ૨૭.૫ ટકા છે, જે ભારત માટે સૌથી મોટો લાભ છે.

આ વસતિનો અર્થપૂર્ણ રીતે લાભ લેવા યુવા પેઢી લાભદાયક પરિણામ આપે અને રચનાત્મક કામગીરી કરે એ આવશ્યક છે. ભારતને વૈશ્વિક સ્તરે નવી ઊંચાઈએ પહોંચાડવામાં મદદરૂપ થવાની તાકાત ધરાવતી યુવા પેઢી માટે સ્પષ્ટ અને અસરકારક નીતિ અને માર્ગદર્શનની જરૂર પડશે. યુવા પેઢી ઉત્પાદનો અને આડપેદાશો અજમાવવા માટેની પ્રયોગશાળા નથી, પણ સમકાલીન પ્રસ્તુત કૌશલ્યોને આધારે નવી તકો ઊભી કરવા ઉપયોગ કરી શકાય તેવાં વેરિયબલ્સ છે.

માઇકલ ગ્રીનને તેમના કાર્ય 'સામાજિક પરિવર્તનના સક્રિય વાહક તરીકે યુવા પેઢી'માં જણાવ્યું છે કે, "યુવા પેઢીના હકારાત્મક વિકાસની સતત વધતી અને અસરકારક કામગીરી સમસ્યા પર ધ્યાન કેન્દ્રિત કરવામાંથી સમસ્યાનું સમાધાન કરવાના અભિગમ તરફ દોરી જવાનું માધ્યમ છે. તે યુવા પેઢીની ક્ષમતાઓ અને રસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે."

સામાજિક, રાજકીય કે જન આંદોલનના યુગમાં યુવા પેઢી પ્રવૃત્તિઓનું કેન્દ્ર બની છે. એલજીબીટીક્યુ આંદોલનથી 'મહિલાઓ માટે સમાન અધિકાર' અને પર્યાવરણ સંબંધિત ચિંતાઓથી લઈને માનવાધિકારો – આ તમામ પ્રવૃત્તિઓના કેન્દ્રમાં યુવાનો છે, જે તેમને જાહેરજીવનમાં જોડતાં વિવિધ પાસાં છે. તેનાથી તેઓ કામ કરી શકે તેવા જૂથ તરીકે અસરકારક બને છે. મીડિયાનાં નવાં માધ્યમો વિચારો ઊભાં કરવામાં મદદ કરવાની સાથે અસરકારક રીતે સંચાર કરવામાં પણ મદદરૂપ છે, જેના પરિણામે આ વિચારોની સામૂહિક સ્વીકાર્યતા

વધારવામાં મદદ મળે છે. યુવા પેઢી સામાજિક/આર્થિક કાર્યોના કેન્દ્રમાં હોવી જોઈએ, તેની પાછળનું કારણ સતત બદલાતાં સામાજિક પાસાંનો સ્વીકાર કરવાની તેમની ક્ષમતા છે.

યુવા પેઢી બે પેઢી વચ્ચે સેતુરૂપ બની શકે છે. તે એવું વયજૂથ છે, જેને બરોબર માર્ગદર્શન આપવામાં આવે, તો તે પોતાની વૃદ્ધિ અને વિકાસ માટે લવચિકતાની જરૂરિયાત સમજી શકે છે. વૈચારિક જડતા અને પશ્ચિમી સંસ્કૃતિનું આંધળું અનુકરણ – આ બંને પરિબળો લાંબાગાળે રાષ્ટ્ર માટે નુકસાનકારક પુરવાર થશે. અત્યારે યુવા પેઢી સમજે છે કે સ્વતંત્રતા જ તમામ સમસ્યાઓનું સમાધાન નથી, તે સંપર્ણ પરિણામે કાર્યને પ્રસ્તુત કરતાં એકબીજા સાથે જોડાયેલા એકમોને અનુરૂપ છે. યુવા પેઢી નવી સામાજિક વિચારધારા, આર્થિક વિકાસ અને રાજકીય પ્રવૃત્તિ માટે ઉદ્દીપક છે.

અત્યારે યુવા પેઢી એવી સ્થિતિમાં છે કે તેમને લોકશાહી વ્યવસ્થાની અંદર વિવિધતામાં એકતાની પૃષ્ઠભૂમિમાં શ્રેષ્ઠ અનુભવ અને સંવાદ તથા સાંમજસ્યનો અનુભવ મેળવવાની સ્થિતિમાં છે.

રૂઢિચુસ્ત સામાજિક વ્યવસ્થાને તોડી શકે તેવી બાબત તર્ક અને સંશોધન છે, જેનો ઉપયોગ અત્યારે યુવા પેઢી કરે છે. અત્યારે યુવા પેઢી આંતરલગ્નો કરવામાં માને છે અને સમૂહમાં ભોજન લેવામાં સમજે છે. તેઓ સદીઓ જૂના જાતિ, જ્ઞાતિ, ધર્મ, પંથ વગેરે ભેદભાવોમાં માનતા નથી. તેઓ પોતાનાં જ ભાઈઓ અને બહેનો સાથે આ પ્રકારના ભેદભાવોને આધારે અપમાનજનક વ્યવહાર કરવાનું અનુચિત ગણે છે અને અસંવેદનશીલ વ્યવહારને અન્યાયપૂર્વકનો ગણાવે છે. જોકે આ પ્રકારનું પરિવર્તન મોટા પાયે જોવા મળતું નથી, છતાં નાના પાયે શરૂઆત થઈ ગઈ છે અને યોગ્ય દિશામાં પગલું ભરવામાં આવ્યું છે.

યુવા પેઢીને મદદરૂપ થાય એવાં સૌથી મહત્ત્વપૂર્ણ પરિબળોમાંનું એક પરિબળ ટૅક્નોલૉજીનો ઉપયોગ અને તેના પર ભાર મૂકવાની વાત છે. સરકાર કૅશલેસ અર્થતંત્ર અને ડિજિટલ ઇન્ડિયા જેવી પહેલો અને વિભાવનાઓ સાથે ડિજિટલાઇઝેશનને આગળ વધારવાના પ્રયાસો કરે છે, જેમાં અર્થતંત્રની તમામ સમસ્યાઓનું સમાધાન કરવાના પ્રયાસમાં ટૅક્નોલૉજી અસરકારક વિકલ્પ બની છે. આપણે જાણીએ છીએ તેમ અને આપણાં રોજિંદા જીવનમાં આદાનપ્રદાન કરવામાં ટૅક્નોલૉજી પ્રગતિનું હકારાત્મક માધ્યમ છે. ટૅક્નોલૉજીએ માનવજાતને મહાન સિદ્ધિઓ અપાવવામાં મદદ કરી છે અને આપણે દરરોજ નવા માપદંડો સ્થાપિત કરી રહ્યા છીએ. વિકાસશીલ દેશોમાં ટૅક્નોલૉજીનો ઉપયોગ જીવનની ગુણવત્તા વધારવા માટે પણ કરવામાં આવે છે.

ભારતમા ડિજિટલ વાતાવરણથી યુવા પેઢીને વધુ સંગઠિત રીતે આગળ વધવાની પ્રેરણા અને બળ મળ્યું છે. ડિજિટલ સુવિધાઓએ સંચારપ્રક્રિયા ઝડપી બનાવી છે, શીખવાના સમયમાં ઘટાડો કર્યો છે અને એક સામાન્ય પ્લૅટફૉર્મ પર ભૌગોલિક રીતે દૂર બે સ્થળોને એકબીજાં સાથે જોડી દીધાં છે. તે સમાન વિચારોને ભેગા કરે છે અને પછી સંભવિત સમાધાનો અને પરિણામ પર કામ કરે છે. એક બટનનો સ્પર્શ કરીને આપણે વિચારો વહેંચી શકીએ, સલાહ આપી શકીએ કે મેળવી શકીએ, જોડાણ કરી શકીએ અને સ્પષ્ટપણે વિચારોનો અમલ કરી શકીએ. ટૅક્નોલૉજી આપણે ધારીએ તેનાથી વધારે ઉપયોગી છે. યુવાનોને પુષ્કળ અભ્યાસ સામગ્રી ઉપલબ્ધ થઈ શકે છે અને વિશેષ અભ્યાસકેન્દ્રો ધરાવતી સંસ્થાઓમાં અરજી કરી શકે છે. ટૅક્નોલૉજીએ સમાન તકો ઊભી કરી , ખાસ કરીને સુલભતાની દ્રષ્ટિએ અને આનો શ્રેય યુવા પેઢીને જ જાય છે, કારણ કે તેઓ નવા ટૅક્નોલૉજીકલ વિકલ્પો અપનાવવા અને શીખવામાં મોખરે છે.

યુવા પેઢી અને ટૅક્નોલૉજીના સહ-વિકલ્પની સૌથી મોટી સિદ્ધિ જોખમ લેવાના ઉત્સાહ અને સ્ટાર્ટઅપ્સની વૃદ્ધિમાં છે તેવું કહી શકાશે. વધુ ને વધુ લક્ષિત અને ચોક્કસ કૌશલ્યો વધારતી પહેલોએ સ્ટાર્ટઅપ્સ ઉદ્યોગસાહસિકતા શરૂ કરવા ગણ્યાંગાંઠ્યાં લોકોને સુવિધા પ્રદાન કરવાની પરંપરા તોડી છે. ટૅક્નોલૉજી સાથે યુવા પેઢીનાં ખંતથી તમામ ક્ષેત્રોમાં ઉદ્યોગસાહસિકતાને વેગ મળ્યો છે.

યુવા બાબતો અને રમતગમત મંત્રાલય મારફતે સરકાર ભારતીય યુવા પેઢીના મહત્ત્વપૂર્ણ અને લાભદાયક વિકાસ માટે વિકાસ અને પ્રગતિનાં વિવિધ પાસાં પર સતત નજર રાખી રહી છે. નિયમિત સમીક્ષાની સાથે સરકારે યુવા પેઢી સાથે સંબંધિત નવી પહેલો/કાર્યક્રમો શરૂ કર્યા છે અને કાર્યશાળાઓનું આયોજન પણ કર્યું છે તથા નિયમિત સમયાંતરે જીવનશૈલી/નેતૃત્વની કુશળતાઓ વિકસાવવા માર્ગદર્શન પણ આપે છે.

વાર્ષિક રિપોર્ટ ૨૦૧૬-૧૭ ‘રાષ્ટ્રીય યુવા નીતિ, ૨૦૧૪’ ભારતની યુવા પેઢીનો સંપૂર્ણ વિકાસ કરવાની પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે, જેથી તેમની ક્ષમતાનો ઉપયોગ થઈ શકે અને રાષ્ટ્રનિર્માણની પ્રક્રિયામાં ફળદાયક પ્રદાન કરી શકાય.

રાષ્ટ્રીય યુવાનીતિ, ૨૦૧૪ ભારતની યુવા પેઢી માટે સાર્વત્રિક વિઝન રજૂ કરે છે, જે તેમની સંપૂર્ણ ક્ષમતા હાંસલ કરવા યુવા પેઢીને સક્ષમ બનાવશે અને તેમને દેશનાં સમુદાયમાં યોગ્ય સ્થાન મેળવવા ભારતને સક્ષમ બનાવશે.

**રાષ્ટ્રીય યુવાનીતિ હેઠળનાં ઉદ્દેશો અને પ્રાથમિકતા ધરાવતાં ક્ષેત્રો આ મુજબ છેઃ**

(i) ઉત્પાદનક્ષમ કાર્યદળ ઊભું કરવું, જે ભારતના આર્થિક વિકાસમાં સ્થાયી પ્રદાન કરી શકે છે.

આ માટે પ્રાથમિકતા ધરાવતા ક્ષેત્રો છે

- શિક્ષણ
- ઉદ્યોગસાહસિકતા
- રોજગારી અને કૌશલ્યવિકાસ

(ii) મજબૂત, સ્વસ્થ પેઢી વિકસાવવી, જે ભવિષ્યની પેઢીઓનો મુકાબલો કરવા સજ્જ હોય. આ માટે જરૂરી કામગીરી

- સ્વાસ્થ્ય – સ્વસ્થ જીવનશૈલી
- રમતગમત

(iii) તાર્કિક માલિકી-સંચાલિત માધ્યમોનું નિર્માણ કરવાં સામાજિક મૂલ્યો સ્થાપિત કરવાં અને સામુદાયિક સેવાને પ્રોત્સાહન આપવા.

- સામાજિક મૂલ્યોને પ્રોત્સાહન
- સામુદાયિક સંલગ્નતા

(iv) શાસનના તમામ કેન્દ્રોમાં સહભાગિતાની સુલભતા અને નાગરિક સેવાની સંલગ્નતા

- રાજકારણ અને શાસનમાં સહભાગીતા
- યુવા સંલગ્નતા

(v) તમામ વંચિત અને શોષિત યુવાનો માટે સમાન તકો ઊભી કરવી અને જોખમ ધરાવતા યુવાનોને સાથસહકાર આપવો. પ્રાથમિકતાનાં ક્ષેત્રો સર્વ સમાવેશકતા અને સામાજિક ન્યાય છે.

વર્તમાન સરકારે વિવિધ કાર્યક્રમો હાથ ધર્યા છે, જે યુવાનોના સંપૂર્ણ સાર્વત્રિક વિકાસને સુલભ બનાવે છે તથા સહભાગિતાને આવકારે છે. ઉદાહરણ તરીકે, નહેરુ યુવાકેન્દ્ર સંગઠનને રાષ્ટ્રનિર્માણની પ્રવૃત્તિઓમાં યુવાનોને વિકસાવવાની અને જોડવાની કામગીરી સુપરત કરવામાં આવી છે. રાષ્ટ્રીય સેવા યોજના (એનએસએસ)એ સ્વૈચ્છિક સામાજિક સેવા મારફતે નૈતિક અને માનવતાવાદી વ્યક્તિત્વ વિકસાવે છે.

'યુવાનો અને પુખ્તોના વિકાસ માટે રાષ્ટ્રીય કાર્યક્રમો' પણ અસ્તિત્વમાં છે. તેમાં યુવાનોને પ્રોત્સાહન આપવા રાષ્ટ્રીય યુવા મહોત્સવો અને ઍવૉર્ડ પણ એનાયત કરવામાં આવે છે.

વર્ષ ૨૦૧૧ની વસતિગણતરી મુજબ, અંદાજે ૪૧ ટકા ભારતીય વસતિની ઉંમર ૨૦ વર્ષથી ઓછી છે. વ્યક્તિત્વ વિકાસની દ્રષ્ટિએ આ વય અતિ મહત્ત્વપૂર્ણ છે – જે તબક્કામાં યોગ્ય માર્ગદર્શન, દિશાદર્શન અને સલાહસૂચનોની જરૂર હોય છે. કમનસીબે અત્યારે યુવા પેઢી શહેરી જીવનની ખરાબ અસરોથી વધુ પ્રભાવિત થઈ રહી છે, જેના પરિણામે જીવનને ટકાવી રાખવા તે અપરાધની દુનિયામાં ધકેલાઈ રહી છે. આ નકારાત્મકતા માટે મુખ્ય કારણ ઉપલબ્ધતા અને સુલભતા વચ્ચેની અસમાનતા છે. જ્યારે સરકારે આ માટે વિવિધ કાર્યક્રમો અને પહેલો શરૂ કરી હોય તેવું બની શકે છે, પણ તેનો લાભ લેવાની પદ્ધતિ કે માધ્યમો સરળ નથી. આ ઉપલબ્ધતાઓની સુવિધાના નબળા સંચાલન માટે નાણાકીય ખેંચ કે સામાજિક માળખું જવાબદાર છે. ઉપરાંત યુવાનો સાથે સંબંધિત કટોકટીજન્ય બાબતોની અજ્ઞાનતા અને તેનું નિવારણ કરવાની વ્યવસ્થાનો અભાવ પણ મુખ્યત્વે કારણભૂત છે. અત્યારે શિક્ષણવ્યવસ્થા સંપૂર્ણપણે સંવેદનશીલ નથી અને યુવા ઓળખની વધતી કટોકટી માટે સમાધાન કરવા નિખાલસ નથી. હકીકતમાં શિક્ષણ વ્યવસ્થા આંતરશાખાકીય અભિગમને સમાવીને શિક્ષણમાં વિવિધ પ્રકારના ફાયદા પ્રદાન કરવાની ક્ષમતા ધરાવે છે. હકીકતમાં અત્યારે યુવાનોની કામગીરીને માન્યતા આપવાની, તેનો સ્વીકાર કરવાની અને તેમના કામની કદર કરવાની તાતી જરૂર છે. તેનાથી યુવાનોની અપેક્ષા સંતોષાશે અને તેમને રચનાત્મક કાર્યો કરવા માટે પ્રોત્સાહન મળશે. એનએસએસ આ પ્રકારનો અભિગમ ધરાવે છે અને એનવાયકેએસ હેઠળ વિવિધ સમાધાનો સાથે સમસ્યાઓનું સમાધાન કરવા માટે પ્રયાસ કરે છે.

મંત્રાલયના વાર્ષિક અહેવાલ – ૨૦૧૬-૧૭ મુજબ, રાષ્ટ્રીય યુવાનીતિને સફળ બનાવવા તેની કામગીરીમાં પ્રાથમિકતા ધરાવતા ક્ષેત્રોની સાથે કેટલાક હસ્તક્ષેપો કરવાની જરૂર છે, જેની યાદી નીચે મુજબ છે:

- શિક્ષણમાં ક્ષમતા અને ગુણવત્તા વધારવાની વ્યવસ્થા ઊભી કરવી.
- યુવા પેઢી સુધી પહોંચવાનો અને તેમનામાં જાગૃતિ લાવવાનો લક્ષ્યાંક – સંપૂર્ણ સિસ્ટમ તથા રોજગારી અને કૌશલ્ય વિકાસમાં તમામ પક્ષો વચ્ચે સાંકળ ઊભી કરવી
- ઉદ્યોગસાહસિકતામાં કસ્ટમાઇઝ કાર્યક્રમો પૂર્ણ કરવા.
- સ્વાસ્થ્ય ક્ષેત્રમાં સેવા સુવિધા સુધારવી

આરવાયએસકેનો ઉદ્દેશ અત્યારે વધારે સાર્વત્રિક અને સંપૂર્ણ વિકાસનો છે, કારણ કે તે અલગઅલગ અભિગમને બદલે આંતરશાખાકીય અભિગમમાં કામ કરે છે.

**સરકારની કેટલીક મહત્ત્વપૂર્ણ પહેલો નીચે મુજબ છે :**

૧. **કૌશલ્યસંવર્ધન તાલીમ કાર્યક્રમ (એસયુટીપી) :** તેનો ઉદ્દેશ વધારાની આવક પેદા કરવા અને આત્મવિશ્વાસ વધારવા કુશળ તાલીમદાતાઓની મદદ સાથે રોજગારલક્ષી તાલીમ, કુશળતા વિકસાવવાનો છે. આ કાર્યક્રમનો હેતુ સ્થાનિક જરૂરિયાત ઓળખવાનો અને તેને અનુરૂપ રોજગારલક્ષી તાલીમ આપવાનો પણ છે.

૨. **પરંપરાગત કળા, સંસ્કૃતિ અને યુવા કૃતિને પ્રોત્સાહન આપવું :** નવી પેઢી પશ્ચિમના રંગે રંગાયેલી હોવાથી આ કાર્યક્રમ ગ્રામીણ યુવાનોને તેમની સંસ્કૃતિ અને પ્રતિભા પ્રદર્શિત કરવાની

તકો પ્રદાન કરવા આધુનિકતા અને પરંપરાનો સમન્વય કરવા માર્ગદર્શન આપે તેવા માર્ગદર્શકો પ્રદાન કરવાનો છે.

૩. **મહાત્મા ગાંધી યુવા સ્વચ્છતા અભિયાન અને શ્રમદાન/કાર્યક્રમઃ** સ્વચ્છતા/અભિયાન અને જળ સંરક્ષણમાં પ્રદાન કરવા યુવાનોને જાગૃત કરીને સાંકળે છે. સમગ્ર દેશમાં અસમાનતા અને અપર્યાપ્ત સહભાગિતાને પગલે થોડાં સર્વસમાવેશક કાર્યક્રમ સરકારનાં સારાં ઇરાદા અને સામાજિક સર્વસમાવેશકતાનાં પ્રયાસોને સૂચવે છે તથા તેમની વચ્ચે સર્વસમાવેશક વૃદ્ધિની નીતિ સારી હોવાનો સંકેત આપે છે.

૪. **કિશોરો માટે જીવનકૌશલ્ય તાલીમ (કિશોરોનું સશક્તિકરણ) :** યુવાનોની માનસિકતા નકારાત્મક માર્ગે વળી રહી છે, ત્યારે આ મહત્ત્વપૂર્ણ અને મોટી પહેલ છે, જે અત્યારે પ્રસ્તુત છે. તેમાં યુવાનોને એ રીતે તાલીમ આપવામાં આવે છે કે તેઓ જીવનની વિવિધ પરિસ્થિતિનો સફળતાપૂર્વક સામનો કરી શકે. આ યોજનાનો હેતુ કિશોરોને પ્રજોત્પાદક સ્વાસ્થ્ય, તેની સમસ્યાઓ અને વિવિધ બાબતો વિશે જાણકારી આપવાનો પણ છે. તેનો એક ઉદ્દેશ તેમની અંદર સમસ્યાઓનું સમાધાન કરવા માટેની ક્ષમતા ખીલવવાનો પણ છે.

**ભૌગોલિક અને સામાજિક અવરોધો દૂર કરવા - આ માટે બે કાર્યક્રમો મહત્ત્વપૂર્ણ છે :**

(૧) જનજાતિ યુવા આદાનપ્રદાન કાર્યક્રમ (ટીવાયઈપી): તેનો ઉદ્દેશ નક્સલવાદગ્રસ્ત આદિવાસી પટ્ટામાં યુવાનોને દેશના અન્ય વિસ્તારોનો પ્રવાસ કરાવવાનો છે, જેથી તેઓ સ્થાનિક વિચારધારાથી અલગ રીતે દેશના અન્ય વિસ્તારોને જોઈ શકે અને તેમની માનસિકતા બદલવામાં સફળતા મળે. તેમની અંદર રાષ્ટ્રવાદની ભાવના પણ ખીલશે. ટીવાયઈપી અનુભવજન્ય શિક્ષણ પણ પ્રદાન કરે છે, જેનો આ યુવાનો તેમના વતનમાં ઉપયોગ કરી શકે છે. તેનાથી આ યુવાનો સાથે તેમના વિસ્તારનો વિકાસ થશે, માળખાગત સુવિધામાં વધારો થશે અને તેમનું કૌશલ્ય ખીલશે.

(૨) ઉત્તર પૂર્વ આદાનપ્રદાન કાર્યક્રમઃ નેહરુ યુવાકેન્દ્ર સંગઠન હેઠળ યુવા બાબતો અને ગૃહ મંત્રાલયના સહિયારા પ્રયાસોનો ઉદ્દેશ ઉત્તર પૂર્વના યુવાનોને મહારાષ્ટ્રના યુવાનો સાથે જોડવાનો છે, જેથી ઉત્તરપૂર્વના યુવાનોમાં સામાજિક-આર્થિક વિકાસની સમજણ અને સાંસ્કૃતિક રીતે વિવિધ જીવનશૈલીની સમજણ વિકસશે.

તેમાં તમિલનાડુના શ્રીપેરેમ્બુદુરમાં સૌપ્રથમ સફળતા મળી છે, જેનાં પરિણામે યુવા બાબતો અને રમતગમતના મંત્રાલય હેઠળ 'રાષ્ટ્રીય મહત્ત્વૂર્ણ સંસ્થા' ની સ્થાપના થઈ છે.

કાયદા ૨૦૧૨ના આધારે ધ રાજીવ ગાંધી નૅશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ યૂથ ડેવલપમેન્ટની સ્થાપના થઈ હતી. તેનો ઉદ્દેશ યુવાનોના વિકાસના ક્ષેત્રમાં શૈક્ષણિક ઉત્કૃષ્ટતાના વૈશ્વિક માન્યતા પ્રાપ્ત સંસ્થા તરીકે પોતાને સ્થાપિત કરવાનો છે.

તે વિવિધ શૈક્ષણિક કાર્યક્રમો ઑફર કરે છે, જેમાં મુખ્યત્વે કાઉન્સેલિંગ સાઇકોલૉજીમાં એમ.એસસી, સામાજિક નવીનતા અને ઉદ્યોગસાહસિકતામાં કાઉન્સેલિંગ સાઇકોલૉજીમાં એમ.એ, જેન્ડર સ્ટડીઝમાં એમ. એ તથા વિકાસલક્ષી નીતિ અને પ્રૅક્ટિસ વગેરેમાં એમ. એ સામેલ છે. તે આંતરશાખાકીય રીતે યુવાનો સાથે સંબંધિત વિષય પર ડૉક્ટરેટ ડિગ્રીની સુવિધા પણ આપે છે.

આર્થિક વ્યાવહારિકતા, સામાજિક વિશ્વાસ અને સરળતાપૂર્વક ઉપલબ્ધતા પ્રદાન કરવાની સાથે સરકારે તમામ શહેરોમાં ઐતિહાસિક અને સાંસ્કૃતિક રીતે સમૃદ્ધ સ્થળોમાં યુવા છાત્રાલય કેન્દ્ર સ્થાપિત કર્યાં છે. તેનો ઉદ્દેશ યુવાનોમાં રાષ્ટ્રીય સ્તરની વિવિધ સંસ્કૃતિ વિશે યુવાનોને વાકેફ કરવાનો છે અને તેમને સુલભતા પ્રદાન કરવા આદાનપ્રદાન કરવાનો છે.

વિવિધ માધ્યમો મારફતે સરકાર દરેક યુવાનની ક્ષમતા બહાર લાવવા શ્રેષ્ઠ પ્રયાસ કરે છે, જે યુવાનોનું વ્યક્તિત્વ ખીલવવાની સાથે તેમને રાષ્ટ્રનો અવાજ બનવામાં પણ મદદ કરશે. નવી, સશક્ત અને સક્ષમ યુવા પેઢી વધારે સંવેદનશીલ, સભાન, સજાગ અને સંવાદી હોવી જોઈએ, જે આગામી પેઢીઓ માટે દીવાદાંડી બનશે.

યુવા પેઢી અને તેમના અદમ્ય જુસ્સાનું મહત્ત્વ સ્વામી વિવેકાનંદના શબ્દોમાં જ જણાવીએ – "ઊઠો! જાગો! અને જ્યાં સુધી લક્ષ્યાંક હાંસલ ન થાય ત્યાં સુધી જંપશો નહીં."

**લેખક ભારત સરકારના યુવા સંબંધિત બાબતો અને રમતગમત મંત્રાલયના સેક્રેટરી છે. તેઓ કેરળ સરકાર અને ભારત સરકારમાં વિવિધ હોદ્દા પર કામ કરે છે. તેઓ ઇન્ડિયન જર્નલ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન, ઇન્ડિયન જર્નલ ઓફ સોશિયલ વર્ક, જર્નલ ઓફ રૂરલ ડેવલપમેન્ટ, કુરુક્ષેત્રમાં વિવિધ વિષયો પર લખે છે.**

**ઇ-મેલઃ secy-ya@nic.in**

# ભારતમાં રોજગારીના સર્જનનો પડકાર

અલખ એન શર્મા, બલવંતસિંહ મહેતા



*ભારત વસતિવિષયક પરિવર્તનના ગાળામાંથી પસાર થઈ રહ્યું છે જેથી દેશની કુલ વસતિમાં યુવાનોનું પ્રમાણ વધી રહ્યું છે. વધુ ને વધુ સંખ્યામાં યુવાનોને સારું શિક્ષણ અને સ્થિર દરે યોગ્ય રોજગારીમાં વૃદ્ધિની જરૂર છે. વિશ્લેષણ દર્શાવે છે તે રીતે આ પડકાર ખરેખર વિશાળ છે, ખાસ કરીને શિક્ષિત યુવાનો માટે. એ ખરેખર કમનસીબ બાબત છે કે ભારતમાં રોજગારીમાં મહિલાઓની હિસ્સેદારી વિશ્વમાં સૌથી ઓછી છે ત્યારે બીજી તરફ શ્રમબળમાં જોડાઈ રહેલી યુવા મહિલાઓમાં બેરોજગારીનું પ્રમાણ અત્યંત ઊંચું છે. સરકારની પહેલ યોગ્ય દિશામાં છે. જોકે, હજુ ઘણું કરવાનું બાકી છે. રોજગારીનું સર્જન એ મેક્રો અને અન્ય આર્થિક નીતિઓનો હિસ્સો હોવું જોઈએ. ભારતીય અર્થતંત્રે પૂરતા પ્રમાણમાં રોજગારી પેદા નથી કરી અને રોજગારી સર્જનને ઉત્તેજન આપવા માટે વિવિધ મંત્રાલયોએ રોજગારી સર્જનને પોતાના કાર્યક્રમો અને નીતિઓમાં સામેલ કરવું જોઈએ. અહીં એ બાબતનો ઉલ્લેખ કરવો જરૂરી છે કે પશ્ચિમ અને દક્ષિણ ભારતમાં જે રીતે વૃદ્ધિ અને રોજગારીનું સર્જન થયું છે, તેટલા પ્રમાણમાં મધ્ય અને પૂર્વ ભારતમાં મોટા ભાગના વિસ્તારોમાં રોજગારીની તક પેદા થઈ નથી. આ પ્રાદેશિક અસમાનતા દૂર કરવાની જરૂર છે, જેથી યુવાનોને તેમના પ્રદેશમાં જ રોજગારી મળી શકે. આ ઉપરાંત યોગ્ય નીતિઓ અને કાર્યક્રમોની જરૂર છે, જેથી વધુ ને વધુ મહિલાઓને રોજગારી મળે. રાષ્ટ્રે આ દિશામાં ઝડપથી આગળ વધવાની જરૂર છે, જેથી ડેમોગ્રાફિક ફાયદા મળે. જો તેમાં નિષ્ફળતા મળશે, તો ડેમોગ્રાફિક ફાયદો ડેમોગ્રાફિક આફતમાં પલટાઈ જશે.*

ભારતમાં વિશ્વમાં સૌથી વધુ યુવાવસતિ છે, જે વિશ્વની કુલ યુવા વસતિનો લગભગ પાંચમો હિસ્સો છે. ભારતીય યુવાવર્ગને શ્રમમાર્કેટમાં યોગ્ય રીતે સમાવવામાં આવે, તો તેઓ ઊંચી આર્થિક વૃદ્ધિમાં યોગદાન આપી શકે છે. ભારતમાં અડધાથી વધુ (૬૦.૩ ટકા) લોકોની વય ૧૫-૫૯ વર્ષની વચ્ચે છે અને કામ કરી શકે તેવા વર્ગમાં આવે છે. ભારતમાં ચોથા ભાગની વસતિ (૨૭.૫ ટકા) ૧૫થી ૨૯ વર્ષની વયજૂથમાં આવે છે. (વસતિગણતરી, ૨૦૧૧). ૨૦૦૧થી ૨૦૧૧ વચ્ચે ભારતમાં એકંદરે વસતિવધારાની (૧.૬ ટકા) સરખામણીમાં યુવા વસતિનું પ્રમાણ વાર્ષિક ધોરણે ઊંચા દરે (૨ ટકા) વધ્યું છે તેથી ભારત દર વર્ષે શ્રમ માર્કેટમાં ૧૦ મિલિયન યુવાન લોકો ઉમેરે છે તેથી ભારતમાં યુવાનોની સંખ્યા ઘણી વધી છે જે ઉત્તર અને પૂર્વભારતના પછાત રાજ્યોમાં વધુ જોવા મળે છે. જોકે, શ્રમમાર્કેટમાં જે રોજગારી પેદા થાય છે, તે આટલા યુવાનોને સમાવવા માટે અપૂરતી છે. આ સમસ્યાના ઉકેલ માટે ભારત સરકારે અનેક રોજગાર પેદા કરવાની યોજનાઓ રજૂ કરી છે, જેમ કે પ્રાઇમ મિનિસ્ટર ઍમ્પ્લોયમેન્ટ જનરેશન પ્રોગ્રામ (PMEGP), સ્વર્ણજયંતી ગ્રામસ્વરોજગાર યોજના (SGSY), સ્વર્ણજયંતી શહેરી રોજગાર યોજના (SJSRY), 'મેક ઇન ઇન્ડિયા' અને 'સ્કિલ ઇન્ડિયા'.આ ટૂંકા અહેવાલમાં દેશમાં યુવાનો માટે રોજગારની પરિસ્થિતિ અને તેની સામેના પડકારો તથા સરકાર દ્વારા લેવામાં આવેલાં પગલાંનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આ અહેવાલમાં રજૂ કરવામાં આવેલો ડેટા ભારત સરકારના લેબરબ્યૂરોના પાંચમા વાર્ષિક રોજગાર સર્વે, ૨૦૧૫-૧૬માંથી લેવામાં આવ્યો છે. સામાન્ય રીતે યુવાવર્ગમાં ૧૫થી ૨૯ વર્ષની વયજૂથના લોકોનો સમાવેશ થાય છે, ત્યારે આ પત્રમાં અમે ૧૮થી ૨૯ વર્ષની વયજૂથના લોકોને ગણતરીમાં લીધા છે. કારણ કે ૧૫થી ૧૭ વર્ષની વયજૂથના બહુ ઓછા લોકો શ્રમમાર્કેટમાં પોતાની નોંધ કરાવતા હોય છે. રોજગારીનો પડકાર મુખ્યત્વે ૧૮થી ૨૯ વર્ષની વયજૂથના લોકો માટે છે.

### કામદારોની હિસ્સેદારીનો દર

કામદારોની હિસ્સેદારીનો દર (ડબલ્યુપીઆર) કુલ વસતિમાં કામે લાગેલા કામદારોનું પ્રમાણ દર્શાવે છે. ૨૦૧૫-૧૬માં યુવાનો માટે WPR ૩૯.૨ હતો, જ્યારે ૩૦ વર્ષ અને તેનાથી વધુ વયના લોકો માટે WPR ૫૭.૩ હતો. (કોષ્ટક-૧). આ અપેક્ષિત જ હતું. કારણ કે ૧૮-૨૯ વર્ષની વયજૂથમાં નોંધપાત્ર પ્રમાણમાં યુવાનો શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા હોય છે. કોષ્ટક ૧ પરથી જોઈ શકાય છે કે ગ્રામીણ વિસ્તારોમાં WPR શહેરી વિસ્તારો કરતાં ઘણો ઊંચો છે. આ ઉપરાંત ૧૮-૨૯ વર્ષના જૂથમાં યુવા મહિલાઓ કરતાં યુવા પુરુષોમાં WPR ૩.૫ ગણો ઊંચો છે.

**કોષ્ટક ૧ વયજૂથ પ્રમાણે કામમાં હિસ્સેદારી (UPS), ૨૦૧૫-૧૬**

| સેક્ટર | 15-17 વર્ષ | | | 18-29 વર્ષ | | | 30+ વર્ષ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | M | F | P | M | F | P | M | F | P |
| ગ્રામીણ | 11.1 | 4.3 | 8.0 | 63.1 | 19.1 | 42.3 | 89.0 | 29.8 | 60.1 |
| શહેરી | 4.0 | 1.4 | 2.8 | 48.6 | 11.8 | 30.7 | 82.6 | 16.7 | 50.4 |
| કુલ | 9.3 | 3.6 | 6.7 | 59.3 | 17.1 | 39.2 | 87.1 | 26.0 | 57.3 |

સ્રોતઃ લેબરબ્યૂરો, યુવા રોજગાર અને બેરોજગારીની સ્થિતિ અંગે અહેવાલ, Vol II, ૨૦૧૫-૧૬, ભારત સરકાર

નોંધઃ UPS – યુઝુઅલ પ્રિન્સિપાલ સ્ટેટસ; M-પુરુષ, F-મહિલા, P-વ્યક્તિઓ.

૧૯-૨૯ વર્ષની વયજૂથમાં લગભગ બે-પંચમાશ કામદારો સ્વરોજગાર ધરાવતા હતા, જ્યારે ૩૦ વર્ષથી વધુ વય ના જૂથમાં આ પ્રમાણ ૫૦ ટકા જેટલું હતું (કોષ્ટક ૨). કોષ્ટક ૨ પરથી જોઈ શકાય કે વધુને વધુ યુવાનો નિયમિત અને કામચલાઉ કામદારો તરીકે શ્રમબજારમાં જોડાઈ રહ્યા હતા. ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં આ ટ્રેન્ડ જોવા મળે છે.

**કોષ્ટક ૨ વિવિધ વયજૂથમાં પ્રવૃત્તિ પ્રમાણે કામદારોનું વિતરણ (UPS),૨૦૧૫-૧૬**

| | 15-17 વર્ષ | | | 18-29 વર્ષ | | | 30 વર્ષ અને વધુ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | R | U | R+U | R | U | R+U | R | U | R+U |
| સ્વરોજગાર | 40.8 | 30.9 | 39.7 | 40.5 | 33.3 | 39.0 | 51.2 | 43.4 | 49.2 |
| વેતન/ પગારદાર | 5.1 | 18.9 | 6.5 | 14.1 | 37.6 | 19.0 | 10.5 | 33.8 | 16.5 |
| કોન્ટ્રાક્ટ કામદાર | 3.6 | 7.7 | 4.0 | 4.6 | 8.4 | 5.4 | 2.4 | 4.9 | 3.0 |
| કામચલાઉ કામદાર | 50.6 | 42.6 | 49.7 | 40.8 | 20.7 | 36.6 | 35.9 | 17.9 | 31.0 |
| કુલ | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 |

સ્રોતઃ લેબર બ્યૂરો, યુવા રોજગાર અને બેરોજગારીની સ્થિતિ અંગે અહેવાલ, Vol II, ૨૦૧૫-૧૬, ભારત સરકાર

**નોંધઃ** R-ગ્રામીણ, U-શહેરી

**ઔદ્યોગિક વિતરણ**

કામદારોનું ઔદ્યોગિક વિતરણ દર્શાવે છે કે ૧૮-૨૯ વર્ષ વચ્ચે મોટાભાગના લોકો (૩૮.૧ ટકા) કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિમાં જોડાયેલા હતા. ત્યાર બાદ ટ્રેડ, હોટેલ અને રેસ્ટોરન્ટ (૧૯.૪ ટકા), બાંધકામ (૧૫.૧ ટકા), ઉત્પાદન (૧૩.૧ ટકા) અને અન્ય સર્વિસમાં જોડાયેલા હતા. ૩૦ વર્ષ અને તેનાથી ઉપરની વયની વયજૂથ સાથે સરખામણી દર્શાવે છે કે યુવા વર્ગ બિન-કૃષિ સૅક્ટર જેમ કે બાંધકામ, ઉત્પાદન અને ટ્રેડ તથા સંલગ્ન પ્રવૃત્તિઓ સાથે મોટી સંખ્યામાં જોડાઈ રહ્યા છે. કૃષિના બદલે બીજા વ્યવસાયો તરફ ઝુકાવ એટલા માટે જોવા મળી રહ્યો છે કારણ કે ખેતીમાં હવે વધુ કામદારો સમાવી શકાય તેમ નથી અને વધુ સારું શિક્ષણ લઈને શ્રમબજારમાં પ્રવેશતાં યુવાનોને ખેતીમાં સારું વળતર મળતું નથી.

**કોષ્ટક ૩ વિવિધ વયજૂથ પ્રમાણે પ્રવૃત્તિ મુજબ કામદારોનું વર્ગીકરણ (UPS), ૨૦૧૫-૧૬**

| ઉદ્યોગ | ૧૫-૧૭ વર્ષ | ૧૮-૨૯ વર્ષ | ૩૦+ વર્ષ |
|---|---|---|---|
| કૃષિ અને સંલગ્ન | ૫૩.૪ | ૩૮.૧ | ૪૭.૨ |
| ખાણ અને ક્વેરી | ૧.૯ | ૦.૯ | ૧.૧ |
| ઉત્પાદન | ૧૪.૫ | ૧૩.૨ | ૯.૬ |
| વીજળી ગેસ અને પાણી પુરવઠો | ૦.૨ | ૦.૬ | ૦.૬ |
| બાંધકામ | ૧૪.૮ | ૧૫.૧ | ૧૦.૦ |
| ટ્રેડ, હોટેલ અને રેસ્ટોરન્ટ | ૧૨.૨ | ૧૯.૪ | ૧૭.૫ |
| પરિવહન, સંગ્રહ અને કોમ્યુનિકેશન | ૧.૧ | ૩.૭ | ૩.૯ |
| નાણાકીય સેવાઓ, રિયલ એસ્ટેટ અને બિઝનેસ સર્વિસ | ૧.૪ | ૮.૩ | ૯.૨ |
| સમુદાય, સામાજિક અને વ્યક્તિગત સેવાઓ | ૦.૬ | ૦.૭ | ૦.૮ |
| કુલ | ૧૦૦.૦ | ૧૦૦.૦ | ૧૦૦.૦ |

**સ્રોતઃ યુવા રોજગાર અને બેરોજગારીની પરિસ્થિતિ અંગે અહેવાલ, Vol II, ૨૦૧૫-૧૬**

**બેરોજગારીનો દર**

કામ કરવા માટે ઉપલબ્ધ હોય, પરંતુ કામ મેળવી ન શકે અને હજુ કામની શોધમાં હોય તેવા લોકોના પ્રમાણને બેરોજગારીનો દર કહે છે. ૨૦૧૫-૧૬ દરમિયાન ૧૮-૨૯ વર્ષની વયજૂથમાં બેરોજગારીનો દર ૧૩.૨ ટકા હતો (કોષ્ટક ૩), જે ૩૦ વર્ષથી વધુ વયના લોકોમાં બેરોજગારીના દર (૧.૬ ટકા) કરતાં ૮ ગણાં કરતાં વધુ હતો. યુવા કૅટેગરીમાં યુવાન મહિલાઓમાં બેરોજગારીનો દર ૨૦.૦ ટકા હતો. જે યુવાન પુરુષોના દર (૧૧.૩ ટકા) કરતાં ઘણો વધારે હતો. શહેરી વિસ્તારો કરતાં ગ્રામ્ય વિસ્તારોમાં બેરોજગારી વધુ છે અને પુરુષો કરતાં મહિલાઓમાં બેરોજગારીનું પ્રમાણ ઊંચું છે. શહેરી વિસ્તારોમાં યુવાન મહિલાઓમાં બેરોજગારીનો દર અત્યંત ઊંચી સપાટી પર ૨૮ ટકાએ છે (યુવાન પુરુષો માટે તે ૧૧.૫ ટકા હતો). અહી એ બાબતની નોંધ કરવી જરૂરી છે કે ૧૫-૧૭ વર્ષની વયજૂથમાં બહુ ઓછા લોકો રોજગારીની શોધમાં છે. છતાં આ વયજૂથમાં બેરોજગારીનું પ્રમાણ ૧૮-૨૯ વર્ષની વયજૂથના લોકો જેટલું જ છે. આ સ્થિતિ ગ્રામીણ અને શહેરી વિસ્તારો તથા પુરુષો અને મહિલાઓમાં એકસરખી છે.

**કોષ્ટક ૪ વયજૂથ પ્રમાણે બેરોજગારીનો દર (UPS), ૨૦૧૫-૧૬**

| સેક્ટર | 15-17 વર્ષ | | | 18-29 વર્ષ | | | 30+ વર્ષ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | M | F | P | M | F | P | M | F | P |
| ગ્રામીણ | 18.4 | 22.8 | 19.5 | 11.2 | 17.9 | 12.7 | 0.9 | 3.7 | 1.6 |
| શહેરી | 22.1 | 21.4 | 22.0 | 11.5 | 27.9 | 15.1 | 0.7 | 5.3 | 1.5 |
| કુલ | 18.8 | 22.7 | 19.8 | 11.3 | 20.0 | 13.2 | 0.9 | 4.0 | 1.6 |

સ્રોતઃ લેબર બ્યૂરો, યુવા રોજગારી અને બેરોજગારીની સ્થિતિ અંગે અહેવાલ, Vol II, ૨૦૧૫-૧૬, ભારત સરકાર

શિક્ષિત યુવાનોમાં બેરોજગારી વધુ ને વધુ ગંભીર બની રહી છે. શિક્ષણના સ્તરમાં વધારો થઈ રહ્યો છે. જ્યારે યુવાનોમાં બેરોજગારી પણ વધી રહી છે (કોષ્ટક ૪). અંડરગ્રેજ્યુએટ સ્તરે સર્ટિફિકેટ કોર્સ કરનારા અથવા ગ્રેજ્યુએટ સ્તરે ડિપ્લોમા ધરાવતા યુવાનોમાં બેરોજગારીનું પ્રમાણ ૨૩ ટકા છે. ગ્રેજ્યુએટ ડિગ્રી પૂર્ણ કરનારા અને તેનાથી વધુ ભણનારામાં બેરોજગારીનું પ્રમાણ વધીને ૩૫ ટકા થાય છે. અહીં એ નોંધવું જરૂરી છે કે શિક્ષિત યુવા મહિલાઓમાં પુરુષોની સરખામણીમાં બેરોજગારીનું પ્રમાણ નોંધપાત્ર પ્રમાણમાં ઊંચું છે.

**કોષ્ટક ૫ શિક્ષણના સ્તર અને વયજૂથ મુજબ બેરોજગારી (UPS), ૨૦૧૫-૧૬**

| શિક્ષણ | 18-29 વર્ષ | | | 30+ વર્ષ | | |
|---|---|---|---|---|---|---|
| | M | F | P | M | F | P |
| શિક્ષિત નથી | 4.0 | 6.2 | 4.9 | 0.6 | 3.0 | 2.2 |
| પ્રાથમિકથી નીચે | 4.8 | 5.8 | 5.1 | 0.6 | 1.9 | 1.6 |
| પ્રાથમિક | 5.5 | 8.0 | 6.2 | 0.6 | 2.3 | 1.0 |
| મધ્ય/સેકન્ડરી/ઉચ્ચ | 9.2 | 17.1 | 10.4 | 0.7 | 4.8 | 1.6 |
| અંડર ગ્રેજ્યુએટ સ્તરે સર્ટિફિકેટ | 21.3 | 31.3 | 23.5 | 0.6 | 11.2 | 2.4 |
| ગ્રેજ્યુએટ સ્તરે ડિપ્લોમા | 20.9 | 33.1 | 23.0 | 1.0 | 7.6 | 1.4 |
| ગ્રેજ્યુએટ અને ઉપર | 29.7 | 47.7 | 34.8 | 2.3 | 13.5 | 6.2 |
| All | 11.3 | 20.0 | 13.2 | 0.9 | 4.0 | 1.6 |

સ્રોતઃ લેબર બ્યૂરો, યુવારોજગારી અને બેરોજગારીની સ્થિતિ અંગે અહેવાલ, Vol II, ૨૦૧૫-૧૬, ભારત સરકાર

૧૮થી ૨૯ વયની વયજૂથમાં એક તૃતીયાંશ કરતાં વધુ મહિલાઓ, જેમણે સર્ટિફિકેટ કોર્સ પૂરો કર્યો હોય અથવા અંડરગ્રેજ્યુએટ સ્તરે ડિપ્લોમા ધરાવતી હોય અને ગ્રેજ્યુએટ સ્તરનો અભ્યાસ કર્યો હોય તેઓ બેરોજગાર છે. ગ્રેજ્યુએટ અને તેનાથી ઉપરના સ્તરે યુવાન મહિલાઓમાં આ પ્રમાણ વધારે ગંભીર છે. આ કેટેગરીમાં બેરોજગારીનો દર લગભગ ૪૮ ટકા છે. એટલે કે ભારતીય શ્રમબજાર માત્ર અપૂરતી સંખ્યામાં જોબનું સર્જન કરે છે એટલું જ નહી, ભરતીમાં અને શ્રમબજારમાં લોકોને નોકરી પર રાખવામાં મહિલાઓ વિરોધી પક્ષપાત પ્રવર્તે છે. તેનું વધારાનું એક કારણ એ હોઈ શકે કે મહિલાઓ માટે યોગ્ય હોય તેવી રોજગારી પેદા થતી નથી અથવા યોગ્ય માળખાકીય સુવિધાઓની અછત છે. જો કે પરિવહન, પ્રદર્શન સુવિધા વગેરે, જે મહિલાઓને નોકરીનું એક્સેસ અપાવવામાં મદદરૂપ બને. ટૂંકમાં કહીએ, તો ભારતે યુવા લોકો માટે પૂરતી રોજગારી પેદા નથી કરી તે સ્પષ્ટ છે. શહેરી યુવા મહિલાઓમાં આ પડકાર ખાસ કરીને વધારે ઊંચો છે.

### તાજેતરમાં સરકારની પહેલ

યુવાનોમાં રોજગારીને પ્રોત્સાહિત કરવા માટે સરકારે અગાઉ કેટલીક સ્વરોજગાર યોજનાઓ શરૂ કરી હતી, પરંતુ તેનાં પરિણામ બહુ સંતોષજનક નથી. તેથી યુવાનોમાં ઉદ્યોગસાહસિકતાને ઉત્તેજન આપવા માટે તાજેતરના સમયમાં કેટલીક નવી યોજનાઓ શરૂ કરાઈ છે. જેમ કે મુદ્રા (માઇક્રો યુનિટ્સ ડેવલપમેન્ટ ઍન્ડ રિફાઈનાન્સ એજન્સી) મારફત સ્ટાર્ટઅપ ઇન્ડિયા, સ્ટૅન્ડઅપ ઇન્ડિયા, પ્રધાનમંત્રી મુદ્રા યોજના, ઇઝ ઑફ ડુઇંગ બિઝનેસ, સ્ટાર્ટઅપ વિલેજ આંત્રપ્રિન્યોરશિપ પ્રોગ્રામ વગેરે. આ યોજનાઓની માહિતી સંક્ષિપ્તમાં અહીં આપેલી છે.

### સ્ટાર્ટઅપ ઇન્ડિયા અને સ્ટૅન્ડઅપ ઇન્ડિયા

સરકારે જાન્યુઆરી, ૨૦૧૬માં ઉદ્યોગસાહસિકતાને ઉત્તેજન આપવા માટે સ્ટાર્ટઅપ ઇન્ડિયા અને સ્ટૅન્ડઅપ ઇન્ડિયા યોજના શરૂ કરી હતી. જેમાં ટૅક્સ લાભો તથા રૂ. ૧૦,૦૦૦ કરોડના મેગા સ્ટાર્ટઅપ ફંડનો સમાવેશ થાય છે. સરકારે બિઝનેસ કરવાનું સરળ બનાવવા માટે કેટલાંક પગલાં લીધાં છે, જેમાં સ્ટાર્ટઅપ માટે અનુકૂળ વાતાવરણ રચવામાં આવ્યું છે. તેમાં રજિસ્ટ્રેશન, કાનૂની વિધિ, નિયમનકારી નિયંત્રણ, ટૅક્સ રાહતો વગેરે

માટે ઉદાર વલણ અપનાવવામાં આવ્યું છે. ભારતમાં ડિસેમ્બર ૨૦૧૬ સુધીમાં લગભગ ૪૭૦૦ સ્ટાર્ટઅપ હતાં. જોકે, આ યોજનાએ અપેક્ષા પ્રમાણે પરિણામ આપ્યું ન હતું. કારણ કે ૨૦૦ કરતાં વધારે સ્ટાર્ટઅપ શરૂ થયાં બાદ એક વર્ષમાં જ બંધ થઈ ગયાં હતાં. જોકે, એવી દલીલ કરવામાં આવે છે કે આ કુદરતી પ્રક્રિયા છે અને અત્યંત સ્પર્ધાત્મક બજારમાં ૨૦ ટકાથી વધારે સ્ટાર્ટઅપ ટકી શકતાં નથી (ઇન્ડિયા સ્ટાર્ટઅપ આઉટલૂક રિપોર્ટ, ૨૦૧૭), પરંતુ સ્વીકૃતિ દર ૫૨ વધારે ધ્યાન આપવાની જરૂર છે. જાન્યુઆરી, ૨૦૧૬માં સ્ટૅન્ડઅપ ઇન્ડિયા યોજના શરૂ કરવામાં આવી હતી, જેનો હેતુ અનુસુચિત જાતિ (એસસી), અનુસૂચિત જનજાતિ (એસટી) અને મહિલાઓમાં ઉદ્યોગસાહસિકતાને ઉત્તેજન આપવાનો હતો. ડિસેમ્બર, ૨૦૧૬ના આંકડા પ્રમાણે સ્ટૅન્ડઅપ ઇન્ડિયા યોજના હેઠળ મંજૂર કરવામાં આવેલી લોનની કુલ સંખ્યા ૧૫,૩૪૧ હતી, જેમાં ૨૦૫૫ મહિલાઓ, ૨૫૬૮ SC, અને ૭૧૮ ST હતા. (નાણા મંત્રાલય, ભારત સરકાર, ૨૦૧૭).

## પ્રધાનમંત્રી મુદ્રા યોજના (PMMY)

લઘુ અને સૂક્ષ્મ બિઝનેસ એકમોને ફાઇનાન્સ કરવા માટે સરકારે એપ્રિલ, ૨૦૧૫માં પ્રધાનમંત્રી મુદ્રા યોજના (PMMY) શરૂ કરી હતી. PMMY હેઠળ ત્રણ પ્રકારની લોન મંજૂર કરી શકાય છે. જે યુનિટના વૃદ્ધિ/વિકાસના તબક્કા અને ફંડની જરૂરિયાતને સંતોષી શકે : શિશુ (Rs ૫૦,૦૦૦), કિશોર (રૂ. ૫૦,૦૦૦ થી રૂ. ૫,૦૦,૦૦૦),અને તરુણ (રૂ. ૫,૦૦,૦૦૦ થી રૂ. ૧૦,૦૦,૦૦૦) સામેલ છે. PMMY કાર્યક્રમ હેઠળ ફાળવવામાં આવેલી લોનની કુલ રકમ માર્ચ ૨૦૧૬ મુજબ રૂ. ૧.૨૫ ટ્રિલિયન (લાખ કરોડ)ને વટાવી ગઈ હતી. ૩૨.૭ મિલિયન ઋણધારકોમાંથી ૩૦.૩ મિલિયન ઋણધારકો શિશુ કૅટેગરીમાં હતા.

## સ્ટાર્ટઅપ વિલેજ આંત્રપ્રિન્યોરશિપ પ્રોગ્રામ (SVEP)

ગ્રામીણ વિસ્તારોમાં ઉદ્યોગસાહસિકતાને ઉત્તેજન આપવા માટે સરકાર ''સ્ટાર્ટઅપ વિલેજ આંત્રપ્રિન્યોરશિપ પ્રોગ્રામ'' (SVEP) લૉન્ચ કરવા આયોજન ધરાવે છે. SVEP નો હેતુ પાયાના સ્તરે એટલે કે ગામડામાં સ્વરોજગારની તકને ઉત્તેજન આપીને આર્થિક વૃદ્ધિને ઉત્તેજન આપવાનો છે. SVEP ૨૦૧૫-૧૯નાં ચાર વર્ષના ગાળામાં ૨૪ શહેરોમાં ૧૨૫ બ્લૉક્સમાં લગભગ ૧.૮૨ લાખ ગ્રામ્ય સાહસોના ગઠન અને મજબૂતીકરણમાં યોગદાન આપે તેવી શક્યતા છે. તેનાથી ૩.૭૮ લાખ વ્યક્તિઓ માટે રોજગારી સર્જાવાની શક્યતા છે. યોગ્ય રીતે લાગુ કરવામાં આવે તો આ કાર્યક્રમ વધતી જતી ગ્રામીણ યુવા વસતિને ઉદ્યોગ સાહસિકતાની વધુ તક આપી શકે છે.

ભારત વસતિ વિષયક પરિવર્તનના ગાળામાંથી પસાર થઈ રહ્યું છે જેથી દેશની કુલ વસતિમાં યુવાનોનું પ્રમાણ વધી રહ્યું છે. વધુ ને વધુ સંખ્યામાં યુવાનોને સારું શિક્ષણ અને સ્થિર દરે યોગ્ય રોજગારીમાં વૃદ્ધિની જરૂર છે. ઉપર મુજબનું વિશ્લેષણ દર્શાવે છે તે રીતે આ પડકાર ખરેખર વિશાળ છે, ખાસ કરીને શિક્ષિત યુવાનો માટે. એ ખરેખર કમનસીબ બાબત છે કે ભારતમાં રોજગારીમાં મહિલાઓની હિસ્સેદારી વિશ્વમાં સૌથી ઓછી છે ત્યારે બીજી તરફ શ્રમબળમાં જોડાઈ રહેલી યુવા મહિલાઓમાં બેરોજગારીનું પ્રમાણ અત્યંત ઊંચું છે. સરકારની પહેલ યોગ્ય દિશામાં છે. જોકે, હજુ ઘણું કરવાનું બાકી છે. રોજગારીનું સર્જન એ મેક્રો અને અન્ય આર્થિક નીતિઓનો હિસ્સો હોવું જોઈએ. ભારતીય અર્થતંત્રે પૂરતા પ્રમાણમાં રોજગારી પેદા નથી કરી અને રોજગારીસર્જનને ઉત્તેજન આપવા માટે વિવિધ મંત્રાલયોએ રોજગારી સર્જનને પોતાના કાર્યક્રમો અને નીતિઓમાં સામેલ કરવું જોઈએ. અહી એ બાબતનો ઉલ્લેખ કરવો જરૂરી છે કે પશ્ચિમ અને દક્ષિણ ભારતમાં જે રીતે વૃદ્ધિ અને રોજગારીનું સર્જન થયું છે, તેટલા પ્રમાણમાં મધ્ય અને પૂર્વ ભારતમાં મોટાભાગના વિસ્તારમાં રોજગારીની તક પેદા થઈ નથી. આ પ્રાદેશિક અસમાનતા દૂર કરવાની જરૂર છે, જેથી યુવાનોને તેમના પ્રદેશમાં જ રોજગારી મળી શકે. આ ઉપરાંત યોગ્ય નીતિઓ અને કાર્યક્રમોની જરૂર છે, જેથી વધુ ને વધુ મહિલાઓને રોજગારી મળે. રાષ્ટ્રે આ દિશામાં ઝડપથી આગળ વધવાની જરૂર છે, જેથી ડેમોગ્રાફિક ફાયદા મળે. જો તેમાં નિષ્ફળતા મળશે, તો ડેમોગ્રાફિક ફાયદો ડેમોગ્રાફિક આફતમાં પલટાઈ જશે.

**પ્રોફેસર અલખ એન શર્મા અત્યારે નવી દિલ્હીમાં ઈન્સ્ટિટ્યૂટ ફોર હ્યુમન ડેવલપમેન્ટમાં પ્રોફેસર અને ડિરેક્ટર છે, જેઓ વિકાસ અને શ્રમ અર્થશાસ્ત્રી તરીકે પ્રસિદ્ધ છે. તેમણે આ ક્ષેત્રોમાં અનેક પુસ્તકો અને પેપર્સનું લેખન અને સંપાદન કર્યું છે. તેઓ ઈન્ડિયન સોસાયટી ઓફ લેબર ઈકોનોમિક્સ નામનાં ત્રિમાસિક જર્નલ ઈન્ડિયન જર્નલ ઓફ લેબર ઈકોનોમિક્સ (આઈજેએલઈ)નાં સંપાદક પણ છે.**

**ઈ-મેલ: alakh.sharma@ihdindia.rog**

**ડો. બલવંત સિંહ મેહતા અત્યારે નવી દિલ્હીમાં ઈન્સ્ટિટ્યૂટ ફોર હ્યુમન ડેવલપમેન્ટમાં 'ફેલો' અને 'પોસ્ટ ડોક્ટરલ ફેલો' (આઈસીએસએસઆર) તરીકે કામ કરે છે. તેઓ વિકાસ માટે રોજગારી, ગરીબી, અસમાનતા, બાળકની સુખાકારી અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી જેવા વિવિધ માનવ વિકાસ સાથે સંબંધિત મુદ્દામાં બહોળી કામગીરીનો અનુભવ ધરાવે છે.**

**ઈ-મેલ: balwant.mehta@ihdindia.rog**

# રોજગારપાત્રતા : સશક્તિકરણનું સાધન

**સુનિતા સાંઘી**




*વસ્તીલક્ષી લાભ લેવા માટે અને યુવાનોને રોજગારપાત્ર બનાવવા માટે નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ મિશન હેઠળ કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા અંગેની નવી નીતિ વર્ષ ૨૦૧૫માં અમલમાં મૂકવામાં આવી છે. આ મિશન હેઠળ કુશળ લોકોની પાઈપલાઈન તૈયાર કરવાની, કૌશલ્યમાં વધારો કરવાની તથા પુનઃકૌશલ્ય માટે ધ્યાન કેન્દ્રિત કરાઈ રહ્યું છે. નેશનલ સ્કિલ ક્વોલિફિકેશન ફ્રેમવર્ક સામાન્ય અને વૈશ્વિક ધોરણો અનુસાર સર્ટિફિકેશન પૂરાં પાડે છે અને માંગ અને પુરવઠા વચ્ચે બંધબેસતી સ્થિતિ ઉભી થાય તેવો પ્રયાસ કરીને ઉદ્યોગસાહસિકતાને ઉદ્દીપન પૂરું પાડે છે. વિવિધ મંત્રાલયો વચ્ચે વૈશ્વિક ભાગીદારીમાં એકરૂપતા પેદા કરવા માટે તથા તેનો વ્યાપ વધારવા તથા પ્રસાર માટે આઈસીટીનો ઉપયોગ, ટ્રેઈનર્સને તાલીમ તથા વંચિત સમુદાયના વિવિધ જૂથો સુધી પહોંચી શકાય તેવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.*

કૌશલ્ય તૈયાર કરવું તે બહેતર ભારતનુ નિર્માણ છે. આપણે જો ભારતના વિકાસ તરફ આગળ ધપવું હોય તો, તો કૌશલ્ય વિકાસ આપણું ધ્યેય હોવું જોઈએ.

**પ્રધાનમંત્રી, તા. ૧૫મી ઓગષ્ટ-૨૦૧૪.**

ભારત વસ્તી વિષયક એવા વળાંક ઉપર એવા સંક્રમણ કાળમાં ઉભું છે કે જ્યાં તેની ૬૫ ટકા વસતિ કામ કરવાની ૧૫ થી ૫૯ વર્ષની વયમાં છે. આ સ્થિતિ ભારતને દુનિયાનું કૌશલ્ય પાટનગર બનવાની અને વિશ્વનાં વૃધ્ધ બનતાં જતાં અર્થતંત્રના વિવિધ દેશોની જરૂરિયાત અનુસાર દુનિયાભરમાં સ્વીકૃત ધોરણોને અનુરૂપ યોગ્ય કૌશલ્ય પૂરી પાડવાની અનોખી તક પૂરી પાડે છે.

નેશનલ યુથ પોલિસી ૨૦૧૪ અનુસાર ૧૫ થી ૫૯ વર્ષની વય ધરાવતી તમામ વ્યક્તિઓનું એવું નોખા પ્રકારનું જૂથ છે કે જે વિવિધ જરૂરિયાતો અને મહત્વાકાંક્ષાઓ ધરાવતું હોય છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી અનુસાર ભારતની ૨૮ ટકા વસ્તી ભારતની એકંદર રાષ્ટ્રીય આવક (GNI)માં ૩૪ ટકાનું પ્રદાન કરે છે. યુવાનોના જીડીપીમાં પ્રદાનનો હિસ્સો શ્રમદળમાં તેમની સામેલગીરી અને ઉત્પાદકતા વધારીને હાંસલ કરી શકાય તેમ છે. વર્તમાન સમયની તાકિદની જરૂર યુવાનો પોતાની ક્ષમતાનો પૂરો ઉપયોગ કરી શકે તે માટે તેમનું સશક્તિકરણ કરવાનો અને ભારતને કુશળ માનવ બળ પૂરું પાડવામાં મોખરાનું સ્થાન અપાવવાનો છે.

ભારત જે વસ્તી વિષયક લાભ ભોગવે છે તે સમગ્ર દેશમાં એક સરખી રીતે વહેંચાયેલો નથી. એક દ્વિપકલ્પ (peninsular) ભારત છે કે જેમાં પશ્ચિમ બંગાળ, કેરાલા, કર્ણાટક, તામિલનાડુ, અને આંધ્ર પ્રદેશનો સમાવેશ થાય છે અને બીજું દરિયાકાંઠાથી દૂરના વિસ્તારોનું ભારત (hinterland) છે કે જેમાં મધ્ય પ્રદેશ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને બિહાર જેવાં રાજયોનો સમાવેશ થાય છે. દ્વિપકલ્પ રાજ્યો ચીન અને કોરીયા જેવી કામ કરવાની વયના સમૂહમાં ઝડપી ઉછાળા કે ઘટાડાની તરાહ દર્શાવે છે, જ્યારે દરિયાકાંઠાથી દૂરના વિસ્તારોમાં આવેલાં રાજ્યોની લાક્ષણિકતા એ છે કે તેમાં થોડો સમય કામ કરવાની વય ધરાવતી વસ્તીમાં (wroking age population) વધારો થતો જોવા મળે છે અને તેમનું વલણ દેશના મધ્યભાગમાં સ્થળાંતર કરીને કામ કરવાનું રહે છે. આથી વસ્તી વિષયક વિચાર કરીએ તો બે ભારત છે કે જે નીતિનો અલગ અલગ પ્રતિભાવ ધરાવે છે, એટલે કે એક ભારત એવું છે કે જે ટૂંક સમયમાં વૃદ્ધ બનશે. અને બીજું ભારત એવું છે કે જ્યાં મોટી ઉંમરના લોકો વધુ છે અને તેમનું વધુ ધ્યાન આપવાની અને ત્યાંના યુવાન ભારતની જરૂર છે (Hinterland India), ત્યાં શિક્ષણ, કૌશલ્ય અને રોજગારીની તકો ઉપર વધુ ધ્યાન આપવાની જરૂર છે.

આમ છતાં, આ રાજ્યોમાં યુવાનોને સ્થળાંતર કરવાની અનિચ્છાને કારણે, તાલીમ માટે ચૂકવણી કરવાની અશક્તિને કારણે, સાક્ષરતાના નીચા દર તથા જાગૃતિના

અભાવને કારણે વ્યવસાયિક શિક્ષણ માટે/ કૌશલ્ય વિકાસ માટે ગતિશીલ બનાવવાનું મુશ્કેલ છે. આ કારણે યુવાનોના સશક્તિકરણની વાત કરીએ ત્યારે શ્રમ દળમાં યુવાનોની સામેલગીરી ઉપર એક નજર નાખવાની જરૂર છે.

**યુવાનો અને શ્રમ બજાર**

શ્રમ બજારના નિર્દેશકો (indicatros) એટલે કે શ્રમ દળમાં સામેલગીરીના દર (નોકરી ધરાવતા અથવા તો નોકરી ઈચ્છતા), કામદારોની વસ્તીનો ગુણોત્તર અને બેરોજગારી નીચેના કોઠા-૧માં દર્શાવાયાં છે,જે ભારતમાં યુવાનો માટેના શ્રમ દળની સ્થિતિ અંગેની મહત્વની સમજ પૂરી પાડે છે.

વિવિધ વય જૂથના યુવાનોનો શ્રમ દળની સામેલગીરીનો દર અને કામદારોની વસ્તીનો ગુણોત્તર

સ્ત્રોત : એનએસએસઓના રોજગારી અને બેકારીના સર્વેક્ષણોના વિવિધ રાઉન્ડ

નોંધ-૧. લેબર ફોર્સ પાર્ટિસિપેશન રેટ (LFPR ની વ્યાખ્યા, વ્યક્તિઓની સંખ્યા / વ્યક્તિઓની શ્રમદળમાં દિવસોની સંખ્યા( જે રોજગારી મેળવનાર અને નહી મેળવનાર બંનેનો સમાવેશ કરવામાં આવ્યો છે.) (૨) કામદારોની વસ્તીનો ગુણોત્તર (WPR)ને દર એક હજાર વ્યક્તિએ નોકરીમાં રખાયેલ (વ્યક્તિ/ વ્યક્તિ-દિવસો (૩) બેરોજગારીનો દર (UR શ્રમ દળમાં દર હજાર વ્યક્તિએ બેરોજગાર વ્યક્તિઓની સંખ્યા / વ્યક્તિ - દિવસોની સંખ્યાને આધારે નક્કી કરવામાં આવેલ છે.

**કોઠોઃ ૧ - ગ્રામ્ય પુરૂષો**

| વય જૂથ | ૧૯૯૯-૨૦૦૦ | | | ૨૦૧૧-૧૨ | | |
|---|---|---|---|---|---|---|
| | LFPR | WPR | UR | LFPR | WPR | UR |
| ૧૫-૧૯ | ૫૩૨ | ૫૦૩ | ૬.૫ | ૩૩૩ | ૩૦૩ | ૧૧.૪ |
| ૨૦-૨૪ | ૮૮૯ | ૮૪૪ | ૬.૨ | ૭૮૮ | ૭૪૨ | ૬.૯ |
| ૨૫-૨૯ | ૯૭૫ | ૯૫૦ | ૩.૨ | ૯૬૩ | ૯૪૨ | ૨.૮ |
| ૧૫-૨૯ | - | ૭૪૧ | ૫.૧ | - | ૬૧૬ | ૬.૧ |
| All | ૫૪૦ | ૫૩૧ | - | ૫૫૩ | ૫૪૩ | - |
| | | | ગ્રામ્ય મહિલાઓ | | | |
| ૧૫-૧૯ | ૩૧૪ | ૩૦૪ | ૩.૧ | ૧૬૪ | ૧૫૬ | ૮.૦ |
| ૨૦-૨૪ | ૪૨૫ | ૪૦૯ | ૪.૯ | ૨૯૭ | ૨૭૮ | ૯.૯ |
| ૨૫-૨૯ | ૪૯૮ | ૪૯૧ | ૨.૪ | ૩૬૯ | ૩૫૭ | ૫.૮ |
| ૧૫-૨૯ | - | ૪૦૦ | ૩.૭ | - | ૨૫૮ | ૭.૮ |
| All | ૩૦૨ | ૨૯૯ | - | ૨૫૩ | ૨૪૮ | - |
| | | | શહેરી પુરૂષો | | | |
| ૧૫-૧૯ | ૩૬૬ | ૩૧૪ | ૧૫.૪ | ૨૫૬ | ૨૨૩ | ૧૪.૪ |
| ૨૦-૨૪ | ૭૫૫ | ૬૫૮ | ૧૩.૯ | ૬૬૪ | ૫૯૪ | ૧૧.૬ |
| ૨૫-૨૯ | ૯૫૧ | ૮૮૩ | ૭.૫ | ૯૫૧ | ૯૦૬ | ૫.૩ |
| ૧૫-૨૯ | - | ૫૯૩ | ૧૧.૫ | - | ૫૫૮ | ૮.૯ |
| All | ૫૪૨ | ૫૧૮ | - | ૫૬૩ | ૫૪૬ | - |
| | | | શહેરી મહિલાઓ | | | |
| ૧૫-૧૯ | ૧૨૧ | ૧૦૫ | ૧૫.૫ | ૮૯ | ૭૮ | ૧૫.૩ |
| ૨૦-૨૪ | ૧૯૧ | ૧૫૫ | ૨૫.૮ | ૧૯૭ | ૧૬૦ | ૨૧.૯ |
| ૨૫-૨૯ | ૨૧૪ | ૧૯૪ | ૧૫.૮ | ૨૫૩ | ૨૩૧ | ૧૦.૮ |
| ૧૫-૨૯ | - | ૧૪૯ | ૧૯.૯ | - | ૧૫૭ | ૧૫.૬ |
| તમામ | ૧૪૭ | ૧૩૯ | - | ૧૫૫ | ૧૪૭ | - |

ઉપર દર્શાવેલા કોઠા પરથી એ બાબત સ્પષ્ટ થાય છે કે જાતિ કે સ્થળના પરિબળોને ધ્યાનમાં ન લઈએ તો પણ શ્રમદળમાં તમામ વય જૂથની સામેલગિરીમાં ઘટાડો થયો છે. આમ છતાં આ ઘટાડો ગ્રામ્ય મહિલાઓની બાબતમાં ઘણો વધારે છે, તેને માટે નોકરીની તકોનો અભાવ અથવા તો સામાજિક/ ધાર્મિક રિવાજોનું કારણ આપી શકાય તેમ છે. શહેરી અને ગ્રામ્ય વિસ્તાર, બંનેમાં પુરૂષોની બાબતમાં જે ઘટાડો જોવા મળ્યો છે તે દર્શાવે છે કે યુવાનો શ્રમ બજારમાં પ્રવેશ કરે તે પહેલાં યુવાનોની શિક્ષણમાં સામેલગિરી વધવી જોઈએ. શ્રમ દળમાં સામેલગિરી અંગે ૧૫ થી ૨૯ વર્ષ વચ્ચેના વિવિધ વય જૂથોમાં પણ સમાન પ્રકારની તરાહ જોવા મળે છે.

બેરોજગારીના દર બાબતે વાત કરીએ તો આ દર, તમામ કેટેગરીના વય જૂથોમાં ૬.૧ ટકાથી ૧૫.૬ ટકા જેટલો જોવા મળે છે. શહેરી મહિલાઓ (૧૫-૨૯ વર્ષ) સૌથી વધુ બેરોજગારીનો અનુભવ કરી રહી છે, જે સંભવતઃ મહિલાઓને પરિવારના સહયોગને કારણે હોઈ શકે છે. યુવાનોના વિવિધ વય જૂથોમાં બેરોજગારીનો દર ઉંચો છે અને નોકરીમાં દાખલ થવાની વય (૧૫-૨૯ વર્ષ) ની તમામ કેટેગરીમાં જેમ ઉંમર વધતી જાય તેમ બેરોજગારીનું પ્રમાણ રાષ્ટ્રીય સરેરાશ કરતાં વધતું જાય છે.

યુવાનોમાં અને ખાસ કરીને શિક્ષિત યુવાનોમાં બેરોજગારીનું પ્રમાણ વધુ જોવા મળે છે. આ કારણે તેમને વસ્તીલક્ષી લાભ હાંસલ થઈ શકતો નથી. ૨૦૧૧-૧૨ના આંકડા દર્શાવે છે કે શિક્ષિત યુવાનોમાં બેરોજગારીનો ઉંચો દર છે જે તેમની નોકરીની અપેક્ષાઓ સાથે ઉપલબ્ધ નોકરી બંધબેસતી નથી તેવું દર્શાવે છે. નીચે દર્શાવેલા કોઠા-નં.૨ માં જણાવ્યા મુજબ ઔપચારિક શિક્ષણ મેળવનારમાં જ બેરોજગારીનો દર વધારે છે તેવું નથી, પરંતુ વ્યવસાયિક યોગ્યતા એટલે કે ડિપ્લોમા અને સર્ટિફિકેટ હોલ્ડરમાં પણ બેરોજગારી જોવા મળે છે.

| કોઠોઃ ૨ વર્ષ ૨૦૧૧-૧૨માં શૈક્ષણિક સ્તર મુજબ બેરોજગારીના દરની સામાન્ય સ્થિતિ | | | | |
|---|---|---|---|---|
| સામાન્ય શિક્ષણનું સ્તર | બેરોજગારીનો દર (૧૫ થી ૧૯ વર્ષ) | | | |
| | ગ્રામ્ય | | શહેરી | |
| | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી |
| અશિક્ષિત | ૨.૩ | ૦.૮ | ૨.૫ | ૧.૬ |
| પ્રાથમિક શિક્ષણ સુધી શિક્ષિત | ૩.૨ | ૦.૬ | ૪.૮ | ૪.૩ |
| મિડલ સ્કૂલ | ૪.૨ | ૪.૬ | ૫.૧ | ૫.૮ |
| માધ્યમિક | ૪.૬ | ૮.૬ | ૫.૫ | ૧૫.૧ |
| ઉચ્ચ માધ્યમિક | ૬.૫ | ૧૩.૮ | ૧૨.૦ | ૧૪.૬ |
| ડિપ્લોમા/ સર્ટિફિકેટ | ૧૫.૯ | ૩૦.૦ | ૧૨.૫ | ૧૭.૩ |
| ગ્રેજ્યુએટ અને વધુ | ૧૯.૧ | ૨૯.૬ | ૧૬.૩ | ૨૩.૪ |
| તમામ | ૫.૦ | ૪.૮ | ૮.૧ | ૧૩.૧ |

વિશ્લેષણમાંથી એવું વિરોધાભાસી તારણ ઉદ્દભવે છે કે એક તરફ યુવાનો નોકરીઓની શોધમાં છે અને ઉદ્યોગ પણ કુશળ માનવબળની શોધમાં છે, પરંતુ યુવાનોને નોકરી મળતી નથી અથવા તો ઉદ્યોગને જરૂરી માનવબળ ઉપલબ્ધ થતું નથી. કૌશલ્ય અંગેની આ અસમતુલાને કારણે યુવાનો બેરોજગાર રહે છે, જે ચોક્કસ પ્રકારના કૌશલ્યની માંગ કરતાં તે માટેનો પુરવઠો વધારે હોય અથવા તો વેતનના દર અને લાયકાતનું સ્તર જરૂરિયાત કરતાં અલગ હોય તેથી પૂરતી નોકરીઓ ભરી શકાતી ન હોય તેવું બની શકે છે. આ ઉપરાંત શૈક્ષણિક લાયકાત અને યોગ્ય નોકરીમાં સમાવેશ વચ્ચે પણ અસમતુલા હોય અથવા તો ટેકનોલોજીકલ સુધારા સાથે ઉપલબ્ધ કૌશલ્ય બંધબેસતું ન હોય એવું પણ બની શકે છે. ભારતમાં બેરોજગાર લોકોમાં યુવાનોનું પ્રમાણ ૪૯ ટકા જેટલું છે, જ્યારે બિનઔપચારિક ક્ષેત્ર દ્વારા ૯૩ ટકા જેટલી નોકરીઓ પૂરી પાડવામાં આવે છે. સુશિક્ષિત હોય તેવા યુવાનોનો નોંધપાત્ર હિસ્સો કાં તો બેરોજગાર છે અથવા તો લાયકાત કરતાં ઓછા સ્તરની નોકરી મળી હોય તેવું બની શકે છે. આ કારણે તે કામની વ્યવસ્થા સાથે ગોઠવાઈ શકતા નથી. ભારતના ૨૦૧૭ના તાજા કૌશલ્ય અહેવાલ મુજબ શિક્ષિત યુવાનોમાંથી ૪૦ ટકા બેરોજગાર છે. કામના સ્થળે અસુરક્ષિતતા, માર્કેટને જરૂરિયાત હોય તેવા કૌશલ્યનો અભાવ તથા પૂરતી માહિતીનો અભાવ પણ એક સમસ્યા છે અને કૌશલ્ય વિકાસ અંગેના દ્રષ્ટિકોણનો અભાવ પણ કારણભૂત જણાય છે. ઉપરના તારણોમાંથી એવુ ફલિત થાય છે કે (૧) કૌશલ્યની વર્તમાન માંગ સાથે પુરવઠો બંધ બેસવો જોઈએ (૨) સંસ્થાઓએ કામદારો પરિવર્તન સાથે એડજેસ્ટ થાય તેવી સ્થિતિ ઉભી કરવી જોઈએ અને (૩) ભવિષ્યના બજારની જરૂરિયાત અનુસાર કૌશલ્યનું નિર્માણ થવું જોઈએ. સવાલ એ છે કે રોજગારપાત્રતામાં સુધારા માટે કેવી વ્યૂહરચના અપનાવવી જોઈએ?

**રોજગારપાત્રતા માટેના પ્રયાસો**

વસ્તીલક્ષી લાભ લેવા માટે અને યુવાનોને રોજગારપાત્ર બનાવવા માટે નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ મિશન હેઠળ કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા અંગેની નવી નીતિ વર્ષ ૨૦૧૫મા અમલમાં મૂકવામાં આવી છે. આ મિશન હેઠળ કુશળ લોકોની પાઈપલાઈન તૈયાર કરવાની, કૌશલ્યમાં વધારો કરવાની તથા પુનઃકૌશલ્ય માટે ધ્યાન કેન્દ્રિત કરાઈ રહ્યું છે. નેશનલ સ્કિલ ક્વોલિફિકેશન ફ્રેમવર્ક સામાન્ય અને વૈશ્વિક ધોરણો અનુસાર સર્ટિફિકેશન પૂરાં પાડે છે અને માંગ અને પુરવઠા વચ્ચે બંધબેસતી સ્થિતિ ઉભી થાય તેવો પ્રયાસ કરીને ઉદ્યોગસાહસિકતાને ઉદ્દીપન પૂરું પાડે છે. વિવિધ મંત્રાલયો વચ્ચે વૈશ્વિક ભાગીદારીમાં એકરૂપતા પેદા કરવા માટે તથા તેનો વ્યાપ વધારવા તથા પ્રસાર માટે આઈસીટીનો ઉપયોગ, ટ્રેઈનર્સને તાલીમ તથા વંચિત સમુદાયના વિવિધ જૂથો સુધી પહોંચી શકાય તેવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

ધોરણ- ૯ પછી વ્યવસાયિક શિક્ષણ આપીને ક્ષમતા નિર્માણ તથા ગુણવત્તા સુધારવાના પ્રયાસો શાળાકીય શિક્ષણના સ્તરે હાથ ધરાય તથા અભ્યાસક્રમ તૈયાર કરવામાં, પ્રેક્ટિકલ તાલીમમાં, શિક્ષકોને તાલીમ આપવામાં તથા ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં સુધારા તથા તેના નવસંસ્કરણ માટે ઉદ્યોગોની જરૂરિયાત અનુસાર સુસંગત અભ્યાસક્રમ ઉપલબ્ધ કરી, ઔદ્યોગિક સહયોગીઓ સાથે સમજૂતિના કરારો કરીને ટેકનોલોજીના બહેતર ઉપયોગ દ્વારા જે તે ક્ષેત્રમાં કૌશલ્યની કાઉન્સિલ રચીને જોડાણ કરી શકાય. એપ્રેન્ટીસને તાલીમ આપવામાં ધ્યાન કેન્દ્રિત કરવા માટે એક સમર્પિત પોર્ટલ તથા એપ્રેન્ટીસને સુગમતા પ્રાપ્ત થાય તેવું વાતાવરણ, પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપની પધ્ધતિએ મલ્ટી-સ્કિલીગ ઇન્સ્ટિટ્યૂટ તૈયાર કરી શકાય તો ઉદ્યોગો સાથે બહેતર રીતે જોડી શકાય અને કામકાજની બદલાઈ રહેલી દુનિયા

અનુસાર કૌશલ્યની જરૂરિયાત પૂરી પાડી શકાય. સ્કિલ યુનિવર્સિટી સ્થાપવા અંગે પણ વાત કરવામાં આવે છે કે જેથી ક્વોલિફાઈડ ઈન્સ્ટ્રક્ટરનો સમુદાય ઉભો કરી શકાય, અભ્યાસક્રમો અંગે સંશોધન હાથ ધરી શકાય તથા વ્યાવસાયિક શિક્ષણ અંગેની અભ્યાસ વ્યવસ્થા ગોઠવી શકાય, જે કૌશલ્યની તાલીમ આપતી સંસ્થાઓનું ધ્યાન રાખી શકે.

કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલય સહિત ૨૦ જેટલા કેન્દ્ર સરકારના મંત્રાલયોને એક જનરલ કાર્યક્રમ હેઠળ આવરી લઈ શકાય અને ચોક્કસ વિસ્તાર મુજબ અને ચોક્કસ સેક્ટરની જરૂરિયાત અનુસાર યુવાનોમાં રોજગારપાત્રતા વધારવા બાબતે ધ્યાન આપી શકાય. વિવિધ પ્રકારના કૌશલ્યોની જરૂરિયાતો પૂરી કરવા માટે ૧૩,૦૦૦ થી વધુ ઈન્સ્ટિટ્યૂટ, ૪,૦૦૦ થી વધુ પોલિટેકનિક્સ અને ૨૦,૦૦૦ થી વધુ વ્યાવસાયિક તાલીમ કેન્દ્રો વિવિધ કૌશલ્યની જરૂરિયાતો પૂરી પાડવા પ્રયાસ કરે છે. આ સંસ્થાઓ વ્યક્તિઓને પોતાની પૂર્ણ ક્ષમતા હાંસલ કરીને જીવનભર કામ આવે તેવું શિક્ષણ આપવા પ્રયાસ કરે છે. આ ઉપરાંત ભરોંસાપાત્ર પ્રમાણપત્રો, કૌશલ્યના સંચય તથા તેની તબદિલી અંગે પ્રયાસ થઈ શકે. અનૌપચારિક ક્ષેત્રમાં મોટા પ્રમાણમાં શ્રમદળ બેરોજગાર છે તથા તેમની પાસે મર્યાદિત કૌશલ્યની સ્થિતિ છે તે બાબતને ધ્યાનમાં લઈને પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના હેઠળ તેમના કૌશલ્યનું આકલન કરીને કૌશલ્યમાં સુધારો કરી શકાય અને શાળા છોડી ગયેલા વિદ્યાર્થીઓને રોજગારપાત્ર કૌશલ્ય પૂરું પાડીને શ્રમ બજારમાં દાખલ કરી શકાય. આમ છતાં આવું કરવા માટે શ્રમ બજારમાં પણ સમૂળગો ફેરફાર કરવો જરૂરી બને છે.આવા ફેરફાર દ્વારા કૌશલ્યની તાલીમ મેળવવાની અપેક્ષા ધરાવતા લોકોને લાભ આપી શકાય.

નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ એજન્સી દ્વારા જે પધ્ધતિસરની દરમ્યાનગિરીઓ હાથ ધરાઈ છે તેમાં નેશનલ સ્કિલ ક્વોલિફિકેશન ફ્રેમવર્કનો સમાવેશ થાય છે, જે હોરિઝોન્ટલ અને વર્ટિકલ મોબિલીટી પૂરી પાડીને કૌશલ્ય મેળવવાની અપેક્ષા ધરાવતા લોકોને કેટલાંક સામાન્ય ધોરણોથી આવરી લઈને કેન્દ્ર સરકાર દ્વારા ચલાવાતા કાર્યક્રમોમાં ખર્ચની સમાનતા, અભ્યાસનો ગાળો અને અભ્યાસક્રમ તેમજ લેબર માર્કેટ ઈન્ફોર્મેશન સિસ્ટમ દ્વારા વિવિધ લાભાર્થીઓએ કેટલી પ્રગતિ સાધી તેનું મોનિટરીંગ કરીને દેશમાં કૌશલ્ય વિકાસ ક્ષેત્રે પ્રગતિ સાધી શકાય. નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશન ખાનગી ક્ષેત્રના પ્રયાસોને સહાયરૂપ બનીને માળખાગત સુવિધાઓ વિસ્તારી રહ્યું છે અને ૨૦૧૫ની નીતિમાં લક્ષ્યાંક મૂકાયો છે તે રીતે તાલીમ વ્યવસ્થા ગોઠવવા પ્રયાસ કરે છે. જે તે સેક્ટરની સ્કિલ કાઉન્સિલ્સ ઉદ્યોગની આગેવાની હેઠળની સંસ્થાઓ, માંગ મુજબ તાલીમ મળે તેવી વ્યવસ્થા ગોઠવીને અભ્યાસક્રમ તૈયાર કરી સર્ટિફિકેશન ઉપલબ્ધ થાય તેવા પ્રયાસો હાથ ધરે છે. સરકાર દ્વારા સ્કિલ લોનના પ્રયાસ દ્વારા ગરીબ વિદ્યાર્થીઓને કૌશલ્ય વિકાસના કાર્યક્રમોમાં હાજરી આપી શકે તે માટે હાથ ધરી રહી છે.

આ ઉપરાંત નીતિ વિષયક અને કાર્યક્રમલક્ષી દરમ્યાનગિરીઓ પણ હાથ ધરવામાં આવી રહી છે, પરંતુ આર્થિક વિકાસ માટે યુવાનોને યોગ્ય તાલીમ આપવાની તાતી જરૂરિયાત છે. આવું થઈ શકે તો જ યુવા શક્તિને લાભ આપવાની મહત્વની કામગીરી થઈ શકે.

યુવા શક્તિ સાથે કામ પાર પાડવુઃ વધુ શું થઈ શકે?

**૧. યુવાનોની અપેક્ષાઓનો તાગ મેળવવોઃ**

યુવાનોને નોકરીઓની સારી તકો મળે તે માટે યુવાનોની અપેક્ષાઓનો તાગ મેળવીને કૌશલ્ય વિકાસના સાતત્યની સુવિધા પૂરી પાડવી મહત્વની બની રહે છે. તાલીમ અંગેના ઉપલબ્ધ આંકડાઓ (૨૦૧૧-૧૨)નું વિશ્લેષણ દર્શાવે છે કે ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં કેટલાંક ટ્રેડને અગ્રતા અપાઈ રહી છે, જેમ કે પુરૂષોએ જે ઔપચારિક વ્યાવસાયિક તાલીમ મેળવી છે તેમાં ૨૨.૩ ટકા પુરૂષોએ ડ્રાઈવીગ અને મોટર મિકેનિક વર્કની તાલીમ મેળવી છે, જ્યારે શહેરી પુરૂષોમાંથી ૨૬.૩ ટકાએ કોમ્પ્યુટર ટ્રેડમાં તાલીમ મેળવી છે. સમાન પ્રકારે ગ્રામ્ય વિસ્તારની મહિલાઓમાંથી ૩૨.૨ ટકાએ કાપડ ઉદ્યોગ અંગેની તાલીમ મેળવી છે, જ્યારે શહેરી મહિલાઓમાં કોમ્પ્યુટર ટ્રેડ અંગેની તાલીમ ૩૦.૪ ટકા મહિલાઓને જરૂરી જણાઈ છે. આ આંકડાઓને નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશનને દેશમાં કૌશલ્યની જે ઊણપ જણાય છે તેની સાથે બંધ બેસે તે રીતે ગોઠવવા પ્રયાસ કરીએ તો જરૂરિયાત તેમજ જે તાલીમ ઉપલબ્ધ છે તેની વચ્ચે ઘણો ગાળો પડે છે. નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટરના અહેવાલો મુજબ જે ક્ષેત્રોમાં ઉંચા દરે રોજગાર નિર્માણ થાય છે તેમને કૌશલ્ય ધરાવતું માનવબળ મેળવવામાં તકલીફ પડે છે. એનએસડીસી દ્વારા કૌશલ્યની ઊણપ અંગે જે અહેવાલ બહાર પાડવામાં આવ્યો છે તે પરિશિષ્ટ-૧ માં દર્શાવ્યો છે. તેમાં જણાવાયું છે કે માંગ અને પુરવઠો એકબીજા સાથે સારી રીતે બંધ બેસે તે માટે યુવાનોની અપેક્ષાઓનો તાગ મેળવવો જરૂરી છે. અપેક્ષા અંગેની વિગતો દર્શાવે છે કે મોટાભાગના રાજ્યોમાં બાંધકામ, પરિવહન અને લોજીસ્ટીક્સ, ખેતી અને ફૂડ પ્રોસેસિંગ સાથે સંકળાયેલા સંલગ્ન ક્ષેત્રોમાં કુશળ માનવબળની માંગ છે, પરંતુ મોટાભાગના રાજ્યોમાં આવી નોકરીઓ માટેની માંગ ઓછી જોવા મળે છે.

આ કારણે માંગ અને પુરવઠો બંધ બેસે તે માટે યુવાનોની અપેક્ષાઓનો તાગ મેળવીને અર્થતંત્રની જરૂરિયાતો પૂરી કરવી જોઈએ. એવું જણાય છે કે શ્રેષ્ઠ કૌશલ્ય પ્રાપ્ત કરનારને બહુમાન મળે તે માટે યુવાનોને કૌશલ્યની તાલીમ મેળવવા માટે પ્રેરણા આપવી જોઈએ. યુવાન વયથી જ શ્રમનું ગૌરવ ઉભું થશે તો બ્લુ કોલર જોબ અંગેનો દ્રષ્ટિકોણ બદલાઈ જશે અને તેને માટે સન્માનની સ્થિતિ ઉભી થશે. કૌશલ્ય કાર્યક્રમોને લોકપ્રિય બનાવવા માટે તથા મહેચ્છાઓ પેદા કરવા માટે વિવિધ કાર્યક્રમો હાથ ધરી શકાય. આવી સ્થિતિ ઉભી

થાય તો યુવાનોને કૌશલ્ય મેળવવા માટે સક્રિય કરી શકાય.

### ૨. વ્યાપ વિસ્તારવામાં ગતિશીલતા

નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ અને ઉદ્યોગસાહસિકતા નીતિ-૨૦૧૫ મુજબ ૨૦૨૨ સુધીમાં ભારતમાં ૧૧ કરોડ લોકોને કૌશલ્યની તાલીમ આપવાની તથા ૨૯ કરોડ લોકોને પુનઃકૌશલ્ય અથવા તો કૌશલ્ય અપગ્રેડ કરવાની જરૂર છે. આવી જંગી કામગીરી માટે વિવિધ પ્રદેશોના યુવા વિદ્યાર્થીઓને કૌશલ્ય મેળવવા માટે સક્રિય બનાવવા (mobilize) જરૂરી છે. કૌશલ્ય તાલીમની સફળતાનો આધાર આપણે આ સક્રિયતા કઈ રીતે પેદા કરી શકીએ તેની પર અવલંબે છે. વર્તમાન પરિસ્થિતિમાં યુવાનોને સક્રિય બનાવવાની કામગીરી તાલીમ આપનાર પર છોડી દેવામાં આવી છે. સક્રિયતાની નબળી સ્થિતિ માટે વ્યાવસાયિક અભ્યાસક્રમો અંગે તથા શ્રમ બજારમાં પ્રાપ્ત થતા પરિણામો અંગે જાણકારીનો અભાવ, એ ઉપરાંત વ્યવસાયલક્ષી અભ્યાસક્રમ પોસાય તેવો હોવા અંગેની જાણકારી, નોકરી માટે સ્થળાંતર કરવાની અનિચ્છા તથા જૂના-પૂરાણા અભ્યાસક્રમોને જવાબદાર ઠેરવવામાં આવે છે. ભવિષ્યમાં તાલીમ લેનાર વર્ગને આકર્ષવા માટે ચોક્કસ વ્યૂહરચના અપનાવાય તે જરૂરી છે. મહારાષ્ટ્ર સરકારના સ્કિલ સખી મોડલમાં ચોક્કસ સમુદાયની યુવાન મહિલાઓને જે તે કૌશલ્ય પ્રાપ્ત કરવા માટે સમજાવી કૌશલ્ય વિકાસનો એજન્ડા આગળ ધપાવવામાં આવ્યો છે. સ્થાનિક સંસ્થાઓના હોદ્દેદારો પણ પરિવર્તન લાવવામાં ભાગ ભજવીને જે યુવકોને સહયોગ આપવાનો છે તેમનો ડેટા તૈયાર કરી રોજી / સ્વરોજગાર માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવાય તે માટે ઝૂંબેશ ચલાવવી જોઈએ. આ ડેટાને SSDM ઉપર અપલોડ કરીને આધાર કાર્ડ, મતદાર માટેનું ઓળખ-પત્ર તથા બેંકના ખાતા સાથે જોડી શકાય. આ હોદ્દેદારોને ઘેર ઘેર ફરીને ઝૂંબેશ ચલાવવાની કામગીરી સોંપી શકાય. માતા-પિતાઓનું કાઉન્સેલીંગ કરીને તથા કૌશલ્ય આપી શકાય તેવા બેરોજગાર યુવાનોની યાદી તૈયાર કરીને તેમને કામે લગાડી શકાય.

શાળાઓ, કોલેજો તથા અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં રાષ્ટ્રીય જાગૃતિ ઝૂંબેશ યોજીને શ્રમ બજારમાં ઉપલબ્ધ તકો જણાવી તાલીમાર્થીઓને જે તે ક્ષેત્રમાં મોટી સંખ્યામાં આકર્ષી શકાય.

### ૩. વૈવિધ્યનો ઉકેલ

ભારતના શ્રમ બજારમાં વર્ગ, જાતિ અને તકોની દ્રષ્ટિએ વૈવિધ્ય જોવા મળે છે. બિનઔપચારિક નોકરીઓનું પ્રભુત્વ (૯૩ ટકા) વર્તાય છે. માત્ર ૮ ટકા લોકો જ ઔપચારિક ક્ષેત્રમાં કામ મેળવી શકે છે. બંને ક્ષેત્રોની તાલીમની જરૂરિયાતો અલગ અલગ છે. ઔપચારિક ક્ષેત્રમાં કુશળતા પ્રમાણે કામ વહેંચવા (division of labour) ની નબળી સ્થિતિને કારણે કૌશલ્યમાં સ્પેશ્યાલાઈઝેશનનો અભાવ વર્તાય છે તથા નોકરીના સ્થળે જ તાલીમને કારણે ઉત્પાદકતાને પણ અસર થાય છે. આ ક્ષેત્રમાં કામદારોનું કૌશલ્યનું સ્તર ઓછા શિક્ષણને કારણે નબળું છે (ઈન્ડિયન જર્નલ ઓફ ઈન્ડસ્ટ્રીયલ રિલેશન્સના વોલ્યુમ-૪૯માં ૩ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ સાહાના રાય ચૌધરીએ ભારતના શ્રમ બજારમાં કૌશલ્યની અસમતુલા (mismatch) અંગે ઉલ્લેખ કર્યો છે.) નેશનલ એપ્રેન્ટીસશીપ પ્રોગ્રામનો ઉપયોગ કૌશલ્ય ધરાવતા બહેતર માનવબળના નિર્માણ માટે કરવો જોઈએ.

કુલ વસતિમાં મહિલાઓનો હિસ્સો ૪૮ ટકા છે, પણ શ્રમદળમાં તેમનો હિસ્સો માત્ર ૨૨ ટકા છે. ભારતના પ્રધાનમંત્રીશ્રીના જણાવ્યા મુજબ જો મહિલાઓનું ક્ષમતા નિર્માણ કરવામાં આવે અને તેમને વિકાસની પ્રક્રિયા સાથે જોડવામાં આવે તો કોઈપણ દેશના વિકાસને ભારે ગતિ પ્રાપ્ત થાય છે. તાકીદની જરૂરિયાત મહિલાઓના કૌશલ્ય / પુનઃકૌશલ્ય ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાની છે કે જેથી તેમને શ્રમ બજારમાં જોડાવા માટે સજ્જ કરી શકાય. મહિલાઓની સહભાગીતા વધારવા માટે જે નીતિ વિષયક દરમ્યાનગિરીની જરૂર છે તેમને પૂરતો લોજીસ્ટીક્સ સપોર્ટ, કૌશલ્ય વિકાસ/ પુનઃકૌશલ્ય તથા માલિકો દ્વારા તેમને નોકરીમાં રાખવાની તૈયારી તથા કામ કરતાં લોકોની જરૂરિયાતો મુજબ તેમને પાછા લાવવાની વ્યવસ્થા ઉપર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે. મહિલાઓએ અમુક જ કામ કરવા જોઈએ તેવી બીબાઢાળ માન્યતા તોડીને મહિલાઓને રૂટિન કરતાં અલગ પ્રકારના કૌશલ્યમાં સામેલ થવાની તક પૂરી પાડવી જોઈએ. આ દિશામાં હરિયાણા સરકારે મહિલાઓના ક્ષમતા નિર્માણ માટે હાથ ધરેલો પ્રયાસ નોંધપાત્ર છે. હરિયાણા સરકારે જીંદાલ સ્ટીલની સહાયથી મહિલાઓનું સ્ટીલ સેક્ટરમાં સમાવેશ કર્યો તે ઉદાહરણ અનુસરવા જેવું છે.

ચોક્કસ વર્ગ અને જાતિને કારણે જે તફાવતો જોવા મળે છે તે ઉપરાંત ઉત્તર અને ઉત્તર-પૂર્વ વિસ્તારની તુલનામાં દક્ષિણ અને પશ્ચિમ વિસ્તારમાં માળખાગત સુવિધાઓની ઊણપ અંગે પણ ઘણો તફાવત છે. દક્ષિણ અને પશ્ચિમ વિસ્તારમાં ૬૭ ટકા જેટલી ખાનગી અને સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ૬૧ ટકા બેઠક ક્ષમતા સાથે ૫૧ ટકા વસતિને આવરી લે છે, જ્યારે ઉત્તર- પૂર્વ ઝોનમાં માત્ર ૩૩ ટકા ઓદ્યોગિક તાલીમ સંસ્થાઓ, ૪૦ ટકા જેટલી બેઠક ક્ષમતા દ્વારા ૪૯ ટકા વસતિને આવરી લે છે (૧૨મી પંચવર્ષિય યોજના ૨૦૧૨-૨૦૧૭ના આંકડા મુજબ). આવી સ્થિતિ ઉપરાંત દરેક ઝોનમાં રાજ્યવાર પરિસ્થિતિ અલગ અલગ છે. આ વિસ્તારોમાં માળખાગત સુવિધાઓ ઉભી કરવાની અને આ વિસ્તારોમાંથી પશ્ચિમ અને દક્ષિણ વિસ્તારોમાં જ્યાં નોકરીઓ ઉપલબ્ધ છે ત્યાં સ્થળાંતર કરી જતાં લોકો માટે પુનઃકૌશલ્ય તથા કૌશલ્ય અપગ્રેડ કરવાની પણ વ્યવસ્થા કરવી જોઈએ. આ માટે મૂળ રાજ્ય અને કામદારો જ્યાં જાય છે તે રાજ્યોમાં માઈગ્રેશન સપોર્ટ સેન્ટર્સ હોવા જોઈએ. ખાનગી ક્ષેત્રની કાર્યક્ષમતાનો લાભ કોર્પોરેટ સામાજિક જવાબદારી (CSR) દ્વારા અથવા તો માળખાગત સુવિધાઓના વિકાસ માટે સીધા સહયોગ દ્વારા લઈ શકાય. ઓન ધ જોબ ટ્રેનિંગ, એપ્રેન્ટીસશીપ ટ્રેનિંગ, ટ્રેનર્સ માટેની તાલીમ, અભ્યાસક્રમોનું રિવીઝન વગેરે દ્વારા કામદારોને ભવિષ્યની નોકરીઓ માટે સજ્જ શ્રમદળ તરીકે તૈયાર કરી શકાય.

**૪. બીજો તબક્કોઃ પુનઃ કૌશલ્ય/ કૌશલ્યના અપગ્રેડેશન તથા પૂર્વ અભ્યાસને માન્યતા ઉપર ધ્યાન આપવું.**

માધ્યમિક શિક્ષણ પૂરું થાય તે પહેલાં વિદ્યાર્થીઓનો મોટો સમુદાય અભ્યાસ છોડી દે છે. ૧૨મી પંચવર્ષિય યોજના એટલે કે ૨૦૧૨-૧૭ના આંકડા મુજબ ૪૭ ટકા વિદ્યાર્થીઓ માધ્યમિક શિક્ષણ પૂરું કરે તે પહેલાં જ શાળા છોડી દે છે. આના પરિણામે તે જ્યારે શ્રમ બજારમાં પ્રવેશે ત્યારે તેમનામાં કૌશલ્યનું સ્તર ઘણું નીચું હોય છે અને તે ઓછા વેતનોથી કામ કરે છે. તેમને પુનઃકૌશલ્ય/ કૌશલ્યના અપગ્રેડેશન દ્વારા કૌશલ્ય સુધારવાની તક મળવી જોઈએ. કેન્દ્ર અને રાજય સરકારના સ્તરે રોજગારપાત્રતા વધારવા માટેના કાર્યક્રમો મોટી સંખ્યામાં ચલાવવામાં આવે છે. આમ છતાં, કૌશલ્ય વિકાસ, પુનઃકૌશલ્ય અને કૌશલ્ય અપગ્રેડેશન હાંસલ કરવાના નેશનલ પોલિસીમાં દર્શાવેલા ઈચ્છીત લક્ષ્યાંકો હાંસલ કરવા જોઈએ. પડકાર આવા કામદારોને ઓળખવાનો છે. સ્કિલ ગેપનું વિશ્લેષણ કરવાની અને કૌશલ્ય વિકાસ માટેની સામગ્રી તૈયાર કરવાની જરૂર છે એ દ્વારા કૌશલ્ય વિકાસ અને વાસ્તવિક અને વ્યવહારિક જ્ઞાન અંગેની તાલીમ આપવાની જરૂરિયાત છે. કૌશલ્યની તાલીમ અંગે સંપૂર્ણ સમજ પેદા થાય તે માટે આકરૂં મૂલ્યાંકન કરવાની જરૂર છે. એવું થઈ શકે તો ઉપલબ્ધ ભંડોળનો ઉપયોગ નોકરીઓ, વેતનો, ગુણવત્તાયુક્ત જીવનમાં સુધારો અને ઉત્પાદકતા માટે કરીને સારાં પરિણામો મેળવી શકાય.

જે લોકો શ્રમ બજારમાં વહેલા જોડાયા હોય અને અનુભવ ધરાવતા હોય, પણ કોઈ પ્રમાણપત્ર ન હોય અને પરંપરાગત રીતે પેઢી દર પેઢીથી ચાલ્યા આવતા કસબ અને હસ્તકલાના કારીગરો હોય તેમને ઓળખવાની જરૂર છે. RPL (Recognition of priro learning) રોજગારપાત્રતા, સ્થળાંતર ક્ષમતા, જીવનભર શિક્ષણ, સામાજિક સમાવેશિતા અને આત્મ-ગૌરવ વગેરેને આધારે રોજગાર પાત્રતા વધારવાનું કામ કરી શકાય તેમ છે. આવા RPL માં રોજગારપાત્રતા વધારવાની ક્ષમતા હોય છે. ભારતમાં ૨૯૮.૫૦ મિલિયન કામદારોને પુનઃ કૌશલ્ય કે કૌશલ્યનું અપગ્રેડેશન કરવાની જરૂર છે તેથી આ કામગીરીને ગતિશીલ બનાવવાની જરૂર છે. કૌશલ્ય વિકાસ મંત્રાલયની રાષ્ટ્રીય નીતિ આ બાબતે ધ્યાન આપી રહી છે અને પડકારો હલ કરવા માટેનો વ્યાપ વધારવાના પ્રયાસો થઈ રહ્યા છે તથા તે માટે RPL ની ઓળખ થઈ રહી છે. તમામ શૈક્ષણિક યોગ્યતાઓ અને તમામ સ્થિતિઓમાં અને ખાસ કરીને વિવિધ સેક્ટરમાં કામ આવે તેવું RPLનું મોડલ અપનાવવાથી વિવિધ મોડલ્સને વેગ મળશે. RPL સ્થાનિક સ્તરે અસરકારક બની શકે તે માટે પોલિસીના અભ્યાસની જરૂર છે, નહી કે પોલિસી ઉછીની લેવાની. અન્ય બાબતોની જેમ RPLની સફળતા જાગૃતિ, RPL માટે અસરકારક વ્યવસાયિક માર્ગદર્શન, વ્યવસાયના ધોરણો અને યોગ્યતાના ધોરણો એકબીજા સાથે બંધ બેસે (જો સંપૂર્ણ શૈક્ષણિક લાયકાત, અસરકારક અને કાર્યક્ષમ એસેસમેન્ટ ટુલ્સ અને લક્ષિત ગ્રુપના સંદર્ભમાં યોગ્ય પધ્ધતિ, ખર્ચ ઘટાડા તથા RPL માટે સમાનતાના ધોરણે ભંડોળ ઉભું કરવાની તંત્ર વ્યવસ્થા ઉભી કરાય તો RPL ઉમેદવારોનું કૌશલ્ય અપગ્રેડ કરવાની તકો પૂરી પાડવાનું આસાન બનશે).

**૫. સ્કૂલથી કામ સુધી સંક્રમણની સ્થિતિ (SWTS)**

યુવાનો (૧૫ થી ૧૯ વર્ષ) માટે શ્રમ બજાર અંગેની માહિતી ગુણવત્તા અને જથ્થામાં ઉપલબ્ધ થાય તે આવશ્યક છે. શ્રમદળ અંગેના સર્વેક્ષણો દ્વારા રોજગારી, બેરોજગારી અને શ્રમ દળની બહાર રહી ગયેલો લોકો અંગે માહિતી પૂરી પાડીને બેરોજગારીના ગાળાની લંબાઈ, રોજગારીની સ્થિતિ, લંબાઈ,ચોકકસ ક્ષેત્ર દ્વારા રોજગારી વગેરે નિર્દેશકો જણાવી શકે, આમ છતાં આવા આંકડા નોંકરીમાં સંતોષ ( job satisfaction), શાળાથી નોકરી સુધીના સંક્રમણ કાળમાં આસાની કે તકલીફો અંગે વિગતો આપી શકે નહી. SWTS રાષ્ટ્રીય રોજગાર કાર્યક્રમ અંગે વ્યુહરચના તૈયાર કરવા માટે સમયસર અને સુસંગત માહિતી પૂરી પાડી શકે. તેમાં યુવાન મહિલાઓ અને પુરૂષો માટે રોજગારી અંગેના વિશિષ્ઠ પડકારો અંગેની માહિતી આવરી લઈ શકાય. આવી માહિતી અશક્ત જૂથોને ઓળખવામાં સહાયક બની શકે, જેથી નીતિ ઘડનાર વર્ગ જેમાં યોગ્ય લોકોને ધ્યાનમાં રાખીને માહિતી આધારિત નિર્ણયો લઈ શકે. આવાં સર્વેક્ષણો નેશનલ કેરિયર સર્વિસ માટે સુગમતા ઉભી કરીને વધુ સંતોષકારક અને વધુ સલામત રોજગારી મેળવવામાં સહાય કરી શકે. તેમાં રોજગાર બજારની વિવિધ પ્રકારની વિપરિત પરિસ્થિતિઓનો નિવારણ માટેના ઉપાય પણ દર્શાવી શકે અને સરકાર પણ સામાન્ય રીતે તાલીમ મેળવી શકે તેમ હોય તેવા કર્મચારીઓને તાલીમ માટે પ્રોત્સાહનો આપી શકે. આવાં પગલાં ઔદ્યોગિક ક્રાંતિને કારણે ભવિષ્યમાં ઉભા થનારા પડકારોને હલ કરી શકે.

અંતમાં કહી શકાય કે ઝડપી આર્થિક પરિવર્તનો અને ભવિષ્યમાં નોકરીઓ અંગેની સ્થિતિ યુવાનોને બહેતર જીવન માટે તેમની રોજગારપાત્રતા વધારવા માટે તક અને પડકાર બંનેને ઉભા કરે છે. રોજગાર પાત્રતામાં વધારાથી નોકરીની સલામતિ અને કારકિર્દીમાં પ્રગતિ વધશે અને એ દ્વારા યુવાનો આર્થિક વિકાસમાં પ્રદાન કરી શકશે અને એ પ્રદાનને કારણે લાભ પણ હાંસલ કરી શકશે. કૌશલ્ય વિકાસ ક્ષેત્રે વિવિધ પ્રકારની પહેલ અને કાર્યક્રમો અને તેની સાથે ઉત્તમ પ્રણાલીઓને વ્યાપક બનાવી શકાય અને ઈચ્છિત પરિણામો હાંસલ કરવા માટે તેનું રાજ્યોમાં પુનરાવર્તન પણ કરી શકાય તથા તે દ્વારા યુવાનોને પરિવર્તનના અસરકારક પરિણામ આપનાર પરિબળ બનાવવાનો હેતુ સર થઈ શકે.

**લેખક નીતિ આયોગના સલાહકાર (કૌશલ્ય વિકાસ, રોજગારી અને શહેરીકરણ વ્યવસ્થાપન) છે.**
ઈ-મેલ:**sunitasanghi1960@gmail.com**

# સ્ટાર્ટઅપ્સ – પડકારો અને ભવિષ્યનો માર્ગ

**સૌરભ સાન્યાલ, રણજીત મહેતા**



*ભારતમાં દર વર્ષે ૧૦ મિલિયન રોજગારીનું સર્જન કરવાની જરૂર છે. વૈશ્વિક આંકડા દર્શાવે છે કે, કોઈ પણ દેશમાં મોટી કંપનીઓ નહીં, પણ સ્ટાર્ટઅપ્સ નવી રોજગારીઓનું સર્જન કરે છે. સ્ટાર્ટઅપ્સ નવીનતા કે સંશોધનનાં પણ કેન્દ્રો છે અને અર્થતંત્રમાં રોજગારીનું સર્જન વધારવાનો શ્રેષ્ઠ વિકલ્પ છે. ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ૧૬ જાન્યુઆરી, ૨૦૧૬નાં રોજ નવી દિલ્હીમાં વિજ્ઞાનભવન ખાતે "સ્ટાર્ટઅપ ઇન્ડિયા" અભિયાન શરૂ કર્યું હતું. આ અભિયાનનો ઉદ્દેશ ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવાનો અને સ્ટાર્ટઅપ્સની વૃદ્ધિ માટે અનુકૂળ ઈકોસિસ્ટમ ઊભી કરવા નવીનતાને વેગ આપવાનો છે. વળી તેનો આશય ભારતને રોજગારીનું સર્જન કરતું રાષ્ટ્ર બનાવવાનો પણ છે, નહીં કે રોજગારી મેળવવા ઇચ્છતાં દેશ તરીકે હંમેશાં રહેવાનો. ભારતનાં પ્રધાનમંત્રી દ્વારા સ્ટાર્ટઅપ ઇન્ડિયાએ ભારતમાં ઉદ્યોગસાહસિકો વચ્ચે ઘણી હકારાત્મકતા ઊભી કરી છે. ઉદ્યોગને એ વાતની ખુશી છે કે વૈશ્વિકમાં સ્ટાર્ટઅપ્સની દૃષ્ટિએ ભારત ત્રીજો સૌથી મોટો દેશ છે. દેશમાં નવીનતા કે સંશોધન માટે લાભદાયક કાર્યશૈલીને વેગ આપવો એ લાંબી અને મહત્ત્વપૂર્ણ સફર છે. આ પહેલ ભારત સરકારની દેશને નવીનતા, ડિઝાઇન અને સ્ટાર્ટઅપ્સનું કેન્દ્ર બનાવવા માટેની પ્રતિબદ્ધતાને પ્રતિપાદિત કરવાનો નોંધપાત્ર માર્ગ બનશે.*

ભારતમાં દર વર્ષે ૧૦ મિલિયન રોજગારીનું સર્જન કરવાની જરૂર છે. વૈશ્વિક આંકડા દર્શાવે છે કે, કોઈ પણ દેશમાં મોટી કંપનીઓ નહી, પણ સ્ટાર્ટઅપ્સ નવી રોજગારીઓનું સર્જન કરે છે. સ્ટાર્ટઅપ્સ નવીનતા કે સંશોધનનાં પણ કેન્દ્રો છે અને અર્થતંત્રમાં રોજગારીનું સર્જન વધારવાનો શ્રેષ્ઠ વિકલ્પ છે. ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ૧૬ જાન્યુઆરી, ૨૦૧૬નાં રોજ નવી દિલ્હીમાં વિજ્ઞાનભવન ખાતે "સ્ટાર્ટઅપ્સ ઇન્ડિયા" અભિયાન શરૂ કર્યું હતું. આ અભિયાનનો ઉદ્દેશ ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવાનો અને સ્ટાર્ટઅપ્સની વૃદ્ધિ માટે અનુકૂળ ઈકોસિસ્ટમ ઊભી કરવા નવીનતાને વેગ આપવાનો છે. વળી તેનો આશય ભારતને રોજગારીનું સર્જન કરતું રાષ્ટ્ર બનાવવાનો પણ છે, નહીં કે રોજગારી મેળવવા ઇચ્છતાં દેશ તરીકે હંમેશાં રહેવાનો. ભારતનાં પ્રધાનમંત્રી દ્વારા સ્ટાર્ટઅપ્સ ઇન્ડિયાએ ભારતમાં ઉદ્યોગસાહસિકો વચ્ચે ઘણી હકારાત્મકતા ઊભી કરી છે. ઉદ્યોગને એ વાતની ખુશી છે કે વૈશ્વિકમાં સ્ટાર્ટઅપ્સની દૃષ્ટિએ ભારત ત્રીજો સૌથી મોટો દેશ છે. દેશમાં નવીનતા કે સંશોધન માટે લાભદાયક કાર્યશૈલીને વેગ આપવો એ લાંબી અને મહત્ત્વપૂર્ણ સફર છે. આ પહેલ ભારત સરકારની દેશને નવીનતા, ડિઝાઇન અને સ્ટાર્ટઅપ્સનું કેન્દ્ર બનાવવા માટેની પ્રતિબદ્ધતાને પ્રતિપાદિત કરવાનો નોંધપાત્ર માર્ગ બનશે.

સ્ટાર્ટઅપ્સ નવી કંપની છે, જેણે વિકાસની સફર શરૂ કરી છે. સામાન્ય રીતે સ્ટાર્ટઅપ્સ લઘુ કંપનીઓ છે તથા તેની શરૂઆત ગણ્યાગાંઠ્યા સ્થાપકો કે એક વ્યક્તિ રોકાણ કરીને કરે છે. આ કંપનીઓ એવી પ્રોડક્ટ કે સર્વિસ ઑફર કરે છે, જેને અત્યારે બજારમાં અન્ય કોઈ કંપની ઑફર કરતી નથી કે પછી સ્થાપકો એમ માને છે કે આ પ્રોડક્ટ કે ઑફરને તેઓ શ્રેષ્ઠ રીતે ઑફર કરે છે. પ્રાથમિક તબક્કાઓમાં સ્ટાર્ટઅપ કંપનીઓનો ખર્ચ તેમની આવક કરતાં વધારે હોય છે, કારણ કે તેઓ તેમનો વિચાર વિકસાવવા, તેનું પરિક્ષણ કરવા અને તેનું માર્કેટિંગ કરવા માટે કામ કરે છે. આ માટે તેમને ઘણી વખત ધિરાણની જરૂર હોય છે. સ્ટાર્ટઅપ્સને ભંડોળ બૅંકો કે ધિરાણ, યુનિયનો, સ્થાનિક બૅંકોમાંથી સરકાર પ્રાયોજિત લઘુ વ્યવસાય વહીવટી લોન્સ દ્વારા અથવા બિનલાભદાયક સંસ્થાઓ કે રાજ્ય સરકાર પાસેથી ગ્રાન્ટ સ્વરૂપે મળી શકે છે.

સામાન્ય રીતે સ્ટાર્ટઅપ્સ બે પ્રકારનાં હોય છે. એક, સ્ટાર્ટઅપ્સ સંપૂર્ણપણે નવીન વિચાર ધરાવતાં હોય છે, અગાઉ ક્યારેય કોઈએ વિચાર્યું ન હોય તેવી કામગીરી કરે છે

અને અભૂતપૂર્વ હોય છે. જોકે આ પ્રકારના સ્ટાર્ટઅપ મુશ્કેલ છે, પણ એક વખત શરૂ થયા પછી અભૂતપૂર્વ વૃદ્ધિ કરે છે. બીજા પ્રકારના સ્ટાર્ટઅપ્સ મુખ્યત્વે એવા હોય છે, જેઓ નવીન હોતા નથી, પણ બજારમાં ઉપલબ્ધ પ્રોડક્ટ અને સર્વિસને નવા સ્વરૂપે, શ્રેષ્ઠ સ્વરૂપે પ્રસ્તુત કરે છે.

દેશમાં ઉદ્યોગસાહસિકતા અને સ્ટાર્ટ-અપ્સ નવી વિભાવના કે નવો વિચાર છે. સ્ટાર્ટઅપની શરૂઆત મુશ્કેલ હોય છે અને દરેક દેશને આ ક્ષેત્રમાં સફળતા કરતાં નિષ્ફળતા વધારે મળી છે. ઘણી વખત ઉદ્યોગસાહસિકને નિષ્ફળતાનો સામનો કરવા તૈયાર રહેવાની અને અસાધારણ હાડમારીઓનો સામનો કરવા સજ્જ રહેવાની જરૂર હોય છે. જોકે આ ઉપરાંત અન્ય કારણો પણ સ્ટાર્ટઅપની નિષ્ફળતા માટે જવાબદાર હોય છે. ઉદ્યોગસાહસિકતા માટે પ્રોત્સાહક વાતાવરણ અને પ્રગતિશીલ સમાજની જરૂર હોય છે. જો સમાજ નવીનતા અને રચનાત્મકતાને પ્રોત્સાહન આપવામાં નિષ્ફળ નીવડે તો સ્ટાર્ટઅપને નિષ્ફળતા સાંપડી શકે છે પરંતુ સ્ટાર્ટઅપને નિષ્ફળતા મળે તો તેમાં નિરાશ થવાની જરૂર નથી, કારણ કે કોઈ પણ ઉદ્યોગસાહસિકને નિષ્ફળતા જ શું કરવું જોઈએ અને શું કરવાની જરૂર નથી, એ અંગે બોધપાઠ આપે છે.

સ્ટાર્ટઅપ તરીકે તમારી સાથે સહસ્થાપકો હોઈ શકે છે, પણ તમારી પાસે વ્યાવસાયિક કુશળતા હોય જ એવું જરૂરી નથી. તમારી પાસે સારો વિચાર હોય અને કોઈ પણ વિચારને વ્યાવસાયિક ધોરણે સફળ બનાવવો એ બંને વચ્ચે ફરક છે. સ્ટાર્ટઅપ માટે માર્ગદર્શકો હોય એ જરૂરી છે, કારણ કે માર્ગદર્શકો કિમતી જાણકારીઓ આપીને મહત્તમ સફળતા અપાવે છે. જોકે દેશમાં સ્ટાર્ટઅપ્સને માર્ગદર્શન આપવા ઔપચારિક તંત્ર નથી. દરેક માર્ગદર્શન કામચલાઉ ધોરણે આપવામાં આવે છે. જે સ્ટાર્ટઅપ ફંડ મેળવે છે તેને એક યા બીજા સ્વરૂપે માર્ગદર્શન મળે છે, પણ પ્રામાણિક, તટસ્થ, સારાં વ્યાવસાયિક માર્ગદર્શકો બહુ ઓછા છે. સ્ટાર્ટઅપ્સ માટે સારા માર્ગદર્શક મેળવવા ઘણી વખત મુશ્કેલ કાર્ય છે.

**ભારતમાં સ્ટાર્ટઅપ્સને ભંડોળની સમસ્યા અને તેનું સમાધાન**

સમગ્ર દેશમાં પ્રથમ પેઢીના મોટા ભાગના ઉદ્યોગસાહસિકો સ્ટાર્ટઅપ ઇન્ડિયા અભિયાન હેઠળ તેમનાં વ્યાવસાયિક સાહસોને માન્યતા આપવાના સરકારના પ્રયાસોની પ્રશંસા કરે છે, પણ મોટાભાગનાં ફંડ, પેટન્ટના પડકારોનો સામનો કરે છે તેમજ બૌદ્ધિક સંપત્તિના સર્જનની સમસ્યા યથાવત્ છે. તે જ રીતે પેટન્ટની નોંધણીની લાંબી પ્રક્રિયા તથા સંશોધન અને વિકાસ માટે પ્રોત્સાહનોના અભાવની સમસ્યા છે, જેના કારણે ઘણા સ્ટાર્ટઅપ્સ વિદેશમાં કામગીરી કરવાનું વધારે પસંદ કરે છે. સરકારના ડેટા મુજબ ૧ નવેમ્બર, ૨૦૧૫ના રોજ પેટન્ટની ૨,૪૬,૪૯૫ અરજી અને ટ્રેડમાર્કની ૫,૩૨,૬૮૨ અરજી પેન્ડિંગ હતી.

અત્યારે સ્ટાર્ટઅપ્સ માટે આશરે ૯૦ ટકા ફંડિંગ વિદેશી વેન્ચર કેપિટલ પાસેથી મળે છે અને સ્થાનિક ધિરાણકારો નવીનતાનાં અભિગમમાં પરિવર્તન લાવી શકે છે. ગ્રાન્ટ થોર્ન્ટનના તાજા અભ્યાસ મુજબ, વર્ષ ૨૦૧૫માં ૬૦૦થી વધારે કંપનીઓને ફંડિંગ મળ્યું હતું, જેમાં પીઇ અને વીસી ફંડ દ્વારા ૨ અબજ ડૉલરનું ભંડોળ પૂરું પાડવામાં આવ્યું હતું.

તાજા અભ્યાસ મુજબ, ૯૪ ટકાથી વધારે નવા વ્યવસાયો કામગીરીના પ્રથમ વર્ષમાં નિષ્ફળ નીવડે છે. આ માટે ભંડોળનો અભાવ સામાન્ય કારણોમાંનું એક છે. કોઈ પણ વ્યવસાયનો આધાર નાણાં છે. કોઈ પણ વિચાર આવક પેદા કરતાં વ્યવસાય સુધીની લાંબી, છતાં રોમાંચક અને પડકારજનક સફરને ઈંધણ મૂડી પૂરું પાડે છે. આ કારણે વ્યવસાયનાં લગભગ દરેક તબક્કામાં ઉદ્યોગસાહસિકોને પ્રશ્ન થાય છે – હું મારાં સ્ટાર્ટઅપ માટે ધિરાણ કેવી રીતે મેળવીશ? સ્ટાર્ટઅપ્સ માટે બજારમાં ફંડિંગનાં વિવિધ સ્ત્રોતો ઉપલબ્ધ છે.

અહી સ્ટાર્ટઅપ્સ માટે ધિરાણના થોડા વિકલ્પો આપવામાં આવ્યા છે, જે તેમને તેમના વ્યવસાય માટે મૂડી ઊભી કરવામાં મદદ કરશે.

૧. **પ્રધાનમંત્રી માઈક્રો યુનિટ્સ ડેવલપમેન્ટ ઍન્ડ રિફાઈનાન્સ એજન્સી લિમિટેડ (મુદ્રા)** – આશરે ૧૦ લાખ એસએમઈને લાભ આપવા રૂ. ૨૦,૦૦૦ કરોડનાં પ્રાથમિક ભંડોળ સાથે શરૂઆત કરી છે. તમે તમારી વ્યાવસાયિક યોજના રજૂ કરી શકો છો અને એક વખત મંજૂર થયા પછી લોન મળે છે. તમને મુદ્રાકાર્ડ મળે છે, જે ક્રેડિટ કાર્ડ સમાન છે, જેનો ઉપયોગ તમે કાચો માલ ખરીદવા, અન્ય ખર્ચ વગેરે માટે કરી શકશો. આ યોજના હેઠળ શિશુ, કિશોર અને તરુણ એમ લોનની ત્રણ કેટેગરી ઉપલબ્ધ છે.

૨. **બૂટસ્ટ્રેપિંગ કે સેલ્ફફંડિંગ** – સેલ્ફ ફંડિંગ, બૂટસ્ટ્રેપિંગ તરીકે પણ જાણીતું છે, જે સ્ટાર્ટઅપને ધિરાણ પૂરું પાડવાનો અસરકારક માર્ગ છે, ખાસ કરીને જ્યારે તમે તમારો વ્યવસાય શરૂ કરો છો. પ્રથમ પેઢીના ઉદ્યોગસાહસિકો પાસે સંભવિત સફળતા માટે યોજના

ન હોવાથી ઘણી વખત ફંડ મેળવવામાં મુશ્કેલી પડે છે.

૩. **ક્રાઉડ ફંડિંગ –** ક્રાઉડ ફંડિંગ એ એક સાથે લોન, પ્રિ-ઑર્ડર, એકથી વધારે વ્યક્તિ પાસેથી પ્રદાન કે રોકાણ મેળવવા જેવી પ્રક્રિયા છે. તેમાં સ્ટાર્ટઅપ ક્રાઉડફંડિંગ પ્લૅટફૉર્મ પર પોતાના વ્યવસાયની વિગત મૂકશે. તે પોતાનાં વ્યવસાયનાં લક્ષ્યાંકો, નફો કરવાની યોજના, જરૂરી ભંડોળ અને આ માટેનાં કારણોનો ઉલ્લેખ કરશે. પછી ઉપભોક્તાઓ વ્યવસાયનો અભ્યાસ કરી શકે છે અને જો તેમને વિચાર પસંદ પડે તો તેઓ નાણાં આપી શકે છે. જે લોકો નાણાં આપે છે, તેઓ પ્રોડક્ટની ખરીદી કરવાની ખાતરી આપશે કે ડોનેશન આપશે. જેમને વિશ્વાસ હોય તેઓ વ્યવસાયને મદદ કરવા માટે નાણાં આપી શકે છે. ભારતમાં કેટલીક લોકપ્રિય ક્રાઉડ ફંડિંગ સાઇટ ઇન્ડિઆઇગોગો, વિશબેરી, કેટ્ટો, ફંડલાઇન વગેરે છે.

૪. **એન્જલ ઇન્વેસ્ટમેન્ટ –** એન્જલ ઇન્વેસ્ટર્સ વધારે રોકડ ધરાવતી અને નવા સ્ટાર્ટઅપ્સમાં રોકાણ કરવાની ઇચ્છા ધરાવતી વ્યક્તિઓ છે. તેઓ રોકાણ અગાઉ દરખાસ્તોની ચકાસણી સંયુક્તપણે કરવા નેટવર્કના ગ્રૂપમાં પણ કામ કરે છે. તેઓ મૂડી પ્રદાન કરવાની સાથે માર્ગદર્શન કે સલાહ પણ આપી શકે છે. એન્જલ ઇન્વેસ્ટર્સે ગૂગલ, યાહૂ અને અલીબાબા સહિત ઘણી પ્રસિદ્ધ કંપનીઓને સ્ટાર્ટઅપમાં મદદ કરી હતી. સામાન્ય રીતે રોકાણનું આ વૈકલ્પિક સ્વરૂપ કંપનીની વૃદ્ધિના પ્રાથમિક તબક્કાઓમાં જોવા મળે છે, જેમાં રોકાણકારો ૩૦ ટકા સુધીની ઇક્વિટી ખરીદશે તેવી અપેક્ષા છે. તેઓ ઊંચા વળતર માટે રોકાણમાં વધારે જોખમ લેવાનું પસંદ કરે છે.

૫. **વેન્ચર કૅપિટલ –** વેન્ચર કૅપિટલ વ્યાવસાયિક રીતે વ્યવસ્થાપન થતાં ફંડ છે, જે વૃદ્ધિની ઊંચી સંભવિતતા ધરાવતી કંપનીઓમાં રોકાણ કરે છે. સામાન્ય રીતે તેઓ કોઈ પણ વ્યવસાયમાં ઇક્વિટી હિસ્સો ખરીદે છે અને જ્યારે કંપનીનો આઇપીઓ આવે છે, ત્યારે સારો નફો કરીને હિસ્સો વેચી દે છે કે પછી વધારે હિસ્સો ખરીદે છે. વીસી કુશળતા, માર્ગદર્શન પ્રદાન કરે છે અને કંપની કઈ દિશામાં આગળ વધી રહી છે, તેના વ્યવસાયનું મૂલ્યાંકન કરે છે અને તેનાં વિસ્તરણની શક્યતા કેવી છે વગેરે માપદંડો માટે લિટમસ ટેસ્ટ તરીકે કામ કરે છે.

૬. **બિઝનેસ ઇન્ક્યુબેટર્સ અને એક્સલરેટર્સ –** પ્રાથમિક તબક્કાનાં વ્યાવસાયિકો ફંડિંગ મેળવવા ઇન્ક્યુબેટર અને એક્સલરેટર પ્રોગ્રામનો વિચાર કરી શકે છે. લગભગ દરેક મોટાં શહેરમાં આ પ્રોગ્રામ દર વર્ષે સેંકડો સ્ટાર્ટઅપ બિઝનેસને ફંડ આપે છે. જેમ માતાપિતા બાળકનો ઉછેર કરે છે, તેમ ઇન્ક્યુબેટર્સ સ્ટાર્ટઅપને સાધનો અને તાલીમ પ્રદાન કરે છે તથા વ્યવસાય માટે નેટવર્ક ઊભું કરવામાં મદદ કરે છે. એક્સલરેટર્સ લગભગ તેના જેવી જ બાબત છે, પણ ઇન્ક્યુબેટર કોઈ પણ વ્યવસાયને પ્રાથમિક તબક્કામાં મદદ કરે છે, ત્યારે એક્સલરેટર વ્યવસાયને હરણફાળ ભરવામાં મદદ કરે છે.

૭. **માઇક્રોફાઇનાન્સ પ્રોવાઇડર્સ કે એનબીએફસી –** માઇક્રોફાઇનાન્સ મૂળભૂત રીતે એવા સ્ટાર્ટઅપને નાણાકીય સેવાઓ પ્રદાન કરે છે, જેઓ પરંપરાગત બૅંકિંગ સેવાઓ મેળવવા સક્ષમ નથી. જેમની જરૂરિયાતો મર્યાદિત છે અને બૅંક દ્વારા ક્રેડિટ રેટિંગ યોગ્ય નથી. તેવા વ્યવસાયો માટે આ પ્રકારના ધિરાણનો વપરાશ વધી રહ્યો છે. તે જ રીતે એનબીએફસી નૉન-બૅંકિંગ ફાઇનાન્સિયલ કૉર્પોરેશન એવા કૉર્પોરેશન છે, જે બૅંકની કાયદેસર જરૂરિયાતો પૂર્ણ કર્યા વિનાં બૅંકિંગ સેવાઓ પ્રદાન કરે છે.

**સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવા ભારત સરકારની વિવિધ પહેલો**

સ્ટાર્ટઅપ્સ ઍક્શન પ્લાન ૧૯-પૉઇન્ટનો એજન્ડા ધરાવે છે, જેમાં શ્રમ અને પર્યાવરણના નીતિનિયમોના પાલન માટે સેલ્ફ સર્ટિફિકેશન, પેટન્ટ અને બૌદ્ધિક સંપત્તિની અરજીઓ માટે મદદ કરવા સુવિધાકારોની પેન, સીડફંડિંગ માટે કરવેરામાં છૂટછાટો, આવકવેરા પર મૂડીગત લાભ અને ત્રણ વર્ષની છૂટ તેમજ ચાર વર્ષ માટે ફંડ ઑફ ફંડ્સ મારફતે રૂ. ૧૦,૦૦૦ કરોડનું ધિરાણ જેવી છૂટછાટો સામેલ છે.

**સ્ટાર્ટઅપ ઇન્ડિયાનો ૧૯-પૉઇન્ટ એક્શન પ્લાન**

૧. સેલ્ફ-સર્ટિફિકેશનનું પાલન

૨. સ્ટાર્ટઅપ ઇન્ડિયા કેન્દ્ર મારફતે સિંગલ પૉઇન્ટ ઑફ કૉન્ટેક્ટ

૩. મોબાઇલ એપ અને પોર્ટલ સાથે પ્રક્રિયાઓનું સરળીકરણ (રજિસ્ટ્રેશન, નીતિનિયમોનાં પાલન અને માહિતી મેળવવા માટે)

૪. કાયદાકીય સમર્થન, ફાસ્ટટ્રેકિંગ અને પેટન્ટ રજિસ્ટ્રેશન ફીમાં ૮૦ ટકાનો ઘટાડો

૫. સરકારી ખરીદીના નિયમોમાં છૂટછાટ

૬. સરળ અને ઝડપથી બહાર નીકળવાની સુવિધા

૭. રૂ. ૧૦,૦૦૦ કરોડનાં ફંડ ઑફ ફંડ્સ ભંડોળ મારફતે ફંડિંગસપોર્ટ

૮. ક્રેડિટ ગૅરન્ટી ફંડિંગ

૯. મૂડીગત લાભ પર કરવેરામાં મુક્તિ

૧૦. આવકવેરામાં ૩ વર્ષ મુક્તિ

૧૧. ફેરમાર્કેટ વૅલ્યુ (એફએમવી) ઉપરાંત રોકાણ પર કરવેરામાં મુક્તિ

૧૨. વાર્ષિક સ્ટાર્ટઅપ ફેસ્ટિવલ (રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય)

૧૩. અટલ ઇનૉવેશન મિશન (એઆઇએમ) હેઠળ વૈશ્વિક કક્ષાનાં નવીનતા કેન્દ્રોની સ્થાપના

૧૪. રાષ્ટ્રવ્યાપી ઇન્ક્યુબેટર નેટવર્કની સ્થાપના

૧૫. ઇન્ક્યુબેશન અને સંશોધન અને વિકાસના વિસ્તાર માટે નવીનતા, કેન્દ્રો

૧૬. નવીનતાને પ્રોત્સાહન આપવા સંશોધન, પાર્ક

૧૭. બાયોટૅક્નોલૉજીમાં ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન

૧૮. વિદ્યાર્થીઓ માટે નવીનતા કેન્દ્રિત કાર્યક્રમો

૧૯. વાર્ષિક ઇન્ક્યુબેટર ગ્રાન્ડ ચૅલેન્જ

**૧. સેલ્ફ સર્ટિફિકેશન**

સ્ટાર્ટઅપ્સ નિયમનકારી જવાબદારીઓ ઘટાડવા સેલ્ફ-સર્ટિફિકેશન અપનાવશે. સેલ્ફ-સર્ટિફિકેશન ગ્રેજ્યુઇટીની ચુકવણી, શ્રમ કરાર, પ્રોવિડન્ટ ફંડ મૅનેજમેન્ટ, પાણી અને હવાના પ્રદૂષણના કાયદા સહિત વિવિધ કાયદા માટે લાગુ થશે.

**૨. સ્ટાર્ટઅપ્સ ઇન્ડિયા કેન્દ્ર**

અખિલ-ભારતીય કેન્દ્ર ભારતમાં સ્ટાર્ટ-અપ ફાઉન્ડેશન માટે સિંગલ કૉન્ટેક્ટ પૉઇન્ટ તરીકે ઊભું કરવામાં આવશે, જે ઉદ્યોગસાહસિકોને માહિતીનું આદાનપ્રદાન કરવામાં અને નાણાકીય સહાય મેળવવામાં મદદ કરશે.

**૩. એપ મારફતે રજિસ્ટર**

મોબાઇલ ઍપ્લિકેશન જેવી ઑનલાઇન પોર્ટલ સરળતાથી રજિસ્ટ્રેશન કરાવવા સ્ટાર્ટઅપ્સ સ્થાપકોને મદદ કરવા લૉચ કરવામાં આવી છે.

**૪. પેટન્ટનું રક્ષણ**

કેન્દ્ર સરકારે ઓછા ખર્ચે પેટન્ટની ચકાસણી માટે ફાસ્ટ ટ્રેક સિસ્ટમ ઊભી કરી છે. આ સિસ્ટમ સ્ટાર્ટઅપ્સ ફાઉન્ડેશન દ્વારા બૌદ્ધિક સંપત્તિનાં અધિકારો (આઇપીઆર) વિશે જાગૃતિ લાવશે અને તેનો સ્વીકાર સરળ બનાવશે.

**૫. રૂ. ૧૦,૦૦૦ કરોડનું ફંડ**

સરકાર રૂ. ૨,૫૦૦ કરોડના પ્રાથમિક ભંડોળ અને ચાર વર્ષમાં કુલ રૂ. ૧૦,૦૦૦ કરોડના ભંડોળ સાથે ફંડ વિકસાવશે, જેનો ઉદ્દેશ નવાં સ્ટાર્ટ-અપ સાહસોને સપોર્ટ કરવાનો છે. આ ભંડોળ ઊભું કરવામાં ભારતીય જીવન વીમા નિગમ (એલઆઇસી) મુખ્ય ભૂમિકા ભજવશે. સ્ટાર્ટઅપ્સ ઉદ્યોગમાંથી ખાનગી વ્યાવસાયિકોની સમિતિ ફંડનું વ્યવસ્થાપન કરશે.

**૬. નૅશનલ ક્રૅડિટ ગૅરન્ટી ટ્રસ્ટ કંપની**

નેશનલ ક્રૅડિટ ગૅરન્ટી ટ્રસ્ટ કંપની (એનસીજીટીસી)ની રચના સ્ટાર્ટ-અપ્સને નાણા ભંડોળનો પ્રવાહ પૂરો પાડવા આગામી ચાર વર્ષ માટે દર વર્ષે રૂ. ૫૦૦ કરોડના બજેટ સાથે કરવામાં આવી છે.

**૭. મૂડીગત લાભ પર કરવેરામાંથી મુક્તિ**

અત્યારે વેન્ચર કૅપિટલ ફંડ્સનાં રોકાણને મૂડીગત લાભ પર કરવેરામાંથી મુક્તિ આપવામાં આવી છે. આ જ નીતિનો અમલ સ્ટાર્ટ-અપ્સમાં પ્રાથમિક સ્તરે રોકાણ પર થઈ રહ્યો છે.

**૮. ત્રણ વર્ષ માટે આવકવેરામાંથી મુક્તિ**

સ્ટાર્ટઅપ્સને ત્રણ વર્ષ માટે આવકવેરો ચૂકવવો નહી પડે. આ નીતિ સ્ટાર્ટ-અપ્સની ભવિષ્યમાં વિકાસની ઝડપને વેગ આપશે.

**૯. ઊંચા મૂલ્યના રોકાણ માટે કરવેરામાંથી મુક્તિ**

બજારકિંમત કરતાં વધારે મૂલ્યના રોકાણના કિસ્સામાં તેને કરવેરામાંથી મુક્તિ આપવામાં આવશે.

**૧૦. ઉદ્યોગસાહસિકતાનું નિર્માણ**

૫ લાખથી વધારે શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે નવીનતા સાથે સંબંધિત અભ્યાસની યોજના. ઉપરાંત વૈશ્વિક કક્ષાનાં ઇન્ક્યુબેટર્સ વિકસાવવા વાર્ષિક ઇન્ક્યુબેટર ગ્રાન્ડ ચૅલેન્જ યોજવામાં આવશે.

**૧૧. અટલ ઇનૉવેશન મિશન**

અટલ ઇનૉવેશન મિશન નવીનતાને વેગ આપવા અને પ્રતિભાશાળી યુવાનોને પ્રોત્સાહન આપવા શરૂ

કરવામાં આવશે.

**૧૨. ઈન્ક્યુબેટર્સની સ્થાપના**

સરકારી-ખાનગી ભાગીદારીનાં મૉડલનો ૩૫ નવાં ઈન્ક્યુબેટર્સ માટે વિચાર કરવામાં આવ્યો છે અને ૩૧ નવીનતા કેન્દ્રોની રચના રાષ્ટ્રીય સંસ્થાઓ તરીકે કરવામાં આવી છે.

**૧૩. રિસર્ચ પાર્ક**

સરકારે સાત નવા રિસર્ચ પાર્કની સ્થાપના કરવાની યોજના બનાવી છે, જેમાં છ પાર્ક ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટૅક્નોલૉજી (આઈઆઈટી) કેમ્પસમાં અને એક પાર્ક ઇન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ કેમ્પસમાં છે, જે દરેક માટે રૂ. ૧૦૦ કરોડનું રોકાણ કરવામાં આવશે.

**૧૪. બાયોટૅકનોલૉજીમાં ઉદ્યોગસાહસિકતા**

સરકાર દેશમાં પાંચ નવાં બાયોટેક ક્લસ્ટર્સ, ૫૦ નવાં બાયો ઈન્ક્યુબેટર્સ, ૧૫૦ ટૅકનોલોજી ટ્રાન્સફર ઑફિસ અને ૨૦ બાયોકનેક્ટ ઑફિસ સ્થાપિત કરશે.

**૧૫. શાળાઓમાં પ્રતિબદ્ધ કાર્યક્રમો**

સરકાર ૫ લાખથી વધારે શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે નવીનતા સાથે સંબંધિત કાર્યક્રમો પ્રસ્તુત કરશે.

**૧૬. કાયદાકીય સમર્થન**

સુવિધાકારોની પેનલ કાયદાકીય સમર્થન આપશે તથા પેટન્ટ અરજીઓ અને અન્ય સત્તાવાર દસ્તાવેજો રજૂ કરવામાં સહાય કરશે.

**૧૭. રિબેટ**

ઉદ્યોગસાહસિકોને કુલ મૂલ્યની ૮૦ ટકા રિબેટ રકમ પેટન્ટ અરજી ફાઈલ કરવા પર પ્રદાન કરવામાં આવશે.

**૧૮. સરળ નિયમો**

સ્ટાર્ટઅપ્સ માટે સરકારી ખરીદી અને ટ્રેડિંગનાં નીતિનિયમો સરળ બનાવવામાં આવ્યા છે.

**૧૯. ઝડપથી બહાર નીકળવું**

જો સ્ટાર્ટઅપ્સ નિષ્ફળ નીવડશે, તો સરકાર ઉદ્યોગસાહસિકોને તેમની સમસ્યાઓ માટે ઉચિત સમાધાન શોધવામાં મદદ કરશે. જો તેઓ નિષ્ફળ નીવડશે, તો સરકાર સ્ટાર્ટઅપ બંધ કરવાનો સરળ માર્ગ પ્રદાન કરશે.

વર્ષ ૨૦૧૬ના પ્રથમ ક્વાર્ટરથી ત્રીજા ક્વાર્ટર વચ્ચે ભારતીય સ્ટાર્ટઅપ્સને ૮૧૫ સોદાઓમાં એન્જલ અને વેન્ચર કેપિટલ પાસેથી ૩.૫ અબજ ડૉલરનું ફંડ મળ્યું હતું, જે ગયા વર્ષના સમાન ગાળામાં પ્રાપ્ત કુલ સોદાના મૂલ્યમાં મોટો ઘટાડો સૂચવે છે. એક રિસર્ચ મુજબ, જાન્યુઆરીથી સપ્ટેમ્બર, ૨૦૧૫ વચ્ચે ૬૩૯ સોદાઓમાં ૭.૩ અબજ ડૉલરનું રોકાણ થયું હતું. ચાલુ વર્ષે સોદાઓની સંખ્યામાં ૨૭ ટકાનો વધારો થયો છે, ત્યારે સોદાઓના મૂલ્યમાં ઘટાડો થયો છે. આ દ્રષ્ટિએ વર્ષ ૨૦૧૪માં ફક્ત ૩૦૦ વીસી અને એન્જલ સોદાઓ થયા હતા.

**ઉપસંહાર :**

સ્ટાર્ટઅપ કંપનીઓ આર્થિક વ્યવસ્થામાં સ્પર્ધાત્મક વાતાવરણમાં નવાં પરિમાણો ઉમેરે છે અને બજારમાં ગતિશીલતા લાવે છે, કારણ કે તેઓ કોઈ પણ આર્થિક વ્યવસ્થામાં નવાં પરિમાણો અને સ્પર્ધાત્મકતા લાવે છે. આ કંપનીઓ પરિવર્તનના વાહક તરીકે કામ કરે છે, જેના પરિણામે ચેઈન રિઍક્શન આવે છે. એક વખત ઉદ્યોગસાહસની સ્થાપના થઈ જાય પછી ઔદ્યોગિકીકરણની પ્રક્રિયા ગતિમાં આવી જાય છે. આ તમામ પ્રવૃત્તિઓ ઉદ્યોગસાહસિકતાને વેગ આપે છે તથા વિવિધ પ્રકારનાં એકમો માટે માગ ઊભી કરશે, જેના પરિણામે સંપૂર્ણ વિસ્તારનો વિકાસ થશે, જેથી માંગ વધશે અને વધુ ને વધુ યુનિટ સ્થાપિત થશે. સ્વદેશી સ્ટાર્ટઅપ્સ તેમના વાજબીપણાં અને અનુકૂળ સેવાઓ મારફતે લોકોના જીવનને સરળ બનાવશે તેમજ ભારતીય અર્થતંત્રનાં વિકાસ અને પ્રગતિ માટે મોટા પ્રોત્સાહન તરીકે કામ કરશે. અમારું માનવું છે કે સ્ટાર્ટઅપ ઈન્ડિયા ભારતમાં સમૃદ્ધિ લાવશે. ઘણા યુવાન ઉદ્યોગસાહસિકો સંસાધનોને અભાવે પોતાનો વ્યવસાય શરૂ કરવાનું સ્વપ્ન સાકાર કરી શકતાં નથી. તેના પરિણામે તેમના વિચારો, પ્રતિભા અને ક્ષમતાઓનો ઉપયોગ થતો નથી—અને દેશને સંપત્તિનાં સર્જન, આર્થિક વૃદ્ધિ અને રોજગારી ક્ષેત્રે નુકસાન થાય છે. સ્ટાર્ટઅપ ઈન્ડિયા ઉદ્યોગસાહસિકતા અને આર્થિક વિકાસમાં મદદ કરે છે તેમજ વિવિધ સ્તરે સક્રિય સાથસહકાર અને છૂટછાટો આપીને લોકોને પોતાના વ્યવસાય સ્થાપિત કરવા પ્રોત્સાહન આપે છે.


**સૌરભ સાન્યાલ પીએચડી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સેક્રેટરી જનરલ છે, જે સશસ્ત્ર દળો અને કોર્પોરેટ સેક્ટરમાં ૩૩ વર્ષનો બહોળો અનુભવ ધરાવે છે.**

ઈ-મેલઃ **saurabh.sanyal@phdcci.in**

**રણજીત મહેતા નવી દિલ્હીમાં પીએચડી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ડિરેક્ટર છે, જે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વીજ ક્ષેત્ર, અક્ષય ઊર્જા, ઓઈલ અને ગેસ, હાઉસિંગ સેક્ટર, રિયલ એસ્ટેટ નિયમનકારી ખરડો, જમીન સંપાદન ખરડો, દિલ્હીનો માસ્ટર પ્લાન, રાષ્ટ્રીય જળ નીતિ અને લોજિસ્ટિક સેક્ટર સાથે સંબંધિત વિવિધ નીતિગત મુદ્દાને સંબોધે છે.**

ઈ-મેલઃ **ranjeetmehta@gmail.com**

# યોગ અને યુવાનો

## યોગ કેવી રીતે યુવાનો માટે સ્વસ્થ, સંતુલિત અને તણાવ મુક્ત જીવન માટે લાભદાયક બની શકે છે ?

- ડૉ. ઈશ્વર એન. આચાર્ય, ડૉ. રાજીવ રસ્તોગી



*યોગ આજના યુવાનોની જરૂરિયાત છે. યુવાનો તેમના જીવનમાં અભ્યાસ હોય કે રોજગારી સંબંધિત સમસ્યાઓ, દરેક સ્તર પર અનેક પડકારોનો સામનો કરી રહ્યા છે. યોગ તેમને નિશ્ચિત રૂપે દૈનિક પડકારોનો અસરકારક રીતે સામનો કરતા વાસ્તવિક યોગીમાં પરિવર્તિત કરી શકે છે. યોગ શારીરિક, માનસિક, સામાજિક, નૈતિક, ભાવનાત્મક અને અધ્યાત્મ એમ દરેક સ્તર પર માણસની પ્રતિભા વિકસાવે છે અને તેને વિવિધ પ્રતિભામાં વિભાજિત કરે છે. તે સંપૂર્ણ શારીરિક રચનાઓ પર અસર કરે છે, એકાગ્રતા અને ધીરજમાં વધારો કરે છે તથા અભ્યાસુને શાંત બનાવે છે, જે આજના દૈનિક જીવનમાં ખૂબ જ આવશ્યક છે. ભારત ૧૨૫ કરોડથી વધુની વસતિ ધરાવતો વિશાળ દેશ છે અને દેશનો વિકાસ મોટા ભાગે તેના નાગરિકોના સ્વાસ્થ્ય પર નિર્ભર છે. જો દેશના નાગરિકોનું સ્વાસ્થ્ય નબળું હશે, તો વિકાસ પ્રક્રિયા ધીમી હશે, કારણ કે નાગરિકોના યોગ્ય સ્વાસ્થ્ય માટે ઊર્જા અને સંશાધનોનું મોટા પાયે રોકાણ કરવું પડે છે. પરંતુ જો દેશના યુવાનોનું સ્વાસ્થ્ય સારું હશે તો દેશ વૈશ્વિક સ્તરે વિકાસની દોડમાં થાક્યા વિના અવિરત લાંબું અંતર કાપી શકશે. તેથી, યુવાનોનું સ્વાસ્થ્ય ખૂબ જ મહત્ત્વનું છે.*

યોગ હવે સમગ્ર વિશ્વમાં લોકપ્રિય બન્યો છે. તેણે પ્રદેશો, ધર્મ, જાતિ, પંથ અને રાષ્ટ્રીયતાની સરહદો વટાવી છે. સ્વાસ્થ્યની જાળવણી, બીમારી અટકાવવામાં તેની અજોડ અને વિશેષ ભૂમિકા તથા જીવન પદ્ધતિ સંબંધિત બીમારીઓમાં અસરકારક રીતે તેની રોગનિવારક ભૂમિકાના કારણે યોગ સમગ્ર વિશ્વમાં લોકપ્રિય બન્યો છે. યોગ એક આધ્યાત્મિક શાખ છે, જે શરીર અને મગજ વચ્ચે એકદમ યોગ્ય સંતુલન લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

વર્તમાન યુગ આપણા જીવનને વધુ સાનુકૂળ બનાવતી ટૅક્નોલૉજિકલ આગેકૂચ માટે જાણીતો છે. જોકે, અયોગ્ય જીવન પદ્ધતિ, પર્યાવરણીય સ્થિતિ, પ્રદૂષણ, કામ કરવાની આધુનિક સંસ્કૃતિ વગેરેએ આપણા જીવનને વધુ મુશ્કેલ અને ગૂંચવાડાવાળું બનાવી દીધું છે. વર્તમાન જીવનપદ્ધતિએ શારીરિક, માનસિક, બૌદ્ધિક, ભાવનાત્મક, સામાજિક અને આધ્યાત્મિક એમ જીવનનાં બધાં જ પરિમાણ પર સમસ્યાઓ પેદા કરી છે અને માણસને ગૂંચવાડામાં મૂકી દીધો છે. યોગથી જીવનનાં બધાં જ પાસાંઓને યોગ્ય દિશા આપવાનો એક પ્રયાસ કરવામાં આવે છે. યોગની વિશિષ્ટતા એ છે કે તે સ્વાસ્થ્ય જાળવણીની અન્ય કોઈ પણ પદ્ધતિ સાથે ઉપયોગમાં લઈ શકાય છે. યોગ દર્દીઓને પરંપરાગત દવાથી લઈને યૌગિક થૅરપી સહિતની સારવારની અન્ય પદ્ધતિઓમાં મદદરૂપ થાય છે.

સંયુક્ત રાષ્ટ્રની ૬૯મી સામાન્ય સભામાં તેમના વક્તવ્ય દરમિયાન ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, 'યોગ માનવજાતને અમારી પૌરાણિક પરંપરાની અમૂલ્ય ભેટ છે. તે શરીર અને મગજ, વિચારો અને પ્રવૃત્તિ, સંયમ અને પૂર્ણતા, માનવ અને પ્રકૃતિ વચ્ચે સદ્‌ભાવનાની એકતા પર ભાર મૂકે છે. યોગ સ્વાસ્થ્ય અને સુખાકારી માટેનો એક પવિત્ર અભિગમ છે. યોગ માત્ર શારીરિક કસરત નથી, પરંતુ તે સ્વ, વિશ્વ અને પ્રકૃતિ સાથે તાદાત્મ્ય સાધવાની ભાવના છે. આપણી જીવનપદ્ધતિ બદલીને તથા ચેતનાની જાગૃતિ દ્વારા આપણને ક્લાઈમેટ ચેન્જનો સામનો કરવામાં મદદ મળી શકે છે. ચાલો આંતરરાષ્ટ્રીય યોગદિનને સમગ્ર વિશ્વમાં સ્વીકૃત બનાવવા માટે કામ કરીએ.'

વડાપ્રધાને પણ વૈશ્વિક સ્તરે યોગની લોકપ્રિયતાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. યોગ સમગ્ર વિશ્વમાં સ્વીકૃત છે અને

યોગની ઉપયોગિતાનો વધુ સારી રીતે ઉપયોગ થઈ શકે છે, તેમ વડાપ્રધાનનું દઢપણે માનવું છે.

પાછળથી સંયુક્ત રાષ્ટ્રે ૧૭૭ દેશોના સમર્થન સાથે ૨૧મી જૂનને 'આંતરરાષ્ટ્રીય યોગદિન' તરીકે જાહેર કર્યો હતો. હવે સમગ્ર વિશ્વ પૂરા ઉત્સાહ અને ઉમંગથી 'આંતરરાષ્ટ્રીય યોગદિન'ની ઉજવણી કરે છે. ભારતમાં આયુષ મંત્રાલયને યોગ્ય પદ્ધતિથી અને મંત્રાલયોના સક્રિય સહયોગથી આંતરરાષ્ટ્રીય યોગદિનની ઊજવણીની કામગીરી સોંપાઈ છે. આ વર્ષે આપણે ૩જો 'આંતરરાષ્ટ્રીય યોગદિન' ઊજવવા જઈ રહ્યા છીએ.

**યોગ શું છે ?**

યોગ પૌરાણિક ભારતીય ઋષિઓ દ્વારા ભારતમાં આવિષ્કાર કરાયેલ આધ્યાત્મિક વિજ્ઞાન છે. યોગ જીવન જીવવાની એક સાફલ્યવાદી પદ્ધતિ છે, જેના મૂળ ભારતની પરંપરા અને સંસ્કૃતિમાં ઊંડે સુધી ખૂંપેલા છે. ઋષિઓ અને મુનીઓ દ્વારા હજારો વર્ષો અગાઉ આ પદ્ધતિ વિકસાવવામાં આવી છે. યૌગિક સાહિત્ય મોટાભાગના બધા જ પૌરાણિક ગ્રંથોમાંથી મળી આવે છે. મધ્યયુગ, આધુનિક અને સમકાલીન સાહિત્યમાં પણ યોગનો સમૃદ્ધ સ્રોત મળી આવ્યો છે. પતંજલિના યોગસૂત્ર (ઈ.સ. પૂર્વ ૪૦૦ વર્ષ)ને પદ્ધતિસરનું સૌપ્રથમ સાહિત્ય હોવાનું મનાય છે, જેના પર અનેક સમીક્ષકોએ ટીકાગ્રંથો પણ લખ્યા છે. પતંજલિએ યોગના આઠ માર્ગ આપ્યા છે, જે અષ્ટાંગયોગ તરીકે પ્રખ્યાત છે. આ અષ્ટાંગયોગ વ્યક્તિનાં બધાં જ પાસાંઓની કાળજી રાખે છે.

યોગ ઉપચાર, સારવાર અને સ્વસ્થ જીવનની દવા વિનાની પદ્ધતિ પણ છે. સ્વાસ્થ્ય અને બીમારીઓના સંદર્ભમાં તેની પોતાની કલ્પના અને સિદ્ધાંતો છે. યોગ સ્વાસ્થ્ય અંગે સાફલ્યવાદી અભિગમ પર મુખ્ય ભાર મૂકે છે, જે જીવનનાં શારીરિક, માનસિક, નૈતિક, સામાજિક, ભાવનાત્મક અને આધ્યાત્મિક પાસાંઓને આવરી લે છે.

સારા સ્વાસ્થ્ય તેમજ બીમારીઓ અટકાવવા માટે વિવિધ સીધી અને સરળ આરોગ્યપ્રદ જીવનપદ્ધતિ અપનાવવાની સલાહ આપવામાં આવે છે. જરૂરિયાત જણાતાં આ પદ્ધતિને દૈનિક જીવનનો ભાગ પણ બનાવી શકાય છે. વધુમાં અન્ય ઉપચાર પદ્ધતિઓ સાથે પણ યોગ ઉપયોગમાં લઈ શકાય છે.

હવે માનવજાતના સ્વાસ્થ્ય અંગેની જરૂરિયાતો પૂરી કરવા માટે સંશોધકો અને પ્રેક્ટિશનર્સ દ્વારા વ્યાપક સ્તર પર યૌગિક પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. હવે યોગે સમગ્ર વિશ્વનું ધ્યાન પોતાના તરફ આકર્ષિતુ કર્યું છે. જીવનના દરેક વયજૂથના લોકોમાં યૌગિક પદ્ધતિઓ અંગે જાગૃતિ વધી છે. માત્ર સ્વાસ્થ્યની જાળવણી માટે જ નહીં, પરંતુ વિવિધ બીમારીઓને અટકાવવા માટે પણ લોકોમાં યોગ અંગે જાગૃતિ વધી છે. અનેક યોગ ગુરુઓ અને મેડિકલ પ્રોફેશનલ્સ મનોશારીરિક બીમારીઓ તથા તણાવ દૂર કરવા અને તેને અટકાવવા માટે યૌગિક જીવનપદ્ધતિના કાર્યક્રમોને પ્રોત્સાહન આપી રહ્યા છે.

યોગના અભ્યાસથી સ્વાસ્થ્ય સારું રહેવાની સાથે બીમારીઓ દૂર રહે છે તેમજ મનોશારીરિક અવસ્થાનું અસરકારક રીતે સંચાલન કરી શકાય છે તેમજ ઉચ્ચસ્તરે ચેતના જાગૃત કરી શકાય છે. યોગનો અભ્યાસ વ્યક્તિની સંપૂર્ણ સારવારમાં વિશ્વાસ ધરાવે છે અને તે સાફલ્યવાદી અભિગમ અપનાવે છે.

યોગની અત્યંત લોકપ્રિય પદ્ધતિઓમાં ક્રિયા (શુદ્ધીકરણની પ્રક્રિયા), સૂર્યનમસ્કાર, આસન (શારીરિક અંગસ્થિતિઓ), પ્રાણાયામ (શ્વસનક્રિયા), માનસિક રાહતની પદ્ધતિ, બંધ અને મુદ્રા, ધ્યાન વગેરેનો સમાવેશ થાય છે.

**સૂર્ય નમસ્કાર :**

સૂર્યનમસ્કાર યોગનો સૌથી લોકપ્રિય અને અત્યંત ઉપયોગી પ્રકાર છે. સૂર્યનમસ્કારમાં સાતત્યપૂર્ણ રીતે ૧૨ પ્રકારની શ્રેણીબદ્ધ ક્રિયાઓ કરવામાં આવે છે. સામાન્ય રીતે દિવસમાં વહેલી સવારે સૂર્યનો ઉદય થઈ રહ્યો હોય તેવા સમયે સૂર્ય નમસ્કાર કરવામાં આવે છે. સૂર્ય નમસ્કારથી શરીરના સંપૂર્ણ ચેતાતંતુઓ અને સ્નાયુઓ ઊર્જાસભર બને છે. નિયમિતપણે સૂર્યનમસ્કાર કરવાથી શરીરમાં રક્તવાહિનીઓમાં ઑક્સિજનનો સંતુલિત પુરવઠો પહોંચે છે અને શરીરની બધી જ રચનાઓ વચ્ચે એકદમ યોગ્ય સુમેળતા સ્થપાય છે. આમ, માનવશરીરની સંપૂર્ણ મનોશારીરિક રચનાને સ્વસ્થ રાખે છે.

**આસન (શારીરિક અંગસ્થિતિઓ)**

આ વિશેષ શારીરિક અંગસ્થિતિઓ છે, જે સ્નાયુઓના ખેંચાણ દ્વારા શરીર અને મગજને સ્થિર રાખે છે. આસનોનો મૂળ હેતુ શરીરના સ્નાયુઓને મજબૂત અને શરીરને સુડોળ બનાવવાનો છે. આસનો માટેનો મૂળભૂત સિદ્ધાંત માત્ર શારીરિક કાર્યક્ષમતા

વધારવાનો નથી, પરંતુ મનોશારીરિક સ્વાસ્થ્ય અને ચેતનાની જાગૃતિ માટેનો છે. વ્યક્તિએ કોઈપણ વિશેષ સંઘર્ષ વિના પોતાને સાનુકૂળ સમયે આસનો કરવાં જોઈએ.

**પ્રાણાયામ :**

વ્યક્તિના શ્વસનતંત્ર પર નિયંત્રણ મેળવવા માટે પ્રાણાયામ કરવામાં આવે છે, જે ઊર્જાસભર શ્રેણીઓનો એક એવો પ્રવાહ રચે છે, જે આપમેળે ચેતાતંતુઓને ઊર્જાથી ભરી દે છે. પોતાને સાનુકૂળ હોય એવા લાંબા સમય સુધી શ્વાસને અટકાવી રાખવો એ આ યૌગિક પદ્ધતિની આવશ્યક ટેક્નિક છે. પ્રાણાયામનો મુખ્ય હેતુ માનવશરીરના મજ્જાતંતુઓની સ્વચાલિત રચનાઓ પર નિયંત્રણ મેળવવાનો છે. આ રીતે મગજના સંચાલન પર પણ નિયંત્રણ મેળવી શકાય છે અને તેને પોતાને આધીન બનાવી શકાય છે. ધ્યાન જેવી યૌગિક પદ્ધતિઓ માટે તે ખૂબ જ ઉપયોગી છે.

**ધ્યાન :**

ચેતના સતત અને અવિરતપણે એક જ દિશામાં આગળ વધે તેને ધ્યાન કહે છે. ધ્યાનનો મૂળભૂત સિદ્ધાંત આંતરિક જાગૃતિ વિકસાવવાનો છે. ધ્યાનમાં ચેતના પર નિયંત્રણ મેળવવામાં આવે છે, જેની શરૂઆત બાહ્ય વસ્તુઓમાંથી ઇન્દ્રિયોને પ્રારંભિક રીતે પાછી ખેંચવાથી લઈને બાહ્ય પર્યાવરણની સંપૂર્ણ વિસ્મૃતિથી થાય છે. આ તલ્લીન થવાની પ્રક્રિયા છે, જેમાં વ્યક્તિ પોતાના અનુભવ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો પ્રયાસ કરે છે. નિયમિતપણે ધ્યાન કરવાથી વ્યક્તિની એકાગ્રતાની શક્તિ વધે છે. પરિણામે વ્યક્તિની શારીરિક ઊર્જા, માનસિક કાર્યક્ષમતા, સર્જનાત્મક્તા, સ્થિરતા, યાદશક્તિ, બૌદ્ધિક ક્ષમતા, શારીરિક તાકત અને અંત પ્રજ્ઞતામાં વધારો થાય છે.

**સ્વાસ્થ્ય શું છે ?**

સ્વાસ્થ્યની અનેક વ્યાખ્યાઓ છે, પરંતુ સ્વાસ્થ્યની સૌથી આધુનિક વ્યાખ્યા ૧૯-૨૨ જૂન ૧૯૪૬માં ન્યુયૉર્ક ખાતે ઈન્ટરનેશનલ હેલ્થ કૉન્ફરન્સ દ્વારા વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઇઝેશન (હૂ)ના કાયદેસરના બંધારણ દરમિયાન બનાવવામાં આવી હતી. આ કાયદેસરના બંધારણ ઉપર ૬૧ દેશોના (વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઇઝેશનના સત્તાવાર રૅકૉર્ડ્સ નંબર-૨, પાના નં. ૧૦૦) પ્રતિનિધિઓ દ્વારા ૨૨મી જુલાઈ ૧૯૪૬ના રોજ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ કાયદો ૭મી એપ્રિલ ૧૯૪૮ના રોજ અમલમાં આવ્યો હતો. આ વ્યાખ્યા મુજબ 'સ્વાસ્થ્ય એ એવી સંપૂર્ણ શારીરિક, માનસિક અને સામાજિક સુખાકારીની સ્થિતિ છે, જેમાં માત્ર બીમારીઓ અથવા નબળાઈની ગેરહાજરી નથી.'

**યોગ અને યૌવન :**

યોગને સ્વસ્થ જીવનના વિજ્ઞાન અને કળા તરીકે માનવામાં આવે છે. સ્વસ્થ જીવન અને બીમારીઓથી દૂર રહેવા માગતી દરેક વ્યક્તિ માટે તે છે. હકીકતમાં યોગ અન્ય લાભ ઉપરાંત આંતરિક કુશળતા વિકસાવવાનો અને આત્મવિશ્વાસનું સ્તર ઊંચે લઈ જવાનો એક માર્ગ છે. તેને જીવન પદ્ધતિમાં સંપૂર્ણ ફેરફાર કહી શકાય.

યોગ આજના યુવાનોની જરૂરિયાત છે. યુવાનો તેમના જીવનમાં અભ્યાસ હોય કે રોજગારી સંબંધિત સમસ્યાઓ દરેક સ્તર પર અનેક પડકારોનો સામનો કરી રહ્યા છે. યોગ તેમને નિશ્ચિત રૂપે દૈનિક પડકારોનો અસરકારક રીતે સામનો કરતા વાસ્તવિક યોગીમાં પરિવર્તિત કરી શકે છે. યોગ શારીરિક, માનસિક, સામાજિક, નૈતિક, ભાવનાત્મક અને અધ્યાત્મ એમ દરેક સ્તર પર માણસની પ્રતિભા વિકસાવે છે અને તેને વિવિધ પ્રતિભામાં વિભાજિત કરે છે. તે સંપૂર્ણ શારીરિક રચનાઓ પર અસર કરે છે, એકાગ્રતા અને ધીરજમાં વધારો કરે છે તથા અભ્યાસુને શાંત બનાવે છે, જે આજના દૈનિક જીવનમાં ખૂબ જ આવશ્યક છે.

ભારત ૧૨૫ કરોડથી વધુની વસતિ ધરાવતો વિશાળ દેશ છે અને દેશનો વિકાસ મોટાભાગે તેના નાગરિકોના સ્વાસ્થ્ય પર નિર્ભર છે. જો દેશના નાગરિકોનું સ્વાસ્થ્ય નબળું હશે, તો વિકાસ પ્રક્રિયા ધીમી હશે, કારણ કે નાગરિકોના યોગ્ય સ્વાસ્થ્ય માટે ઊર્જા અને સંશાધનોનું મોટા પાયે રોકાણ કરવું પડે છે. પરંતુ જો દેશના યુવાનોનું સ્વાસ્થ્ય સારું હશે તો દેશ વૈશ્વિક સ્તરે વિકાસની દોડમાં થાક્યા વિના અવિરત લાંબું અંતર કાપી શકશે. તેથી, યુવાનોનું સ્વાસ્થ્ય ખૂબ જ મહત્ત્વનું છે.

યોગ નિશ્ચિતપણે આધ્યાત્મિક વિજ્ઞાન છે. ઉપરાંત તે સ્વસ્થ જીવન જીવવાનું વિજ્ઞાન પણ છે. તેનામાં સ્વાસ્થ્ય જાળવવાની અને બીમારીઓને દૂર રાખવાની ક્ષમતા છે. યોગ પ્રત્યે સાફલ્યવાદી અભિગમ અપનાવવાથી જીવનના દરેક સ્તરમાં એકરૂપતા લાવી શકાય છે અને આપણા દૈનિક જીવન પર સકારાત્મક અસર ઉપજાવી શકાય છે. નિયમિત યોગ કરવાથી આપણા વર્તન અને વલણમાં હકારાત્મક

પરિવર્તન આવે છે તથા ઘર અને સમાજ સાથેના આંતર-વ્યક્તિગત સંબંધોમાં સુધારો લાવવામાં મદદ મળે છે. અનેક વૈજ્ઞાનિકો અને સંશોધકોએ યોગના ઉપચાર અંગેના લાભો પર પણ પ્રકાશ પાડ્યો છે અને આ બાબતે સમગ્ર વિશ્વમાં અભ્યાસ થયા છે. આજે, યોગ શારીરિક અને મનોશારીરિક બીમારીઓ સહિત જીવનપદ્ધતિ સંબંધિત અનેક બીમારીઓના સંચાલન અને તેને અટકાવવામાં તેની ક્ષમતાના કારણે સમગ્ર વિશ્વમાં લોકપ્રિય બન્યો છે.

**યોગ અને સંશોધન :**

તબીબી અભ્યાસો મનોશારીરિક અને જીવનપદ્ધતિ સંબંધિત બીમારીઓના અસરકારક રીતે ઉપચારની યોગની ક્ષમતાઓ પર પ્રકાશ ફેંકે છે. આજે યોગ બિનચેપી બીમારીઓની સારવારમાં બિનઅતિક્રમણકારી સારવાર તરીકે સ્વીકૃત બન્યો છે. દૈનિક જીવનમાં સકારાત્મક ફેરફાર દ્વારા આ બીમારીઓને અટકાવી શકાય છે. ઉપવાસ થૅરપી, ડાયેટ થૅરપી, મડ થૅરપી, હાઇડ્રો થૅરપી, મસાજ થૅરપી, ઍર થૅરપી જેવી કેટલીક નેચરોપથી સાથે ષટ્કર્મ, આસન, સૂર્યનમસ્કાર, પ્રાણાયામ, ધ્યાન જેવા યોગાભ્યાસ બીમારી મુક્ત, સ્વસ્થ અને સુખી જીવનની ખાતરી આપે છે.

આજના યુવાનો હાઈ બ્લડપ્રેસર, હૃદયની સમસ્યાઓ, ડાયાબિટીસ, તણાવ, ઍંગ્ઝાઈટી, ઈન્સોમેનિયા જેવી કેટલીક બીમારીઓનો સામનો કરી રહ્યા છે. આ સંબંધમાં થયેલા અભ્યાસો સીએડીમાં હૃદયની ધમનીઓ સાથે સંકળાયેલાં જોખમી પરિબળો ઘટાડવામાં યોગના અસરકારક લાભ દર્શાવે છે. માનચંદા ઈટી એએલ, ૨૦૦૦ દર્શાવે છે કે યોગ લાઈફસ્ટાઈલ ઈન્ટરવેન્શન પ્રોગ્રામ ઉચ્ચસ્તરની પૂર્તતા સાથે હૃદયની ધમનીઓ સંબંધિત બીમારી ધરાવતા દર્દીઓ પર હાથ ધરવો શક્ય છે.

હૃદય સંબંધિત બીમારીઓનાં પરિક્ષણ, એન્જાઈન, લિપિડ લેવલ્સ, બોડી વેઈટ પર યોગની સાનુકૂળ અસર થાય છે. યોગ અર્ટેરોસ્ક્લેરોટિક પ્લેકને સ્થિર બનાવે છે. આમ હૃદયની બાયપાસ સર્જરી અથવા ઍન્જિયોપ્લાસ્ટીની જરૂરિયાત ઘટે છે. તેથી યોગ હૃદય સંબંધિત બીમારીઓથી પીડિત દર્દીઓમાં અસરકારક રીતે ઓછા ખર્ચે સારવાર પૂરી પાડે છે.

તેથી હૃદય સંબંધિત બીમારીઓ, હૃદયની ધમનીઓ સંબંધિત બીમારીઓ, હાઈપરટૅન્શન અને અન્ય બિન-ચેપી બીમારીઓને અસરકારક રીતે અટકાવવા અને તેના અસરકારક સંચાલન માટે યોગથી ઉપચાર કરવાથી દર્દીને લાભ થાય છે. આમ, યોગના આસનો તથા ક્રિયાઓનો દૈનિક જીવનના કાર્યક્રમોમાં સમાવેશ કરવો ફાયદાકારક છે.

યુવાનોના સ્વાસ્થ્યમાં આહાર પણ ખૂબ જ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આચાર્ય અને રસ્તોગી (૨૦૧૬)એ ‘યોગ : સંતુલિત સ્વાસ્થ્ય અને તણાવમુક્ત જીવન’ નામના મથાળા હેઠળના એક અભ્યાસમાં સ્વાસ્થ્ય માટે આહારની ટેવ પર વધુ ભાર મૂક્યો છે. સારા સ્વાસ્થ્ય માટે સારો આહાર જરૂરી છે. યુવાનોએ તેમનું સ્વાસ્થ્ય જાળવવા માટે પ્રીઝર્વ્ડ ફૂડ્સ, ફાસ્ટ ફૂડ્સ, જંકફૂડ, વધુ કેલરી ધરાવતાં ફૂડ તેમજ ધૂમ્રપાન, દારૂનું સેવન, કેફી દ્રવ્યોનું સેવન ટાળવું જોઈએ. આ પ્રકારના આહારના સેવન અને યોગ્ય વિશ્રાંતિ તથા કસરતના અભાવથી આપણે અસહિષ્ણુ બની ગયા છીએ, પરિણામે આપણે ડાયાબિટીસ, હાઈપરટૅન્શન, આર્થરાઈટીસ, પીઠમાં દુખાવા જેવી મનોશારીરિક બીમારીઓના ભોગ બનીએ છીએ. આ કારણોસર દરરોજ માનસિક બીમારીઓનું પ્રમાણ વધી રહ્યું છે. મોટી સંખ્યામાં લોકો હતાશા, સ્કિઝોફેનેયા, દારૂ અને કેફી દ્રવ્યોના ઉપયોગ સંબંધિત બીમારીઓથી પીડાય છે. આપણી દૈનિક જીવનપદ્ધતિમાં યોગને સ્થાન આપવાથી આ બધી જ બીમારીઓથી દૂર રહી શકાય છે. યોગ આસન, પ્રાણાયામ, ષદકર્મ, સૂર્યનમસ્કાર અને ધ્યાન જેવી વિવિધ ક્રિયાઓ સાથે સારવારની એક બિન અતિક્રમણકારી પદ્ધતિ તરીકે શરીર અને ચેતનાની અસરકારક રીતે સારવાર કરે છે.

તેથી એવું આકલન કરી શકાય કે યુવાનો માટે યોગ સ્વાસ્થ્યની સમસ્યાઓને દૂર રાખવા માટેનું એકદમ યોગ્ય માધ્યમ છે અને તે રીતે યોગ રાષ્ટ્રની વિકાસ પ્રક્રિયાનો મહત્ત્વપૂર્ણ ભાગ બની શકે છે. યોગ સારા સ્વાસ્થ્યનું કારણ બને છે અને સકારાત્મક વલણ વિકસાવે છે. આમ, યોગની ક્રિયાઓ શરીર અને મગજને એકદમ યોગ્ય રીતે સ્વસ્થ અને એકાગ્ર રાખવા માટેનો એકદમ યોગ્ય માર્ગ છે.

ઈશ્વર એન આચાર્ય નવી દિલ્હીમાં સ્થિત સેન્ટ્રલ કાઉન્સિલ ફોર રિસર્ચ ઈન યોગ એન્ડ નેચરોપેથીના ડિરેક્ટર છે.


ઈ-મેલ: **ccryn.goi@gmail.com**

રાજીવ રસ્તોગી સીસીઆરવાયએનના આસિસ્ટન્ટ ડિરેક્ટર (નેચરોપેથી) છે.

ઈ-મેલઃ **rrastogi.2009@gmail.com**

# અર્થતંત્રની પરિસ્થિતિ પલટનાર પરિબળ : જીએસટી

**ડી.એસ. મલિક**



*જીએસટીની એક બેવડા વસૂલાતા વેરા તરીકેની દરખાસ્ત કરાઈ છે, જેમાં માલ-સામાન અને સર્વિસીસના આંતરરાજ્ય પુરવઠામાં કેન્દ્ર સરકાર સેન્ટ્રલ જીએસટી (સીજીએસટી) વસૂલ કરશે, જ્યારે રાજ્ય સરકાર (એસજીએસટી) વસૂલ કરશે. કેન્દ્ર સરકાર માલ સામાન અને સર્વિસીસના પુરવઠામાં ઈન્ટિગ્રેટેડ જીએસટી (આઈજીએસટી) પણ વસૂલ કરશે. આ રીતે જીએસટી બધા વેરાને જોડતો વેરો છે, જે કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા લેવાતા વિવિધ વેરાને બદલે ઉપયોગમાં આવશે. હાલમાં તે દેશની આર્થિક એકતા ઘડવા માટેનો મંચ બની રહેશે.*

*આ કરસુધારા દ્વારા આપણે સિંગલ નૅશનલ માર્કેટ, એક સરખો ટૅક્સબેઝ અને કેન્દ્ર અને રાજ્યોના એકસરખા કરકાયદા તરફ આગળ વધીશું. જીએસટી શાસનની ફેડરલ સિસ્ટમનું ઉદાહરણ બની રહેશે, કારણ કે તે બંધારણમાં દર્શાવ્યા પ્રમાણે દેશમાં અમલી બનશે. જીએસટીનું અન્ય એક ખૂબ જ નોંધપાત્ર પાસું એ છે કે સપ્લાયના શરૂઆતના તબક્કામાં ચૂકવેલા વેરા સામે સપ્લાયના દરેક તબક્કે ઈનપુટ ટૅક્સ ક્રેડિટ ઉપલબ્ધ થશે. આ પાસાને કારણે મહદ્ અંશે ડબલ ટૅક્સેશન અથવા તો કાસ્કેડિંગ અસર નાબૂદ થશે. આ કરસુધારાને માહિતી ટૅક્નોલૉજી ( ગુડઝ ઍન્ડ સર્વિસટૅક્સ નેટવર્ક-GSTN મારફતે) નો વ્યાપક સહયોગ મળશે.*

દેશમાં (જીએસટી) રજૂ કરવાના વિચારનો પ્રારંભ વર્ષ ૨૦૦૬ના ઐતિહાસિક બજેટ પ્રવચનમાં તા.૨૮ ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ કરવામાં આવ્યો હતો અને તે સમયના નાણાં પ્રધાન દ્વારા દેશમાં જીએસટી લાગુ કરવાની તારીખ ૧ એપ્રિલ, ૨૦૧૦ આપવામાં આવી હતી. તે પછી દેશમાં જીએસટી લાગુ કરવા માટે સતત પ્રયાસો થતા રહ્યા અને તેના પરિણામે બંધારણ (૧૨૨મો સુધારો) બિલ ડિસેમ્બર, ૨૦૧૪માં રજૂ કરવામાં આવ્યું.

### જીએસટી શા માટે ?

એક સામાન્ય સવાલ એ થાય કે જીએસટી રજૂ કરવાની જરૂરિયાત શું છે? આ સવાલના જવાબ માટે આપણા દેશનું હાલનું, આડકતરા વેરાનું માળખું સમજવું જરૂરી છે. હાલમાં કેન્દ્ર સરકાર ઉત્પાદન ઉપર વેરો (સેન્ટ્રલ એકસાઈઝ ડ્યૂટી) વસૂલ કરે છે, સર્વિસ ઉપર વેરો (સર્વિસ ટૅક્સ) વસૂલ કરવાની જોગવાઈ છે. માલસામાનના આંતરરાજ્ય વેચાણ ઉપર વેરો (સીએસટી) લાગુ પડે છે, જે કેન્દ્ર સરકારનો વેરો છે, પણ રાજ્યો દ્વારા એકત્ર કરવામાં આવે છે અને ઉપયોગમાં લેવાય છે. આ ઉપરાંત રાજ્ય સરકારો રિટેઈલ વેચાણ ઉપર વેરો (VAT) વસૂલ કરે છે. રાજ્યમાં માલસામાનનો પ્રવેશ થાય ત્યારે (ઍન્ટ્રી ટૅક્સ) વેરો લેવામાં આવે છે. આ ઉપરાંત લકઝરી ટૅક્સ, ખરીદવેરો વગેરે વેરા વસૂલ કરાય છે. આથી સ્પષ્ટપણે જણાય છે કે અનેક પ્રકારના વેરા છે. આ રીતે અનેક તબક્કે વેરા વસૂલ થાય છે, જે એક જ સપ્લાય ચેઈનને લાગુ પડે છે.

આ વેરાઓની અનુવર્તી અસર થાય છે. કેન્દ્ર સરકાર દ્વારા જે વેરા વસૂલ કરાય છે તેનો રાજ્ય સરકાર દ્વારા વસૂલ કરાયેલા વેરા સામે સેટ ઑફ મળતો નથી. રાજ્ય સરકાર દ્વારા પણ જે વેરા વસૂલ કરવામાં આવે છે, તેને પણ કેન્દ્ર સરકાર દ્વારા વસૂલાતા વેરા સામે સેટ ઑફ આપવામાં આવતો નથી. આ ઉપરાંત દેશમાં વિવિધ પ્રકારના વેટના કાયદા અમલમાં છે અને અસમાન કરવ્યવસ્થા અમલમાં છે, જે દેશને અલગ-અલગ આર્થિક વિસ્તારોમાં વિભાજિત કરે છે. ઑકટ્રોય, ઍન્ટ્રી ટૅક્સ, ચેકપોસ્ટ વગેરેને કારણે ટેરિફ અને નોન- ટેરિફના અવરોધો ઊભા થાય છે. આના કારણે દેશભરમાં માલ સામાનના મુક્ત પ્રવાહ માટે અવરોધ ઊભો થાય છે. આ ઉપરાંત અનેક પ્રકારના વેરા હોવાને કારણે તેના અમલ કરવા માટે કરદાતાનો ખર્ચ વિવિધ પ્રકારના રિટર્ન ભરવાને કારણે તથા ચુકવણીઓ વગેરે કારણે ઘણો ઊંચો આવે છે.

### જીએસટી શું છે ?

અગાઉ જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તે તમામ આડકતરા વેરાનું એક જ વેરા ગુડ્ઝ ઍન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)માં રૂપાંતર કરવાની દરખાસ્ત છે, માલસામાનના અને સર્વિસ પૂરા પાડવા સામે અથવા તો બંને

ઉપર લેવામાં આવશે, જે ઉત્પાદન અથવા તો આયાતથી શરૂ કરીને રિટેઇલના છેલ્લા સ્તર સુધી વસૂલ કરવામાં આવશે. આનો અર્થ એ થયો કે મૂળભૂત રીતે હાલમાં કેન્દ્ર કે રાજ્ય સરકાર દ્વારા લેવાતા દરેક વેરાનું જીએસટીમાં રૂપાંતર થશે.

જીએસટીની એક બેવડા વસૂલાતા વેરા તરીકેની દરખાસ્ત કરાઈ છે, જેમાં માલ-સામાન અને સર્વિસીસના આંતરરાજ્ય પુરવઠામાં કેન્દ્ર સરકાર સેન્ટ્રલ જીએસટી (સીજીએસટી) વસૂલ કરશે, જ્યારે રાજ્ય સરકાર (એસજીએસટી) વસૂલ કરશે. કેન્દ્ર સરકાર માલસામાન અને સર્વિસીસના પુરવઠામાં ઇન્ટિગ્રેટેડ જીએસટી (આઈજીએસટી) પણ વસૂલ કરશે. આ રીતે જીએસટી બધા વેરાને જોડતો વેરો છે, જે કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા લેવાતા વિવિધ વેરાને બદલે ઉપયોગમાં આવશે. હાલમાં તે દેશની આર્થિક એકતા ઘડવા માટેનો મંચ બની રહેશે.

આ કરસુધારા દ્વારા આપણે સિંગલ નૅશનલ માર્કેટ, એક સરખો ટૅક્સબેઝ અને કેન્દ્ર અને રાજ્યોના એકસરખા કરકાયદા તરફ આગળ વધીશું. જીએસટી શાસનની ફેડરલ સિસ્ટમનું ઉદાહરણ બની રહેશે, કારણ કે તે બંધારણમાં દર્શાવ્યા પ્રમાણે દેશમાં અમલી બનશે.

જીએસટીનું અન્ય એક ખૂબ જ નોંધપાત્ર પાસું એ છે કે સપ્લાયના શરૂઆતના તબક્કામાં ચૂકવેલા વેરા સામે સપ્લાયના દરેક તબક્કે ઇનપુટ ટૅક્સ ક્રેડિટ ઉપલબ્ધ થશે. આ પાસાને કારણે મહદ્ અંશે ડબલ ટૅક્સેશન અથવા તો કાસ્કેડિંગ અસર નાબૂદ થશે. આ કરસુધારાને માહિતી ટૅક્નોલૉજી ( ગુડઝ ઍન્ડ સર્વિસ ટૅક્સ નેટવર્ક-GSTN મારફતે) નો વ્યાપક સહયોગ મળશે. આ કારણે કરબોજ અંગે વ્યાપક પારદર્શકતા, રાજ્યો તથા કેન્દ્ર સરકારના કરવહીવટમાં જવાબદેહિતા આવશે અને કરદાતા માટે કરકાયદાના પાલનનું વલણ વધશે. તેના અમલનો ખર્ચ પણ ઘટશે. અભ્યાસોમાં એવો નિર્દેશ મળ્યો છે કે જીએસટી રજૂ થવાથી તુરત જ આર્થિક વૃધ્ધિમાં ગતિ આવશે અને તેના કારણે જીડીપીમાં ૧થીર ટકા જેટલો સક્ષમ વધારો થશે.

**જીએસટીના લાભ :**

**સરકાર માટે લાભ :**

- તેનાથી ભારત માટે સંગઠિત એકસરખુ નૅશનલ માર્કેટ ઊંભું થશે અને તે દ્વારા વિદેશી મૂડીરોકાણ અને મેક ઇન ઇન્ડિયા ઝુંબેશને વેગ મળશે.
- ગુડ્ઝ અને સર્વિસીસમાં સપ્લાયના દરેક તબક્કે ઇનપુટ ક્રેડીટ ઉપલબ્ધ થવાથી કરવેરાની અનુવર્તી અસર નાબૂદ થશે.
- કાયદાઓ, પ્રક્રિયાઓ કેન્દ્ર તથા વિવિધ રાજ્યના વેરા તથા વિવિધ રાજ્યોના કરવેરાના દરમાં સંવાદિતા આવશે
- કરકાયદાના અમલ માટેનું વાતાવરણ સુધરશે કારણ કે તમામ રિટર્ન ઑનલાઇન ફાઇલ કરવામાં આવશે. ઇનપુટ ક્રેડિટ પણ ઑનલાઇન વેરીફાય કરવામાં આવશે. આથી સપ્લાય ચેઇનના દરેક સ્તરે આર્થિક વ્યવહારોમાં વધુ ચોકસાઈ ધરાવતા હિસાબોને પ્રોત્સાહન મળશે.
- સમાન પ્રકારના અને એકસરખા IGST દરને કારણે કર નહી ભરવાનું વલણ ઘટશે. પડોશી રાજ્યોમાં કે એકથી બીજા રાજ્યમાં કરતફાવતને કારણે નીચા દરમા ખરીદી ઊંચા દરમાં વેચવાનું વલણ ઘટશે.
- કરવેરો ભરનારના રજિસ્ટ્રેશનની, ટૅક્સના રિફંડની એકસરખી પદ્ધતિ, ટૅક્સના રિટર્ન, સમાન કરબેઝ ગુડ્ઝ અને સર્વિસીસના વર્ગીકરણને એકસરખી પદ્ધતિ વગેરેને કારણે કર પદ્ધતિમાં વધુ ચોક્કસતા આવશે.
- માહિતી ટૅક્નોલૉજીનો વધુ ઉપયોગ થવાને કારણે કર ભરનાર તથા કર વહીવટ વચ્ચેનો સંપર્ક ઘટશે અને તેનાથી ભ્રષ્ટાચાર ઘટાડવામાં ઘણી મદદ થશે.
- તેનાથી નિકાસ અને ઉત્પાદન પ્રવૃત્તિને વેગ મળશે. રોજગારીનું વધુ નિર્માણ થશે અને તેને કારણે રોજગારી વધશે અર્થપૂર્ણ અને નોંધપાત્ર આર્થિક વિકાસ થશે.
- વધુ રોજગારીના નિર્માણ દ્વારા તે આખરે ગરીબી નિવારણમાં સહાયક બનશે અને વધુ નાણાકીય સ્રોતો પ્રાપ્ત થશે.

**વેપાર - ઉદ્યોગને લાભ**

- ઓછી છૂટછાટો સાથે સરળ કર વ્યવસ્થા.
- બિઝનેસ કરવામાં આસાની વધશે.
- હાલની કરવેરા પદ્ધતિમાં લેવાતા વિવિધ પ્રકારના આડકતરા વેરા ઘટશે તેના કારણે એકરૂપતા અને સરલીકરણ થશે
- વર્ક્સ કૉન્ટ્રાક્ટ, સૉફ્ટવેર, હૉસ્પિટાલિટી સૅકટર વગેરે ઉપર લાગુ પડતા બેવડા વેરાનું ભારણ ઘટશે
- ગુડ્ઝ અને સર્વિસીસમાં સપ્લાયના દરેક તબક્કે ઇનપુટ ક્રેડિટ ઉપલબ્ધ થવાથી કરવેરાની અનુવર્તી અસર નાબૂદ થશે.
- કરપાલનના ખર્ચમાં ઘટાડો થશે. વિવિધ પ્રકારના વેરાને કારણે રાખવા પડતા અનેક રેકર્ડમાંથી મુક્તિ મળશે. આથી સાધનો અને માનવબળમાં કરવા પડતા રોકાણનો અને રેકર્ડ જાળવી રાખવાનો ખર્ચ ઘટશે.

- ખાસ કરીને નિકાસમાં કરવેરા વધુ બિન અસરકારકતા બનશે. આ કારણે આપણી પ્રોડકટ્સ આંતરરાષ્ટ્રીય બજારમાં વધુ સ્પર્ધાત્મક બનશે અને ભારતીય નિકાસને વેગ મળશે
- રજિસ્ટ્રેશન, રિટર્ન્સ, રિફંડ, ટૅક્સની ચુકવણી વગેરે વિવિધ પ્રક્રિયામાં સરલીકરણ અને સ્વયંસંચાલિત પ્રક્રિયાને લાગુ પડશે
- માલસામાનના અને સર્વિસીસ ઉપરનો સરેરાશ કરબોજ નીચો આવશે. તેને કારણે વપરાશમાં વધારો થશે અને તેના કારણે ઉત્પાદન વધશે. આ કારણે ઉદ્યોગોના ઉત્પાદનમાં વૃદ્ધિ થશે.

**ગ્રાહકોને લાભ**

- ઉત્પાદક, રિટૅઇલર અને સર્વિસ પ્રોવાઇડર વચ્ચે ઇનપુટ ક્રૅડિટના અવિરત પ્રવાહને કારણે સામાનની આખરી કિંમત પારદર્શક બનશે.
- કરવેરાની અનુવર્તી અસર નાબૂદ થવાને કારણે લાંબેગાળે ચીજવસ્તુઓના અને કૉમોડીટિઝના ભાવમાં ઘટાડો થશે
- નાના રિટેઇલર્સમા મોટા સમુદાયને કા તો કરમાંથી બાકાત રખાશે અથવા તો કમ્પાઉન્ડિંગ સ્કીમ હેઠળ તેમને વેરાનો ઓછો દર લાગુ કરવામાં આવશે. આવા એકમો પાસેથી ખરીદીમાં ગ્રાહકોને ઓછો ખર્ચ થશે.
- વધુ રોજગાર નિર્માણ અને વધુ નાણાકીય સ્રોતોને કારણે ગરીબી નાબૂદ થશે.

**રાજ્યોને લાભ**

- મૅન્યુફૅકચરિંગથી માંડીને રિટેઇલ સુધી સમગ્ર સપ્લાય ચેઇનને કર લગાડી શકાતો હોવાથી કરવેરાનો પાયો વિસ્તૃત બનશે.
- સર્વિસીસને કર લાગુ કરવાની સત્તા મળશે, જે અત્યાર સુધી માત્ર કેન્દ્ર સરકારને જ મળતી હતી. આનાથી આવકો વધશે અને રાજ્યોને અર્થતંત્રના સૌથી ઝડપથી વૃધ્ધિ પામતા સેક્ટર સાથેનો નાતો વધશે.
- જીએસટી એ સ્થળ આધારિત વપરાશ ઉપરનો વેરો હોવાથી વપરાશ કરતા રાજ્યોને લાભ થશે.
- તેનાથી દેશમાં મૂડીરોકાણના એકંદર વાતાવરણમાં સુધારો થશે અને તેનાથી સ્વાભાવિકપણે જ રાજ્યોના વિકાસને લાભ થશે.
- મહદ અંશે એકસરખું સ્વરૂપ ધરાવતો એસજીએસટી અને ઓઈજીએસટીના દર ઓછા થતાં કર નહી ભરવા માટેનું પ્રોત્સાહન ઘટશે તથા કરવેરાનાં દરમાં ફરકને કારણે પડોશી રાજ્યો સાથે આંતરરાજય અને રાજયની અંદર તફાવતનો લાભ લેવાની વૃત્તિ ઘટશે.
- કર ચૂકવનાર વર્ગના કાયદાના પાલનના સ્તરમાં સુધારો થશે અને તેને કારણે રાજ્યોની આવકો એકઠી થવામાં સુધારો થશે.

**વર્તમાન દરજ્જો**

- આડકતરા વેરામાં સુધારાના આ ઐતિહાસિક કાયદાને અમલમાં મૂકવા માટે બંધારણીય (૧૨૨મો સુધારો) બિલ લાવવામાં આવ્યું હતું, જેને સીએબી બિલ તરીકે ઓળખાવાય છે. સંસદમાં આ બિલ રજૂ કરાયું હતું અને રાજયસભાએ તા.૩ ઑગસ્ટ, ૨૦૧૬ના રોજ અને લોકસભાએ તા.૮ ઑગસ્ટ, ૨૦૧૬ના રોજ મંજૂરી આપી હતી.
- સીએબીને તે પછી ૧૫ રાજ્યો દ્વારા બહાલી આપવામાં આવી છે અને તે પછી રાષ્ટ્રપતિશ્રીએ બંધારણ (૧૦૧મો સુધારો) સુધારા ઍક્ટ- ૨૦૧૬ માટે તા.૮ સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ મંજૂરી આપી છે. ત્યાર પછી જીએસટી કાઉન્સિલ નોટિફાઇડ કરાઈ હતી અને જીએસટી સંબંધી મુદ્દાઓ નક્કી કરવા માટે બંધારણીય સંસ્થા અસ્તિત્વમાં આવી હતી.
- તા.૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ ભારત સરકારે નોટિફિકેશન્સ બહાર પાડીને સીએબીનાં તમામ સેક્શનોને આવરી લઈ દ્રઢતાપૂર્વક જીએસટી રજૂ કરવાની જાહેરાત કરી હતી. આ નોટિફિકેશન દ્વારા જીએસટી અમલી બનાવવા માટે ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૭ સુધીની એક વર્ષની મર્યાદા નક્કી કરવામાં આવી છે.

**જીએસટી કાઉન્સિલની બેઠકો**

- સીએબી હેઠળ નિર્ણયો લેનાર સર્વોચ્ચ સંસ્થા જીએસટી કાઉન્સિલની બેઠકો તેની રચના પછી ૧૩ વખત મળી છે અને જીએસટી કાઉન્સિલની વિવિધ બેઠકોમાં કેટલાક મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા.
- જીએસટી કાઉન્સિલમાં બિઝનેસ હાથ ધરવા માટેના નિયમો
- જીએસટીના અમલીકરણ માટેનું ટાઇમટેબલ
- જીએસટી લેવામાંથી મુક્તિ આપવાની મર્યાદા રાજ્યો માટે રૂ.૨૦ લાખની રહેશે, જેમાં બંધારણના આર્ટિકલ-૨૭૯-એમાં દર્શાવેલા સ્પેશિયલ કૅટેગરીના રાજ્યોનો સમાવેશ થશે નહી. આ રાજ્યો માટે રૂ.૧૦ લાખની મર્યાદા રહેશે.
- વળતર યોજના હેઠળ, વળતર મેળવવાની યોજના રૂ.૫૦ લાખની

રહેશે. સર્વિસ પ્રોવાઇડર્સ અને અન્યને કંપોઝિશન સ્કીમની બહાર રાખવામાં આવ્યા છે.

- જીએસટીના અમલીકરણને કારણે રાજ્યોની આવકમાં થતી ખોટ સામે ૫ વર્ષ સુધી વળતર આપવામાં આવશે. આ માટે ૨૦૧૫-૧૬ના વર્ષને પાયાનું વર્ષ ગણવામાં આવશે અને ૧૪ ટકાનો સ્થિર વૃદ્ધિ દર ગણતરીમાં લેવાશે.
- રજિસ્ટ્રેશન, પેમેન્ટ, રિટર્ન, રિફંડ અને ઇનવૉઇસ, ડૅબિટ/ક્રૅડિટ નોટ્સ અંગેના ડ્રાફ્ટ જીએસટી રૂલ્સને એમાં, જરૂર પડે ચૅરપર્સનની મંજૂરી સાથે ગૌણ ફેરફારો માન્ય ગણાશે, તે સમજ સાથે મંજૂરી આપવામાં આવી છે. સહયોગીઓ અને કાયદા વિભાગ તરફથી યોગ્ય સૂચનો મેળવવામાં આવ્યાં છે.
- કોઈ પણ હયાત કર પ્રોત્સાહન યોજના હેઠળ આડકતરો વેરો ભરવામાંથી મુક્તિ મળી હોય તેવી તમામ સંસ્થાઓ જીએસટી વ્યવસ્થામાં વેરો ભરશે અને પ્રોત્સાહન યોજના ચાલુ રાખવાનો નિર્ણય જે તે રાજ્ય અથવા તો કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવશે. કોઈ કિસ્સામાં રાજ્ય અથવા તો કેન્દ્ર સરકાર કોઈ પણ મુક્તિ/પ્રોત્સાહન યોજના ચાલુ રાખવા માગશે તો તેને પરત ચુકવણીની વ્યવસ્થા દ્વારા લાગુ પાડવામાં આવશે.
- ચાર સ્લેબ ધરાવતું કરવેરાનું માળખું અપનાવવામાં આવ્યું છે, જેમાં ૫ ટકા, ૧૨ ટકા, ૧૮ ટકા અને ૨૮ ટકાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત મુક્તિ મળી હોય, તેવા માલ-સામાનની એક કેટેગરી રહેશે. આ ઉપરાંત લક્ઝરી કાર્સ, એરેટેડ પીણાં, પાન-મસાલા, તમાકુની ચીજો વગેરે પર રાજ્યોને વળતર આપવાના થતા ૨૮ ટકાના દર ઉપરાંત સેસ લેવામાં આવશે.
- સેન્ટ્રલ ગુડ્ઝ ઍન્ડ સર્વિસીસ ટૅક્સ (સીજીએસટી) બિલ-૨૦૧૭, ઇન્ટિગ્રેટેડ ગુડ્ઝ ઍન્ડ સર્વિસીસ ટૅક્સ (આઈજીએસટી) બિલ- ૨૦૧૭, યુનિયન ટેરેટરીઝ (વિધાઉટ લેજિસ્લેચર), ગુડ્ઝ ઍન્ડ સર્વિસીસ ટૅક્સ (UTs GST), બિલ- ૨૦૧૭ અને ગુડ્ઝ ઍન્ડ સર્વિસીસ ટૅક્સ (રાજ્યોને વળતર) બિલ- ૨૦૧૭ લોકસભા દ્વારા તા.૨૯ માર્ચ, ૨૦૧૭ના રોજ મંજૂર કરવામાં આવ્યું છે અને રાજ્યસભા દ્વારા તા.૬ એપ્રિલ, ૨૦૧૭ના રોજ મંજૂરી આપવામાં આવી છે. જીએસટી કાઉન્સિલ દ્વારા તા.૩૧ માર્ચ, ૨૦૧૭ના રોજ જીએસટીના રૂલ્સને મંજૂરી આપવામાં આવી છે અને તેને હવે પબ્લિક ડોમેઇનમાં મૂકવામાં આવ્યા છે.
- રજિસ્ટ્રેશન રૂલ્સ
- રિટર્ન રૂલ્સ
- ઇનવૉઇસ રૂલ્સ
- પેમેન્ટ રૂલ્સ
- રિફંડ રૂલ્સ
- ઇન-પુટ ટૅક્સ ક્રૅડિટ રૂલ્સ
- વૅલ્યુએશન (ગુડ્ઝ અને સર્વિસીસના પુરવઠાનું મૂલ્ય નક્કી કરતા) ના નિયમો
- ટ્રાન્ઝિશનલ રૂલ્સ
- કમ્પોઝિશન રૂલ્સ

**જીએસટીના અમલીકરણમાં નીચે મુજબના પડકારો છે :**

- જીએસટી લાગુ કરવા માટે તા.૧ જુલાઈ, ૨૦૧૭નો પડકારયુક્ત સમય
- રાજ્યોની વિધાનસભાઓ દ્વારા ડ્રાફ્ટ લૉને મંજૂરી
- કરવ્યવસ્થાના ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ટૅક્નોલૉજી અપગ્રેડેશનને ખાસ કરીને, રાજ્યોમાં મંજૂરી
- વ્યાપાર અને ઉદ્યોગની આઈટી સિસ્ટમનું અપગ્રેડેશન

હવે સહયોગીઓ માટે તથા જાહેર જનતા માટે રાષ્ટ્રવ્યાપી જાણકારી ઊભી કરવા તરફ મુખ્ય ઝોક અપાઈ રહ્યો છે, જેથી જીએસટી અને તેની બિઝનેસ, આવશ્યક ચીજોની કિંમતો, નોકરીની તકો વગેરે સંભવિત અસર અંગે તેમની શંકાઓ/ ગૂંચવાડા અને જો કોઈ ગેરમાન્યતા હોય તે દૂર થાય. નાના બિઝનેસ મૅન અને વ્યાપારીઓને જીએસટી અને તે સંબંધી કાયદાઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવશે અને તેમના ટૅક્સ રિટર્ન કઈ રીતે ઑનલાઇન ફાઇલ કરવાં તે અંગે માહિતગાર કરવામાં આવશે તથા જ્યારે પણ અમલી બને ત્યારે ઇનપુટ ટૅક્સ ક્રૅડિટનો દાવો કઈ રીતે કરવો તે સમજાવવામાં આવશે. સરકાર હવે સંપૂર્ણપણે કટિબદ્ધ છે અને આ મહત્ત્વના આડકતરા વેરાલક્ષી સુધારાને તા.૧ જુલાઈ, ૨૦૧૭ થી અમલી બનાવવા માટે આશાવાદી છે.

**લેખક માહિતી અને પ્રસારણ મંત્રાલયના પ્રેસ ઇન્ફોર્મેશન બ્યૂરોમાં એડિશનલ ડિરેક્ટર જનરલ છે, જેઓ નાણાં, કોર્પોરેટ અફેર્સ અને ભારતીય સ્પર્ધાત્મક પંચ માટે મીડિયા સંબંધો અને સંચાર કામગીરીની જવાબદારી ધરાવે છે.**

**ઈ-મેલ: dprfinance@gmail.com**

**આગામી આકર્ષણ**

**સામાજિક સલામતિ**

**SOCIAL SECURITY**

# ભારતીય યુવાવર્ગની વૈશ્વિક હાજરી

**ડૉ. શીતલ શર્મા**



*ભારત દુનિયામાં વસતા વિદેશી લોકોનો સૌથી મોટો સમુદાય બની ચૂક્યું છે. કામ કરનારા ભારતીય સમુદાયના લોકોની સંખ્યામાં વધારો થશે. આ રીતે ભારતને સ્થાનિક વર્ગ તથા વિદેશમાં વસતા ભારતીય સમુદાયોનો પણ લાભ મળશે. યુવાન ભારતીય સમુદાય વિશ્વના તમામ દેશોમાં પ્રસરેલો છે અને તે ભારતના સૉફ્ટ પાવરનું સૌથી મોટું સાધન છે. ભારતે તેમના દ્વારા મોકલાતા વિપુલ રેમિટન્સનો લાભ તો મળે જ છે. સાથે-સાથે વિદેશમાં વસતા ભારતીય સમુદાય દ્વારા કરાયેલા સંશોધન અને વિકાસકાર્યનો લાભ પણ મળે છે. આમ છતાં, વર્તમાન પરિસ્થિતિમાં ભારતની સરકારે વિદેશમાં વસતા ભારતીય સમુદાયની કામગીરીનો દેશને લાભ થાય તે પ્રકારે સંશોધન અને વિકાસ પ્રવૃત્તિઓને વેગ આપવાની જરૂર છે. એક સમય એવો હતો કે જ્યારે ચીનનો સૌથી મોટો સમુદાય દુનિયાભરમાં વસતો હતો, પરંતુ સફળ ચાઈનીઝ ઉદ્યોગસાહસિકોએ દેશમાં પરત આવવાનું પસંદ કર્યું અને સ્થાનિક સ્ટાર્ટઅપ અને આર ઍન્ડ ડી સાહસોને આવશ્યક ગતિ પૂરી પાડી. પરંતુ ભારતીય સમુદાયમાં આવી કોઈ તરાહનો અભાવ વર્તાય છે.*

અનંત કાળથી ભારતીય યુવા સમુદાય દુનિયાભરમાં ભારતના શાણપણ, સામાજિક વિકાસ અને સંસ્કૃતિના મશાલ ધારક તરીકેની ભૂમિકા બજાવે છે. દુનિયા જ્યારે પોતાના જે તે સંપ્રદાય અંગેના ધાર્મિક અને વંશીય સર્વોચ્ચતાના દાવા કરવામાં તલ્લીન હતી, ત્યારે સ્વામી વિવેકાનંદ નામના એક યુવાન સાધુએ છેક ૧૮૯૩માં શિકાગો ખાતે વર્લ્ડ રિસિડિયસ કૉન્ફરન્સમાં ધાર્મિક સહિષ્ણુતાના મહત્ત્વ અંગે તેમને પ્રવચન આપ્યું હતું.એ સમયે યુવા બેરિસ્ટર મહાત્મા ગાંધીએ દક્ષિણ આફ્રિકાનો પ્રવાસ કર્યો હતો અને, પ્રથમ વાર સત્ય અને અહિંસાના પ્રયોગો અંગે પાઠ ભણાવ્યા હતા, જે દુનિયામાં શાંતિ અને સંવાદિતા માટેનું એક અજેય સાધન બની રહ્યું. તેમને ભારતના સૌ પ્રથમ પ્રવાસી ભારતીય તરીકે ઓળખવામાં આવે છે. જેમણે સમગ્ર માનવ સંસ્કૃતિને એવો બોધ આપ્યો કે જેને પૂરું જગત દિલમાં સંઘરી રાખવા જેવો સંદેશ સમજે છે.ભારતીય પરંપરાઓ અને મૂલ્યોને દુનિયાભરમાં ફેલાવવાની પરંપરા ઈસુની બીજી સદી જેટલી પુરાણી છે. એ વખતે મૌર્ય રાજવી અશોકના યુવાન દીકરા અને દીકરી શ્રીલંકા (સિલોન)ગયાં હતાં અને દક્ષિણ એશિયામાં બૌદ્ધધર્મને સ્થાપિત કર્યો હતો. આવા યુવાન ભાવનાશીલ ભારતીય યુવાનોએ આપેલો વારસો કરોડો યુવાન પ્રતિભાશાળી લોકો આગળ ધપાવી રહ્યા છે અને વર્તમાન સમયમાં તેમણે દુનિયાના કોઈ ને કોઈ ખૂણે પોતાની હાજરી વર્તાવવાનું ચાલુ રાખ્યુ છે.

**ઠેરઠેર ફેલાયેલા ભારતીયો : એક અવિચલ યુવાબ્રિગેડ**

વર્ષ ૨૦૧૫ના યુનાઈટેડ નૅશન્સના આંતરરાષ્ટ્રીય સ્થળાંતર અહેવાલ (migration reprot)માં એવું અવલોકન કરવામાં આવ્યું છે કે આંતરરાષ્ટ્રીય સ્થળાંતર કરનાર વર્ગની મધ્ય વય (median) માત્ર ૩૯ વર્ષની હોય છે. ભારત દુનિયામાં યુવાનોની સૌથી વધુ વસતી ધરાવતું હોવાથી દુનિયાના ખૂણે ખૂણે પ્રવાસ કરતા ભારતીયો સૌથી યુવાન સ્થળાંતર કરનાર વર્ગ ગણવામાં આવે છે. ૨.૫ કરોડ લોકોનો ભારતીય સમાજ દુનિયામાં ઠેરઠેર પથરાયેલો પડ્યો છે. યુ.એન. ડિપાર્ટમેન્ટ ઑફ ઈકોનૉમિક્સ ઍન્ડ સોશિયલ ઍફેર્સ (DESA) દ્વારા વર્ષ ૨૦૧૫માં હાથ ધરવામાં આવેલા સર્વેક્ષણ અનુસાર ભારતીય સમુદાયની વસતી દુનિયામાં સૌથી વધારે છે. ભારતીય સમુદાયની વસ્તી વૈશ્વિક રીતે ચોકસ ભૌગોલિક વિસ્તારોમાં જવાનું વલણ દર્શાવે છે, આમ છતાં સાઉથ સુદાન કે જ્યાંની વસતી ૧૦૦ કરતાં પણ ઓછી છે, તેવા નાનામાં નાના અને નવામાં નવા દેશોમાં પણ નોંધપાત્ર હાજરી ધરાવે છે. માત્ર અમેરિકામાં જ ૩.૨ મિલિયન ભારતીય લોકો વિવિધ પ્રકારના વિઝા અને નાગરિકત્વ ધરાવે છે. અમેરિકા ઉપરાંત, ભારતના પ્રવાસીઓ માટે ગલ્ફના દેશો અત્યંત ગમતું સ્થળ છે. ત્યાં બધા મળીને

ભારતથી આવેલા ૭ મિલિયન લોકો છે. ભારતીય સમુદાય જે રીતે દુનિયાના ખૂણે ખૂણે પથરાયેલો છે તેમાં એક આંતરિક વસાહતવાદનો વારસો જોવા મળે છે અને જેને મહદઅંશે બ્રિટિશ હિતોને કારણે આકાર મળ્યો હોય તેમ જણાય છે. આથી ઠેરઠેર પથરાયેલા ભારતીય સમુદાયની વર્તમાન સમયની ભિન્નતા પાછળનાં પરિબળોની વાત કરીએ, તો જ્યાં જ્યાં પણ બ્રિટિશરાજ અમલમાં હતું તેવા તમામ દેશોમાં ભારતીય સમુદાય જોવા મળે છે. આ રીતે ઑસ્ટ્રેલિયા, ન્યુઝીલૅન્ડ, ફિજી, વેસ્ટ ઇન્ડીઝ અને પૂર્વ આફ્રિકાના દેશોમાં તેમની હાજરીથી કોઈ અચરજ થાય તેમ નથી. શરૂઆતના સમયમાં જે સ્થળાંતરો થયાં, તેમાં તક નહી પણ ઇચ્છા વિરૂદ્ધની પરાધિનતા વિશેષ પ્રમાણમાં જોવા મળતી હતી અને એમાં કરારના બંધનને કારણે શ્રમિકો, સૈનિકો, ખલાસીઓ, ખારવાઓ અને ઘરની નોકરડીઓ તરીકે વિદેશમાં આવેલો સમુદાય હતો. આ લોકો યુવાન હતા, પણ પોતાની કારકિર્દીને આકાર આપવા અને પ્રવાસના દેશમાં મળેલી તકને ઝડપી લેવા માટે મુક્ત ન હતા. એ પછીના તબક્કામાં જે લોકો સ્થળાંતર કરીને આવ્યા તેમાં સંપન્ન સમુદાયના ભારતીય વિદ્યાર્થીઓ, લૉ ગ્રૅજ્યુએટ્સ, વેપારીઓ હતા કે જે યુનાઇટેડ કિંગડમ અને તેની કૉલોનીઓમાં સ્થાયી થયા હતા અને તેમણે ભારતની આઝાદીને માટે જરૂરી ગણાય તેવો વેગ પૂરો પાડ્યો હતો. શ્યામજી કૃષ્ણ વર્મા આવા જ એક બૅરિસ્ટર હતા, જે બ્રિટનમાં સ્થાયી થયા હતા અને તેમણે ઇન્ડિયા હાઉસ શરૂ કરીને યુવા ઊર્જાવાન વિદ્યાર્થીઓને આશરો પૂરો પાડીને પ્રસિદ્ધ ઑક્સ - બ્રિજ યુનિવર્સિટીઓમાં આધુનિક વૈજ્ઞાનિક શિક્ષણ મેળવવાની તક પૂરી પાડી હતી. યુવા ઊર્જાવાન વિદ્યાર્થીઓ અને સાવરકર, મેડમ ભિખાજી કામા અને મદનલાલ ઢીંગરા જેવાં પ્રસિદ્ધ નામો લંડનના ઇન્ડિયા હાઉસ સાથે સંકળાયેલાં છે. આ રીતે યુવા વિદ્યાર્થીઓની બ્રિગેડ દ્વારા બ્રિટિશ શાસનના અત્યાચાર બાબતે યુનાઇટેડ કિંગમડમના વિવિધ ભાગોમાં ધ્યાન દોરવામાં આવ્યું અને અને લંડન ભારતીય યુવા વિદ્યાર્થીઓનું મુખ્ય મથક બની રહ્યું હતું. મેડમ કામા પાછળથી પૅરિસમાં સ્થાયી થયાં અને ભારતીય હાજરીની સીમા વિસ્તારી સમાન પ્રકારે યુવા વિદ્યાર્થીઓનો એક સમૂહ દ્વારા અમેરિકા ને કેનેડામાં ગદર ચળવળ શરૂ કરવામાં આવી અને તે રીતે આ દેશોને પણ સંપર્ક અને નિયમિત વિનિમયનાં મથકો તરીકે વિકસાવ્યાં.

આમ છતાં ભારતીય લોકોના સ્થળાંતરનો ખૂબ જ નોંધપાત્ર તબક્કો સંસ્થાનવાદના (decolonization) અંત પછી શરૂ થયો. ભારતમાં આઈઆઈટી જેવી ગુણવત્તા ધરાવતી ઉચ્ચશિક્ષણની સંસ્થાઓ શરૂ થઈ. તેનાથી યુવા પ્રતિભાશાળી ટેક્નિકલ ગ્રૅજ્યુએટ્સને પશ્ચિમ યુરોપ અને ઉત્તર અમેરિકા જેવા વિકસિત દેશોમાં તેમની ક્ષમતા મુજબની તકો હાંસલ થઈ. આ દેશોએ તેમની ક્ષમતા પારખી અને તેમને વિદેશી ચલણમાં પ્રમાણસર ચુકવણી કરવા માંડી. એમાંના કેટલાક લોકો કાયમી ધોરણે યુનાઇટેડ કિંગડમ અને અમેરિકા જેવા દેશોમાં સ્થાયી થઈ ગયા.

### વૈશ્વિકીકરણઃ વ્યાપક સ્થળાંતર માટે આકર્ષણ પેદા કરતું પરિબળ


ભારતમાં ઉદારીકરણ પછીના તબક્કામાં એ સમયની પેઢીને યુવા પ્રતિભાશાળી ભારતીયો માટે વિદેશમાં તકો જણાઈ. વિકસિત દેશોમાં વધતો જતો શ્રમ ખર્ચ અને વધતા જતા ઉત્પાદનને કારણે તેમને સસ્તા વિકલ્પો અને ભારતીય જમીન તથા ભારતીય શ્રમ તરફ આકર્ષણ પેદા થયું અને તેમને ભારતના શ્રમ દ્વારા તેમની જરૂરિયાત પૂરી થતી જણાઈ. અમેરિકાની જંગી ટેક્નિકલ કંપનીઓએ સસ્તા છતાં એટલા જ પ્રતિભાવાન ભારતીય ટેક્નોક્રેટ્સની તુલનામાં અડધી કિંમતે પ્રાપ્ત થયા. આનાથી અમેરિકન કંપનીઓને ખર્ચ ઘટાડવામાં અને નફો વધારવાનો લાભ મળ્યો, ત્યારે બીજી તરફ નોકરી વગરના યુવાન ટેક્નિકલ ગ્રૅજ્યુએટ્સને સ્વમાનપૂર્વકની રોજગારી હાંસલ થઈ. આ રીતે બંને દેશના લોકો માટે લાભદાયી સ્થિતિ ઊભી થઈ.

### સિલિકોનવેલી : ભારતીય ઉદ્યોગ સાહસિકોની સફળ ગાથા

૧૯૬૦માં અમેરિકામાં માત્ર ૧૨,૦૦૦ ભારતીય ઇમિગ્રન્ટ્સ રહેતા હતા, જેમાંના મોટાભાગના બિનકુશળ કામદારો હતા અથવા તો ઓછું કૌશલ્ય ધરાવતા અશિક્ષિત ખેડૂતો હતા. આમ છતાં, ૧૯૯૦ના યુએસ ઇમિગ્રન્ટ્સ ઍક્ટમાં જે હકારાત્મક ફેરફાર કરાયા, તેનાથી અત્યંત કુશળ યુવાન અને શિક્ષિત ભારતીયોનો મોટો પ્રવાહ અમેરિકા તરફ વળ્યો. વર્ષ ૧૯૮૦ થી ૨૦૧૩ સુધીમાં કુશળ ભારતીયોની વસતિ ૨૦૬,૦૦૦થી વધીને ૨.૦૪ મિલિયન જેટલી થઈ ગઈ, જે દરેક દાયકામાં લગભગ બમણી થતી ગઈ. વર્તમાન સમયમાં ભારતીય નાગરિકોનો મોટો સમુદાય કામચલાઉ હાઈ-સ્કિલ્ડ વર્કર એચવન-બી વિઝા મેળવવામાં મોખરે રહ્યો છે અને અમેરિકાના નાગરિકત્વ અને ઇમિગ્રેશન સર્વિસીસ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪માં ૩,૧૬,૦૦૦ એચવન-બી વીઝામાં ૭૦ ટકા જેટલું પ્રમાણ ધરાવતા હતા. લગભગ ૧૦૩,૦૦૦ ભારતમાં જન્મેલા વિદ્યાર્થીઓને અમેરિકાની શૈક્ષણિક સંસ્થાઓમાં ૨૦૧૩-૧૪ના શૈક્ષણિક વર્ષમાં દાખલ કરાયા હતા. અમેરિકાના સેન્સર્સ બ્યૂરોના વાર્ષિક અહેવાલમાં જણાવ્યા મુજબ ભારતમાંથી આવેલા આ યુવાનોની સરેરાશ વય ૩૯ વર્ષ જેટલી હતી અને અમેરિકામાં હાજરી ધરાવતા તમામ ભારતીયોમાંથી ૮૩ ટકા લોકો એક યા બીજા પ્રકારના જ્ઞાન આધારિત ઉદ્યોગો સાથે સંકળાયેલા હતા. કુલ ઇમિગ્રન્ટ્સના માત્ર ૧૧ ટકા લોકો જ ૬૫થી વધુ વર્ષની વય ધરાવતા હતા.

ભારતીય ઈમિગ્રન્ટ્સ અત્યંત ઉચ્ચ પ્રકારનું શિક્ષણ ધરાવતા હતા અને અમેરિકાના સ્થાનિક શૈક્ષણિક ધોરણોથી પણ આગળ નીકળી જતા હતા. વર્ષ ૨૦૧૫માં ૮૨ ટકા ભારતીય ઈમિગ્રન્ટ્સ (૨૫ વર્ષ અને તેથી વધુ ઉંમર ધરાવતા) દ્વારા સ્નાતક કે તેથી ઉચ્ચકક્ષાની ડિગ્રી હાંસલ કરી હતી. તેની તુલનામાં ત્યાં જન્મેલા પુખ્ત વયના લોકોમાં આ પ્રમાણ ૩૦ ટકા જેટલું હતું.

**Employed Workers in the Civilian Labor Force (ages 16 and older) by Occupation and Origin, 2013**




tabulation of data from the U.S. Census Bureau 2013 ACS.

**સિવિલિયન લેબરફોર્સમાં કામ કરતા કામદારો (ઉંમર ૧૬ વર્ષ કે તેથી વધુ)નું વ્યવસાય અને મૂળને આધારે વર્ગીકરણ-૨૦૧૩ માહિતીનું આ વર્ગીકરણ યુએસ સેન્સર્સ બ્યૂરોના વર્ષ ૨૦૧૩ના એસીએસ ડેટાને આધારે કરાયું છે. સ્રોત : યુએસ સેન્સર્સ બ્યૂરોનો વર્ષ ૨૦૧૩નો અહેવાલ.**

અમેરિકાની સિલિકોનવેલી કે જે સૉફ્ટવેર ટેક્નોલૉજિસ અને સ્ટાર્ટઅપ માટેનું સૌથી મોટું ગ્લોબલ હબ ગણવામાં આવે છે, ત્યાં વિતેલાં વર્ષોમાં ભારતીય ચહેરાઓએ સ્થાન હાંસલ કર્યું છે. સિલિકોનવેલીમાં આવેલી ગૂગલ, માઈક્રોસૉફ્ટ, એએમડી, એબોર્ડ વગેરે જંગી સોફ્ટવેર કંપનીઓમાં ભારતીય સીઈઓ કામ કરી રહ્યા છે. અન્ય મોટી કંપનીઓ અને ફેસબુક, મોટોરોલા, રેકીટ બેંન્કિસ્ટર, માસ્ટર કાર્ડ વગેરે જેવા સ્ટાર્ટઅપ્સમાં ભારતીય મૅનેજરો ગ્લોબલ કામકાજની મહત્ત્વની બાબતો સંભાળે છે. ભારતીય એન્જિનિયરોની અજોડ પ્રતિભા અને મનોબળને કારણે સમગ્ર અમેરિકામાં તેમને પ્રશંસા પ્રાપ્ત થઈ રહી છે.

**ઑક્સો- બ્રિજ અને લંડન : સદા સમૃદ્ધ ભારતીય કથાઓ**

યુનાઈટેડ કિંગડમ સાથેનું ભારતનું જોડાણ હંમેશા બ્રિટિશ શાસનની અભૂતપૂર્વ કડવી યાદો છોડી ગયું છે. આમ છતાં, ભારત અને યુકે હંમેશાં એકબીજાના સહયોગી બનીને પરસ્પરની વિકાસગાથામાં સહાય કરી રહ્યા છે. યુકેમાં બે મિલિયન જેટલા બ્રિટિશ-ઈન્ડિયન નાગરિકો છે, જે બ્રિટનનાં વિવિધ સ્થળોએ સ્થાયી થયા છે. આ વસતિનો મોટો ભાગ યુવા અને ગતિશીલ ઈમિગ્રન્ટસની ત્રીજી પેઢી તરીકે વસેલો છે, જે ઉચ્ચસ્તરના ઉદ્યોગસાહસિક, ટેક્નોક્રેટ, મેનેજરો અને ડૉક્ટરો ગણાય છે. યુવા ભારતીયો ત્યાં બ્રિટિશ અને રાજકીય-સામાજિક સંસ્કૃતિ સાથે એ રીતે ભળી ગયા છે કે તે ચૂંટણીઓ લડે છે અને દેશની સમગ્ર રાજકીય પ્રક્રિયામાં સક્રિયપણે સામેલ થાય છે. વર્ષ ૨૦૧૫માં ભારતીય મૂળ ધરાવતા ૧૦ ઉમેદવારો સંસદની ચૂંટણીઓ જીતી ગયા હતા અને તેમાંના મોટા ભાગના યુવાનો હતા. કન્ઝર્વેટિવ પાર્ટીની પ્રીતિ પટેલ (૪૫ વર્ષ), પ્રથમ બ્રિટિશ ભારતીય મહિલા બની કે જે કેમરૂનની સરકારમાં પ્રધાનપદના સ્થાન સુધી પહોંચી હતી.

**ગલ્ફના દેશો અને મલેશિયા**

ભારતમાંથી વર્તમાન સમયમાં વિદેશમાં પ્રસરેલો સમુદાય મુખ્યત્વે બે પ્રકારનો છે. પ્રથમ પ્રકારમાં ઉચ્ચ કૌશલ્ય ધરાવતા વ્યવસાયીઓ, કામદારો અને વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે, જે વ્હાઈટ કૉલર જૉબ સાથે સંકળાયેલા છે. આ વર્ગ મુખ્યત્વે અમેરિકા, યુકે, કૅનેડા, ઑસ્ટ્રેલિયા અને ન્યુઝીલૅન્ડ જેવા દેશોમાં સ્થળાંતર કરે છે. આમ છતાં સ્થળાંતર કરીને આવેલો અન્ય મહત્ત્વપૂર્ણ વર્ગ અર્ધ-કુશળ અને બિન-કુશળ કામદારોનો છે, જેમણે

ખૂબ મોટા પ્રમાણમાં ગલ્ફના દેશો અને મલેશિયામાં જવાનું વલણ દર્શાવ્યું છે. સ્થળાંતર કરીને જતા આ સમુદાયની સરેરાશ વય યુરોપ અને ઉત્તર અમેરિકામાં જતા સમુદાય કરતાં પણ ઘણી ઓછી છે. આ દેશોમાં મોટાપાયે જે સ્થળાંતર થયું છે, તે પશ્ચિમ એશિયા દેશોમાં ઑઈલના બિઝનેસમાં આવેલી તેજી પછી થયું છે. ગલ્ફના દેશોમાં ભારતીય સમુદાયની વસતી લગભગ ૬ મિલિયન જેટલી છે અને તેમાંનો ૯૦ ટકાથી મોટો વર્ગ સ્થળાંતર કરીને આવેલા બિન-નિવાસી ભારતીયો (એનઆરઆઈ)નો છે. અમેરિકા, યુકે અને કૅનેડાથી વિપરીત રીતે ભારતીય ઇમિગ્રન્ટ્સને ગલ્ફના દેશોમાં ભાગ્યેજ કાયમી વર્ક વિઝા મળતા હોય છે, કારણ કે તેમની કામગીરીમાં મુખ્યત્વે બાંધકામ અથવા તો મજૂરી જેવું બ્લ્યુ કૉલર પ્રકારના કામનો સમાવેશ થતો હોય છે. આથી તેમની કામ કરવાની અસરકારક ક્ષમતા એક ચોક્કસ વય પછી ઘટે છે. આથી આવા દેશોમાં વૃદ્ધ લોકોની વસતિને ઓછું પ્રાધાન્ય અપાય છે. જો કે કેટલાક ભારતના રિયલ એસ્ટેટના ઉદ્યોગસાહસિકોએ સાઉદી અરેબિયા, યુએઈ અને કતાર જેવા દેશોમાં પોતાનું નસીબ હાંસલ કર્યું છે, પરંતુ ભારતીય ઉદ્યોગસાહસિકોને આ દેશોમાં ગુલાબી તકો હાંસલ થતી નથી. ભારતના કેરાલા રાજ્યના સૌથી વધુ લોકો ગલ્ફના દેશોમાં સ્થળાંતર કરીને વસ્યા છે. ભારતની યુવાન છોકરીઓએ સફળતાપૂર્વક નર્સ અને મિડવાઈફની નોકરીઓ ગલ્ફના દેશોની સુપર સ્પેશિયાલિટી હૉસ્પિટલોમાં મેળવી છે. આ દેશોમાં ભારતથી આવેલા મોટા સમુદાયને કારણે ભારતીય સંસ્કૃતિ અને બોલિવુડની ફિલ્મો ગલ્ફના દેશોમાં ખૂબ જ લોકપ્રિય બની છે.

### બ્રેઈન ડ્રેઈન અથવા તો સાંસ્કૃતિક ઍમ્બેસેડર્સ

ભારત તેના વિદેશના વિવિધ ભાગોમાં વસતા લોકા પાસેથી અંદાજે ૭૦ અબજ ડૉલર જેટલું રેમિટન્સ મેળવે છે. કોઈ પણ દેશને મળતું આ સૌથી વધુ રેમિટન્સ છે. આ રકમ કેટલી જંગી છે, તેનો અંદાજ એ હકીકત પરથી આવે છે કે માત્ર કેરાલામાં જ ગલ્ફના દેશોમાંથી કેરાલાની નેટ સ્ટેટ ડોમેસ્ટિક પ્રોડક્ટ્સ (એનએસડીપી)ની ૩૬.૩ ટકા જેટલી રકમ આવી હતી. આમ છતાં વીતેલા દાયકાઓમાં ભારતમાંથી વિદેશ ગયેલા સમુદાયે દેશનાં સંસ્કૃતિ અને ભારતીય ભૂમિનાં મૂલ્યોને વિશ્વભરમાં બહુમાન અપાવ્યું છે. તેજસ્વી પ્રતિભા ધરાવતા વર્ગ તરીકે તેમને પ્રશંસા તો પ્રાપ્ત થઈ છે, પરંતુ તેમણે પોતાના વ્યવસાયમાં યુવાન ભારતીય પ્રતિભાઓ અંગેનું ચિત્ર જ બદલી નાંખ્યું છે. તેમણે ભારતની વૈકલ્પિક અને મજબૂત ઈમેજનું નિર્માણ કરવાનું કામ કર્યું છે, જે અગાઉ મદારીઓની ભૂમિ તરીકે ઓળખાતા દેશ કરતાં તદ્દન ભિન્ન પ્રકારનું છે. આ રીતે ભારતે સાંસ્કૃતિક અને આર્થિક બંને પ્રકારે વિદેશી સમુદાયમાં જઈને લાભ હાંસલ કર્યો છે.

આમ છતાં, સારી તાલીમ પામેલા ભારતીયોનું મોટા પાયે વિદેશમાં સ્થળાંતર થવાને કારણે કુદરતી રીતે જ ભારતમાં 'બ્રેઈન ડ્રેઈન' અંગે ચિંતા પેદા થાય તે સ્વાભાવિક છે. વર્ષ ૨૦૧૦માં ભારત આશરે ૬૦,૦૦૦ જેટલા યુવાન તાલીમબદ્ધ ડૉકટરોને વિદેશમાં મોકલીને પ્રથમ ક્રમે આવ્યું હતું. અંગ્રેજી બોલતા ઓઈસીડી દેશોમાં ભારત મોટા ભાગના તાલીમબદ્ધ વિદેશી ડૉક્ટરોનો પુરવઠો પૂરો પાડે છે. આ રીતે આરોગ્યક્ષેત્રના વ્યવસાયીઓના જંગી સ્થળાંતરને કારણે ભારતમાં અને ખાસ કરીને દેશના ગ્રામીણ વિસ્તારોમાં કે જ્યાં ડૉક્ટરોની અછત સૌથી વધુ છે, ત્યાં આ પરિસ્થિતિને કારણે નકારાત્મક અસર ઊભી થઈ છે. ભારતમાંથી વિદેશ જતાં ડૉક્ટરોનું પ્રમાણ આશરે ૧૦ ટકા જેટલું છે, જ્યારે ચીનમાં આ દર માત્ર ૧ ટકો છે. જિનેટિક એન્જિનિયરિંગ અને બાયોટૅક્નોલૉજી ક્ષેત્રે તાલીમબધ્ધ વ્યવસાયીઓ તેમનો અભ્યાસ પૂરો કર્યા પછી અમેરિકામાં સ્થળાંતર કરે છે અને ભારતીય લેબોરેટરીઝમાં અને આર ઍન્ડ ડી સેન્ટરોમાં ગુણવત્તા ધરાવતા સંશોધકોની અછત વર્તાય છે.

### વિદેશમાં વસતા લોકો તરફથી મળતું ડેમોગ્રાફિક ડિવિડન્ડ

એશિયા, યુરોપ અને ઉત્તર અમેરિકાના મોટા ભાગના દેશોમાં ઉંમર ઝડપભેર વધતી જાય છે, ત્યારે ભારત વર્ષ ૨૦૨૫ સુધીમાં વિશ્વનો સૌથી યુવાન દેશ બનવા માટે સજ્જ બન્યો છે અને અહીંની વસતિની સરેરાશ (median) વય ૨૯ વર્ષ જેટલી છે. વિશ્વના કામ કરતા સમગ્ર સમુદાયના ૨૦ ટકા લોકો ૨૦૨૦ સુધીમાં ભારત આવવાનું પસંદ કરશે. ભારત દુનિયામાં વસતા વિદેશી લોકોનો સૌથી મોટો સમુદાય બની ચૂક્યું છે. કામ કરનારા ભારતીય સમુદાયના લોકોની સંખ્યામાં વધારો થશે. આ રીતે ભારતને સ્થાનિક વર્ગ તથા વિદેશમાં વસતા ભારતીય સમુદાયોનો પણ લાભ મળશે. યુવાન ભારતીય સમુદાય વિશ્વના તમામ દેશોમાં પ્રસરેલો છે અને તે ભારતના સૉફ્ટ પાવરનું સૌથી મોટું સાધન છે. ભારતને તેમના દ્વારા મોકલાતા વિપુલ રેમિટન્સનો લાભ તો મળે જ છે. સાથે-સાથે વિદેશમાં વસતા ભારતીય સમુદાય દ્વારા કરાયેલા સંશોધન અને વિકાસકાર્યનો લાભ પણ મળે છે. આમ છતાં, વર્તમાન પરિસ્થિતિમાં ભારતની સરકારે વિદેશમાં વસતા ભારતીય સમુદાયની કામગીરીનો દેશને લાભ થાય તે પ્રકારે સંશોધન અને વિકાસ પ્રવૃત્તિઓને વેગ આપવાની જરૂર છે. એક સમય એવો હતો કે જ્યારે ચીનનો સૌથી મોટો સમુદાય દુનિયાભરમાં વસતો હતો, પરંતુ સફળ ચાઇનીઝ ઉદ્યોગસાહસિકોએ દેશમાં પરત આવવાનું પસંદ કર્યું અને સ્થાનિક સ્ટાર્ટઅપ અને આર ઍન્ડ ડી સાહસોને આવશ્યક ગતિ પૂરી પાડી. પરંતુ ભારતીય સમુદાયમાં આવી કોઈ તરાહનો અભાવ વર્તાય છે. ભારતમાં ચાલી રહેલા બ્રેઇન ગેઇન

ના કેટલાક કાર્યક્રમો નીચે મુજબ છે.

(૧) **પ્રવાસી ભારતીય દિવસ :**

વિદેશમાં વસતા ભારતીય સમુદાયની સિદ્ધિઓને બિરદાવવા માટે અને તેમનું બહુમાન કરવા માટે તથા ભારત તથા તેમના નિવાસના દેશ વચ્ચે જોડાણરૂપ કડી સ્થાપવા દર વર્ષે એક વાર્ષિક સમારંભનું આયોજન કરવામાં આવે છે. અગાઉ પ્રવાસી ભારતીય દિવસના આ મંચનો ઉપયોગ ભારતના વિકાસ અને વૃદ્ધિની કથા જણાવવા માટે થતો હતો કે જેથી ભારતના વિદેશમાં વસતા લોકોમાં ભારતમાં રોકાણ કરવા માટેના વિશ્વાસમાં વધારો થાય.

(૨) **પીઆઈઓ અને ઓસીડી કાર્ડ ભેળવી દેવાયાં :**

આ બંને કાર્ડ ભેળવી દેવાનો નિર્ણય ભારતીય મૂળના લોકોને ભારતમાં અવરોધ વગર પ્રવેશની સગવડ મળે તે માટે તથા વારંવાર પોલીસ સ્ટેશનની મુલાકાત લેવી પડે નહીં અને લાંબા ગાળા માટે રોકાણ કરી શકે તે ઇરાદાથી કરવામાં આવ્યો હતો

(૩) **યુવા પ્રવાસી ભારતીય દિવસ :**

વિદેશમાં વસતા યુવા ભારતીય સમુદાયનું અને તેમને ભારતની વિકાસ ગાથા સાથે જોડવાના મહત્ત્વને સમજીને સરકારે યુવાનો સાથે જોડાણની આ યોજનાનો પ્રારંભ કર્યો છે. દુનિયાભરમાં યુવા સમુદાયના પ્રવાસીઓની સંખ્યામાં ભારે વધારો થઈ રહ્યો છે.

(૪) **પ્રવાસી ભારતીય કેન્દ્ર :**

ભારતીય સમુદાયના લોકો ૧૫૦ થી વધુ દેશોમાં વસી રહ્યા છે. તે હવે નવી દિલ્હીમાં આવેલા પ્રવાસી ભારતીય કેન્દ્રની મુલાકાત લઈને ત્યાં રોકાઈ શકે છે. અહીથી તે તેમના મૂળ શોધી શકે છે, મૂડીરોકાણ અંગે માર્ગદર્શન મેળવી શકે છે. સ્થાનિક પ્રવાસ માટે બુકિંગ કરાવી શકે છે અને મોટાં ઑડિટોરિયમમાં યોજાતા સમારંભોમાં હાજરી આપી શકે છે તથા બિઝનેસ માટેની મિટિંગોનું આયોજન પણ કરી શકે છે.

(૫) **વજ - Visiting Adjunct Joint research faculty**

આ યોજના પાછળ રાષ્ટ્રના વિકાસ માટે વિજ્ઞાન અને ટેક્નોલૉજીના ક્ષેત્રે પ્રદાન માટેનું વિઝન કામ કરે છે.

(૬) **ભારતને ઓળખો કાર્યક્રમ (Know India Programme -KIP)**

આ કાર્યક્રમ પાછળનો ઉદ્દેશ વિદેશમાં વસતા ૧૬થી ૧૭ વર્ષના વયજૂથના ભારતીય સમુદાયને ભારતીય ભૂમિ અને તેમના વડવાઓ અંગે પરિચિત કરવાનો તથા તેમના અભિપ્રાયો, અપેક્ષાઓ તથા અનુભવો જાણવા માટેનો તથા વર્તમાન ભારત સાથેનો તેમનો નાતો ઘનિષ્ઠ અને મજબૂત બનાવવાનો છે.

'બ્રેઈન ગેઈન' અને 'મેક ઇન ઇન્ડિયા' ને દુનિયાના વિવિધ દેશોમાં વસતા યુવા ભારતીય સમુદાયમાં નોંધપાત્ર પ્રતિધ્વનિ પ્રાપ્ત થયો છે. આ વર્ગ ભારત પરત આવવાનું આયોજન કરી રહ્યો છે અને તેમની માનસિક અને શારીરિક ક્ષમતા તેમજ આર્થિક નિપુણતા દ્વારા મૂડીરોકાણ કરવા વિચારે છે. વર્ષ ૨૦૦૦માં આઈઆઈટી મુંબઈ અને દિલ્હીના યુવા ગ્રૅજ્યુએટ્સને ઇન્ટરનેશનલ પ્લેસમેન્ટની ઑફરો મળી હતી. આ ઑફરો હાલમાં પણ નોંધપાત્ર ગણાય છે. પણ, અગ્રણી વિદ્યાર્થીઓના સ્થળાંતરમાં મોટા પ્રમાણમાં ઘટાડો થયો છે.

ભારત માટે તેનો વિદેશમાં વસતો ભારતી યુવા સમુદાય ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. અગાઉ અમેરિકા, યુકે, અને ઑસ્ટ્રેલિયા જેવા દેશોની સંકુચિત સરકારોએ અત્યંત કુશલ્ ભારતીયો માટેના વર્કવીઝાની સંખ્યામાં ઘટાડો કર્યો છે. આ બધા દેશોમાં આ પ્રકારના વિઝાના સૌથી મોટા લાભાર્થી ભારતીય યુવાનો હોવાથી આ પ્રકારના કોઈ પણ પ્રયાસથી તેમની કારકિર્દીને તો અસર થશે જ પણ સાથે સાથે ભારતમાંથી ત્યાં જઈને વસેલા લોકોને પણ તેની અસર થશે. યેમેન, સુદાન, કેન્યા અને ઇરાક જેવા અન્ય દેશોમાં ભારતના લોકોએ યુદ્ધ જેવી અસહાય હાલતમાં મુકાવું પડે છે. જોકે ભારતની સરકારે ત્યાંથી દૂર કરાયેલા લોકોને ત્યાંથી ભારત પરત લાવવા માટે અપવાદરૂપ પ્રોફેશનાલિઝમ અને ક્ષમતા દર્શાવી છે. આમ છતાં આ યુવા વ્યવસાયીઓના સમુદાયને કોઈ પણ વિપરીત હાલતમાંથી પરત લાવવા માટેની એક સુનિશ્ચિત માળખાગત વ્યવસ્થા હોવી જોઈએ. અટપટી પ્રક્રિયાઓ વિદેશથી પરત આવેલા ભારતીય સમુદાયમાંથી ઘણા લોકોને ભારતીય સ્ટાર્ટ-અપમાં રોકાણ કરતાં અટકાવે છે. આ નિયમોને યોગ્ય રીતે કોડ બદ્ધ અને સરળ બનાવા જોઈએ. યુવા સમુદાય ભારતમાં હોય કે વિદેશમાં હોય, તે એક અસ્કયામત સાબિત થતા હોય છે. આથી તેમને જરૂર મુજબની ચોક્કસ તાલીમ આપીને પ્રવાસી કૌશલ વિકાસ યોજના જેવી સુનિશ્ચિત યોજનાઓ અલમાં મુકવાની જરૂર છે.

ડૉ. શીતલ શર્મા દિલ્હીમાં સ્થિત જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીમાં યુરોપિયન સ્ટડીઝ માટેનાં કેન્દ્રમાં આસિસ્ટન્ટ પ્રોફેસર છે.

**ઈ-મેલ:sheetal88@gmail.com**

# ગુજરાતમાં યુવા વિકાસ

**ડૉ. સંજય કચોટ**



*સને ૨૦૦૨થી અત્યાર સુધીમાં યુવાનોને સતત રોજગારી પૂરી પાડવાની બાબતમાં પણ દેશમાં ગુજરાતે પ્રથમ નંબરનું સ્થાન જાળવી રાખ્યું છે. આંકડા તપાસીએ તો, દેશમાં ૨૮.૫ ટકા રોજગારીની તકો વધી છે. જ્યારે ગુજરાતમાં ચાલુ વર્ષે રોજગારીની તકોમાં ૭૧.૪ ટકા વધારો નોંધાયો છે. માત્ર ૨૦૧૦-૧૧ના એક જ વર્ષમાં રાજ્યમાં દસ હજારથી વધુ વસતિ ધરાવતા ગામો અને સાત હજાર સુધીની વસતિ ધરાવતા આદિવાસી પ્રદેશોના રૂર્બન વિસ્તારોને આવરી લઈને રાજ્ય સરકારે ૩૦૦ જેટલા સ્વર્ણિમ ગુજરાત કૌશલ્યવર્ધન તાલીમ કેન્દ્રોની સ્થાપના કરી છે. એ દ્વારા ૧ લાખ, ૧૨ હજાર, ૧૭૫ યુવાનોને રોજગારલક્ષી તાલીમથી સજ્જ કરીને પગભર કરવામાં આવેલા છે.સને ૨૦૧૧ના વાઈબ્રન્ટ સમીટમાં જુદી જુદી કંપનીઓ સાથે યુવાનો માટે સ્કિલ ડેવલપમેન્ટ માટેના કુલ ૧૧૫ એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે. જે દ્વારા એકંદરે કુલ ૫૦ હજાર માનવબળ તૈયાર કરવાનું આયોજન છે. રાજ્ય સરકારે ઉચ્ચ શિક્ષણમાં ટેક્નૉલોજી અને ઉપગ્રહ પ્રસારણ સેવાઓનો પણ વિનિયોગ સાધ્યો છે. આ માટે બિસાગ (બી.આઈ.એસ.એ.જી.)ના સહયોગથી ડી.ટી.એચ.ના માધ્યમથી ઉચ્ચ શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવે છે.*

ભારત દેશ એટલે યુવાઓનો દેશ એમ કહીશું તો જરાય અતિશયોક્તિભર્યું નહિ ગણાય. વળી, એક બાબત સ્વયંસ્પષ્ટ છે કે કોઈપણ દેશની પ્રગતિ અને વિકાસનો આધાર તેના યુવા શક્તિ પર રહેલો છે. એક સમયે દેશની વસતિ ગીચતા ઘણા લોકો માટે ચિંતાનો વિષય હતી. પરંતુ એ જ ચિંતા પ્રવર્તમાન દૃષ્ટિકોણથી વિચારીશું તો દેશ અને દુનિયાના દેશોની વસતિની સરખામણીએ આજે ફળદાયી અને ઉપયુક્ત લાગશે.

એક અંદાજ પ્રમાણે, આપણા દેશમાં ૬૫% યુવાનો ૩૫થી ઓછી વયના છે. એ દર્શાવે છે કે આપણી પાસે ‘પ્રોડકટિવ એજ‘ના લોકોની સંખ્યા નોંધપાત્ર છે અને, આ ઉભરતી યુવા શક્તિ રાષ્ટ્ર નિર્માણનું મહત્તવનું પાસું છે. અત્રે યાદ રહે કે, દેશની ગ્રોસ નેશનલ ઈન્કમ (જીએનપી) માં ૩૪% યોગદાન યુવાનો આપે છે. જોકે આ ક્ષમતા વધુ વિકસે તે આવયશક છે. વળી આ ક્ષમતા ત્યારે જ વિકસે જયારે યુવાનોના અધિકારો, યુવક સક્રિયતા અને સમુદાયના નિર્ણયોમાં પ્રોત્સાહન દ્વારા યુવાનોનું સશક્તિકરણ કરવામાં આવે.

સશક્ત યુવાનો સ્વચ્છ અને સુઘડ વહીવટ, શાંતિ, સોહાર્દ અને સંવાદિતાપૂર્ણ સમાજ નિર્માણના દ્યોતક બની શકે તેમ છે. ભારતની યુવા શક્તિ માટે આ બધું શક્ય છે કારણ કે આપણા દેશનો યુવાન દેશની કુલ વસ્તીનો સૌથી ગતિશીલ અને જીવંત હિસ્સો છે. ભારત વિશ્વની સૌથી યુવા રાષ્ટ્રો પૈકીનું એક છે, અગાઉ કહ્યું તેમ આપણા દેશમાં ૬૫ ટકા વસ્તી ૩૫ વર્ષથી ઓછી ઉંમરના યુવા લોકોની છે. જ્યારે મોટાભાગના વિકસિત દેશોમાં વૃદ્ધત્વના કર્મચારીઓનું જોખમ રહેલું છે. એક અંદાજ છે કે વર્ષ-૨૦૨૦ સુધીમાં ભારતની વસ્તીની સરેરાશ ઉમર ૨૮ વર્ષ, યુનાઈટેડ સ્ટેટ્સની ૩૮ વર્ષ, ચીનની ૪૨ વર્ષ અને જાપાનની ૪૮ વર્ષ હશે. આ ‘વસ્તીવિષયક ડિવિડંડ‘ આપણા દેશ માટે એક મહાન તક ઉભી કરશે. પરંતુ આ વસ્તી વિષયક ડિવિડન્ડનો લાભ ખાટી જવા માટે એ જરૂરી બને છે કે ભારતીય અર્થતંત્રમાં શ્રમ દળ અને ક્ષમતામાં વધારો થાય. આ માટે જરૂરી છે કે યુવાનો પાસે યોગ્ય શિક્ષણ, કુશળતા, આરોગ્ય જાગૃતિ અને અન્ય અર્થતંત્ર ઉત્પાદક ક્ષમતામાં વધારો થાય.

આ પૂર્વભૂમિકા બાદ, ઉભરતા યુવા સામર્થ્ય અંગે ગુજરાત રાજ્યની સ્થિતિ, દૃષ્ટિકોણ અને યુવાઓને સ્પર્શે તેવી રાજ્ય સરકારનો અભિગમ શો છે તે અંગે આ લેખક દ્વારા એક ચિતાર રજુ કરવાનો પ્રયાસ કરાયો છે. વાત જયારે યુવાનોના સામર્થ્યની હોય ત્યારે સ્વામી વિવેકાનંદ યાદ ન આવે તેવું બને? વિવેકાનંદજીની પરિકલ્પના, દેશના પ્રેણામૂર્તિસમા પૂર્વ રાષ્ટ્રપ્રમુખ ડૉ. અબ્દુલ કલામ અને આપણા આર્ષદ્રષ્ટ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિચારોને ગુજરાતના પરિપ્રેક્ષ્યમાં મુકવાનો પણ અહીં પ્રયાસ કર્યો છે.

**યુવાશક્તિ, સ્વામી વિવેકાનંદ અને ગુજરાતનો સંદર્ભ :**

સ્વામી વિવેકાનંદનું જાણીતું સૂત્ર છેઃ ‘ઉત્તિષ્ઠ જાગૃતઃ’ ૨૦૧૨નું વર્ષ ભારતવર્ષના આર્ષ-મનિષી સ્વામી વિવેકાનંદનું ૧૫૦મું જન્મજયંતી વર્ષ હતું. તા. ૧૨મી જાન્યુઆરી, ૨૦૧૨થી કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકાર તરફથી આ મહામાનવના દોઢસોમી જન્મજયંતીની જુદી-જુદી રીતે ઉજવણી કરવામાં આવી. હિન્દુસ્તાનનો વિશ્વભરમાં જયઘોષ

કરવા માટે પ્રગતિશીલ સ્વામી વિવેકાનંદ સદાય યાદ રહેશે.

૧૯મી સદીના ઉત્તરાર્ધમાં સનાતન હિન્દુ ધર્મને માત્ર હિન્દુસ્તાનમાં જ નહીં, વિશ્વભરમાં મહત્વપૂર્ણ સ્થાન અપાવવામાં પ્રદાન બદલ સ્વામી વિવેકાનંદને યાદ કરવામાં આવે છે. આધુનિક ભારતમાં પણ હિન્દુ ધર્મના પુનરોદ્ધાર માટે તેમનું પ્રદાન ધ્યાનાર્હ છે. અમેરિકાના શિકાગો ખાતે સને-૧૮૯૩માં યોજાયેલા વિશ્વ ધર્મ સંસદના કાર્યક્રમમાં હિન્દુસ્તાન અને સનાતન હિન્દુ ધર્મનું પ્રતિનિધિત્વ કરતી વેળા મંચ ઉપરથી તેઓએ પ્રવચનના આરંભમાં જ કરેલું સંબોધન 'અમેરિકામાં વસતા મારા ભાઈઓ અને બહેનો'થી તેઓ વધુ જાણીતા બન્યા. કારણ કે આ અંતરંગ પ્રકારનું સંબોધન સહુ કોઈને સ્પર્શી ગયું.

દરિયાપારથી આવેલા એક અજાણ્યા સાધક વિદેશની ધરતી ઉપર જન્મેલા લોકોને ભાઈઓ-બહેનો કહી શકે એ વાત જ સહુના હૃદય સોંસરવી ઉતરી ગઈ. મહત્વની વાત તો એ છે કે, અમેરિકામાં આવી ધર્મસંસદ યોજાવાની છે, એ વાત સ્વામીજીને ગુજરાતની ધરતી ઉપર જ જાણવા મળી હતી. વાત એમ હતી કે, સ્વામી વિવેકાનંદજી ભારતભ્રમણ માટે નીકળ્યા એ વર્ષોમાં ૧૮૯૧-૯૨ના અરસામાં તેમણે પરિવ્રાજક તરીકે અમદાવાદ, વઢવાણ અને લીંબડીનું પરિભ્રમણ કર્યું હતું. એ દિવસોમાં અમેરિકા અને ઈંગ્લેન્ડનો પ્રવાસ કરી આવેલા લીંબડીના ઠાકોર સાહેબ જશવંતસિંહની સ્વામીજીએ મુલાકાત લીધી હતી અને ઠાકોર સાહેબે જ સ્વામીજીને અમેરિકામાં યોજાનારી સનાતન ધર્મ પરિષદમાં ભાગ લેવા માટેની પ્રેરણા આપી હતી. પશ્ચિમના દેશોમાં વેદાન્તનો ઉપદેશ આપવા જવા માટેનો સૌપ્રથમ વિચાર પણ સ્વામીજીને ઠાકોર સાહેબે જ આપ્યો હતો.

અમદાવાદ નિવાસ દરમિયાન સ્વામીજીએ જૈન અને ઈસ્લામ ધર્મનો અભ્યાસ પૂર્ણ કર્યો. એ પછી તેઓએ જુનાગઢ, દ્વારકા, પાલીતાણા, કચ્છ, પોરબંદર અને વડોદરાનો પ્રવાસ પણ કર્યો. સ્વામીજીએ સમગ્ર દેશભરમાં ભ્રમણ-તીર્થાટન કરીને પરિવ્રાજક તરીકે રહેવાનું નક્કી કર્યું હોવાથી તેઓ દેશમાં ક્યાંય એક જ જગ્યાએ વધુ સમય રોકાતા નહોતા. આમ છતા સહુને જાણીને નવાઈ લાગશે કે સ્વામીજી બાપુની ભૂમિ પોરબંદરમાં સળંગ ૯ મહિના રોકાયા હતા. વેદાભ્યાસ, તત્વચિંતન અને સંસ્કૃતના અભ્યાસ માટે સ્વામીજીએ પોરબંદરમાં લાંબો નિવાસ કર્યો હતો અને વેદવાણીનો અનુવાદ કરનાર દરબારના પ્રકાંડ પંડિત સાથે રહીને તેઓએ પોતાનો અભ્યાસ વધુ સઘન અને સમૃદ્ધ કર્યો.

પેઢી દર પેઢી પરિવર્તનનો પવન ફૂંકાતો રહેવા છતા સ્વામી વિવેકાનંદ હંમેશા યુવાનોના આદર્શ રહેતા આવ્યા છે. સ્વામીજી યુવાનો અને યુવતીઓ માટે પ્રેરક ઊર્જાસ્રોત રહ્યા છે. સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે દેશભરમાં યુવાનો ઉપર ફૉકસ કરવામાં આવ્યું છે, ત્યારે કહેવાનું મન થાય કે, ગુજરાતમાં તો યુવાપેઢી માટે એકાધિક કાર્યો કરવામાં આવતાં રહ્યાં છે.

**ગુજરાત અને સ્વામી વિવેકાનંદ યુવા પરિષદઃ**

સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીનો સમગ્ર દેશમાં ગુજરાતે ઘણું ખરું ગરિમામય પ્રારંભ કર્યો હતો. ગાંધીનગર મહાત્મા મંદિર પરિસરમાં રાજ્ય સરકારે સ્વામી વિવેકાનંદ યુવા પરિષદનું આયોજન કર્યું હતું. જેમાં ગુજરાતની યુવાશક્તિનું વિશાળ દર્શન આ યુવા પરિષદમાં થયું હતું.

ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામે યુવાનોને ''આઇ કેન ડુ ઇટ, વી કેન ડુ ઇટ, ઇન્ડીયા કેન ડુ ઇટ'' જેવા શબ્દો દ્વારા આત્મવિશ્વાસના શપથ લેવડાવ્યા હતા. મનમાં દ્રઢ સંકલ્પ હોય તો જીત દૂર નથી તેવો ઉલ્લેખ કરી યુવાનોને સંકલ્પબદ્ધ કરતાં જણાવ્યું હતું કે, ''આઇ કેન વીન, વી કેન વીન, ઇન્ડીયા કેન વીન''.

ડૉ. અબ્દુલ કલામે યુવાનોને શીખ આપતાં જણાવ્યું હતું કે, થોમસ આલ્વા એડિસન, રાઇટ બ્રધર્સ, ગ્રેહામ બેલ, સરદાર વલ્લભભાઈ પટેલ, મેડમ કયુરી, ડૉ. સી. વી. રામન, મધર ટેરેસા, જે. આર. ડી. ટાટાએ તેમના વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રદાન કરીને ''યુનિક પીપલ'' બન્યા છે. ૧૫૦મી સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિ વર્ષના પ્રારંભે પણ ભારતનો પ્રત્યેક યુવાન આવા ''યુનિક પીપલ'' ''પર્સનાલીટી'' બનવા પુરૂષાર્થ કરે.

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતની યુવાશક્તિને વિવેકાનંદના સપના પૂરા કરવા માટે SKILL-WILL-WIN (કૌશલ્ય, ઈચ્છાશક્તિ અને જીતના સંકલ્પ)નો પ્રેરક મંત્ર આપ્યો હતો. શ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, સ્વામી વિવેકાનંદના ૧૫૦માં વર્ષની જન્મ જયંતિનો અવસર ગુજરાત યુવાશક્તિ વર્ષ તરીકે ઉજવશે અને સમગ્ર વર્ષ દરમિયાન લાખો યુવાનોને હુન્નર કૌશલ્યમાં સામર્થ્યવાન બનાવવા સ્વામી વિવેકાનંદ કૌશલ્યવર્ધન કેન્દ્રો કાર્યરત કરાશે.

૨૧મી સદીમાં ભારત વિશ્વગુરૂ બનશે એની ભૂમિકા આપતાં શ્રી મોદીએ જણાવ્યું કે, ભારત વિશ્વનો સૌથી યુવા દેશ છે અને આવનારા વીસ વર્ષમાં ૨૪ કરોડ યુવકોનો ઉમેરો થવાનો છે અને આ યુવાશકિત જ ભારતનું ભાગ્ય બદલવા સમર્થ બનશે. ચીનમાં વીસ વર્ષમાં માત્ર બે કરોડ યુવાનો ઉમેરાશે તેની સરખામણીમાં ભારતની વિરાટ યુવાશક્તિ પોતાના સંકલ્પ પુરા કરવા પોતાનું જીવન સમર્પિત કરશે તો ભારતમાતાને જગતગુરૂ બનતા કોઇ નહીં રોકી શકે.

યુવાશક્તિ વર્ષના એ સંકલ્પોને મૂર્તિમંત કરવા માટે ગુજરાત સરકાર દ્વારા ઘણા સ્તુત્ય પ્રયાસો થયા જેનો ઉલ્લેખ આગળ તબક્કાવાર કરવવામાં આવ્યો છે.

**યુવા શિક્ષણ અને ગુજરાતઃ**

કોઈપણ પરિવર્તન અચાનક નથી થતું, એ માટે સમય, સાતત્યપૂર્ણ અને નિષ્ઠાપૂર્વકનાં પ્રયત્નો પણ જોઈએ. સને ૨૦૦૧માં ગુજરાતમાં ફક્ત ૧૧ યુનિવર્સિટીઓ હતી. જયારે આજે ૨૦૧૧ સુધીમાં આ સંખ્યામાં વધારો થઈને કુલ ૪૨ યુનિવર્સિટીઓ થઈ ગઈ છે. આ છે ઉચ્ચ શિક્ષણની દિશામાં રાજ્ય સરકારે ખાનગી સંસ્થાઓના સાથ-સહકારથી સાધેલા વિકાસની એક નાનકડી ઝલક. ગુજરાતમાં રાજ્ય સરકાર સંચાલિત ૮ મેડિકલ કૉલેજો ઉપરાંત ખાનગી ધોરણે ચાલતી એક ડઝન મેડિકલ કૉલેજો છે. સરકારે વધુને વધુ ખાનગી સંસ્થાઓને પણ ઉચ્ચ શિક્ષણ માટે અભિમુખ થવાની માત્ર પ્રેરણા જ નહી, પ્રોત્સાહન અને સવલતો પણ આપી છે.

ગુજરાતની યુવાશક્તિને ધ્યાનમાં રાખીને દેશમાં સૌપ્રથમ વાર વિશ્વકક્ષાની સવલતો ધરાવતી વિવિધ વિષયો આધારિત નવીન વિચારધારાઓવાળી યુનિવર્સિટીઓનું

નિર્માણ કરાવ્યું છે. એમાં (૧) ફૉરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, (૨) રક્ષાશક્તિ યુનિવર્સિટી, (૩) પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી, (૪) સ્પૉર્ટ્સ યુનિવર્સિટી અને (૫) ચિલ્ડ્રન યુનિવર્સિટી, (૬) શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, (૭) કામધેનુ યુનિવર્સિટી (હિંમતનગર), (૯) ગુજરાત ચિલ્ડ્રન યુનિવર્સિટી અને (૯) ગુજરાત ટેકનૉલોજીકલ યુનિવર્સિટી ખાસ ઉલ્લેખનીય છે.

રાજય સરકારે યુવાશક્તિને રચનાત્મક માર્ગે કાર્યપ્રદાન કરાવવા માટે 'આઈ-ક્રિએટ' નામની વિશ્વસ્તરની સંસ્થાનું ગઠન પણ કરાવ્યું છે. જેમાં મુખ્ય સલાહકાર તરીકે દેશના મહાન ટેકનૉક્રેટ શ્રી.એન.નારાયણમૂર્તીએ કામગીરી સંભાળી છે. રાજય સરકારે 'ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર્સ એજયુકેશન' નામની સંસ્થાનું પણ નિર્માણ કરેલું છે. જેનો ધ્યેય ઉત્તમ, નિષ્ઠાવાન અને ચારિત્રવાન શિક્ષકો તૈયાર કરવાનો છે. વળી સરકારે 'ગુજરાત એજયુકેશનલ ઈનૉવેશન કમિશન'ની પણ રચના કરેલી છે. જે ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે સંશોધન અને તાલીમને વરેલી સંસ્થા છે.

રાજય સરકારે યુવાનોના ઉત્કર્ષને ધ્યાનમાં રાખીને જ કમિશન ફૉર એજયુકેશન ઈનૉવેશન્સ જેવી સંસ્થાનું નિર્માણ પણ કરાવ્યું છે. જેમાં યુવાશક્તિ પોતાની આંતરસૂઝ અને કલા-કૌશલ્યને એક ચોક્કસ આકાર અને ઓપ આપીને દુનિયાને પોતાની શક્તિનું પ્રદર્શન કરાવી શકે. એ જ પ્રમાણે રાજય સરકારનું મહત્વનું કદમ એટલે નૉલેજ કૉન્સૉર્ટિયમ ઑફ ગુજરાત (કે.સી.જી.) જેના દ્વારા સરકારે ઉચ્ચ શિક્ષણક્ષેત્રે જ્ઞાનસંગમ દ્વારા શિક્ષણ અને જ્ઞાનના વિવિધ ક્ષેત્રોમાં સામૂહિક જનસમાજના વિકાસની પહેલ આદરી છે.

રાજય સરકારે ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે યુવાનો-યુવતીઓને યોગ્ય માર્ગદર્શન આપીને રોજગારીની દિશામાં તૈયાર કરવા માટે ગુજરાત નૉલેજ સોસાયટીની પણ રચના કરેલી છે. જેમાં યુવાધનને તેમની શૈક્ષણિક યોગ્યતા અનુસાર તાલીમ આપીને તેમને નોકરી-વ્યવસાયનાં નવીન દ્વાર ખોલી આપવાની કામગીરી કરવામાં આવે છે. જમાનો અંગ્રેજી ભાષાનો છે. અંગ્રેજી વિના હવે પાલવે એમ નથી. આ વાતને ધ્યાનમાં રાખીને જ રાજય સરકારે યુવાવિદ્યાર્થીઓ માટે અંગ્રેજીની તાલીમ નિઃશુલ્ક ધોરણે મળી રહે એ માટે 'સ્કૉપ' નામનો પ્રૉજેક્ટ પણ હાથ ધર્યો.

યુવાનોનું કૌશલ્યવર્ધન કરીને તેમને રોજગારીની વિપૂલ તકો ઉપલબ્ધ થાય એ દિશામાં કામગીરી કરવા માટે પણ સરકાર હરહંમેશ પ્રતિબદ્ધ છે. સને ૨૦૦૨થી અત્યાર સુધીમાં યુવાનોને સતત રોજગારી પૂરી પાડવાની બાબતમાં પણ દેશમાં ગુજરાત પ્રથમ નંબરનું સ્થાન જાળવી રાખ્યું છે. આંકડા તપાસીએ તો, દેશમાં ૨૮.૫ ટકા રોજગારીની તકો વધી છે. જયારે ગુજરાતમાં ચાલુ વર્ષે રોજગારીની તકોમાં ૭૧.૪ ટકા વધારો નોંધાયો છે. માત્ર ૨૦૧૦-૧૧ના એક જ વર્ષમાં રાજયમાં દસ હજારથી વધુ વસતિ ધરાવતા ગામો અને સાત હજાર સુધીની વસતિ ધરાવતા આદિવાસી પ્રદેશોના રૂર્બન વિસ્તારોને આવરી લઈને રાજય સરકારે ૩૦૦ જેટલા સ્વર્ણિમ ગુજરાત કૌશલ્યવર્ધન તાલીમ કેન્દ્રોની સ્થાપના કરી છે. એ દ્વારા ૧ લાખ, ૧૨ હજાર, ૧૭૫ યુવાનોને રોજગારલક્ષી તાલીમથી સજ્જ કરીને પગભર કરવામાં આવેલા છે.સને ૨૦૧૧ના વાઈબ્રન્ટ સમીટમાં જુદી જુદી કંપનીઓ સાથે યુવાનો માટે સ્કિલ ડેવલપમેન્ટ માટેના કુલ ૧૧૫ એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે. જે દ્વારા એકંદરે કુલ ૫૦ હજાર માનવબળ તૈયાર કરવાનું આયોજન છે. રાજય સરકારે ઉચ્ચ શિક્ષણમાં ટેકનૉલોજી અને ઉપગ્રહ પ્રસારણ સેવાઓનો પણ વિનિયોગ સાધ્યો છે. આ માટે બિસાગ (બી.આઈ.એસ.એ.જી.)ના સહયોગથી ડી.ટી.એચ.ના માધ્યમથી ઉચ્ચ શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવે છે.

**યુવા શક્તિ અને ''સ્ટાર્ટ-અપ'':**

વાયબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૧૭ના પૂર્વાધ રૂપે મહાત્મા મંદિરમાં યોજાયેલી સ્ટાર્ટઅપ દ્વિદિવસીય સમિટમાં ગુજરાત સહિત દેશના વિવિધ રાજયોના ૧૧૦૦ ઉપરાંત યુવા સ્ટાર્ટઅપ ભાગ લીધો હતો. વાયબ્રન્ટ સમિટ-૨૦૧૭માં સ્ટાર્ટઅપ પર વિશેષ ઝોક આપવામાં આવ્યો છે.

કેન્દ્ર સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ડસ્ટ્રીઝ, પ્રમોશન એન્ડ પ્લાનિંગના સચિવ શ્રી રમેશ અભિષેકે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી મોદીનું મેઈક ઇન ઇન્ડિયાનું સપનું સ્ટાર્ટ-અપ દ્વારા સાકાર કરવા ગુજરાત અગ્રેસર બનશે. તેમણે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારે મેન્યુફેકચરિંગ સ્કીલ, ઉદ્યોગ સાહસિકતા અને સ્ટાર્ટ-અપ દ્વારા શ્રેષ્ઠ પરિણામો હાંસલ કરવા પોલીસી, વિવિધ યોજનાઓ અને આર્થિક સહયોગ જેવા વિવિધ ક્ષેત્રે ખાસ સવલતો ઉભી કરી છે. સ્ટાર્ટ-અપને આર્થિક આધાર આપવા દસ હજાર કરોડ રૂપિયાનું ફંડ ઉભું કરાયું હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. સ્ટાર્ટ-અપ સમીટ પીપલ-પોલીસી અને પાર્ટનરશીપને સાથે જોડવાનો અવસર બનશે. ગુજરાત મેન્યુફેકચરિંગ ક્ષેત્રનું દેશનું અગ્રેસર રાજય છે ત્યારે ગુજરાત સ્ટાર્ટ-અપ દ્વારા ઇનોવેશનના માધ્યમથી દેશભરમાં શ્રેષ્ઠ કાર્ય કરશે. સરકાર આવા સાહસિકોની સાથે છે, તેમણે યુવાનોને સ્ટાર્ટ-અપના સહારે નવી દિશા કંડારવા આહવાન આપ્યું હતું.

સ્ટાર્ટ અપ ઈન્ડિયા અને સ્ટેન્ડ અપ ઈન્ડિયા અભિયાન અને યુવા વિકાસ વર્ષના ભાગરૂપે, ગુજરાત સરકારે સ્ટાર્ટઅપ પોલિસી જાહેર કરી છે. રાજયના યુવાનોના ઈનોવેટિવ વિચારોને સાકાર કરવા ગુજરાત સ્ટાર્ટઅપ મિશનની રચના કરાશે. રાજયના યુવાનો રમતગમત ક્ષેત્રે પોતાની કારકિર્દી બનાવે અને પ્રોત્સાહિત થાય તે માટે રાજય સરકાર ખેલ મહાકુંભ દ્વારા ખેલાડીઓને કરોડો રૂપિયાની સહાય આપે છે. વળી, નવી સ્પોર્ટસ પોલીસી (ખેલનીતિ) પણ જાહેર કરી છે.

**ગુજરાતી યુવાનો અને રોજગારી :**

રોજગારી આપવાના મામલામાં ગુજરાત દેશભરમાં પ્રથમ ક્રમાંક ઉપર છે. ૭૮ ટકા યુવાનોને ગુજરાતે રોજગારી આપી છે. કૌશલ્ય વિકાસ, શૈક્ષણિક વિકાસની પૂરતી તક, રોજગાર નિર્માણ જેવી અનેકવિધ સવલતોના કારણે ગુજરાતમાં શ્રેષ્ઠ યુવા વિકાસની સ્થિતિ જોવા મળે છે. એક એહવાલ પ્રમાણે ભારત દેશ વિશ્વમાં સૌથી વધુ યુવાઓ ધરાવતો દેશ છે. એટલે કે સૌથી યુવાન દેશ છે, વિકાસમાં યુવાનોના પ્રદાનને સમાજશાસ્ત્રીઓ એક પ્રકારનું ડેમોગ્રાફિક ડિવિડન્ડ કહે છે. દેશના વડાપ્રધાન વિકાસમાં યુવાઓના પ્રદાનને મહત્વ આપીને ડેમોગ્રાફિક ડિવિડન્ડનો વધુને વધુ ફાયદો મેળવવા અનુરોધ કરે છે.

લજ્જા ગૌસ્વામી કોમનવેલ્થ ગેઈમ્સમાં રજત ચંદ્રક જીતે છે ત્યારે સમગ્ર દેશ જાણે છે કે, ગુજરાતની દિકરી પિસ્તોલ લઈને નિશાન તાકી

શકે છે. માના પટેલ નેશનલ ગેઈમ્સમાં સ્વિમિંગમાં સૌથી આગળ રહીને ગોલ્ડ મેડલ જીતે છે. અંકિતા રૈના ટેનિસમાં વિજેતા બનીને ગોલ્ડ મેડલ મેળવે છે. ગુજરાતના યુવાનો આવી અનેક સિદ્ધિઓથી દેશભરમાં અગ્રેસર બની રહ્યા છે. રાજ્ય સરકારે યુવાઓની શક્તિને જાણીને તેમને સહયોગ આપીને યુવાઓને વધુને વધુ સશક્ત કર્યા છે. કોઈપણ રાજ્ય કે દેશના સર્વાંગી વિકાસમાં યુવાનોનું પ્રદાન અમૂલ્ય હોય છે. યુવાનો હંમેશા આર્થિક વિકાસનું ચાલક બળ હોય છે. આજનો યુવાન ટેકનોલોજીના મહત્તમ હકારાત્મક ઉપયોગ થકી વિશ્વ સાથે જોડાય છે. ગુજરાતમાં યુવાનોને રોજગારી પુરી પાડવાના લક્ષ્યાંકો હાંસલ કરવામાં તેમજ કૌશલ્યવર્ધન રોજગારલક્ષી તાલીમ માટે જરૂરી પગલા લઈ યુવાનોને પગભર બનાવવાના અનેકવિધ પ્રયાસો રાજ્ય સરકારે કર્યા છે. રાજ્ય સરકારે ગુજરાતના યુવાનોને દસ વર્ષમાં દોઢ લાખથી વધુ સરકારી જગ્યાઓ ઉપર રોજગારી આપવાના વચન સાથે દસ વર્ષનું ભરતી કેલેન્ડર તૈયાર કરવામાં આવ્યું છે જેના દ્વારા ઉભરતા યુવાનો સરકારી નોકરી મેળવવા સંદર્ભે આગોતરું આયોજન કરી શકે.

૨૦૧૪ દરમિયાન ૬૦૪૪૦ કરતા વધુ વિવિધ પદો ઉપર ભરતી પ્રક્રિયા શરૂ કરાઈ જે પૈકી ૨૧૬૭૭ને નિમણૂંકપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા પ્રકાશિત થયેલા છેલ્લા અહેવાલ અનુસાર વર્ષ ૨૦૧૩માં રોજગાર કચેરી મારફત રોજગારી આપવાના કિસ્સામાં ૭૮ ટકા ઉમેદવારોને રોજગારી આપી સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ ક્રમાંકે રહ્યું છે. ગુજરાતના યુવાનો વધુને વધુ સંખ્યામાં લશ્કરમાં ભરતી થઈ શકે તે હેતુથી રાજ્યના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા સંરક્ષણ સેવાઓમાં ભરતી માટેના પૂર્વ સેવા તાલીમ વર્ગો યોજવામાં આવે છે જે અંતર્ગત છેલ્લા એક વર્ષમાં ૯૧૫ ઉમેદવારોને તાલીમ આપવામાં આવી જેમાંથી ૨૯૭ ઉમેદવારોની આખરી પસંદગી કરવામાં આવી છે.

રોજગાર અને તાલીમ વિભાગ દ્વારા ઔદ્યોગિક વસાહતોમાં જ વિવિધ સંસ્થા સંગઠનોના સહયોગથી રોજગાર ભરતી મેળાઓ યોજવામાં આવે છે. રોજગાર ભરતી મેળા દ્વારા છેલ્લા વર્ષમાં રાજ્યના ૧૬૧૩૮ યુવાનોને રોજગારીની તકો પુરી પાડવામાં આવી છે.રાજ્યની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓને અપગ્રેડ કરી સેન્ટર ઓફ એક્સેલસની સ્થાપના કરવામાં આવી છે. ઉદ્યોગોની જરૂરિયાત પ્રમાણે સેન્ટર ઓફ એક્સેલન્સીએના અભ્યાસક્રમો અમલમાં આવવાના કારણે ઉદ્યોગોની માંગ આધારિત કૌશલ્યવાન યુવાબળ તૈયાર કરવામાં આવે.

સરકારી નોકરીઓમાં ભરતીમાં ૩૩ ટકા મહિલા અનામત આપીને પોલીસ વિભાગમાં ૨૮૦૦ મહિલાઓની ભરતી કરી છે અને આ વર્ષે વધુ ૨૨ હજાર મહિલાઓની ભરતી કરવાનું આયોજન છે. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં પણ મહિલાઓને ૫૦ ટકા અનામત આપી છે. સાથે-સાથે સ્વરોજગારી આપવા મહિલા જી.આઈ.ડી.સી., મહિલા સંચાલિત દૂધ મંડળીના દૂધ ઘરના નિર્માણ માટે રૂ .૧ ટોકનથી ૩૦૦ ચો.વાર જમીન અને બાંધકામ માટે રૂ .૫ લાખની મદદ સરકાર કરે છે. મહિલા પશુપાલકોને, મિલ્કીગ મશીન, મિલ્ક કુલર માટે સહાય અને ૨.૫ લાખ સખી મંડળો દ્વારા ૩૫ લાખ જેટલી બહેનો સ્વનિર્ભર થઈ છે.

યુવાવિદ્યાર્થીઓને અભ્યાસ માટે આર્થિક સહાય તેમજ અન્ય સવલતો સમાન ધોરણે મળી રહે તે હેતુથી ગુજરાત સરકારે 'મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના'ની શરૂઆત કરી છે. એટલું જ નહીં, પ્રાથમિક શાળાના ૯૨ લાખ બાળકોને શિષ્યવૃત્તિ, ગણવેશ, પાઠ્યપુસ્તકો આ યોજના અન્વયે આપી છે. આ યોજનામાં ૩૫ કરોડ ૪૨ લાખની સહાય ઉચ્ચશિક્ષણ માટે રાજ્યના યુવાનોને આપી છે.

### ગુજરાતી યુવાનો માટેનો અલાયદો વિભાગઃ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ

તા. ૧ લી મે ૧૯૬૦ના રોજ ગુજરાત રાજ્યની રચના થઈ ત્યારથી યુવા પ્રવૃત્તિઓ અને સાંસ્કૃતિક બાબતો અંગેની કાર્યવાહી એક સ્વતંત્ર વહીવટી વિભાગ તરીકે અસ્તિત્વમાં ન હતો, પરંતુ રાજ્યમાં યુવા પ્રવૃત્તિઓનો વ્યાપ વધારવા રમતગમત ક્ષેત્રમાં રાજ્યને આગળ ધપાવવા તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને વેગ આપવા તા.૧૭/૧૨/૯૦ થી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ એક અલગ વિભાગ તરીકે અસ્તિત્વમાં આવ્યો. સામાન્ય વહીવટ વિભાગના તા.૫/૮/૯૭ ના જાહેરનામાં ક્રમાંક ગસ (૯૭-૨૬-સકત-૧૧૯૭ (૩) કેયુ અન્વયે વિષયોની પુનઃ ફાળવણી અન્વયે વિભાગ હસ્તક કેટલાક નવા વિષયો ઉમેરાતાં વિભાગનું નામ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને બદલે ''રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ રાખવામાં આવેલ છે.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સંગ્રહાલય, પુરાતત્વ, ગ્રંથાલયો, દફતરો અને હસ્તપ્રતો, શતાબ્દી ઉજવણી અને સ્મારકોની જાળવણી તથા અકાદમીઓ અંગેની કામગીરી સંભાળે છે. તા.૨૦-૪-૦૪થી ગુજરાત જિલ્લા સર્વસંગ્રહની કચેરી તથા તા.૨-૬-૦૫થી ભાષા નિયામકની કચેરીની કામગીરી સામાન્ય વહીવટ વિભાગમાંથી તબદીલ કરીને વિભાગને ફાળવવામાં આવેલ છે. રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળ નીચે મુજબનાં ખાતાના વડાઓ તથા અકાદમીઓ કાર્યરત છે.

સરકારનાં રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગે ઘડેલ નીતિઓ અને યોજનાના અમલ પરત્વે ખાતાના વડાઓ એમને સુપ્રત કરેલી સત્તાની અંદર રહી દેખરેખ રાખે છે અને તેમની સત્તામાં ન આવતી બાબતો અંગે સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ પાસેથી હુકમો મેળવે છે. તેમની સંબધિત પ્રવૃત્તિઓ અને તે માટેની નાણાકીય જોગવાઈ દર્શાવતું અલગ કામગીરી અંદાજપત્ર પણ રજુ કરે છે.

**લેખક સંજય કચોટ ILSASS ખાતે આસિસ્ટન્ટ પ્રોફેસર છે અને સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે જર્નાલિઝમ અને માસ કોમ્યુનિકેશનના Ph.D. ગાઈડ છે.**

# કૃષિ વિકાસમાં આંતરિક ચીજવસ્તુઓનું મહત્ત્વપૂર્ણ પ્રદાન

**વસંત પી. ગાંધી**



*ભારતમાં કૃષિક્ષેત્રમાં આંતરિક ચીજવસ્તુઓ ઉત્પાદન અને ઉત્પાદકતામાં પ્રચુર પ્રદાન કરે છે તથા ભારતીય કૃષિમાં આંતરિક ચીજવસ્તુઓ આધારસ્તંભ સમાન છે. આંતરિક ચીજવસ્તુઓએ જ ભારતમાં હરિયાળી ક્રાંતિ લાવી હતી તથા સિંચાઈએ ઊપજ અને દેશમાં ઝડપથી વધતાં ખાદ્યઉત્પાદનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આ પ્રક્રિયામાં આંતરિક ચીજવસ્તુઓનો ઉપયોગ મોટા પાયે થયો છે : ઉદાહરણ તરીકે, વર્ષ ૧૯૫૦-૫૧માં ઘઉંની ખેતીમાં ખાતરનો ઉપયોગ હૅક્ટર દીઠ ૨ કિલોગ્રામ કરતાં ઓછો હતો, જે વર્ષ ૧૯૯૮-૯૯માં વધીને હૅક્ટર દીઠ ૧૩૭ કિલોગ્રામ થયો હતો. એ જ રીતે એચવાયવી બિયારણોનો ઉપયોગ વર્ષ ૧૯૫૦-૫૧માં થતો જ નહોતો, જેણે ૧૯૬૦-૬૧ સુધીમાં ૮૮ ટકા વિસ્તારને આવરી લીધો હતો તથા ઘઉંની ખેતીમાં સિંચાઈનો ઉપયોગ ૩૪ ટકા વિસ્તારમાં થતો હતો, જેનો ઉપયોગ અત્યારે ૮૯ ટકા વિસ્તારમાં થાય છે.*

ભારતમાં કૃષિક્ષેત્રમાં આંતરિક ચીજવસ્તુઓ ઉત્પાદન અને ઉત્પાદકતામાં પ્રચુર પ્રદાન કરે છે તથા ભારતીય કૃષિમાં આંતરિક ચીજવસ્તુઓ આધારસ્તંભ સમાન છે. આંતરિક ચીજવસ્તુઓએ જ ભારતમાં હરિયાળી ક્રાંતિ લાવી હતી તથા સિંચાઈએ ઊપજ અને દેશમાં ઝડપથી વધતાં ખાદ્યઉત્પાદનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આ પ્રક્રિયામાં આંતરિક ચીજવસ્તુઓનો ઉપયોગ મોટા પાયે થયો છે : ઉદાહરણ તરીકે, વર્ષ ૧૯૫૦-૫૧માં ઘઉંની ખેતીમાં ખાતરનો ઉપયોગ હેક્ટર દીઠ ૨ કિલોગ્રામ કરતાં ઓછો હતો, જે વર્ષ ૧૯૯૮-૯૯માં વધીને હેક્ટર દીઠ ૧૩૭ કિલોગ્રામ થયો હતો. એ જ રીતે એચવાયવી બિયારણોનો ઉપયોગ વર્ષ ૧૯૫૦-૫૧માં થતો જ નહોતો, જેણે ૧૯૬૦-૬૧ સુધીમાં ૮૮ ટકા વિસ્તારને આવરી લીધો હતો તથા ઘઉંની ખેતીમાં સિંચાઈનો ઉપયોગ ૩૪ ટકા વિસ્તારમાં થતો હતો, જેનો ઉપયોગ અત્યારે ૮૯ ટકા વિસ્તારમાં થાય છે.

વસતિ અને આવકમાં વધારાની સાથે જમીન અને પાણી જેવાં મૂળભૂત કુદરતી સંસાધનોની ખેંચ જેવાં પરિબળો ભારતમાં કૃષિ અને આંતરિક ચીજવસ્તુઓમાં આધુનિકીકરણ અને વૃદ્ધિ માટે જવાબદાર છે. ઉત્પાદનની વૃદ્ધિના સ્રોત તરીકે ખેતીલાયક જમીનની તીવ્ર ખેંચ ઊપજમાં વધારા પર નોંધપાત્ર આધાર તરફ દોરી ગઈ છે, જેના પરિણામે નવી ટૅક્નોલૉજીઓ અને આંતરિક ચીજવસ્તુઓમાં અનેક સંશોધનો અને વિકાસ થયા છે. તેમાં આ બાબતો સામેલ છે :

- શ્રેષ્ઠ જનીન/ઊંચી ઊપજ ધરાવતાં વિવિધ બિયારણો
- ખાતરો માટે છોડને શ્રેષ્ઠ પોષણ
- જળસંસાધન ટૅક્નોલૉજી અને વ્યવસ્થાપન મારફતે પાણીની શ્રેષ્ઠ જોગવાઈ
- જંતુનાશકો મારફતે જંતુઓનું શ્રેષ્ઠ નિયંત્રણ
- શ્રેષ્ઠ ફિઝિકલ અને સમય, કાર્યદક્ષતા માટે કૃષિઊર્જા અને મશીનરી

તાજેતરમાં સરકારી વ્યવસ્થાઓ અને સંસ્થાઓએ જ કરેલા પ્રયાસો સામેલ નથી, પણ ખાનગી ક્ષેત્રના ઉદ્યોગો અને વ્યવસાયોએ પણ પ્રયાસ કર્યા છે, જેણે કૃષિવૃદ્ધિમાં રોકાણ, નવીનતા અને નોંધપાત્ર પ્રદાન કર્યું છે. આ પ્રયાસોથી વિવિધ નવા કૃષિ-ઉદ્યોગો અને કૃષિવ્યવસાયોનો વિકાસ થયો છે. તેમાં બિયારણઉદ્યોગ, ખાતરઉદ્યોગ, સિંચાઈ, ઉપકરણ અને નિર્માણઉદ્યોગ, કૃષિ-રસાયણ, ઉદ્યોગ, કૃષિમશીનરી ઉદ્યોગ અને અન્ય સામેલ છે. હવે આ તમામ બાબતોએ કૃષિ, ક્ષેત્રમાં જમીન અને અન્ય સંસાધનોની ખેંચની સમસ્યાનું સમાધાન કરવા મોટું પ્રદાન કર્યું છે. અત્યારે આ મહત્ત્વપૂર્ણ ઉદ્યોગોનાં નોંધપાત્ર પ્રદાન વિના અત્યારે અને ભવિષ્યમાં કૃષિ, ક્ષેત્રમાં વિકાસની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. આ ચીજવસ્તુઓ જળ, ખાતર,

બિયારણો, જંતુનાશકો અને કૃષિઊર્જા/ મશીનરી સહિત મુખ્ય કૃષિ ચીજવસ્તુઓમાં વૃદ્ધિ અને પ્રવાહોને ચકાસે છે, જે ભારતીય કૃષિમાં મોટા ભાગની કેટલીક મહત્ત્વપૂર્ણ ચીજવસ્તુઓ ધરાવે છે.

નીચે ટેબલ ૧ મુજબ ૧૯૮૦નાં દાયકાની શરૂઆતથી ૨૦૧૪-૧૫ સુધીમાં કૃષિની મુખ્ય આંતરિક ચીજવસ્તુઓમાંથી કેટલીક માટે ઝડપી ચિતાર આપે છે, જે દર્શાવે છે કે બિયારણનો વ્યવસાય ૬.૭ ગણો વધીને ૪૫.૦ લાખ ક્વિન્ટલ્સથી ૩૦૧.૪ લાખ ક્વિન્ટલ્સ થયો છે. ખાતરનો વ્યવસાય ૪.૨ ગણો વધીને ૬૦.૬ લાખ ટનથી વધીને ૨૫૫.૮ લાખ ટન થયો હતો. ભૂગર્ભજળની સિંચાઈ અને તેના ઉપકરણનો વ્યવસાય બમણાંથી વધુ વધ્યો છે, જેણે ૧૮૭.૪ લાખ હેક્ટરથી લઈને ૪૧૨.૬ લાખ હેક્ટર વિસ્તારને આવરી લીધો છે. ટ્રેક્ટરનો વ્યવસાય કૃષિમશીનરીનું પ્રતિનિધિત્વ કરે છે, જે ૮ ગણો વધીને ૭૪.૩ હજાર ટ્રેક્ટરથી વધીને ૬૨૬.૮ હજાર ટ્રેક્ટર થયો છે.

**ટેબલ 1: પસંદગીની કૃષિલક્ષી ચીજવસ્તુઓમાં તાજેતરમાં વૃદ્ધિ**

| વર્ષ | પ્રમાણિત ગુણવત્તાયુક્ત બિયારણોનું વેચાણ (લાખ ક્વિન્ટલ્સ) | પોષક દ્રવ્યોમાં ખાતરનો વપરાશ (લાખ ટન) | જંતુનાશક ટેકનિકલ ગ્રેડ સામગ્રી વેચાણ (હજાર ટનમાં) | ભૂગર્ભજળ સિંચાઈ (કૂવા અને ટ્યુબવેલ્સ) સિંચાઈનો ચોખ્ખો વિસ્તાર (લાખ હેક્ટર્સ) | ટ્રેક્ટર્સનાં વેચાણનો આંકડો હજારમાં |
|---|---|---|---|---|---|
| 1981-82 | na | 60.6 | 47.0 | 187.4 | na |
| 1983-84 | 45.0 | 77.1 | 55.0 | 193.9 | 74.3 |
| 1991-92 | 57.5 | 127.3 | 72.1 | 260.4 | 150.6 |
| 2001-02 | 91.8 | 173.6 | 47.0 | 351.8 | 225.3 |
| 2005-06 | 126.8 | 203.4 | 39.8 | 360.7 | 296.1 |
| 2010-11 | 277.3 | 281.2 | 55.5 | 390.6 | 545.1 |
| 2011-12 | 294.9 | 277.9 | 53.0 | 405.4 | 607.7 |
| 2012-13 | 313.4 | 258.0 | 45.6 | 412.6 | 590.7 |
| 2013-14 | 301.4 | 239.6 | 58.2 | na | 696.8 |
| 2014-15 | na | 255.8 | na | na | 626.8 |
| Increase (multiple) | ×6.7 | ×4.2 | ×1.2 | ×2.2 | ×8.4 |

સ્રોત : ગાંધી (૨૦૧૪), ડિરેક્ટોરેટ ઑફ ઇકોનૉમિક્સ ઍન્ડ સ્ટેટિસ્ટિક્સ, કૃષિ, મંત્રાલય, ભારત સરકાર, ૨૦૧૪ અને ભારતીય ખાતર સંગઠન, ૨૦૧૩. (નોંધ : na= માહિતી ઉપલબ્ધ નથી.

**૨. જળ: સિંચાઈ**

જળકૃષિ માટે મૂળભૂત આંતરિક ચીજવસ્તુ છે અને ટેબલ ૨ દર્શાવે છે કે સિંચાઈનો ચોખ્ખો વિસ્તાર ૧૯૮૦-૮૧માં ૩૮ મિલિયન હેક્ટર્સથી વધીને ૨૦૧૨-૧૩માં ૬૬ મિલિયન હેક્ટર થયો છે. સિંચાઈનાં ચોખ્ખા વિસ્તારમાં આ વર્ષોમાં વાજબી વધારો થયો છે અને ૧૯૮૦-૮૧થી ૨૦૧૨-૧૩માં ૪૯ મિલિયન હેક્ટરથી વધીને ૯૨ મિલિયન હેક્ટર થયો છે, જુઓ આકૃતિ ૧. ૧૯૮૦અને ૧૯૯૦ના દાયકા દરમિયાન વૃદ્ધિ દર વર્ષે આશરે ૨.૩ ટકાના દરે ઝડપથી વૃદ્ધિ થઈ છે, પણ ૨૦૦૦નાં દાયકામાં તે ઘટીને વર્ષ દીઠ આશરે ૧.૮ ટકા થઈ હતી. જોકે ૨૦૧૦-૧૧માં ફરી વધીને ૨.૦૫ ટકા થઈ હતી. ટકાવારીમાં સિંચાઈનો કુલ વિસ્તાર ૧૯૮૦-૮૧થી ૨૦૧૨-૧૩ વચ્ચે ૨૮.૮ ટકાથી વધીને ૪૭.૬ ટકા થયો છે. જોકે ૨૦૦૦-૦૧થી ૨૦૧૦-૧૧ સિંચાઈ વિસ્તારની ટકાવારીમાં વૃદ્ધિ ૧.૧૪ ટકા દર્શાવે છે, પણ ૨૦૧૦-૧૧ પછી તે વધીને ૨.૮૮ ટકા થઈ હતી. આ સિંચાઈમાં સુધારો દર્શાવે છે, જે હકારાત્મક નિશાની છે. સિંચાઈનાં વિસ્તારમાં શ્રેષ્ઠ વૃદ્ધિ માટેનાં કારણોમાં તાજેતરનાં વર્ષોમાં જળસંસાધનોનાં સંરક્ષણમાં સુધારો અને પાણીનાં ઉપયોગની કાર્યદક્ષતામાં સુધારો જવાબદાર હોઈ શકે છે. તેમાં સહભાગી સિંચાઈવ્યવસ્થાપન (પીઆઇએમ)ને પ્રોત્સાહન, વૉટરશેડ વિકાસ તથા ટપક અને છંટકાવો સિંચાઈ જેવી જળ સંરક્ષણ ટેક્નોલૉજીનો ઉપયોગ સામેલ છે.


### ટેબલ-૨ : જળ : સિંચાઈ વિસ્તારમાં પ્રગતિ

(હજાર હેક્ટરમાં)

| વર્ષ | વાવેતરનો ચોખ્ખો વિસ્તાર | પાકનો કુલ વિસ્તાર | પાકની તીવ્રતા (%) | ચોખ્ખો સિંચિત વિસ્તાર | કુલ સિંચિત વિસ્તાર | સિંચાઈની તીવ્રતા (%) | સિંચિત વિસ્તારની ટકાવારી | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | શુદ્ધ | કુલ |
| 1980-81 | 140288 | 172630 | 123.1 | 38720 | 49775 | 128.6 | 27.6 | 28.8 |
| 1990-91 | 142870 | 185742 | 130.0 | 48023 | 63204 | 131.6 | 33.6 | 34.0 |
| 2000-01 | 141336 | 185340 | 131.1 | 55205 | 76187 | 138.0 | 39.1 | 41.1 |
| 2005-06 | 141162 | 192737 | 136.5 | 60837 | 84280 | 138.5 | 43.1 | 43.7 |
| 2010-11 | 141563 | 197563 | 139.6 | 63657 | 88887 | 139.6 | 45.0 | 45.0 |
| 2011-12 | 140974 | 195632 | 138.8 | 65693 | 91729 | 139.6 | 46.6 | 46.9 |
| 2012-13 | 139932 | 194399 | 138.9 | 66103 | 92575 | 140.0 | 47.2 | 47.6 |
| વૃદ્ધિનો વાર્ષિક દર | | | | | | | | |
| 1980/81-2012/13 | -0.02 | 0.36 | 0.38 | 1.66 | 1.97 | 0.30 | 1.68 | 1.61 |
| 1980/81-1990/91 | -0.02 | 0.50 | 0.52 | 1.91 | 2.33 | 0.41 | 1.93 | 1.82 |
| 1990/91-2000/01 | -0.07 | 0.24 | 0.31 | 1.70 | 2.26 | 0.55 | 1.77 | 2.01 |
| 2000/01-2010/11 | 0.16 | 0.69 | 0.52 | 1.66 | 1.83 | 0.17 | 1.49 | 1.14 |
| 2010/11-2012/13 | -0.58 | -0.80 | -0.25 | 1.90 | 2.05 | 0.15 | 2.50 | 2.88 |

સ્રોત: કૃષિમંત્રાલય, ભારત સરકાર

**આકૃતિ ૧: ચોખ્ખા અને કુલ સિંચાઈ વિસ્તારમાં પ્રવાહ**




નીચે ટેબલ ૩ સિંચાઈનાં સ્રોતો અને તાજેતરના વર્ષોમાં પ્રવાહો દર્શાવે છે. ટેબલ દર્શાવે છે કે અત્યારે નહેરો મારફતે આશરે ૨૪ ટકા સિંચાઈ વિસ્તારમાં જ સિંચાઈ થાય છે, જ્યારે ૬૨ ટકા સિંચાઈ કૂવાઓ મારફતે થાય છે. કેનાલ દ્વારા સિંચાઈનો વિસ્તાર -૦.૧૫ ટકાનો નકારાત્મક પ્રવાહ દર્શાવે છે, પણ ૨૦૦૦-૦૧ અને ૨૦૧૦-૧૧ વચ્ચે ૦.૭૪ ટકાનો હકારાત્મક પ્રવાહ દર્શાવે છે. બીજી તરફ, કૂવાઓ (ભૂગર્ભજળ) મારફતે સિંચાઈના વિસ્તારમાં ૮૦ અને ૯૦ના દાયકામાં ૩ ટકાથી વધારે દરે વધારો થયો છે, પણ ૨૦૦૦-૦૧ અને ૨૦૧૦-૧૧ વચ્ચે ૧.૫ ટકાનો તીવ્ર ઘટાડો થયો છે અને પછી ૨.૬૩ ટકાનો વધારો થયો છે. વૃદ્ધિનું મુખ્ય પરિબળ ટ્યૂબવેલ સિંચાઈ છે, જેમાં ૮૦ અને ૯૦નાં દાયકામાં ૪ ટકાથી વધારે દરે વધારો થયો છે, પણ પછી ૨૦૦૦-૦૧ અને ૨૦૧૦-૧૧ વચ્ચે ૨.૨૭ ટકાનો ઘટાડો થયો હતો. ત્યારબાદ ફરી ૩.૩૬ ટકાની વૃદ્ધિ થઈ છે, જુઓ આકૃતિ -૨. તારણો સંકેત આપે છે કે, તાજેતરનાં દાયકાઓમાં ભૂગર્ભજળની સિંચાઈ પર નિર્ભરતામાં તીવ્ર ઘટાડો થયો છે. કેટલોક ઘટાડો ૨૦૦૦-૦૧ અને ૨૦૧૦-૧૧ વચ્ચે દેખાયો હતો, જે ખેંચમાં વધારો સૂચવે છે, પણ ૨૦૧૦-૧૧ પછી ફરી ભૂગર્ભજળ દ્વારા સિંચાઈની વૃદ્ધિને વેગ મળ્યો છે, જે ભૂગર્ભજળનાં શ્રેષ્ઠ વ્યવસ્થાપન અને વધુ કાર્યદક્ષ ઉપયોગનો સંકેત આપે છે. વિશેષ પ્રયાસો માટેનાં કારણોમાં કેટલાંક વિસ્તારોમાં ચેક-ડેમ્સ મારફતે ભૂગર્ભજળનાં સ્તર ઊંચા આવવા, બીજા વિસ્તારોમાં વૉટરશેડ ડેવલપમેન્ટ પ્રવૃત્તિઓ અને ટપક અને છંટકાવ સિંચાઈ જેવી સિંચાઈની કાર્યદક્ષ પદ્ધતિઓનો ઉપયોગ સામેલ છે.

### ૩. ખાતરો


ખાતર કૃષિ માટે અતિ મહત્ત્વપૂર્ણ આધુનિક આંતરિક ચીજવસ્તુ છે, કારણ કે તે જમીનની ફળદ્રુપતા વધારે છે, જે ઊપજ માટે મહત્ત્વપૂર્ણ છે. નીચે ટેબલ ૪ દર્શાવે છે કે ખાતરનો ઉપયોગ ૧૯૮૦-૮૧થી ૨૦૧૪-૧૫ વચ્ચે ૪.૫ ટકા વધીને ૫૫ મિલિયન ટનથી ૨૫૫ મિલિયન ટન થયો હતો. જોકે ૧૯૮૦ના દાયકામાં ખાતરના વપરાશમાં વર્ષ દીઠ ૮ ટકાથી વધુ વધારો થયો હતો, જેમાં ૨૦૦૦-૦૧થી ૨૦૧૦-૧૧ વચ્ચે આશરે ૬ ટકાની વૃદ્ધિ પછી ૯૦ના દાયકામાં વર્ષ દીઠ આશરે ૪ ટકાનો ઘટાડો થયો હતો. જોકે

**ટેબલ-૩: સિંચાઈના સ્રોતો દ્વારા સિંચાઈનો વિસ્તાર**

| વર્ષ | સરકારી નહેરો | ખાનગી નહેરો | કુલ નહેરો | ટાંકીઓ | ટ્યુબવેલ | અન્ય કૂવા | કુલ કૂવા | અન્ય સ્રોતો | સિંચાઈનો ચોખ્ખો વિસ્તાર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1980-81 | 14450 | 842 | 15292 | 3182 | 9531 | 8164 | 17695 | 2551 | 38720 |
| 1990-91 | 16973 | 481 | 17453 | 2944 | 14257 | 10438 | 24695 | 2932 | 48023 |
| 2000-01 | 15809 | 203 | 16012 | 2466 | 22566 | 11252 | 33818 | 2909 | 55205 |
| 2005-06 | 16490 | 227 | 16718 | 2083 | 26026 | 10044 | 36070 | 5966 | 60837 |
| 2010-11 | 15476 | 171 | 15647 | 1980 | 28544 | 10630 | 39175 | 6855 | 63657 |
| 2011-12 | 15838 | 172 | 16010 | 1918 | 29942 | 10595 | 40537 | 7228 | 65693 |
| 2012-13 | 15462 | 165 | 15628 | 1748 | 30497 | 10764 | 41261 | 7466 | 66103 |
| કુલ સિંચાઈમાં હિસ્સો (2012-2013) | 23.39 | 0.25 | 23.64 | 2.64 | 46.14 | 16.28 | 62.42 | 11.30 | 100.00 |
| **વૃદ્ધિનો વાર્ષિક દર** | | | | | | | | | |
| 1980/81-2012/13 | -0.06 | -4.26 | -0.15 | -2.02 | 3.84 | 0.69 | 2.73 | 3.84 | 1.66 |
| 1980/81-1990/91 | 1.06 | -2.70 | 0.91 | -1.51 | 4.09 | 1.99 | 3.18 | 2.20 | 1.91 |
| 1990/91-2000/01 | -0.18 | -10.92 | -0.39 | -2.23 | 4.82 | 1.48 | 3.53 | -0.32 | 1.70 |
| 2000/01-2010/11 | 0.76 | -1.17 | 0.74 | -1.70 | 2.27 | -0.34 | 1.48 | 7.71 | 1.66 |
| 2010/11-2012-13 | -0.05 | -1.69 | -0.06 | -6.04 | 3.36 | 0.63 | 2.63 | 4.36 | 1.90 |

સ્ત્રોતઃ કૃષિ મંત્રાલય, કેન્દ્રિય જળ પંચ, જળ સંસાધન માહિતી વ્યવસ્થા, એમઓએસપીઆઈ, ભારત સરકાર

**આકૃતિ-૨. સ્રોતો દ્વારા સિંચિત વિસ્તાર**




૨૦૧૦-૧૧ પછી નકારાત્મક પ્રવાહ જોવા મળ્યો છે અને ખાતરના ઉપયોગમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. વૃદ્ધિના દરમાં ૨.૦૬ ટકાનો ઘટાડો થયો હતો, જેમાં ફૉસ્ફેટિક ખાતરોમાં ૬.૪૪ ટકાનો અને પૉટેશિક ખાતરોમાં ૧૦.૫૦ ટકાનો ઘટાડો થયો હતો. નાઈટ્રોજન ખાતરોમાં ૧.૩૧ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે, જુઓ આકૃતિ ૩.

ખાતર સબસિડી અને કિંમતની નીતિઓમાં ફેરફારો સાથે સંબંધિત પરિવર્તનો દેખાઈ રહ્યાં છે. ન્યુટ્રિએન્ટ આધારિત સબસિડી (એનપીએસ) નીતિમાં ફેરફાર થવાની સાથે ફૉસ્ફેટિક (પી) અને પૉટાશિક (કે) ખાતરો પર સબસિડીનાં પ્રમાણમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. સાથે સાથે તેમની કિંમતો નિયંત્રણમુક્ત છે અને આ ફેરફારોને પરિણામે ફૉસ્ફેટિક અને પૉટાશિક ખાતરોની કિંમતમાં તીવ્ર વધારો થયો છે. આ કારણે ફૉસ્ફેટિક અને પૉટાશિક ખાતરના ઉપયોગમાં તીવ્ર ઘટાડો થયો છે અને પરિણામે અસંતુલનથી નાઈટ્રોજિનસ ખાતરોની ઉત્પાદકતાને પણ અસર થઈ છે, જેથી તેનો ઉપયોગ ઘટ્યો છે. આ કારણે ભારતીય કૃષિ પોષક દ્રવ્યો અને જમીનની ફળદ્રુપતાની કટોકટી તરફ આગળ વધી શકે છે, જેની કૃષિ ઉત્પાદન પર ગંભીર અસર થઈ શકે છે. ખાતર નીતિમાં મોટા પાયે સુધારાની જરૂર છે.


### ટેબલ-૪: ભારતમાં પોષક દ્રવ્યોમાં ખાતરનો વપરાશ

(લાખ ટન)

| વર્ષ | નાઇટ્રોજીનસ ખાતરો (એન) | ફોસ્ફેટિક ખાતરો (પી) | પોટાશિક ખાતરો (કે) | કુલ ખાતર |
|---|---|---|---|---|
| 1980-81 | 36.78 | 12.14 | 6.24 | 55.16 |
| 1990-91 | 79.97 | 32.21 | 13.28 | 125.46 |
| 2000-01 | 109.20 | 42.15 | 15.67 | 167.02 |
| 2005-06 | 127.23 | 52.04 | 24.13 | 203.40 |
| 2010-11 | 165.58 | 80.50 | 35.14 | 281.22 |
| 2011-12 | 173.00 | 79.14 | 25.76 | 277.90 |
| 2012-13 | 180.36 | 59.55 | 18.13 | 258.04 |
| 2013-14 | 165.25 | 54.58 | 19.76 | 239.59 |
| 2014-15 (P) | 169.45 | 60.98 | 25.32 | 255.76 |
| **વૃદ્ધિનો વાર્ષિક દર** | | | | |
| 1980/81-2014/15 | 4.32 | 4.87 | 4.54 | 4.49 |
| 1980/81-1990/91 | 7.66 | 10.17 | 6.96 | 8.18 |
| 1990/91-2000/01 | 4.10 | 4.37 | 3.36 | 4.08 |
| 2000/01-2010/11 | 4.79 | 7.03 | 9.98 | 5.95 |
| 2010/11-2014/15 | 1.31 | -6.44 | -10.50 | -2.06 |

નોંધ : P કામચલાઉ
સ્રોત: ભારતીય ખાતર સંગઠન, દિલ્હી

**આકૃતિ-૩: ખાતરનો વપરાશ.**




## ૪. બિયારણો

કૃષિ ઉત્પાદન વધારવા ગુણવત્તાયુક્ત પ્રમાણિત બિયારણોનું અતિ મહત્ત્વ છે. નીચે ટેબલ-૫ ભારતમાં ગુણવત્તાયુક્ત બિયારણોના ઉપયોગમાં ટ્રેન્ડ દર્શાવે છે. બિયારણોનું વિતરણ ૨૦૧૨-૧૩માં ૩૧૩ લાખ ક્વિટન્લની વિક્રમ સપાટીએ પહોંચ્યું હતું અને તેમાં મોટો હિસ્સો અનાજ-કઠોળનો હતો, જે ૨૦૪ લાખ ક્વિન્ટલનો ઉપયોગ ધરાવતાં હતાં. સંપૂર્ણપણે જોઈએ, તો ૧૯૯૦-૯૧ અને ૨૦૧૩-૧૪ વચ્ચે બિયારણનો ઉપયોગ વાર્ષિક ૮.૪ ટકાનાં દરે વધ્યો છે. વર્ષ ૨૦૦૦-૦૧ અને ૨૦૧૦-૧૧ વચ્ચે ૧૩ ટકાનો વધારો થયો હતો, કઠોળમાં ૧૭ ટકાનો અને તેલીબિયામાં ૧૬ ટકાનો વધારો થયો હતો, જુઓ આકૃતિ-૪. જોકે આ ગાળામાં રેષાઓના કેસમાં -૦.૯૩ ટકાનો ઘટાડો થયો છે, જે માટે બીટી કપાસ બિયારણમાં ઉપયોગ જવાબદાર હોઈ શકે, જે ખર્ચાળ છે. ૨૦૧૦-૧૧ પછી સંપૂર્ણ વૃદ્ધિ ૧૩.૧૩ ટકાથી ઘટીને ૩.૧૫ ટકા થઈ હતી, જે માટે મુખ્યત્વે કઠોળ અને તેલીબિયામાં અતિ ધીમી વૃદ્ધિ જવાબદાર હતી, પણ શાકભાજી સહિત અન્ય બિયારણોમાં પ્રમાણ ઓછું છે, જે તેમના માટે માંગમાં વધારે વૃદ્ધિ દર્શાવે છે. સંપૂર્ણપણે જોઈએ તો પ્રમાણિત બિયારણોનો ઉપયોગ ૨૦૧૦-૧૧થી ૨૦૧૩-૧૪ દરમિયાન ઊંચી વૃદ્ધિ દર્શાવે છે અને ત્યારે તેમાં ઘટાડો થયો હતો. ખેડૂતોની વૃદ્ધિ માટે આધુનિક ટેક્નોલૉજી અને શ્રેષ્ઠ બિયારણોનો ઉપયોગ જવાબદાર છે. તાજેતરમાં ઘટાડા માટે અનાજ-કઠોળ મુખ્યત્વે જવાબદાર હોઈ શકે છે તથા આ માટે નબળો વરસાદ અને ઓછી


**ટેબલ-૫: ભારતમાં ઉપયોગ થયેલા પ્રમાણિત ગુણવત્તાયુક્ત બિયારણોનું પાક મુજબ વિતરણ**

(લાખ ક્વિન્ટલ)

| વર્ષ | અનાજ | કઠોળ | નવ તેલીબિયા | રેષા | બટાટા | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| 1990-91 | 34.70 | 3.41 | 8.59 | 2.16 | 7.97 | 0.27 | 57.10 |
| 2000-01 | 59.47 | 3.85 | 12.54 | 2.91 | 7.23 | 0.27 | 86.27 |
| 2005-06 | 86.73 | 7.37 | 24.35 | 2.89 | 5.08 | 0.33 | 126.75 |
| 2010-11 | 182.62 | 20.83 | 50.61 | 2.64 | 20.08 | 0.55 | 277.34 |
| 2011-12 | 189.69 | 22.26 | 61.49 | 3.09 | 18.32 | 1.64 | 294.85 |
| 2012-13 | 204.37 | 24.51 | 58.41 | 2.95 | 23.20 | 1.73 | 313.44 |
| 2013-14 | 183.03 | 27.80 | 61.09 | 2.87 | 26.60 | 1.97 | 301.39 |
| વૃદ્ધિદર | | | | | | | |
| 1990/91-2013/14 | 8.69 | 10.51 | 9.29 | 1.14 | 4.61 | 8.56 | 8.40 |
| 1990/91-2000/01 | 6.49 | 1.91 | 3.81 | 4.90 | -0.35 | -6.91 | 5.00 |
| 2000/01-2010/11 | 12.64 | 17.42 | 16.69 | -0.93 | 9.59 | 8.66 | 13.13 |
| 2010/11-2013/14 | 0.82 | 10.10 | 5.27 | 2.06 | 11.40 | 47.42 | 3.15 |

Source: Indian Council of Agricultural Research, Ministry of Agriculture, Govt. of India

**આકૃતિ-૪. પ્રમાણિત ગુણવત્તાયુક્ત બિયારણોનો ઉપયોગ**




નફાકારકતા જવાબદાર હોઈ શકે છે.

**૫. જંતુનાશકો**

જંતુઓ દ્વારા પાકના નાશનું સંરક્ષણ કરવા જંતુનાશકોનો ઉપયોગ મહત્ત્વપૂર્ણ છે અને તે ટેબલ-૬માંથી જોવા મળી શકે છે કે જંતુનાશકોનો વપરાશ ૧૯૮૦-૮૧માં ૪૫,૦૦૦ ટનથી વધીને ૧૯૯૦-૯૧માં ૭૫,૦૦૦ ટન થયો છે, પણ ૨૦૦૫-૦૬માં ઘટીને ૪૦,૦૦૦ ટન થયો છે. ત્યાર બાદ ૨૦૧૩-૧૪માં વધીને ૫૮,૦૦૦ ટન થયો છે, જુઓ આકૃતિ-૫. સંપૂર્ણ વૃદ્ધિદર નકારાત્મક -૦.૮૨ ટકા છે અને ૨૦૧૦-૧૧ પછી થોડો વધારે નકારાત્મક થયો છે. જંતુનાશકો વિશે પર્યાવરણ સંબંધિત ચિંતાઓને કારણે અને બીટી કોટન જેવી જંતુ અવરોધક વિવિધતાઓના વિકાસને કારણે દર્શાવાય છે, જે માટે જંતુનાશકોનો વધારે ઉપયોગ જરૂરી નથી. ઉપરાંત વધારે અસરકારક ઓછા જંતુનાશકો બજારમાં ઉપલબ્ધ છે.

**ટેબલ-૬: જંતુનાશકોનો વપરાશ**

(હજાર ટનમાં)

સ્રોત: ઇનપુટ સર્વે પર અખિલ ભારતીય રિપોર્ટ, કૃષિસહકાર અને ખેડૂતકલ્યાણ

| વર્ષ | વપરાશ |
|---|---|
| 1980-1981 | 45.00 |
| 1985-1986 | 52.00 |
| 1990-1991 | 75.00 |
| 1995-1996 | 61.26 |
| 2000-2001 | 43.58 |
| 2005-2006 | 39.77 |
| 2010-2011 | 55.54 |
| 2011-2012 | 52.98 |
| 2012-2013 | 45.62 |
| 2013-2014 | 58.21 |
| વાર્ષિક વૃદ્ધિદર | |
| 1980/81-2013/14 | -0.82 |
| 1980/81-1990/91 | 5.41 |
| 1990/91-2000/01 | -5.37 |
| 2000/01-2010/11 | 0.55 |
| 2010/11-2013/14 | -0.09 |

વિભાગ, કૃષિ અને ખેડૂતકલ્યાણ મંત્રાલય.

નીચે ટેબલ-૭ તાજેતરમાં વિવિધ પ્રકારના જંતુનાશકોના ઉપયોગનો પ્રવાહ દર્શાવે છે. તે દર્શાવે છે કે જ્યારે જંતુનાશકો -૩.૩૯ ટકાનો નકારાત્મક વૃદ્ધિદર દર્શાવે છે, ત્યારે ફૂગનાશક ૧૨.૪૦ ટકાનો હકારાત્મક વૃદ્ધિદર દર્શાવે છે અને નીંદણનાશકનો ઉપયોગ પણ ૨૦૦૬-૦૭થી ૨૦૧૩-૧૪ વચ્ચે વધારો દર્શાવે છે, જુઓ આકૃતિ-૬. જંતુનાશકોના ઉપયોગમાં નકારાત્મક પ્રવાહ માટે પર્યાવરણ સંબંધિત ચિંતાઓ અને તેમની અતિ પ્રદૂષિત પ્રકૃતિ તેમજ જંતુ અવરોધ વિવિધતા, ખાસ કરીને બીટી કોટનનો વિકાસ જણાય છે. છોડનાં રોગનું મહત્ત્વ વધવાથી ફૂગનાશકના ઉપયોગમાં વધારો જણાય છે, જે માટે પ્રતિરોધક વિવિધતા ઉપલબ્ધ નથી અને નીંદણનાશકનો ઉપયોગ નીંદણના ઉપયોગમાં શ્રમમાં ઊંચો ખર્ચ જણાય છે.

### ટેબલ-૭: ભારતમાં જંતુનાશકનો ઉપયોગ પ્રકાર મુજબ


(૨૦૦૬-૨૦૦૭થી ૨૦૧૩-૨૦૧૪)

('૦૦૦ એમટીમાં)

| વર્ષ | જંતુનાશક | ફૂગનાશક | નીંદણનાશક |
|---|---|---|---|
| 2006-07 | 38.23 | 23.12 | 11.14 |
| 2007-08 | 39.19 | 26.99 | 12.91 |
| 2008-09 | 38.2 | 35.32 | 12.43 |
| 2009-10 | 34.65 | 31.55 | 8.66 |
| 2010-11 | 45.75 | 26.74 | 10.01 |
| 2011-12 | 39.36 | 44.38 | 7.92 |
| 2012-13 | 32.78 | 45.72 | 6.59 |
| 2013-14 | 29.02 | 58.88 | 12.05 |
| વૃદ્ધિનો વાર્ષિક દર | | | |
| 2006/07-2013/14 | -3.39 | 12.40 | 0.99 |

સ્ત્રોતઃ કૃષિ મંત્રાલય, ભારત સરકાર

### આકૃતિ ૬. જંતુનાશકોનો ઉત્પાદન-મુજબ વપરાશ




## ૬. કૃષિ-મશીનરી અને ઉપકરણ

કૃષિ-મશીનરી અને ઉપકરણનું ખેતીવાડી માટે મહત્ત્વ વધી રહ્યું છે. ટેબલ-૮ ભારતમાં ઉત્પાદન અને ટ્રેક્ટર્સનાં વેચાણમાં વૃદ્ધિ દર્શાવે છે. ૧૯૮૦-૮૧થી ૨૦૧૩-૧૪ વચ્ચે ટ્રેક્ટર્સનું વેચાણ ૧૦ ગણું વધીને ૭૦,૦૦૦થી ૭૦૦ હજાર થયું છે. ૧૯૮૦/૮૧થી ૨૦૧૪/૧૫ વચ્ચે ૬.૮૭ ટકા વધ્યું છે. ૨૦૦૦/૦૧થી ૨૦૧૦/૧૧માં ૯.૯૩ ટકાની વૃદ્ધિ થઈ છે, પણ ૨૦૧૦-૧૧ પછી તેમાં ઘટાડો થયો છે અને ૪.૨૫ ટકા થયો છે, જુઓ ટેબલ ૮. એટલે તાજેતરનાં વર્ષોમાં ટ્રેક્ટરનાં વેચાણમાં વૃદ્ધિમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. ૨૦૧૨ અને ૨૦૧૪માં ઘટાડા માટે મુખ્યત્વે આ બંને વર્ષોમાં નબળું ચોમાસું છે, જેનાં પરિણામે ધિરાણની ખેંચ જોવા મળી છે.


### ટેબલ-૮: ભારતમાં ટ્રેક્ટરનું ઉત્પાદન અને વેચાણ

| વર્ષ | ટ્રેક્ટર્સનાં આંકડા | |
|---|---|---|
| | ઉત્પાદન | વેચાણ |
| **1980-81** | 71024 | 72012 |
| **1985-86** | 75550 | 76886 |
| **1990-91** | 139233 | 139828 |
| **1995-96** | 191311 | 191329 |
| **2000-01** | 235602 | 251939 |
| **2005-06** | 296080 | 291680 |
| **2010-11** | 530303 | 545128 |
| **2011-12** | 625946 | 607658 |
| **2012-13** | 578112 | 590672 |
| **2013-14** | 707898 | 696828 |
| **2014-15** | 612994 | 626839 |
| **વૃદ્ધિનો વાર્ષિક દર** | | |
| 1980/81-2014/15 | 6.79 | 6.87 |
| 1980/81-1990/91 | 6.41 | 6.73 |
| 1990/91-2000/01 | 7.87 | 8.10 |
| 2000/01-2010/11 | 10.38 | 9.93 |
| 2010/11-2014/15 | 4.21 | 4.25 |

નોંધઃ નિકાસ સહિત વેચાણ

સ્રોતઃ કૃષિ મંત્રાલય, ભારત સરકાર

### આકૃતિ ૭: ટ્રેક્ટર્સનું વેચાણ




ટેબલ-૯ કૃષિ મશીનરીમાં વિવિધ મહત્ત્વપૂર્ણ ચીજવસ્તુઓનાં ઉપયોગમાં કાર્યકારી માલિકીની સંખ્યા દર્શાવે છે. ટેબલ દર્શાવે છે કે, ડીઝલ પમ્પસેટની માલિકી આશરે ૭ ટકાની સાતત્યપૂર્ણ વૃદ્ધિ દર્શાવે છે, જ્યારે ઇલેક્ટ્રિક પમ્પસેટનાં ઉપયોગમાં ૧૯૮૧/૮૨થી ૨૦૧૧/૧૨ વચ્ચે ૫.૭૯ ટકાની વૃદ્ધિ દર્શાવે છે, પણ ૨૦૦૧/૦૨થી ૨૦૧૧/૧૨ દરમિયાન ૧.૯૩ ટકાનો ઘટાડો દર્શાવે છે, જુઓ આકૃતિ-૮. તે જ રીતે, ૨૦૦૧/૦૨થી ૨૦૧૧/૧૨ દરમિયાન પાવર ટિલર્સ અને ટ્રેક્ટર્સનાં ઉપયોગની માલિકી અનુક્રમે ૮.૪૪ ટકા અને ૧૩.૩૧ ટકાનાં વૃદ્ધિદરમાં ઘટાડો દર્શાવે છે. આ વૃદ્ધિદર સંપૂર્ણ વૃદ્ધિદર સૂચવે છે, પણ તાજેતરનાં વર્ષોમાં વૃદ્ધિમાં ઘટાડો થયો છે. ઇલેક્ટ્રિક પંમ્પનાં ઉપયોગમાં ઘટાડો વિવિધ રાજ્યોમાં વીજળીની ખેંચ અને સપ્લાયની સમસ્યાઓને કારણે હોઈ શકે છે. આ સ્થિતિ ડીઝલ પમ્પસેટની તરફેણ કરે છે.

## ૭. ઉપસંહાર

કૃષિમાં આંતરિક ચીજવસ્તુઓના સ્તર અને તેનો પ્રકાર ઉત્પાદન અને ઉત્પાદકતા નક્કી કરે છે. આધુનિક ટેક્નોલૉજી અને આંતરિક ચીજવસ્તુઓએ ભારતમાં કૃષિ ઉત્પાદનની વૃદ્ધિમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે, ખાસ કરીને હરિયાળી ક્રાંતિ પછી. જમીન અને પાણી જેવાં વિવિધ કુદરતી સંસાધનોની ખેંચ સાથે વસતિ અને આવકમાં વધારો ઉત્પાદકતા વધારવા વિજ્ઞાન અને ટૅક્નોલૉજી પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તેના પગલે વિવિધ સંશોધન અને વિકાસને વેગ મળ્યો છે, જેમાં શ્રેષ્ઠ જનીનો/ઊંચી ઉત્પાદકતા ધરાવતા વિવિધ બિયારણો, ખાતર મારફતે પાકને શ્રેષ્ઠ પોષણ, જળસંસાધન ટૅક્નોલૉજી મારફતે પાણીની શ્રેષ્ઠ જોગવાઈ અને તેનું વ્યવસ્થાપન, જંતુનાશકો મારફતે જંતુનું શ્રેષ્ઠ નિયંત્રણ તથા ઊંચી ફિઝિકલ અને સક્ષમ કાર્યદક્ષતા માટે શ્રેષ્ઠ ફાર્મપાવર અને મશીનરી સામેલ છે. આ આંતરિક ચીજવસ્તુઓ માટે જરૂરિયાત અને માંગથી આંતરિક ચીજવસ્તુઓના વિવિધ ઉદ્યોગો/કૃષિ વ્યવસાયને વેગ મળ્યો છે, જેમાં બિયારણ ઉદ્યોગ, ખાતર ઉદ્યોગ, સિંચાઈ ઉપકરણ ઉદ્યોગ, કૃષિ-રસાયણ ઉદ્યોગ અને કૃષિ મશીનરી ઉદ્યોગ સામેલ છે. અત્યારે તે કૃષિમાં મોટું પ્રદાન કરે છે.


અભ્યાસનાં તારણો દર્શાવે છે કે, મોટા ભાગની કૃષિ આંતરિક ચીજવસ્તુઓના ઉપયોગમાં ૨૦૧૦-૧૧ સુધી વૃદ્ધિ થઈ છે,

### ટેબલ-૯: કૃષિ મશીનરીની કાર્યકારી માલિકીની અંદાજિત સંખ્યા

| વીજસંચાલિત ઉપકરણ | | | | |
|---|---|---|---|---|
| વર્ષ | ડિઝલ એન્જિન પમ્પસેટ | ઇલેક્ટ્રિક પમ્પસેટ | પાવર ટિલર | કૃષિ ટ્રેક્ટર્સ |
| 1981-82 | 3353 | 3977 | 273 | 489 |
| 1986-87 | 5968 | 6349 | 701 | 1580 |
| 1991-92 | 6892 | 9324 | 1071 | 3764 |
| 1996-97 | 8890 | 9160 | 1671 | 6797 |
| 2001-02 | 14261 | 18448 | 3261 | 15463 |
| 2006-07 | 13180 | 12714 | 2895 | 31279 |
| 2011-12 | 30082 | 22761 | 7954 | 61133 |
| વૃદ્ધિનો વાર્ષિક દર | | | | |
| 1981/82-2011/12 | 7.33 | 5.79 | 11.49 | 16.85 |
| 1981/82-1991/92 | 6.77 | 8.05 | 13.23 | 20.39 |
| 1991/92-2001/02 | 6.83 | 6.40 | 10.65 | 13.71 |
| 2001/02-2011/12 | 7.02 | 1.93 | 8.44 | 13.31 |

**સ્રોતઃ ઇનપુટ સર્વે પર અખિલ ભારતીય રિપોર્ટ, કૃષિ-સહકાર અને ખેડૂતકલ્યાણ વિભાગ, કૃષિ અને ખેડૂતકલ્યાણ મંત્રાલય.**

**આકૃતિ-૮. વીજળીથી સંચાલિત વિવિધ ઈક્વિપમેન્ટ ધરાવતા માલિકોની સંખ્યા**




પણ પછી તાજેતરનાં વર્ષોમાં ઘણી આંતરિક ચીજવસ્તુઓના ઉપયોગમાં ઘટાડો જોવા મળ્યો છે. જોકે સિંચાઈના વિસ્તારમાં પાણીના ઉપયોગમાં ૧.૭થી ૨.૦ ટકાની વૃદ્ધિ જોવા મળી છે અને આ માટે ટ્યૂબવેલ ગ્રાઉન્ડવૉટર સિંચાઈ મુખ્યત્વે જવાબદાર છે, જેમાં ૩.૦થી ૪.૦ ટકાની વૃદ્ધિ જોવા મળી છે. તાજેતરનાં વર્ષોમાં ખાતરના ઉપયોગમાં ઘટાડો જોવા મળ્યો છે અને પ્રમાણિત બિયારણોની વૃદ્ધિમાં પણ ઘટાડો જોવા મળ્યો છે. ૧૯૮૦ના દાયકાથી કૃષિ મશીનરીમાં સારી વૃદ્ધિ જોવા મળી છે, પણ તાજેતરનાં વર્ષોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

જમીનના ઉપયોગ પર નજર રાખવા નીતિગત ફેરફારો જરૂરી છે, નહિં તો કૃષિલક્ષી જમીનથી કૃષિની વૃદ્ધિ વધારે નિયંત્રિત થશે. વળી તેનાથી ઉત્પાદનમાં પણ વધારો થશે. આ ક્ષેત્રમાં કૃષિ વર્કફોર્સમાં ઘટાડાની જરૂરને પણ ધ્યાનમાં લેવી પડશે અને યોગ્ય મશીનો અને યાંત્રિકીકરણનો ઉપયોગ કરીને શ્રમ ઉત્પાદકતામાં વધારો કરવો પડશે. સિંચાઈ મોરચે સુધારો જોવા મળી રહ્યો છે, પણ સંસાધનોની ખેંચ જળના સંરક્ષણને પ્રોત્સાહન આપવાની તથા તેના અસરકારક ઉપયોગની જરૂરિયાત સૂચવે છે. તાજેતરમાં ખાતરના ઉપયોગમાં ઘટાડો થવાથી જમીનની ફળદ્રુપતા અને પોષણની સમસ્યા ઊભી થઈ શકે છે તથા ખાતરનીતિ અને સબસિડી વ્યવસ્થામાં સુધારાની જરૂરિયાત ઊભી થઈ શકે છે. બિયારણના મોરચે નવી ટેક્નોલૉજીની તાતી જરૂરી છે અને બાયોટેક્નોલૉજી ઘણાં સૉલ્યુશન પ્રદાન કરી શકે છે અને મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરી શકે છે. કૃષિ અને ખાદ્ય ચીજવસ્તુઓની માંગમાં મોટા પાયે પરિવર્તન જોવા મળે છે, જેથી શાકભાજી, ફળફળાદિ અને અનાજનાં ઉત્પાદન જેવા ઊંચા મૂલ્યનું ઉત્પાદન પર ગંભીરપણે વિચારવાની જરૂર છે.


**લેખક નાબાર્ડના ચેર પ્રોફેસર અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદમાં સેન્ટર ફોર મેનેજમેન્ટ ઇન એગ્રિકલ્ચરલના ચેરમેન છે તથા નાબાર્ડનાં ચેર પ્રોફેસર છે. તેઓ એફએઓ, વિશ્વ બેંક માટે ભારત સરકારના કન્સલ્ટન્ટ છે. અત્યારે તેઓ ઇન્ડિયન જર્નલ ઓફ એગ્રિકલ્ચરલ ઇકોનોમિક્સના એડિટોરિયલ બોર્ડનાં ચેરમેન છે.**

**ઈ-મેલ:gandhi@iima.ac.in**

# વેપાર વાણિજ્યની સરળતા

**દાનિશ એ. હાશિમ અને ઐશ્વર્યા નાહટા**



*કેન્દ્ર સરકારે તાજેતરના વર્ષમાં EoDB સુધારાને નોંધપાત્ર રીતે આગળ વધારવા પર ભાર મૂક્યો છે. હાલના નિયમોના સરળીકરણ અને તેને તર્કસંબદ્ધ બનાવવા તથા ઇન્ફર્મેશન ટેક્નોલૉજીનો ઉપયોગ કરવા પર ધ્યાન અપાયું છે, જેથી ગવર્નન્સ વધારે કાર્યક્ષમ અને અસરકારક બને (શર્મા, ૨૦૧૬). 'લેસ ગવર્નમેન્ટ, મોર ગવર્નન્સ'ના સિદ્ધાંતને લાગુ કરવાનો પ્રયાસ કરાયો છે. કેન્દ્ર તથા રાજ્યના સ્તરે સુધારા લાગુ કરવામાં આવ્યા છે. ઉદાહરણ તરીકે કેન્દ્રના સ્તરે ઇન્ડસ્ટ્રિયલ લાઇસન્સ અને ઇન્ડસ્ટ્રિયલ આંત્રપ્રિન્યોર મેમોરેન્ડમ લાગુ કરવાની પ્રક્રિયા ઑનલાઇન થઈ ગઈ છે. લગભગ ૨૦ જેટલી કેન્દ્ર સરકારની સેવાઓ, જેમાં ઇન્ડસ્ટ્રિયલ લાઇસન્સ અને ઍમ્પ્લોયર રજિસ્ટ્રેશનનો પણ સમાવેશ થાય છે, તે ઈ-બિઝ પ્લૅટફૉર્મ (બીએસ, ૨૦૧૬) સાથે સાંકળવામાં આવી છે. તેવી જ રીતે કૉર્પોરેટ બાબતોના મંત્રાલયે ફૉર્મ ૨૯ લાગુ કર્યું છે જેના દ્વારા ૩ પ્રક્રિયાઓને સંકલિત કરવામાં આવી છે. તેમાં નામની ઉપલબ્ધતા, ડિરેક્ટર આઇડેન્ટિફિકેશન નંબર અને માત્ર ૧ સિંગલ પ્રોસેસમાં કંપનીની રચના કરવાનો સમાવેશ થાય છે. હવે કોઈ પણ કંપનીને માત્ર ૧-૨ દિવસમાં રજિસ્ટર કરી શકાય છે. ESIC અને EPFO હવે સંપૂર્ણપણે ઑનલાઇન છે અને તેમાં રજિસ્ટ્રેશન અથવા દસ્તાવેજ સોંપવા માટે ક્યાંય ભૌતિક સ્પર્શ આવતો નથી.*

ભારતમાં આર્થિક સુધારાનું એક સૌથી વધુ મહત્ત્વનું પાસું બિઝનેસ ક્લિયરન્સ અને મંજૂરીઓમાં સરકારની નિયમનકારી ભૂમિકા ઘટાડવાનું અને તેની જગ્યાએ વધુ સહાયક ભૂમિકા લાવવાનું છે જેથી 'ઇઝ ઑફ ડુઇંગ બિઝનેસ'' (ઇઓડીબી)માં સુધારો થાય. જોકે, આ દિશામાં સુધારાની ગતિ અર્થતંત્રના ઔદ્યોગિક સેક્ટર માટે અપૂરતી છે, જેનો દેશના જીડીપીમાં હિસ્સો ૨૦૧૪માં માત્ર ૨૪.૨ ટકા હતો, જ્યારે ચીનમાં આ હિસ્સો ૪૩.૯ ટકા, સાઉથ કોરિયામાં ૩૮.૭ ટકા અને મલેશિયામાં ૩૪.૭ ટકા છે. મૅન્યુફેક્ચરિંગ સેક્ટર ઔદ્યોગિક આઉટપુટમાં મોટો હિસ્સો ધરાવે છે અને સરકારના 'મેઈક ઇન ઇન્ડિયા' અભિયાનની સફળતા માટે મહત્ત્વનું છે, તેને ઇઓડીબી સુધારાની ગેરહાજરીથી અછત થઈ છે. કોઈ પણ આર્થિક પ્રવૃત્તિ માટે મહત્ત્વનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્ર પણ પ્રક્રિયા, અનુપાલન અને મંજૂરીઓની આવશ્યકતાના બોજ હેઠળ દબાયેલ છે. 'પુરાવા પરથી સાબિત થાય છે કે ટિપિકલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટમાં ૧૯ મંત્રાલયો પાસેથી મંજૂરી લેવી પડે છે અને પર્યાવરણથી લઈને આંતરિક સુરક્ષા સુધી ૫૬ પ્રકારની મંજૂરીઓ લેવી પડે છે જેથી આ પ્રક્રિયા પૂર્ણ થવામાં લગભગ ૨૪ મહિનાનો સમય લાગે છે.'' (સીઆઇઆઇ ૨૦૧૪)

EoDBના મોરચે ભારતનો નબળો દેખાવ વિશ્વબૅન્કના ડુઇંગ બિઝનેસ (ડીબી) રિપોર્ટ ૨૦૧૬ પરથી સાબિત થાય છે, જ્યાં ૧૯૦ દેશોની યાદીમાં ભારતને ૧૩૦મું સ્થાન મળ્યું છે અને EoDBના સાત માપદંડ (૧૦માંથી)માં તેનો દેખાવ ઘણો ખરાબ છે. આ માપદંડ છે – બાંધકામની મંજૂરી (૧૮૫), ટૅક્સ ચુકવણી (૧૭૨), કરાર લાગુ કરવા (૧૭૨), બિઝનેસ શરૂ કરવો (૧૫૫), સરહદપાર વ્યાપાર (૧૪૩), મિલકતની નોંધણી (૧૩૮), અને ઇનસૉલ્વેન્સીનો ઉકેલ (૧૩૬). અહીં એ બાબતની નોંધ કરવી જરૂરી છે કે ડીબી માત્ર બે શહેરો- દિલ્હી અને મુંબઈ પર આધારિત છે અને દેશનાં બીજા મોટા ભાગનાં રાજ્યોમાં પ્રવર્તતી સ્થિતિને ધ્યાનમાં લેતું નથી. છતાં હકીકત છે કે દરેક રાજ્યોમાં બિઝનેસને સરકારી આદેશો, નિયમન, નિયમો અને પ્રક્રિયાઓની જાળમાંથી પસાર થવું પડે છે, જેની સાથે લાલ ફિતાશાહી, બ્યૂરોક્રેટિક પ્રક્રિયા, ભ્રષ્ટાચાર, વિલંબ વગેરે નડતર હોય છે, જેથી બિઝનેસ કરવો એક પડકારજનક કાર્ય બની જાય છે.

EoDBની નબળી સ્થિતિ, જે એકંદરે રોકાણના વાતાવરણ માટે એક મહત્ત્વનું પરિબળ છે, તેના કારણે દેશમાં આર્થિક તક ગુમાવવી પડે છે. અસંખ્ય અભ્યાસ પરથી આ દલીલની તરફેણમાં પુરાવા મળ્યા છે. ઉદાહરણ તરીકે ડૉલર એટ ઑલ(૨૦૦૨)માં જણાવાયું હતું કે રોકાણના નબળા વાતાવરણના કારણે મોટી રકમના રોકાણને આકર્ષવામાં મુશ્કેલી પડે છે. ખાસ કરીને ઉચ્ચ ઉત્પાદકતા ધરાવતા મૅન્યુફેક્ચરિંગ અને સર્વિસસેક્ટરમાં રોકાણ અવરોધાય છે, જેથી રોજગારી અને વૃદ્ધિની તકને અસર થાય છે. ફેરો એટ ઑલ (૨૦૦૪)માં રોકાણના

વાતાવરણને નીચી ઔદ્યોગિક ઉત્પાદકતા અને બિનકૃષિ વૃદ્ધિ સાથે સાંકળવામાં આવ્યું હતું. વીરામણી ઍન્ડ ગોલ્ડર (૨૦૦૪) મુજબ રોકાણના પ્રતિકૂળ વાતાવરણના કારણે ઉત્પાદન સેક્ટરમાં ઉત્પાદકતાની વૃદ્ધિને અસર થઈ છે. તેણે નિર્દેશ આપ્યો કે રાજ્યોમાં રોકાણના વાતાવરણ વચ્ચે તફાવતના કારણે રોકાણના સ્તર, આર્થિક સમૃદ્ધિ અને ઉત્પાદકતાની વૃદ્ધિમાં ભારે અસંતુલન પેદા થયું છે, કારણ કે રોકાણનું વાતાવરણ એ રાજ્યનો વિષય છે.

કેન્દ્ર સરકારે તાજેતરના વર્ષમાં EoDB સુધારાને નોંધપાત્ર રીતે આગળ વધારવા પર ભાર મૂક્યો છે. હાલના નિયમોના સરળીકરણ અને તેને તર્કસંબદ્ધ બનાવવા તથા ઇન્ફર્મેશન ટૅક્નોલૉજીનો ઉપયોગ કરવા પર ધ્યાન અપાયું છે, જેથી ગવર્નન્સ વધારે કાર્યક્ષમ અને અસરકારક બને (શર્મા, ૨૦૧૬). 'લેસ ગવર્નમેન્ટ, મોર ગવર્નન્સ'ના સિદ્ધાંતને લાગુ કરવાનો પ્રયાસ કરાયો છે. કેન્દ્ર તથા રાજ્યના સ્તરે અને સુધારા લાગુ કરવામાં આવ્યા છે. ઉદાહરણ તરીકે કેન્દ્રના સ્તરે ઇન્ડસ્ટ્રિયલ લાઇસન્સ અને ઇન્ડસ્ટ્રિયલ આંત્રપ્રિન્યોર મેમોરેન્ડમ લાગુ કરવાની પ્રક્રિયા ઑનલાઇન થઈ ગઈ છે. લગભગ ૨૦ જેટલી કેન્દ્ર સરકારની સેવાઓ, જેમાં ઇન્ડસ્ટ્રિયલ લાઇસન્સ અને ઍમ્પ્લોયર રજિસ્ટ્રેશનનો પણ સમાવેશ થાય છે, તે ઇ-બિઝ પ્લૅટફૉર્મ (બીએસ, ૨૦૧૬) સાથે સાંકળવામાં આવી છે. તેવી જ રીતે કૉર્પોરેટ બાબતોના મંત્રાલયે ફૉર્મ ૨૯ લાગુ કર્યું છે જેના દ્વારા ૩ પ્રક્રિયાઓને સંકલિત કરવામાં આવી છે. તેમાં નામની ઉપલબ્ધતા, ડિરેક્ટર આઇડેન્ટિફિકેશન નંબર અને માત્ર ૧ સિંગલ પ્રોસેસમાં કંપનીની રચના કરવાનો સમાવેશ થાય છે. હવે કોઈ પણ કંપનીને માત્ર ૧-૨ દિવસમાં રજિસ્ટર કરી શકાય છે. ESIC અને EPFO હવે સંપૂર્ણપણે ઑનલાઇન છે અને તેમાં રજિસ્ટ્રેશન અથવા દસ્તાવેજ સોંપવા માટે ક્યાંય ભૌતિક સ્પર્શ આવતો નથી.

લાખો વ્યાપારીઓની સરળતા માટે સરકાર શ્રેણીબદ્ધ રીતે પગલાં લઈ રહી છે. સેન્ટ્રલ બોર્ડ ઑફ ઍક્સાઇઝ ઍન્ડ કસ્ટમ્સ (સીબીઇસી)એ સિંગલ વિન્ડો ઇન્ટરફેસ ફોર ફેસિલિટેટિંગ ટ્રેડ (સ્વિફ્ટ) લૉન્ચ કર્યું છે જેનાથી આયાતકર્તા ઇપોર્ટલ (ICEGATE) પર કૉમન ઇન્ટિગ્રેટેડ ડિકલેરેશન ફાઇલ કરી શકે છે અને ૬ પાર્ટનર સરકારી એજન્સીઓ – એફએસએસએઆઇ, પ્લાન્ટ ક્વોરેન્ટાઇન, એનિમલ ક્વૉરેન્ટાઇન, ડ્રગકન્ટ્રોલર, વર્લ્ડ લાઇફકન્ટ્રોલ બ્યૂરો, અને ટૅક્સ્ટાઇલ કમિટી દ્વારા ડિક્લૅરેશનની જરૂરિયાત દૂર કરવામાં આવી છે, જેથી તેની સંખ્યા ૯થી ઘટીને માત્ર ૩ કરવામાં આવી છે. ટૂંકસમયમાં આ સુવિધા નિકાસકારોને પણ લાગુ થશે. કેન્દ્ર સરકારે સામાનની આયાત અને નિકાસ માટે આવશ્યક ફરજિયાત દસ્તાવેજોની સંખ્યા ઘટાડીને બધા માટે ૩ કરી છે, જ્યારે અગાઉ અનુક્રમે ૧૦ અને ૭ દસ્તાવેજોની જરૂર પડતી હતી. કેન્દ્ર સરકારે તાજેતરના સમયમાં બીજાં કેટલાંક પગલાં પણ લીધાં છે, ત્યારે સૌથી મહત્ત્વનું પગલું કદાચ રાજ્યોમાં સ્પર્ધાત્મક ફેડરલિઝમની ભાવના જગાડવાનું છે, જેથી બિઝનેસ કરવા માટે વાતાવરણ વધારે યોગ્ય બને.

નિયમો અને પ્રક્રિયાઓને તર્કસંબધ બનાવવાના વિસ્તૃત એજન્ડા પર ધ્યાન કેન્દ્રિત કરીને અને વહીવટની પ્રક્રિયાને વધારે અસરકારક અને ડિજિટાઇઝ કરવા માટે ડીઆઇપીપીએ વાર્ષિક મૂલ્યાંકનના બીજા તબક્કામાં EoDB ના નીચે જણાવેલા ૧૦ વિસ્તૃત માપદંડ પર ભાર મૂક્યો હતો, જે ૩૪૦ બિઝનેસ રિફૉર્મ એજન્ડામાં પથરાયેલા છે, (i) માહિતી અને પારદર્શિતા સક્ષમ બનાવનારનું એક્સેસ (ii) સિંગલ વિન્ડો (iii) જમીનની ઉપલબ્ધતા (iv) પરમિટ શક્ય બનાવનારનું નિર્માણ (v) પર્યાવરણીય રજિસ્ટ્રેશન શક્ય બનાવવું (vi) શ્રમનિયમન શક્ય બનાવવા (vii)વીજળીનું કનેક્શન મેળવવું (viii) ટેક્સ રિટર્ન ફાઇલિંગ (ix) ઇન્સ્પેક્શનના સુધારા શક્ય બનાવવા અને (x)વાણિજિયક વિવાદના ઉકેલને શક્ય બનાવવો.

DIPP દ્વારા સૂચકાંકોની પસંદગી એ આધાર પર યોગ્ય ઠરાવી શકાય કે તેમાં દરેકમાં પુષ્કળ પ્રમાણમાં સુધારાને અવકાશ છે. સિંગલ વિન્ડોની વાત કરીએ' તો સીઆઇઆઇ-કેપીએમજીના રિપોર્ટ (૨૦૧૪)માં એવું જોવા મળ્યું હતું કે સરવેમાં ભાગ લેનારાં ૭૮ ટકા જેટલાં સાહસોને લાગ્યું કે વિવિધ સરકારી વિભાગોની મુલાકાતમાં ઘટાડો થવો જોઈએ. જ્યારે ૮૫ ટકાને લાગ્યું કે ક્લિયરન્સ મેળવવા માટે લાગતો સમય ઘણો વધારે છે. તેવી જ રીતે ૬૯ ટકા જેટલા ઉત્તરદાતાને લાગ્યું કે તેમને જમીન મેળવવા, જમીનના રૂપાંતરણ, ફેરફારની સમસ્યા નડે છે અને ભાવ બહુ ઊંચા છે. અભ્યાસમાં જોવા મળ્યું કે બિઝનેસ શરૂ કરવા માટે પર્યાવરણીય ક્લિયરન્સ મોટો અવરોધ હોય છે. શ્રમ આધારિત અનુપાલનમાં ૪૪ કેન્દ્રીય અને ૧૦૦ રાજ્યના કાયદાને આવરી લેતા જોવા મળ્યું કે ૪૭ ટકા જેટલા બિઝનેસને મધ્યમથી લઈને મોટી મુશ્કેલી પડતી હતી.

બીજા રાઉન્ડનાં પરિણામો ફાઇનલ કરવામાં આવ્યાં અને ૩૧ ઑક્ટોબર ૨૦૧૬ના રોજ તેની જાહેરાત કરવામાં આવી જે ડીઆઇપીપીના પોર્ટલ પર ઉપલબ્ધ છે. સુધારાના મૂલ્યાંકન અને રાજ્યોનાં રેન્કિંગ ઉપરાંત ડીઆઇપીપીનાં પરિણામો સુધારા માટે આગળ જતાં ઘણાં રસપ્રદ તારણો પણ આપે છે. આ લેખમાં તમામ રાજ્યોમાં EoDBપર સુધારા અંગે ડીઆઇપીપીના બીજા મૂલ્યાંકનનાં મુખ્ય તારણો રજૂ કરવામાં આવ્યાં છે.

## II. રાજ્યોના બિઝનેસ સુધારા અંગે ડીઆઇપીપીના મૂલ્યાંકનનું વિશ્લેષણ

DIPPનું રેન્કિંગ EoDB પર ૩૪૦ બિઝનેસ સુધારામાં દરેક રાજ્ય / કેન્દ્રશાસિત પ્રદેશે મેળવેલા સ્કોર પર આધારિત છે (કોષ્ટક ૧). સરવેનાં તારણોમાં એક વિશિષ્ટ પેટર્ન જોવા મળે છે. રાજ્ય / કેન્દ્રશાસિત પ્રદેશે ૫૦ ટકા કરતાં ઓછા ગુણ મેળવ્યા છે કે વધારે તેના આધારે ૩૬ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોને ૧૮-૧૮ના બે ભાગમાં વહેંચવામાં આવ્યા છે. પ્રથમ ભાગના રાજ્યો (અગ્રણી)ની એવરેજ ૯૦ ટકા આવે છે, જ્યારે બીજા

ભાગનાં રાજ્યો (પાછળ રહી જનારાંઓ)એ માત્ર ૮ ટકા મેળવ્યા હતા. ઇઓડીબીના ૧૦ વિસ્તૃત સૂચકાંકોમાં અગ્રણી રાજ્યોએ પર્યાવરણ રજિસ્ટ્રેશન એનેબલર્સમાં ૯૯ ટકાથી વધારે ગુણ મેળવ્યા હતા અને કમર્શિયલ વિવાદ ઉકેલ એનેબલર્સમાં ૬૬ ટકા ગુણ મેળવ્યા હતા (આકૃતિ ૧ જુઓ). પાછળ રહી જનારા રાજ્યોમાં એવરેજ સ્કોર કમર્શિયલ વિવાદ નિરાકરણ એનેબલર્સ માટે ૩૩ ટકા અને ઇન્સ્પેક્શન રિફૉર્મ એનેબલર્સમાં તેમનો સ્કોર માત્ર ૨ ટકા હતો (આકૃતિ ૨). અહીં એ બાબતની નોંધ કરવી રસપ્રદ છે કે ઘણાં અગ્રણી રાજ્યો જેવા કે છત્તીસગઢ, રાજસ્થાન, પંજાબ, યુપી, બિહાર વગેરે મૅન્યુફેક્ચરિંગમાં તેમની ક્ષમતા માટે જાણીતાં નથી. પરંતુ રોકાણ આકર્ષવા માટે તેમની મહેનતના કારણે તેમણે EoDBસુધારા લાગુ કર્યા છે, જેનાથી ભારતમાં ઔદ્યોગિક નકશો બદલાઈ જવાનો છે.

**૧. એકંદર સુધારો, પરંતુ સુધારા ટકાઉ અને ગતિશીલ હોવા જોઈએ.**

રાજ્યો દ્વારા છેલ્લા એક વર્ષમાં EoDBસુધારા અંગે નોંધપાત્ર પ્રગતિ થઈ છે (કોષ્ટક-૧). હવે રાષ્ટ્રીય અમલીકરણ એવરેજ ૪૮.૯% છે, જે ગયા વર્ષની રાષ્ટ્રીય એવરેજ ૩૨ ટકા કરતાં ઘણી ઊંચી છે (DIPP, ૨૦૧૬). બીજા સર્વેમાં સર્વોચ્ચ સ્કોર ૯૮.૮% હતો (આંધ્રપ્રદેશ અને તેલંગણા) જે પ્રથમ સર્વેમાં ગુજરાતના ૭૧.૧ ટકા કરતાં ઘણો ઊંચો હતો. તે દર્શાવે છે કે DIPP એ EoDBસુધારા અંગે રાજ્યોમાં સ્પર્ધા જગાડવામાં સફળતા મેળવી છે. હવે ૧૬ રાજ્યોએ EoDBસુધારા લાગુ કરવામાં ૭૫ ટકા કરતાં વધારે ગુણ મેળવ્યા છે. EoDBમોરચે આ સુધારાએ વર્લ્ડ ઇકોનૉમિક ફોરમ દ્વારા લેટેસ્ટ વૈશ્વિક સ્પર્ધાત્મક ઇન્ડેક્સ માટે ૧૬ રેન્કનો કૂદકો (૩૯મું સ્થાન) અપાવ્યો છે. આ ઇન્ડેક્સમાં ૧૩૮ દેશોને ધ્યાનમાં લેવાય છે. (WEF, ૨૦૧૬).જોકે, અહીં એ નોંધવું જરૂરી છે કે દર વર્ષે સુધારાની ગતિ જાળવવામાં આવે. સુધારાના એજન્ડાની ડિઝાઇન ગતિશીલ હોવી જોઈએ, જેમાં રાજ્યોની બદલાતી ક્ષમતા અને ઉદ્યોગની બદલાતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખવી જોઈએ.

**ટેબલ-૧: રાજ્યોના વ્યાવસાયિક સુધારા પર ડીઆઇપીપીનું આકલન – રેન્કિંગ, સ્કોર અને ફેરફાર**

| રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો | બીજા સર્વે મુજબ રેન્ક | બીજા સર્વેનો સ્કોર (%) | બીજા સર્વે મુજબ રેન્ક | બીજા સર્વેનો સ્કોર (%) | પ્રથમ સર્વેમાંથી બીજા સર્વેમાં ફેરફાર %માં |
|---|---|---|---|---|---|
| આંધ્રપ્રદેશ | ૧ | ૯૮.૭૮ | ૨ | ૭૦.૧૨ | ૪૦.૯ |
| તેલંગાણા | ૨ | ૯૮.૭૮ | ૧૩ | ૪૨.૪૫ | ૧૩૨.૭ |
| ગુજરાત | ૩ | ૯૮.૨૧ | ૧ | ૭૧.૧૪ | ૩૮.૧ |
| છત્તિસગઢ | ૪ | ૯૭.૩૨ | ૪ | ૬૨.૪૫ | ૫૫.૮ |
| મધ્યપ્રદેશ | ૫ | ૯૭.૦૧ | ૫ | ૬૨ | ૫૬.૫ |
| હરિયાણા | ૬ | ૯૬.૯૫ | ૧૪ | ૪૦.૬૬ | ૧૩૮.૪ |
| ઝારખંડ | ૭ | ૯૬.૫૭ | ૩ | ૬૩.૦૯ | ૫૩.૧ |
| રાજસ્થાન | ૮ | ૯૬.૪૩ | ૬ | ૬૧.૦૪ | ૫૮.૦ |
| ઉત્તરાખંડ | ૯ | ૯૬.૧૩ | ૨૩ | ૧૩.૩૬ | ૬૧૯.૫ |
| મહારાષ્ટ્ર | ૧૦ | ૯૨.૮૬ | ૮ | ૪૯.૪૩ | ૮૭.૯ |
| ઓડિશા | ૧૧ | ૯૨.૭૩ | ૭ | ૫૨.૧૨ | ૭૭.૯ |
| પંજાબ | ૧૨ | ૯૧.૦૭ | ૧૬ | ૩૬.૭૩ | ૧૪૭.૯ |
| કર્ણાટક | ૧૩ | ૮૮.૩૯ | ૯ | ૪૮.૫ | ૮૨.૨ |
| ઉત્તરપ્રદેશ | ૧૪ | ૮૪.૫૨ | ૧૦ | ૪૭.૩૭ | ૭૮.૪ |
| પશ્ચિમ બંગાળ | ૧૫ | ૮૪.૨૩ | ૧૧ | ૪૬.૯ | ૭૯.૬ |
| બિહાર | ૧૬ | ૭૫.૮૨ | ૨૧ | ૧૬.૪૧ | ૩૬૨.૦ |
| હિમાચલપ્રદેશ | ૧૭ | ૬૫.૪૮ | ૧૭ | ૨૩.૯૫ | ૧૭૩.૪ |
| તમિલનાડુ | ૧૮ | ૬૨.૮ | ૧૨ | ૪૪.૫૮ | ૪૦.૯ |
| દિલ્હી | ૧૯ | ૪૭.૬૨ | ૧૫ | ૩૭.૩૫ | ૨૭.૫ |
| કેરળ | ૨૦ | ૨૬.૯૭ | ૧૮ | ૨૨.૮૭ | ૧૭.૯ |
| ગોવા | ૨૧ | ૧૮.૧૫ | ૧૯ | ૨૧.૭૪ | -૧૬.૫ |
| ત્રિપુરા | ૨૨ | ૧૬.૬૭ | ૨૬ | ૯.૨૯ | ૭૯.૪ |
| દીવ અને દમણ | ૨૩ | ૧૪.૫૮ | NA | NA | NA |

| | | | | | |
|---|---|---|---|---|---|
| અસમ | ૨૪ | ૧૪.૨૯ | ૨૨ | ૧૪.૮૪ | -૩.૭ |
| દાદર અને નગર હવેલી | ૨૫ | ૧.૭૯ | NA | NA | NA |
| પુડુચેરી | ૨૬ | ૧.૪૯ | ૨૦ | ૧૭.૭૨ | -૯૧.૬ |
| નાગાલૅન્ડ | ૨૭ | ૧.૪૯ | ૩૧ | ૩.૪૧ | -૫૬.૩ |
| મણિપુર | ૨૮ | ૧.૧૯ | NA | NA | NA |
| મિઝોરમ | ૨૯ | ૦.૮૯ | ૨૮ | ૬.૩૭ | -૮૬.૦ |
| સિક્કિમ | ૩૦ | ૦.૬ | ૨૭ | ૭.૨૩ | -૯૧.૭ |
| અરૂણાચલ પ્રદેશ | ૩૧ | ૦.૩ | ૩૨ | ૧.૨૩ | -૭૫.૬ |
| જમ્મુ અને કાશ્મીર | ૩૨ | ૦.૩ | ૨૯ | ૫.૯૩ | -૯૪.૯ |
| ચંદીગઢ | ૩૩ | ૦.૩ | ૨૪ | ૧૦.૦૪ | -૯૭.૦ |
| મેઘાલય | ૩૪ | ૦.૩ | ૩૦ | ૪.૩૮ | -૯૩.૨ |
| આંદમાન અને નિકોબાર ટાપુઓ | ૩૫ | ૦.૩ | ૨૫ | ૯.૭૩ | -૯૬.૯ |
| લક્ષદ્વીપ | ૩૬ | ૦.૩ | NA | NA | NA |
| રાષ્ટ્રીય સરેરાશ | - | ૪૮.૯ | - | ૪૮.૯ | - |

સ્રોતઃ http://eodb.dipp.gov.in પર ઉપલબ્ધ ડેટામાંથી ગણતરી.

**૨. કેટલાંક રાજ્યો સારો દેખાવ કરે છે. વધુ સારો દેખાવ કરી શકે.**

EoDBના ૧૦ સૂચકાંકોમાંથી મોટા ભાગનામાં અગ્રણી ૧૮ રાજ્યોએ અત્યંત સારો દેખાવ કર્યો છે.૮ સૂચકાંકોમાં આ રાજ્યોની એવરેજ ૭૫ ટકા કરતાં વધારે છે. અને ૬ કિસ્સામાં તે ૮૯ ટકાને પણ વટાવી ગયા છે. કમર્શિયલ વિવાદ ઉકેલ સુવિધા અને જમીન સંબંધિત મુદ્દાની ઉપલબ્ધતામાં સરકાર માટે સુધારાનો અવકાશ દેખાયો. અગ્રણી રાજ્યો દ્વારા પ્રભાવશાળી દેખાવ દર્શાવે છે કે તેઓ હવે વધારે આકરા સુધારા લાગુ કરી શકે છે. ડીઆઇપીપીએ આ રાજ્યો માટે સુધારાના એજન્ડાની અલગ યાદી બનાવી અને આગામી ૩-૫ વર્ષમાં ટોચના ૨૦ દેશોના ડુઈંગ બિઝનેસ સૂચકાંકોની સમકક્ષ બનાવવા માટે પ્રયાસ કરવામાં આવશે.

**૩. તળિયે રહેલાં ઘણાં રાજ્યો માટે અલગ પ્રકારના વલણની જરૂર**

તળિયાનાં ૧૮ રાજ્યોમાં, જેમણે એકંદરે ૫૦ ટકા કરતા નબળો દેખાવ કર્યો છે, તેમાં ઘણાં રાજ્યોનો દેખાવ અત્યંત ખરાબ રહ્યો છે (આકૃતિ-૨). EoDBના ૯ સૂચકાંકોમાં પછાત રાજ્યો ૧૬ ટકા જેટલો સ્કોર પણ નોંધાવી શક્યા નથી. આ રાજ્યો / UTs (લક્ષદ્વિપ, અંદામાન અને નિકોબાર ટાપુ, મેઘાલય, ચંદીગઢ, જમ્મુ અને કાશ્મીર, અરુણાચલ પ્રદેશ, સિક્કિમ, મિઝોરમ, મણિપુર, નાગાલૅન્ડ વગેરે) માં મૅન્યુફૅક્ચરિંગની કામગીરી નબળી છે અને તેમને સુધારા માટે અલગ રીતે હાથ ધરવામાં આવે તે જરૂરી છે. આ રાજ્યોમાં રોકાણકારોને થોડો ઘણો પણ રસ હશે તોપણ તેમના નબળા રેન્કિંગના કારણે રસ જતો રહેશે. સરકારે સુધારા લાગુ કરવાની દિશામાં તેમને સહાયતા આપવી જોઈએ. સાથે-સાથે તેમના સુધારાની પ્રાથમિકતાને તે મુજબ સ્થાન આપવું મદદરૂપ બનશે.

EoDB અંગે અગ્રેસર અને પછાત રાજ્યો માટે અલગ ધોરણો નક્કી કરવાની જરૂરિયાત પર ભાર મૂકતાં ડીઆઇપીપીના સર્વેનાં પરિણામો દર્શાવે છે કે રાજ્યો – કેન્દ્રશાસિત પ્રદેશો ટોચ પર અથવા તળિયે છે, તેમાં ૨૫થી ૭૫ ટકાની રેન્જમાં બહુ ઓછાં રાજ્યોની હાજરી છે (કોષ્ટક-૨). EoDBના તમામ માપદંડ માટે આ ખરી બાબત છે સિવાય કે કમર્શિયલ વિવાદના ઉકેલ અંગેની બાબત. તે દર્શાવે છે કે ડીઆઇપીપી દ્વારા ભલામણ કરવામાં આવેલા સુધારા લાગુ કરવાનું રાજ્યો માટે બહુ સરળ અથવા બહુ મુશ્કેલ છે. તે રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના બે અલગ વલણ પર ભાર મૂકે છે.

**૪. દિલ્હી પાછળ રહી ગયું, ખાસ ધ્યાન આપવાની જરૂર**

DIPPના સુધારાના બીજા મૂલ્યાંકનમાં દિલ્હીને માત્ર ૪૮ ટકા મળ્યા છે અને તેણે ૧૯મું સ્થાન મેળવ્યું છે (કોષ્ટક-૧). દિલ્હી અગ્રણી મૅન્યુફૅક્ચરિંગ ઉત્પાદક હોવાની અપેક્ષા રાખવામાં આવતી નથી, છતાં એક વ્યૂહાત્મક દૃષ્ટિકોણથી તે મહત્ત્વનું છે, કારણ કે મુંબઈની સાથે મળીને દિલ્હી પણ વિશ્વ બૅન્કના ડીબી રિપોર્ટમાં સામેલ હોય છે અને તેના પરથી ભારતનું રેન્કિંગ નક્કી થાય છે. ભારત તેમાં ૧૩૦મા સ્થાને છે અને આગામી ત્રણ વર્ષમાં ૫૦મા રેન્ક પર પહોંચવા માંગે છે (બીએસ ૨૦૧૫). તેથી EoDBસુધારાની બાબતમાં ટોચનાં ૧૦ રાજ્યોના જૂથમાં સામેલ થવા માટે મુંબઈની સાથે દિલ્હી માટે પણ પ્રયાસ કરવા જોઈએ.

**૫. સુધારા માટે ઉદ્યોગોનો દૃષ્ટિકોણ પણ મહત્ત્વનો છે**

સરકાર કદાચ નથી જાણતી કે તેણે શું કરવું જોઈએ. તેથી તેના માટે એક વાતાવરણ રચવું જરૂરી છે, જ્યાં સરકારી અધિકારીઓ નિયમિત ધોરણે ખાનગી સેક્ટર પાસેથી માહિતી મેળવી શકે (રોડ્રિક ૨૦૧૪). ડીઆઇપીપીનો સર્વે રાજ્ય સરકારના પ્રતિભાવ પર આધારિત છે, ત્યારે ઉદ્યોગથી સરકાર તરફ માહિતીનો પ્રવાહ ગેરહાજર છે, આ ઉપરાંત મોટા ભાગનાં રાજ્યોમાં સરકાર અને ઉદ્યોગ વચ્ચે સુધારા અંગે દૃષ્ટિકોણમાં ભારે તફાવત પ્રવર્તે છે. ઉદાહરણ તરીકે ઘણાં રાજ્યોએ સિંગલ વિન્ડો સુધારામાં ૯૦ ટકા કરતાં વધારે ગુણ મેળવ્યા છે ત્યારે તમામ

**ટેબલ-૨: ૧૦-ઈઓપીબી માપદંડોનો સ્કોર, વિવિધ ક્વાર્ટાઇલ્સમાં રાજ્યોની સંખ્યા**

| સ્કોરનો ચોથો ભાગ | માહિતી સુલભતા અને પારદર્શકતા અનેબલર્સ | સિંગલ વિન્ડો | જમીનની ઉપલબ્ધતા | નિર્માણ મંજૂરી અનેબલસ | પર્યાવરણ નોંધણી અનેબ્લર્સ | શ્રમ નિયમન અનેબલર્સ | વીજળીનું જોડાણ મેળવવું | કરવેરાનું ઓનલાઇન ફાઇલિંગ | ચકાસણી સુધારામાં અનેબલર્સ | વાણિજ્યિક વિવાદ ઉકેલ અનેબલર્સ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **0-25%** | 15 | 19 | 15 | 17 | 13 | 14 | 16 | 14 | 18 | 0 |
| **25-50%** | 5 | 3 | 5 | 3 | 2 | 2 | 2 | 2 | 0 | 22 |
| **50-75%** | 1 | 2 | 7 | 4 | 2 | 2 | 2 | 2 | 1 | 6 |
| **75-100%** | 15 | 12 | 9 | 12 | 19 | 18 | 16 | 18 | 17 | 8 |

સ્રોતઃ http://EoDB.dipp.gov.in પર ઉપલબ્ધ ડેટામાંથી ગણતરી.

રાજ્યોમાં આ સિસ્ટમ હજુ અસરકારક બની નથી. ઘણા EoDB સુચકાંક માટે આવા ગેપ પ્રવર્તે છે જ્યાં રાજ્યોએ ૧૦૦ ટકા પણ નોંધાવેલા હોય છે. રાજ્ય સરકાર માટે વાજબી વાત કરીએ તો મોટા ભાગના સુધારા તાજેતરમાં લાગુ થયેલા છે અને તેને અસર પેદા કરતા સમય લાગશે. દરમિયાન સુધારા અંગે રાજ્ય સરકાર અને ઉદ્યોગો વચ્ચે ગેપ ભરપાઈ કરવા માટે સખત પ્રયાસ કરવા પડશે. આ દિશામાં કામ કરતા ડીઆઇપીપી ઉદ્યોગના દૃષ્ટિકોણના આધારે રાજ્યોને રેન્કિંગ આપવાનું શરૂ કરી શકે.

**૬. શ્રેષ્ઠ પ્રક્રિયાઓ અપનાવવા અને પ્રસારવા માટે પુષ્કળ અવકાશ**

સર્વેના પરિણામો દર્શાવે છે કે રાજ્યો વચ્ચે EoDB અંગે અસંખ્ય શ્રેષ્ઠ પદ્ધતિ હાજરી ધરાવે છે. EoDBના ૧૦માંથી ૮ સૂચકાંકમાં ઓછાંમાં ઓછાં ૧૦ રાજ્યોએ ૯૦થી ૧૦૦ ટકા વચ્ચે સ્કોર નોંધાવ્યો છે. અને તેઓ અન્ય રાજ્યોમાં શ્રેષ્ઠ પદ્ધતિનાં ઉદાહરણો આપી શકે છે (આકૃતિ-૩). પર્યાવરણ રજિસ્ટ્રેશન એનેબલર્સના કિસ્સામાં ૯૦થી ૧૦૦ ટકા નોંધાવનારા મહત્તમ રાજ્યો (૧૯) જોવા મળ્યાં છે, જે અગાઉ બિઝનેસ માટે મોટો પડકાર પેદા કરતાં હતાં. ત્યાર પછી લેબર રેગ્યુલેશન એનેબલર્સ (૧૭) અને ઑનલાઇન ટૅક્સરિટર્ન ફાઈલિંગ (૧૬)નો સમાવેશ થાય છે.

EoDBના તમામ ૧૦ સૂચકાંકમાં ૯૦થી ૧૦૦ ટકા સુધી સ્કોર નોંધાવતા ટોચનાં ત્રણ રાજ્યોની યાદી કોષ્ટક-૩માં આપેલી છે જે દર્શાવે છે કે રાજ્યો EoDBના વિવિધ માપદંડમાં શક્તિ દર્શાવે છે અને સુધારા લાગુ કરવામાં શીખવા માટે સારા સ્રોત બની શકે છે. અહીં એ બાબતની નોંધ કરવી જરૂરી છે કે ટોચનો સ્કોર કરતાં મોટા ભાગનાં રાજ્યો ઐતિહાસિક રીતે ઔદ્યોગિક રાજ્યો નથી. છતાં તેમણે સારી એવી ઝડપથી બિઝનેસમાં સુધારા લાગુ કર્યા છે.

**૭. કેન્દ્ર માટે પણ સુધારાનું મૂલ્યાંકન**

EoDB અંગે અગ્રણી અને પાછળ રહી ગયેલાં રાજ્યો વચ્ચેની ખાઈ પૂરવા માટે તથા તમામ રાજ્યોમાં સુધારાની પ્રક્રિયા આગળ વધારવા કેન્દ્ર સરકારના મંત્રાલયો અને વિભાગો માટે પણ EoDB સુધારાનું મૂલ્યાંકન કરવામાં આવે તે મહત્ત્વપૂર્ણ છે. EoDB અંગેના ઘણા મુદ્દા જેમકે શ્રમકાયદા, ટૅક્સ, પર્યાવરણ, થર્ડપાર્ટી એપ્રૂવલ/સેલ્ફ-સર્ટિફિકેશન અને જમીન-હસ્તાંતરણ સાથે સંકળાયેલી બાબતોમાં કેન્દ્ર સરકારની કામગીરીની જરૂર પડે છે.

**૮. રાજ્યોને સ્પર્ધાત્મકતાના આધારે પણ રેન્કિંગની જરૂર**

કેટલાંક રાજ્યોએ EoDBસુધારામાં ૯૦ ટકા કરતાં વધારે ગુણ મેળવ્યા છે છતાં, તેઓ રોકાણકારો માટે આદર્શ યોગ્ય વાતાવરણ કદાચ પૂરું ન પાડતા હોય તેવું બની શકે. રાજ્યમાં બિઝનેસનું વાતાવરણ ચકાસવા માટે ઈઝ ઑફ ડુઈંગ બિઝનેસ એક મહત્ત્વનું ધોરણ છે. પરંતુ તેનાથી રાજ્ય બિઝનેસ કરવામાં સ્પર્ધાત્મક છે. તેવું સાબિત નથી થતું.EoDB સિવાય બીજાં કેટલાંક પરિબળો છે, જે રોકાણનો નિર્ણય લેવામાં મહત્ત્વનાં છે. "રોકાણ વિશે નિર્ણય લેતી વખતે, ઉદ્યોગસાહસિકો ઘણા પરિબળો પર નજર નાખે છે, જેમ કે ઇનપુટ ખર્ચ, ઈન્ફ્રાસ્ટ્રક્ચરની વિશ્વસનીયતાથી લઈને સંસ્થાઓની ગુણવત્તા સુધી." (Iarossi ૨૦૦૯)

**૯. સમાંતર યાદીના કાયદા રાજ્યોને ભલામણ કરવા જોઈએ અને ઘટાડવા જોઈએ.**

રાજ્યોમાં EoDB સૂચકાંકોમાં ઘણી વાર ઉચ્ચ સ્કોર ધરાવતા સુધારા કરવામાં આવે તોપણ પાયાના સ્તરે રોકાણકારો દ્વારા તેને અનુરૂપ સંતોષ જોવા મળતો નથી. અન્ય મહત્ત્વના મુદ્દા પૈકી આ મુદ્દો ઘણા સુધારા માંગી લે છે જે શ્રમકાયદાના કેસમાં જોવા મળ્યું છે. તેને રાજ્યો પાસે એક વિકલ્પ તરીકે રહેવા દેવાના બદલે ડીઆઇપીપીએ રાજ્યોને કન્કરન્ટ લિસ્ટ (સમાંતર યાદી)માં ચોક્કસ કાયદા સુધારવા જણાવવું જોઈએ, જેનાથી બિઝનેસ કરવાની સરળતા વધશે. કેન્દ્ર સરકારે રાજ્ય સરકારોને વિનંતી કરી છે કે તેના ટેકાથી આવા કાયદા ઘડવામાં આગળ કાર્યવાહી કરવામાં આવે (મિશ્રા, ૨૦૧૫). ઘણાં રાજ્યોએ તેમાં સંબંધિત પગલાં લીધાં છે. રાજસ્થાન અને મધ્યપ્રદેશ તેનાં ઉદાહરણ છે. આ રાજ્યોમાં

ઔદ્યોગિક વિવાદધારો, ૧૯૪૭, કૉન્ટ્રાક્ટ લેબર ઍક્ટ ૧૯૭૦ અને ફેક્ટરીઝ ઍક્ટ ૧૯૪૮ લાગુ કરવાની મર્યાદા વધારવામાં આવી છે.

### III. સારાંશ અને તારણ

ઇઝ ઑફ ડુઇંગ બિઝનેસના મોરચે દેશના નબળા દેખાવ વચ્ચે (વિશ્વબૅન્કના ડુઇંગ બિઝનેસ રૅન્કિંગમાં જેનું નિરૂપણ થાય છે) તથા મેઇક ઇન ઇન્ડિયા પહેલ લૉન્ચ કરવામાં આવી છે, ત્યારે EoDBમાં સુધારો એ કેન્દ્ર સરકાર માટે ટોચની પ્રાથમિકતા છે. સરકારે માત્ર સુધારા લાગુ નથી કર્યા, પરંતુ વાર્ષિક મૂલ્યાંકન અને રાજ્યોના બિઝનેસ રૅન્કિંગ દ્વારા સ્પર્ધાત્મક ફેડરલિઝમને વેગ આપ્યો છે, જેના કારણે બે વર્ષની અંદર રાષ્ટ્રીય સ્તરે EoDB પ્રદર્શનમાં નોંધપાત્ર સુધારો થયો છે. EoDB સુધારા અમલીકરણની રાષ્ટ્રીય સરેરાશ હવે ૪૮.૯ ટકા છે, જે ગયા વર્ષના ૩૨ ટકાના સ્કોરની સરખામણીમાં ઘણી ઊંચી છે.

આ ઉપરાંત ડીઆઇપીપીના સ્ટેટ ઇમ્પ્લિમેન્ટેશન ઑફ બિઝનેસ રિફૉર્મ્સ, ૨૦૧૬ના લેટેસ્ટ (બીજા) રાઉન્ડમાં ૩૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી અડધાએ નોંધપાત્ર પ્રદર્શન કર્યું છે, જેમાં તેમણે ૯૦ ટકા સ્કોર નોંધાવ્યો છે, જ્યારે અન્ય રાજ્યોનો સ્કોર માત્ર ૮ ટકા છે. રાજ્યોના પ્રથમ અને અડધા ભાગ વચ્ચે પ્રદર્શનમાં આટલા વિશાળ તફાવતથી આ બે કૅટેગરી માટે સુધારાના અલગ બૅન્ચમાર્ક સ્થાપિત કરવાની જરૂરિયાત પેદા થાય છે. અગ્રણી રાજ્યોને વધુ આકરા સુધારાની જરૂર પડી શકે છે, જ્યારે પાછળ રહી ગયેલાં રાજ્યોને વધુ સમય, ટેકો અને વિકલ્પો આપવાની જરૂર છે. આકરા પ્રયાસોને એવી રીતે વિસ્તારવા જોઈએ, જેથી પાછળ રહી ગયેલાં રાજ્યોમાં બેસ્ટ પ્રોક્ટિસનો અમલ થાય. દિલ્હી હાલમાં પાછળ રહી ગયેલાં રાજ્યોમાં સ્થાન ધરાવે છે અને ૧૯મા ક્રમે છે. તેને મુંબઈની સાથે (૧૦મા ક્રમે) મુખ્ય ધારામાં લાવવું જોઈએ, જેથી ભારતને વિશ્વબૅન્કના ડુઇંગ બિઝનેસ રૅન્કિંગમાં છલાંગ મારવાની તક મળે.

DIPP દ્વારા રાજ્યોનું પ્રદર્શન રાજ્ય સરકારો દ્વારા પૂરા પાડવામાં આવેલા ફિડબેકના આધારે મૂલ્યાંકન કરવામાં આવે છે તેથી EoDBસુધારા અંગે ઉદ્યોગનો દષ્ટિકોણ એવો જ હોય તે જરૂરી નથી. આ સુધારા અંગે ઉદ્યોગની ધારણામાં એકંદરે સુધારો થયો છે, પરંતુ ઘણા કિસ્સામાં તે રાજ્યો દ્વારા મેળવાયેલા ઊંચા સ્કોરની સમકક્ષ હોતો નથી. તે દર્શાવે છે કે આ ગેપને પૂરવા માટે સુધારાના એક બીજા મોજાની જરૂર છે. આ દિશામાં ડીઆઇપીપી હવે ઉદ્યોગના દષ્ટિકોણનો પણ નિયમિત સર્વે કરીને બિઝનેસ, સુધારાના મૂલ્યાંકનનું ક્ષેત્ર વિસ્તારવા માટે વિચારી શકે છે. તેનાથી સુધારા અસરકારક રીતે લાગુ થાય તે માટે રાજ્ય સરકારો પર દબાણ પેદા થશે.

**ટેબલ-૩: ૧૦-ઇઓડીબી સૂચકાંકો પર ૯૦થી ૧૦૦ ટકા વચ્ચે સ્કોર ધરાવતાં ટોચનાં-૩ રાજ્યો**

| ક્રમ | વેપારમાં સરળતાના સૂચકાંકો | ટોચનાં ૩ રાજ્યો (સ્કોર ૯૦-૧૦૦%) |
|---|---|---|
| ૧. | માહિતી અને પારદર્શકતા અનેબલર્સની સુલભતા | ઉત્તરાખંડ, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ |
| ૨. | સિંગલ વિન્ડો | હરિયાણા, ઉત્તરાખંડ, પંજાબ |
| ૩. | જમીનની ઉપલબ્ધતા | ગુજરાત, આંધ્રપ્રદેશ અને તેલંગાણા |
| ૪. | નિર્માણમંજૂરી ઍનેબલર્સ | હરિયાણા, આંધ્રપ્રદેશ, રાજસ્થાન |
| ૫. | ચકાસણી સુધારા ઍનેબલર્સ | ઉત્તરાખંડ, રાજસ્થાન, ઝારખંડ |
| ૬. | પર્યાવરણ નોંધણી ઍનેબલર્સ | પંજાબ, હિમાચલપ્રદેશ, હરિયાણા |
| ૭. | શ્રમ નિયમન ઍનેબલર્સ | હરિયાણા, ઉત્તરાખંડ , પંજાબ |
| ૮. | વીજજોડાણ મેળવવું | ઉત્તરાખંડ, રાજસ્થાન, ઝારખંડ |
| ૯. | કરવેરાનું ઑનલાઇન રિટર્ન ભરવું | રાજસ્થાન, ઉત્તરાખંડ, હરિયાણા |
| ૧૦. | વાણિજ્યિક વિવાદ ઠરાવ ઍનેબલર્સ | તેલંગાણા |

સ્રોતઃ http://EoDB.dipp.gov.in પર ઉપલબ્ધ ડેટામાંથી પ્રાપ્ત

બીજાં કેટલાંક ક્ષેત્રોમાં પણ ડીઆઇપીપી દ્વારા બિઝનેસ, સુધારાના મૂલ્યાંકનનું ક્ષેત્ર વિસ્તારવાનો કેસ બને છે. પ્રથમ, બિઝનેસ સુધારા લાગુ કરવાનું ક્ષેત્ર વિસ્તારીને તેમાં વધારે વિસ્તૃત માપદંડ (જેમકે ઇનપુટની ઉપલબ્ધિ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, કાયદો અને વ્યવસ્થા વગેરે) સામેલ કરી શકાય જે એકંદરે સ્પર્ધાત્મકતા અને રાજ્યોના રોકાણ વાતાવરણ પર વધારે અસર કરે છે. માત્ર EoDB સૂચકાંકના મોરચે સારો દેખાવ કરવામાં આવે તે રોકાણકાર માટે એટલું મહત્ત્વનું નથી, ખાસ કરીને જ્યારે બીજી આવશ્યક બાબતોમાં ઘણું કામ કરવાનું બાકી હોય. બીજું, સુધારાની પ્રક્રિયાને આગળ ધપાવવા માટે ડીઆઇપીપીએ રાજ્યોને એવા EoDB સુધારા કરવા જણાવવું જોઈએ, જે કન્કરન્ટ લિસ્ટમાં આવતા હોય (જેમકે શ્રમ કાયદા, જમીનને લગતા સુધારા વગેરે). તેની સમાંતર, તેણે કન્કરન્ટ લિસ્ટમાં ભારે કાપ મૂકવાની ભલામણ કરવી જોઈએ અને સહકારી ફેડરલિઝમને વેગ આપવો જોઈએ. ત્રીજું, ડીઆઇપીપી વિવિધ કેન્દ્રીય વિભાગો અને મંત્રાલયોના મૂલ્યાંકનની કવાયત કરી શકે છે. જેનાથી EoDB સુધારાને આગળ વધારવામાં મદદ મળશે.

અંતમાં કહી શકાય કે EoDBના મોરચે લેવામાં આવેલી પહેલ અંગે કેન્દ્ર તથા રાજ્ય સરકારને બિરદાવવી જોઈએ. આ પહેલથી પાયાના સ્તરે પરિણામો જોવા મળ્યાં છે, ત્યારે તેને આગળ ચલાવવામાં આવે અને વધારે પૂરક પગલાં લેવામાં આવે તે જરૂરી છે, જેથી ભારતના બિઝનેસ રૅન્કિંગમાં સુધારો થાય અને આગામી ત્રણ વર્ષમાં ભારત વિશ્વમાં ટોચના ૫૦ દેશોમાં સ્થાન મેળવે. તથા મેઈક ઇન ઇન્ડિયા પહેલને સફળતા અપાવી શકાય. તેનાથી પણ વધારે મહત્ત્વની વાત એ છે કે EoDBના રૅન્કિંગમાં થયેલા સુધારાથી દેશની એકંદરે આર્થિક સુખાકારીમાં પણ વધારો થાય.

દાનિશ એ હાશિમ નવી દિલ્હીમાં સ્થિત કન્ફેડરેશન ઑફ ઇન્ડિયન ઇન્ડસ્ટ્રી (સીઆઇઆઇ)માં ઇકોનોમિક અફૅર્સનાં ડિરેક્ટર છે. અર્થશાસ્ત્રી તરીકે તેમણે નાગરિક ઉડ્ડયન, વેપાર, પ્રાદેશિક સંકલન, રોજગારી, ઉત્પાદકતા વૃદ્ધિ, વાયદા બજાર વગેરે સહિત કેટલાંક ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે
ઇ-મેલ:Danish_hashim@yahoo.com
શ્રીમતી ઐશ્વર્યા નાહટા નવી દિલ્હીમાં સ્થિત કન્ફેડરેશન ઑફ ઇન્ડિયન ઇન્ડસ્ટ્રી (સીઆઇઆઇ)માં ઇકોનોમિક અફૅર્સનાં કન્સલ્ટન્ટ તરીકે કામ કરે છે. તેઓ સામાજિક ઉદ્યોગસાહસિકતા અને શિક્ષણ સહિત વિવિધ સામાજિક મોરચે સક્રિય પણ છે
ઇ-મેલ: aishwarya.nahata@gmail.com

# પ્રકાશન વિભાગ દ્વારા પ્રસિધ્ધ કરાયેલા રાષ્ટ્રપતિ ભવન સિરિઝના પુસ્તકો

વિતેલા ૩ વર્ષ દરમ્યાન પ્રકાશન વિભાગ દ્વારા રાષ્ટ્રપતિ ભવન અંગે ઉચ્ચ ગુણવત્તા ધરાવતા પુસ્તકોની શ્રેણી બહાર પાડવામાં આવી છે, જેમાં રાષ્ટ્રપતિની ઓફિસ અને એસ્ટેટ વગેરે વિવિધ પાસાંઓને આવરી લઈ રાષ્ટ્રપતિ ભવનની ભૂમિમાં ડોકિયું કરવાની તક પૂરી પાડીને એક રાષ્ટ્રીય સંસ્થા તરીકે તેના ઐતિહાસિક, સાંસ્કૃતિક અને સામાજિક વારસાનું દસ્તાવેજીકરણ કરવા પ્રયાસ કરાયો છે. આ વોલ્યુમમાં કુલ ૧૭ પુસ્તકોનો સમાવેશ થાય છે (જેમાંનું એક હાલમાં પ્રસિધ્ધ થવાની પ્રક્રિયામાં છે). આ પુસ્તકો વારસાગત મૂલ્ય ધરાવે છે અને ભાવિ પેઢી માટે કથા તત્વ ધરાવે છે.



રાષ્ટ્રપતિ ભવન સિરિઝના પુસ્તકોનું પ્રકાશન (આરબી સિરિઝ) નો પ્રારંભ વર્ષ ૨૦૦૪માં થયો અને વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૭ દરમ્યાન પુસ્તકો પ્રકાશિત કરવામાં આવ્યા હતા.

પ્રસિધ્ધ કરાયેલા વોલ્યુમ્સનું રાષ્ટ્રપતિ ભવનમાં તા. ૨૫ જુલાઈ, ૨૦૧૫, ૧૧ ડિસેમ્બર, ૨૦૧૫, ૨૫ જુલાઈ, ૨૦૧૬ અને ૧૧ ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ યોજાયેલા સમારંભમાં વિમોચન કરવામાં આવ્યું હતું. ઉપરાષ્ટ્રપતિશ્રી અને પ્રધાનમંત્રીશ્રીએ આ પુસ્તકોની પ્રથમ નકલો રાષ્ટ્રપતિશ્રીને આ સમારંભોમાં સુપરત કરી હતી.

**The titles in this prestigious series are:**

- i. Abode under the Dome ( State Guests at Raisina Hill: 1947-67)
- ii. A Work of Beauty: Art and Architecture of the RashtrapatiBhavan
- iii. Arts and Interiors of the RashtrapatiBhavan
- iv. Around India's First Table: Dining and Entertaining at the RashtrapatiBhavan
- v. Discover the Magnificent world of RashtrapatiBhavan (for children)
- vi. Indradhanush – Volume 1
- vii. Indradhanush – Volume 2
- viii. Life at Rashtrapati Bhavan
- ix. Right of the Line: The President's Bodyguard
- x. Rashtrapati Bhavan : From Raj to Swaraj
- xi. The Presidential Retreats of India
- xii. The First Garden of the Republic: Nature in the President's Estate
- xiii. Winged Wonders of RashtrapatiBhavan
- xiv. Selected Speeches of the President: Volume 1
- xv. Selected Speeches of the President: Volume 2
- xvi. Selected Speeches of the President: Volume 3
- xvii. Selected Speeches of the President: Volume 4 * - *currently under production*

આ વોલ્યુમમાંના કેટલાંક રાષ્ટ્રપતિ ભવનના સેક્રેટરિયેટ અને ઈંદિરા ગાંધી નેશનલ સેન્ટર ઓફ આર્ટસ (IGNCA) દ્વારા સંયુક્તપણે પાર પાડવામાં આવ્યું છે અને તે IGNCA સાથે કોન્ટ્રાક્ટ ધરાવતી એજન્સી સાહપેડિયા દ્વારા ડીઝાઈન કરવામાં આવ્યું છે. બાકીના સંપૂર્ણપણે પ્રકાશન વિભાગના ઈન-હાઉસ પ્રકાશનો છે અને સંપાદનથી માંડીને પ્રકાશન સુધીની સંપૂર્ણ કામગીરી પ્રકાશન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

આ પુસ્તકો નવી દિલ્હી અને દેશના અન્ય ૮ સ્થળોએ આવેલા પ્રકાશન વિભાગના સેલ્સ એમ્પોરિયા ખાતેથી ખરીદી શકાશે. આ પુસ્તકો https://bharatkosh.gov.in/Product/2ની મુલાકાત લઈને અથવા પ્રકાશન વિભાગની વેબસાઈટ www. publicationsdivision.nic.in. મારફતે ખરીદી શકાશે. સિલેક્ટેડ સ્પીચીઝ ઓફ પ્રેસિડેન્ટ: વોલ્યુમ-૪ પ્રસિધ્ધ થવાની સાથે હાલનું રાષ્ટ્રપતિ ભવન અને પ્રકાશન વિભાગ વચ્ચેના સહયોગનું અર્થપૂર્ણ સમાપન થશે. આ સહયોગ ૩ વર્ષના પ્રોજેક્ટ માટે કામ કરનારી સમગ્ર ટીમ માટે એક મૂલ્યવાન અનુભવ છે, કારણ કે આ કામગીરી દ્વારા ટીમની વ્યવસાયિક ક્ષમતામાં વધારો થયો છે અને ભવિષ્ય માટે આત્મવિશ્વાસના સ્તરમાં પણ વધારો થયો છે. પ્રકાશન વિભાગની ટીમને રાષ્ટ્રપતિશ્રીને મળવાની તક મળી છે. પ્રકાશન વિભાગ આ અત્યંત પ્રતિષ્ઠીત સહયોગને આગામી સમયમાં સતત સુદ્રઢ બનાવીને વધુને વધુ મૂલ્યવાન બનાવવાની અપેક્ષા રાખે છે.

R.N.I. 48778/90
REGD. NO. GAMC 222/2015-2017
VALID UPTO 31-12-2017 ISSUED BY SSP AHMEDABAD
PERMITTED TO POST AT PSO AHMEDABAD ON 1ST OF EVERY MONTH
Licence to Post Without Prepayment No. CPMG/GJ/71/2014-15 VALID UPTO 31-12-2017

પ્રકાશન તા. ૨૫ મે, ૨૦૧૭
પોસ્ટિંગ તા. ૧ જૂન, ૨૦૧૭

| YOJANA (GUJARATI), June 2017 | O.I.G.S. |
|---|---|

પ્રતિશ્રી,

પ્રેષક :
તંત્રીશ્રી,
'યોજના' કાર્યાલય
પ્રકાશન વિભાગ, ભારત સરકાર
અંબિકા કોમ્પલેક્ષ, યુ.કો. બૅન્કની ઉપર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

## પ્રકાશન વિભાગનાં ગુજરાતી પુસ્તકો

| | | | |
|---|---|---|---|
| ડૉ. કેશવ બળિરામ હેડગેવાર | ૧૫૫.૦૦ | ગુજરાતના આદિવાસી નૃત્યો | ૭૦.૦૦ |
| ગાંધી - સચિત્ર જીવનકથા | ૧૨૫.૦૦ | ગુરુનાનક થી ગુરૂગ્રંથ સાહેબ સુધી | ૧૬૦.૦૦ |
| સરદાર વલ્લભભાઈ પટેલ | ૮૦.૦૦ | તત્ત્વજ્ઞાનના આદ્યસ્થાપકો | ૩૮.૦૦ |
| લાલ બહાદુર શાસ્ત્રી | ૭૦.૦૦ | સંતો અને ભક્તકવિઓ (ભાગ-૧) | ૪૫.૦૦ |
| મૌલાના અબુલ કલામ આઝાદ | ૭૫.૦૦ | સંતો અને ભક્તકવિઓ (ભાગ-૨) | ૫૬.૦૦ |
| માદામ ભિખાઈજી કામા | ૬૦.૦૦ | દાર્શનિક અને ધાર્મિક અગ્રેસરો | ૨૮.૦૦ |
| મહાત્મા જ્યોતિબા ફૂલે | ૧૫૦.૦૦ | વૈજ્ઞાનિકો | ૪૫.૦૦ |
| સી. એફ. એન્ડ્રયુઝ | ૧૫૦.૦૦ | સૌંદર્ય મીમાંસકો | ૫૦.૦૦ |
| કાલિદાસ કહાની | ૩૨.૦૦ | વાલ્મીકિ અને વ્યાસ | ૨૨.૦૦ |
| કાકા સાહેબ કાલેલકર | ૨૧૦.૦૦ | રામાયણ, મહાભારત અને ભાગવતના લેખકો | ૮૫.૦૦ |
| સ્વામી દયાનંદ સરસ્વતી | ૮૦.૦૦ | દૃષ્ટાઓ અને ચિંતકો | ૫૦.૦૦ |
| ઠક્કરબાપા | ૮૦.૦૦ | સંગીતજ્ઞો | ૪૫.૦૦ |
| આપણો રાષ્ટ્રધ્વજ | ૧૧૦.૦૦ | કવિઓ, નાટ્યલેખકો અને આખ્યાનકારો | ૭૫.૦૦ |
| ભારતના ગૌરવ ગ્રંથ - ગુજરાતી | ૭૦.૦૦ | રાજકુમારી નિહાલદે | ૧૨.૦૦ |
| ભારતીય જનજાતિઓ અતીતના ઝરૂખેથી | ૧૦૦.૦૦ | સરકતા સર્પગૃહની વાર્તા | ૪૮.૦૦ |
| ભારતીય જનતાના ઈતિહાસની રૂપરેખા | ૭૦.૦૦ | આંગણબાગની માર્ગદર્શિકા | ૧૧૫.૦૦ |
| ગુજરાતમાં જાગૃતિની લહેરો | ૭૨.૦૦ | | |

Printed & Published by **Dr. (Ms) Sadhana Rout,** D.G. and Head on behalf of Publication Division, Soochna Bhawan, C.G.O. Complex, New Delhi-110 003. Printed by Mirror Image Pvt. Ltd., A-40/41, GIDC Electronics Estate, Sector-25, Gandhinagar-382016. Phone: 079-23287291
**Director & Chief Editor : Deepika Kachhal** **Assistant Director : Ajay Indrekar**
For business queries/subsciption, please email at **pdjucir@gmail.com or call on (011) 24367260 / 24365609 / 24365610**